સંસારનીતિ માર્ગ દર્શક.

અને.

સદાચરણ વિજય.

(એક વાર્તા.)

રચી પ્રગટ કરનાર

મકનજી નથુભાઇ ઓઝા.
રિટાયર્ડ ફોજદાર—ભુજ (કચ્છ).

અમદાવાદ

"આર્યોદય" પ્રેસમાં છપાવી પ્રસિદ્ધ કર્યું.

સંવત ૧૯૫૧ ઇ. સ. ૧૮૯૫.

કિંમત રૂપિઓ એક.

अर्पणपत्रिका.

મારા સ્વર્ગસ્થ વડીલબન્ધુ રામેશ્વર!

તમે કુળની મર્યાદા તથા કુટુંબના આગેવાની સાથે
અત્યંત મમતા પૂર્વક કુટુંબનું પાલનપોષણ કરતા
હતા, તેથી તમારો કાયાનો-સ્વર્ગવાસ આખા
કુટુંબને હમેશને માટે દુઃખદાયક થયો છે; વ-
ળી બાનુંઓની સાથે તમે મને પુત્રતુલ્ય ગ-
ણતા, તથા [illegible] પ્રવૃત્તિની
ભક્તિ સાથે સ્વપ્રેમથી તમારી સુબોધક-
રક હતા, ઇત્યાદિ સદ્ગુણોની મારા ચિ-
ત્તની અંતઃકરણપૂર્વક થતી લાગણી શાંત
પાડવાને તમારૂં કલ્યાણકારી નામ આ
પુસ્તક સાથે કાયમ રહેવા ઇચ્છા છે,
તો તમારી પુન્ય સ્મૃતિ [illegible]
તરીકે આ નીતિનું પુસ્તક અ-
ર્પણ કરૂં છું.

તમારો આભારી અનુજ

પ્રસ્તાવના.

આ દુનિઆમાં મનુષ્યાવતાર એક મુખ્ય વસ્તુ છે; તેનું સાર્થક શું ? અને તે શી રીતે થાય ? તે સંબંધીનું એક વ્યવહારોપયોગી પુસ્તક લખવાની મારા મનમાં ઇચ્છા થવાથી પાંચેક વર્ષ ઉપર આ પુસ્તક મેં લખ્યું હતું. પણ કેટલાંએક કારણોને લીધે તે બહાર પાડવાનું બની શક્યું નહોતું.

આ વાર્તા ઐતિહાસિક નથી, પરંતુ સ્ત્રીપુરૂષ, માતાપિતા, પુત્રપુત્રી, મિત્ર બાંધવ, અને રાજાપ્રજા વગેરેના સાંસારિક સામાન્ય ધર્મોનો આ વાર્તામાં મુખ્યત્વે કરીને સમાવેશ કરેલો છે. અર્થાત્ આ ક્ષણભંગુર દુનિયાના મુસાફર—માનવજાતિના ભવાબ્ધિતારક સાહિત્યોનું દરેક મનુષ્યને ધડો લેવા લાયક યથાશક્તિ વિવેચન કરેલું છે.

હું ધારૂંછું કે " સંસાર સુધારાના સાધન રૂપે આવા પ્રકારનાં પુસ્તકોની ખરેખરી આગત્ય છે, " એમ આ પુસ્તક પહેલેથી છેલ્લેસુધી વાંચતાં વિદ્વાનોનો અભિપ્રાય થશે. અને પ્રભુઇચ્છા હશે તો એજ વિષયઉપર આ વાર્તાનો બીજો ભાગ બહાર પાડવાને શક્તિમાન થઇશ, એમ આશા રાખુંછું.

હરકોઇ ગ્રંથની બારીકીથી તપાસ કરતાં તેમાં થોડી ઘણી પણ ખામી દેખાયા વગર રહે નહિ, કેમકે માણસ અપૂર્ણ છે. માટે તેનાં કામ પણ અપૂર્ણ હોય છે, કહ્યું છે કે:—

" मनुष्य रचनाया भ्रांत्य विराहितत्वा. "

એટલે "મનુષ્યની રચના ભ્રાંતિ રહિત થતી નથી." માટે આ પુસ્તકમાં જે ખામી જણાય તે સુધારી લેવાની સુજ્ઞ જનો કૃપા કરશે, એવી આશા રાખુંછું.

આ પુસ્તક બહાર પાડવામાં મારા મિત્ર કવિ જીવરામ અજરામર ગોર, એઓએ મને કિંમતી મદદ આપી છે, તેવિષે તેમનો ઉપકાર માનુંછું.

ભુજનગર-કચ્છ.
ફાગણ શુદિ ૧૫ સં. ૧૯૫૧.
તા. ૧૦-૩-૯૫ } મકનજી નથુભાઇ ઓઝા.

શ્રી

'સંસાર નીતિ માર્ગદર્શક.

અને

'સદાચરણ વિજય.

ગ્રંથારંભ—ઇશ્વર પ્રાર્થના.

શ્લોક.

"पितासि लोकस्य चराचरस्य, त्वमस्य पूजश्च गुरुर्गरीयान् ॥
नत्वत्समोऽस्त्यभ्याधिकःकुतोऽन्यो, लोकत्रयेप्य प्रतिम प्रभाव" ॥

ભાવાર્થ—"હે પ્રભુ ! તમે આ ચરાચર લોકના પિતા છો, ને પુજ્ય તથા શ્રેષ્ટ ગુરૂ છો, આ ત્રણુ લોકમાં તમારા સમાન કોઇ નથી, તો અધિક ક્યાંથી હોય? તમે અપ્રતિમ પ્રભાવ છો " માટે હે! પરમેશ્વર ! હું દંડવત્ પ્રણામ કરી તમારૂં સ્તવન કરૂંછું.

પદ રાગ-લાવણી.

પ્રભુ! પાર ઉતારો દાસ, આશ ઉર રાખું;
તું દયાસિંધુ જગ તાત, કીર્તિ શી ભાખું?- પ્રભુ૦
તુજ મહિમા પ્રબળ પ્રસિધ્ધ, પૃથ્વી તેં સરજી;
પ્રભુ પ્રીત ધરી સ્વીકાર, દાસની અરજી.- પ્રભુ૦
તુજ પ્રૌઢ લઘુપર પ્રીત, સરળ સુખકારી;
તું આદિ અંત છે એક અચળ અવતારી. પ્રભુ૦
દે ગંભિરતા, ગુણુ, જ્ઞાન, દોષ, દુખ તારી;
કર કપટ ફોડ મુજ માફ સ્તોત્ર સ્વીકારી.- પ્રભુ૦
તુજ કામ, ધામ વિદ્વાન, શક્યા ન વખાણી;
તો અકકન પામર દાસ, વદું શું વાણી?- પ્રભુ૦

પ્રકરણ ૧ લું.

ચંદ્રનગર નામે શેહેરમાં એક ગરીબ સ્થિતિનો પણ કુલીન

અને મળતાવડા સ્વભાવનો યશવંતરાય નામે ગૃહસ્થ રહેતો હતો. તેના કુટુંબનો નિરવાહ જો કે બહુ ગરીબ સ્થિતિમાં ચાલતો હતો, તથાપિ તેમાં સદાચાર સર્વદા નજરે પડતો હતો. યશવંતરાયને એક ગુણવંતરાય નામે પુત્ર હતો, તે જ્યારે યોગ્ય ઉમરનો થયો, ત્યારે તેનાં ભલાં માતપિતા વિચાર કરવા લાગ્યાં કે–"પુત્ર યોગ્ય ઉમરનો થયા છતાં પણ આપણી દુર્બળ સ્થિતિને લીધે તેને સગપણ મળતું નથી." આવા વિચાર તેમના મનમાં ઘણીવાર આવતા, તથાપિ તે સદ્ગુણી દંપતિ તે બાબતનો હમેશાં શોક કરતાં નહિ. પોતે પોતાના કુટુંબનું પૂરૂં કરવા માટે યોગ્ય ઉદ્યોગ કરતાં અને ગુણવંતરાયને સારી કેળવણી તથા બોધ આપતાં રહેતાં હતાં.

કેટલાક દિવસ વિત્યા પછી એક દિવસે એક નજીકના ગામેથી ગુણવંતરાયના સગપણનું માગું આવ્યું; પરંતુ કન્યા પોતાના પુત્રને લાયક હશે કે નહિ, તે વિષે તેનાં માતપિતાએ વિચાર કર્યો; પરંતુ તે સાથે વળી પોતે ગરીબ સ્થિતિમાં છતાં આગ ધારેલી આશા પાર પાડવાનો વખત આવવાથી પૂછપરછ કરવા જતાં કદાચ્ બાજી હાથથી જાય; અને એક ઠેકાણેથી અનાદર થવાથી બીજી જગ્યાએ પણ કન્યા મળવામાં વાંધો આવે, તેમ લોકોમાં કહેવત ચાલે છે કે "લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે મોં ધોવા ન જવું!" એમ વિચારીને ગુણવંતરાયના પિતાએ તે માગું કબૂલ કર્યું.

કેટલોક વખત વિત્યા પછી ગુણવંતરાયનાં લગ્ન થયાં અને વહુ ઘેર આવ્યાં તેમનું નામ દુષ્કૃતિ હતું. તેનામાં નામ પ્રમાણેજ ગુણ હતા; પરંતુ ગુણવંતરાય "દરેક ગૃહસ્થે પોતાની સ્ત્રીનું પાલણપોષણ કરવુંજ જોઇએ" એ વિચાર કરીને તે સ્ત્રીની ચાલ તથા દુઃખદાયક રીતભાતથી નારાજ થવાના કરતાં તેને સુધારવાનો વધારે યત્ન કરતા હતા.

સમય વિતતાં દુષ્કૃતિને એક પુત્ર અવતર્યો, તેનું નામ તેણીએ, સ્વેચ્છાથી દુરાચારણી રાખ્યું.

દુનિયામાં દરેક માણસને સર્વ જાતનું સુખ હોતું નથી. કહ્યું છે કે:—

(છંદ ઝૂલણા.)

"કાચા તંતુતણો, તણો સંસાર છે, સાંધીએ સાત ત્યાં તેર તૂટે,
શરીર આરોગ્ય તો યોગ્ય સ્ત્રી હોય નહિ, યોગ્ય સ્ત્રી હોય ખોરાક ખૂટે;
હોય ખોરાકતો યોગ્ય સંતાન ઉર હોય સંતાન રિપુ લાજ લૂટે,
કોય નહિ શત્રુ જો હોય દલપત્ત કહે, સમીપ સંબંધિનું શરિર છૂટે."

આ પ્રમાણેનું જ્ઞાન અંતરમાં લાવીને આ ગુણવંતરાયને ઘરનું ઘણુંજ દુ:ખ છતાં પણ તે કોઇ રીતથી અસંતોષ રાખ્યા વગર હમેશાં પોતાના સદ્‌ઉદ્યોગમાં ખુશીથી મચી રહેતો.

દૈવ ઇચ્છાથી ગુણવંતરાયને પોતાના ધંધામાં સારી ફતેહ મળતી ગઇ. તેથી તેની શુભ કીર્ત્તિ અને સારી સાખ લોકોમાં વધવા લાગી.

વીરચંદ નામે એક ધનાઢય સદ્‌ગૃહસ્થ આ શહેરનો નગર શેઠ હતો, તેને બુદ્ધિવંતી નામે સારા રૂપ ગુણવાળી કન્યા હતી. તે યોગ્ય ઉમરની થઇ તથાપિ હજુ સૂધી તેને લાયક વર મળ્યો નહોતો. તેનાં માતપિતા તે બાબતની શોધ કરતાં હતાં.

વ્યાપાર સંબંધીમાં પ્રસંગે જોઇતા પૈસા સંબંધીની ધીરધાર કરનાર ગુણવંતરાયના પિતાને એજ નગર શેઠ હતો; તે કારણસર ગુણવંતરાયનું ત્યાં હમેશાં આવાગમન થતું. ગુણવંતરાયમાં નામ પ્રમાણેજ ગુણો હતા. જોકે તેના પિતાની પ્રથમની ગરીબ સ્થિતિને લીધે વિદ્યા સંપાદન કરવાને તેને પૂરતી તક મળી નહોતી, તથાપિ સુધરેલા મિત્રો અને સારા વિદ્વાનોના ગ્રંથોની સાહયતાથી તેણે સારૂં જ્ઞાન સંપાદન કર્યું હતું. તેની મધુર વાણી, સુંદર મૂર્ત્તિ અને સારા ગુણોને લીધે તે પેલા શેઠ શેઠાણીની પ્રીતિને પાત્ર થયો. એટલુંજ નહિ પણ તેમના મનમાં કંઇ જૂદાજ વિચાર ગુણવંતરાયને જોવાથી નિત્ય ઉત્પન્ન થતા હતા.

જેમ જેમ સહવાસ અને પ્રીતિ વધતાં ગયાં, તેમ તેમ ગુણવંતરાય પોતાના ગુણોને લીધે તેમની વધારે પ્રીતિ સ્વભાવિક રીતે મેળવતો ગયો. શેઠ શેઠાણીએ ઘણા વખતથી પોતાના મનમાં નિશ્ચય કર્યો હતો કે આપણી બુદ્ધિવંતીને યોગ્ય વર આ ગુણવંતરાયજ છે. પછી જ્યારે કન્યાની ઉમર છેક મોટી થઇ ત્યારે તેમણે

પોતાનો વિચાર જાહેર કરવા માટે ગોર મહારાજને બોલાવી તથા સમજાવીને ગુણવંતરાયના પિતા પાસે મોકલ્યો. બાહ્મણ તેને મળેલા શુભ કામથી ખુશ થતો ગુણવંતરાયના પિતા પાસે ગયો. અને શેઠ શેઠાણીનો નિશ્ચય જણાવી ગુણવંતરાયના પિતાની સંમતિ લઇ ગુણવંતરાયને રૂપિઓ–નાળિએર આપી ચાંદલો કર્યો અને પછી બોલ્યો કે—

" શેઠ, હવે બ્રાહ્મણને શીખ આપી મીઠાં મોઢાં કરો, આજથી તમારો દહાડો વળ્યો સમજજો." બ્રાહ્મણને વચને અને સૂરજની શાખે આ ચોઘડીઊં સારૂં મળ્યું છે. શેઠ ! તમને તો ઘર બેઠે ગંગા આવી. એક ઉપર બીજી થાય છે, તે વાતનો તમે સંકલ્પ વિકલ્પ કરશો નહિ, એતો વિધાતાના લેખ લખાઈ ચૂક્યા, આવું ઉત્તમ ઘર અને આવી દેવકન્યા જેવી બુદ્ધિવંતી કન્યા તમારા પુત્રને આવા આગ્રહ સહિત અને એકાએક પ્રાપ્ત થાય છે, એ તમારા ચઢતા દિવસની નિશાની છે.

આ બધી વાત અણધારેલી રીતે બનેલી હોવાથી કેટલીક વાર સૂધી તો ગુણવંતરાયના માતપિતા એક બીજા તરફ જોઈ રહ્યાં, પણ વાત સર્વે બની ગઇ હતી તેથી "જે થાય તે સારાનેજ" એમ સમજી બ્રાહ્મણને દક્ષિણા આપીને રવાને કર્યો.

વીરચંદ શેઠની પુત્રી ઉમર લાયક થએલી હોવાથી થોડી મુદત પછી તેમનાં મોટી ધામધૂમથી લગ્ન થયાં, અને વીરચંદ શેઠે પુષ્કળ માલમતા આપીને પુત્રીને સાસરે વળાવી.

ગુણવંતરાયની લાયકીથી તેની કીર્તિ અને વ્યાપાર–રિદ્ધિ વધવા લાગી. અને શેહેરના પ્રતિષ્ઠિત પુરૂષોમાં તેની ગણના થવા લાગી. તેમજ વ્યાપારની વૃદ્ધિ અને પોતાની બુદ્ધિથી તેણે થોડી મુદતમાં સારી લક્ષ્મી સંપાદન કરી. કેટલીક મુદત પછી બુદ્ધિવંતીને એક પુત્ર અવતર્યો તેનું નામ સદાચરણી રાખ્યું. તેમ ગુણવંતરાયની આગલી સ્ત્રી દુષ્કૃતીને પણ એક પુત્રી અવતરી તેનું નામ તેની માતાએ સાંકુબાઇ રાખ્યું હતું, કેમકે દુષ્કૃતીના બંને બાળકોનો જન્મ તેમના મોસાળમાં થયેલો હોવાથી તેમનાં નામ તેમની માતાના કુળની વર્તણુંક અને સ્વભાવને મળતી પસંદગીનાં રાખ્યાં હતાં.

ગુણવંતરાયનાં માતાપિતા પોતાના પુત્રની સારી સંપત્તિ અને સંતતી જોઇને, કેટલીક મુદતે સુખ અને સંતોષ સહિત આ ક્ષણ-ભંગુર સંસારને છોડી ગયાં. ઘરનાં વૃદ્ધ મનુષ્યો જવાથી હવે ગુણ-વંતરાયની મોટી પત્ની દુષ્કૃતિ ઘરમાં સ્વતંત્ર થઈ. અને બુધ્ધિવંતી-થી આડી ચાલીને તેને દુઃખ આપવા લાગી. પરંતુ ગુણવંતરાય તેની દુષ્ટ પ્રકૃતિથી ખૂબ જાણીતા હતા, વળી બુદ્ધિવંતી બહુ શાણી અ-ને સહનશીલતા વાલી હતી તેથી ઘરની નાલેશી થવા દેતી નહિ.

દુરાચરણી, સદાચરણી અને સાંધુભાઇ ઉમર લાયક થયા પ-હેલાં તેમનાં સગપણ કરવા દુષ્કૃતિ હર વખત ઘરમાં કંકાસ કરતી. પરંતુ બાળલગ્ન કરવામાં કેટલા ગેરફાયદા છે, તે ગુણવંતરાય અને બુદ્ધિવંતી સારી સમજનાં હોવાથી, સંતાનો યોગ્ય ઉમરમાં આવ્યા પહેલાં તેમનાં સગપણ ન કરવાં એમ તેમણે નિશ્ચય કર્યો હતો; તેથી દુષ્કૃતિની મનોવાંચ્છના પૂર્ણ થતી નહિ. છતાં પણ દુષ્કૃતિ પો-તાની મમત છોડતી નહિ. તેનું કારણ કે તેનાં પિયરીઆં હમેશાં કહ્યા કરતાં કે સારા ઘરનાં સંતાનોનાં સગપણતો હમેશાં પારણા-માંજ થવાં જોઇએ. તેતો એક તરફ રહ્યું પણ આ છોકરાં તો પાંચ પાંચ આઠ આઠ વર્ષનાં અરધાં ઘરડાં (?) થવા આવ્યાં છતાં ત-મારી આંખ ઉઘડતી નથી. ન્યાત જાતમાં પણ વગોવાઓ છો. ન્યા-તનાં બૈરાં કહે છે કે "એના ઘરમાં કોઇ માણસ રહ્યું નહિ, સાસુ મરી ગઇ અને પેલી દુષ્કૃતિ જે ઘરમાં મોટી થઇ બેઠી છે, તેમાં તો કાંઇ મીઠું પણ નથી. બાઇ! મ્હોટાં ઘરની લાજ જાળવવી તો કઠણ છે! આગળ પાછળના વિચાર રાખવા પડે છે! હજુ બે વર્ષ આમને આમ આંખો મીંચીને બેસશે તો પીટયાંને કોઇ દોરોએ નહિ બાંધે (સગપણ નહિ દે). પછી ધનને ભલે ધૂપ કરે!!" એવી વાતો અમારાથી સંખાતી નથી." એવી રીતે દુષ્કૃતિની મા હમેશાં તેના કાન ભર્યા કરતી. ને તે ગુણવંતરાયને કે' કે' કર્યા ક-રતી પણ ગુણવંતરાય તે મનમાંજ લેતો નહિ.

છેવટ થોડો વખત વિતતાં દુષ્કૃતિએ પોતાના દીકરા તથા દીકરીનાં સગપણ તો પોતાના પિયરની સંમતીથી કર્યાં. ગુણવંતરાયે તેને ઘણી રીતે સમજાવી પણ તેણે માન્યું નહિ. છેવટ લાઇલાજે

ગુણવંતરાયે પોતાની આબરૂ મુજબ ખર્ચ કરીને તે બંને બાળકોને પરણાવી આપ્યાં, અને દુષ્કૃતિના કોડ પૂરા કર્યા. પરંતુ આ તેણીના સાહસિક કામનાં દુઃખદાયક ફળ તરતજ તેણીને ચાખવાં પડયાં. સાંધુબાઇને સાસરે વળાવવાની તૈયારી થઇ એટલામાં તેનો રોગીષ્ટ વર મરણ પામ્યો ! તેથી આ નઠારી સ્ત્રીના નઠારાં કૃત્યનો ભોગ તેનો ભલો ભર્તાર ગુણવંતરાય પણ થઇ પડયો. અને સાંધુબાઇ રંડાઇને ઘેર બેઠાં. કહેવત છે કે "રાંડી રાંડ અને માતો સાંઢ" તે સંભાળવાં મુશ્કેલ છે, તેવીજ રીતે સાંધુબાઇ થઇ પડયાં. ઘરમાં તેણીને કાંઇ કહેવાય નહિ! મા દીકરી ઘરમાં કરે તેજ થાય. બીજા કોઇની વાત સંભળાય નહિ. દુરાચરણી અને તેની સ્ત્રી વકવદની પણ જેવાંને તેવાંજ મળ્યાં હતાં, અને તેમની લાયકી પણ દુષ્કૃતિકે સાંધુબાઇથી ઉતરે તેવી નહોતી. એટલે આ ચંડાળ ચોકડીનો અધમ આ ઘરમાં વર્તવા લાગ્યો ! પણ ભલા શેઠ ગુણવંતરાય, તેમની નવી સ્ત્રી અને તેમનો પુત્ર સદાચરણી એ ત્રણે જણ પેલાંઓની નઠારી વર્તણુંકને સહન કરીને પોતે સારે માર્ગે ચાલી તેમને પણ તેજ રસ્તે ચલાવવા પ્રયત્ન કરતાં હતાં.

પ્રકરણ ૨ જું.

જેમ જળમાં કમળના પુષ્પનો વેલો વૃદ્ધિ પામે તેમ ગુણવંતરાયનો વ્યાપાર રોજગાર, કીર્તિ અને સંપત્તિ વૃદ્ધિ પામતાં હતાં. તેની સાથે સદાચરણી પણ સારી કેળવણી લઇને વ્યાપાર રોજગારમાં પોતાના પિતાની ઇચ્છા અને આજ્ઞા પ્રમાણે વર્તતો હતો. એટલુંજ નહિ પણ તે સાથે વિદ્વાન મિત્રોનો સહવાસ રાખીને તથા સારાં પુસ્તકો વાંચીને તે પોતાના જ્ઞાનમાં સારી વૃદ્ધિ કરતો હતો, કે જેથી પોતે સારી લાયકી અને જ્ઞાનમાં વધારો કરી પોતાના પિતાને કામમાં વધારે મદદગાર થાય, અને તેમના ઘરના કામના બોજામાં પોતે ભાગ લઇ શકે. જે કામ તે માથે લેતો તે ઉલટ અને કાળજીથી બજાવતો, તેથી વખત જતાં કેટલોક કામનો બોજો તેણે

પોતા ઉપર ઉપાડી લીધો હતો, તેથી ગુણવંતરાયને સારી મદદ થઈ; અને થોડે થોડે તેણે કામનો બોજો પોતાના લાયક અને સદ્‌ગુણી પુત્ર ઉપર નાંખવા માંડયો. પોતે પોતાની ચોથી વય સુધારવા માટે નિશ્ચિતપણે ઇશ્વર ભકિતમાં કાળ ગાળી આનંદ પામતા અને કોઇકવાર કોઇ જરૂરી અને મોટા કામને વાસ્તે તે પહેડી ઉપર જઇ સદાચરણીને મદદ કરતા.

હવે સદાચરણી પુખ્ત ઉમરનો થયો, એટલે તેના લાયકની કોઇ કન્યા શોધવાની સ્વભાવિક ચિંતા તેનાં ભલાં માતપિતાને થઇ, તેથી તે બંને જણુ વખતો વખત તે વિષે વિચાર કરતાં. પણ તેમને બીજાં સ્ત્રી પુરૂષોની પેઠે પુત્રને પરણાવી ખાડમાં નાંખવાની અધીરજ નહોતી. તેમણે વિચાર કર્યો કે "ભવિષ્યનો વિચાર કર્યાને બદલે જે વર્તમાનમાં કરવું સારૂં જણાય તે કરવું" એ દરેક માણસને માટે યોગ્ય રસ્તો છે. વાસ્તે આપણે સદાચરણીને માટે સારાં ઘર અને રૂપાળી કન્યાઓનાં માગાં આવે છે, તેમાંથી સારૂં જોઇ સગપણ કરીએ, પણ તેથી સદાચરણી ઘર સંસારનું સુખ ભોગવશે, એવી ભવિસ્યને માટે આશા બાંધવી; તેના કરતાં તેની પોતાની મરજીને અનુસરતી કન્યા સાથે લગ્ન કરવાં એ ગૃહસ્થાશ્રમના વિકટ માર્ગો સુખ અને આનંદમાં કહાડવાનો ઉત્તમ રસ્તો છે. માટે આપણે ધીરજ રાખવી યોગ્ય છે." એ પ્રમાણે આ ભલાં સ્ત્રી પુરૂષ વચ્ચે સદાચરણીના લગ્ન વિષે ચરચા ચાલતી. અને છેવટ એવા ડાહાપણ ભરેલા વિચાર કરીને તેઓ શાંત થતાં.

બીજી તરફ એજ નગરમાં એક સારા કુળનો નરોત્તમ નામે શેઠ અને તેની સ્ત્રી, પોતાની લક્ષ્મી નામની પુખ્ત ઉમરમાં આવેલી પુત્રીને લાયક અને મન ગમતો વર શોધવાના વિચારમાં હમેશાં લાગ્યાં રહેતાં.

આ બંને સદ્‌ગૃહસ્થોના મનમાં પોતૃ પોતાનાં તરૂણ સંતાનોને તેમને અનુસરતી જોડ મળવાની અપેક્ષા ઉત્પન્ન થયેલી છે. તથાપિ જેઓને આ ક્ષણભંગુર સંસારની વિકટ યાત્રા અને દુર્ઘટ વ્યવહાર જીવનપર્યંત સાથે રહી ચાલવાની સહુથી મોટી જવાબદારીની કબુલાત ગ્રહણ કરવાની છે, જેઓને આ ભવાબ્ધિ વ્યવહારને અનુ-

સરી, નીતિ અને મર્યાદાપૂર્વક બિન હરકતે ઓળંગવાની ઉમંગ સફળ થવા માટે પ્રીતિરૂપી એક નાવમાં બેસવાની જરૂર છે, જેઓને પોતાના આત્મા અને જીવતરના કલ્યાણ અર્થે એક જોડલું મળવાની ઉત્કંઠા અને આશા છે, જેઓને એક ગૃહકારભાર રૂપી રાજ્યનીતિ સુરીતિયે-નિર્વિઘ્ને ચલાવવાને ઐક્યતા ધરાવનાર અને અરસપરસના વ્યાજબી વિચારની તુલના કરી વર્તનાર એક પતિ અને તેના પ્રધાન રૂપે એક પ્રિયાની અતિ અગત્ય વિષેની ચિંતા હોય છે, જેઓને પોતાનાં ઉત્તમ રહેણી કરણીવાળાં સંતાનોની મીઠાશ અને ઠંડકથી પોતે શાંતિ મેળવી દુનિયાનાં લોકોને દ્રષ્ટાંત બતાવી શાંતિ આપી તેમના અજ્ઞાન રૂપ દરદને આ પ્રત્યક્ષ જ્ઞાનરૂપી ઔષધ આપી ઉપકાર કરવાની ડહાપણ ભરેલી મનોવૃત્તિ હોય છે, જેઓને પોતાના કુટુંબ રૂપ મનરંજન બગીચાની સુગંધથી અન્ય જનોને, સંસાર શું છે? આપણે આ સંસારમાં શા વાસ્તે આવ્યા છીએ? આપણે આપણી ફરજો અદા કરીએ છીએ કે નહિ? ઈત્યાદિ બાબતોનો શાંત રીતે વિચાર કરવાને અને પરમેશ્વર ઉપર પ્રીતિ રાખીને તેને પ્રિય હોય એવાં સત્કાર્યો કરી પર લોકમાં જવાને હમેશાં તૈયાર રહેવાની શ્રદ્ધામાં અમૃતમય આનંદની પ્રાપ્તિ થવાની અપેક્ષા પોતાના બુદ્ધિ બળે કરીને હોય છે; તેઓને તેમની મર્યાદાના દબાણવાળી પરતંત્રતા તરફ ન્યાય, નીતિ અને વ્યાજબીપણું બક્ષવાને માત પિતાનો ધર્મ છે; તે બજાવવા વગર અર્થાત્ તેઓના અભિપ્રાય, તેઓની પસંદગી જાણ્યા વગર ઉપર બતાવેલી અનેક જાતની ફરજો બજાવવાના જોખમમાં નાંખવા એતો કેવળ શાસ્ત્ર વિરૂદ્ધ અધર્મ છે. કેમકે આ દુનિયામાં સર્વથી મોટો અને પવિત્ર બુદ્ધિવાળો મિત્ર પોતાની સદ્ગુણી સ્ત્રી છે, કે જે અંતકાળે પણ પાસે રહીને સેવા કરેછે."

આવા આવા અનેક વિચારો સદાચરણી અને લક્ષ્મીના માતપિતાના મનમાં તેમની સંસાર યાત્રા સારી ફળદાયક થવા માટે અહર્નિશ આવ્યા કરતા.

બીજી તરફ જોતાં દુષ્કૃતિનાં માતપિતા દુરાચરણી અને સાંસુબાઇને એક ખાડામાં નાખવા છતાં સંતોષ નહિ પામવાથી સદા-

ચરણી માટે પણ તેવીજ એક હુંડી ખાડ શોધી પોતાને પૈસા મળવાની આશાથી તેનું લગ્ન કરવાની હમેશાં ચોવટ ચલાવતાં. સદાચરણીને આ સઘળો પ્રપંચ જાણવામાં હોવાથી તેનું મન વખતો વખત ચિંતાતુર દેખાતું. અને તેનો ચહેરો પોતાના મુરબ્બીઓને, પોતાના લગ્ન સંબંધે કંઈપણ ન કહી શકવાની અયોગ્ય રૂઢીની મર્યાદાથી શોકમય અને નિસ્તેજ દેખાતો. પરંતુ તે વાત તેના માતપિતાના જાણવાથી છેક બહાર નહોતી, તેથી સદાચરણીના સુશોભિત કિશોર ચહેરાપર ચિંતાનો ભાસ વધારે ટકી શકતો નહોતો, કેમકે તેની સાવકી માના પ્રપંચ વિષે તેને પોતાને જેટલી ફિકર રહેતી તેટલીજ, બલ્કે તેથી પણ વધારે ફિકર તેનાં વિદ્વાન માતાપિતાને રેહેતી, તેમ સદાચરણીને પોતાનાં માતપિતાના ઉત્તમ વિચાર અને ડહાપણવિષે વિશેષ ખાત્રી હતી.

આ પ્રમાણે સદાચરણી અને લક્ષ્મીના લગ્નવિષે આવા વિચારો ચાલે છે, પરંતુ દરેક કાર્યમાં પ્રભુની શી ઇચ્છા છે ! તે ભવિસ્યની ખાત્રી થવી અશક્ય છે.

સરળતા રાખનાર, સુમાર્ગમાં ચાલનાર, શુદ્ધબુદ્ધિ અને નીતિ ધર્મને અનુસરીને હરેક કાર્ય કરનાર મનુષ્યને જગકર્ત્તા હમેશાં સાહ્ય કરે છે. ગમે તેટલું દુઃખ અને નુકશાન વેઠીને પણ જે માણસ સદાચરણને વળગી રહે છે, અને પ્રયત્નપૂર્વક ખરા રસ્તાપરજ ચાલવાની જેમને નેક ટેક છે, તેવા પુરૂષોની રક્ષા કરવા માટે પ્રભુ સદા અને સર્વ જગ્યાએ હાજર છે. તે મહાન્ પ્રભુ નિરંતર કલ્યાણમય હોઇને સર્વના હૃદયમાં વસેલો છે, મનુષ્ય તેની ગહનગતિ અને અનેક પ્રકારના મોહ અને લીલામાં લીન થાય છે; અને કેટલાક જગતજનો માત્ર પોતાની નિર્મળ બુધ્ધિ અને જ્ઞાનચક્ષુ દ્વારાએ તે ત્રિલોકનાથને નિહાળી—જાણીને શાંતિ મેળવે છે, તેમ આ છ* સદ્ગૂણી મનુસ્યો તે મહાન્ પિતાપર ભરોંસો રાખી ચિંતન કરતાં પોતાના સદ્ઉદ્યોગમાં લાગ્યાં રહેછે.

---

* સદાચરણી, લક્ષ્મી, અને તે બનેનાં માતપિતા.

પ્રકરણ ૩ જું.

સદાચરણી અને લક્ષ્મીના માતપિતા વિદ્વાન હતાં, તેથી તેમનામાં વિદ્યાનો શોખ વધારે હતો. નવરાશની વેળાએ તેઓ પોતાનાં માતપિતાની સંગતિથી જ્ઞાન લાભ મેળવવા માટે પુસ્તકશાળામાં જતાં, અને સુધારાના દરેક કાર્ય તરફ તેમના અંતઃકરણની પ્રીતિ હતી. આ બને જુવાન સ્ત્રી પુરૂષનો પુસ્તકાલયમાં ઘણીવાર દ્રષ્ટિ મેળાપ થતો, તેથી જેમ કોઇ માણસ બીજા માણસને સત્કાર્યમાં પ્રવર્ત્ત થતો જોઇને તેના વિષે સારા વિચાર બાંધે, તેજ રીતે આ બંનેના મનમાં એક બીજાવિષે સારા વિચાર હતા, પરંતુ તેમની કોઇ વિષયમાં કોઇ વાર વાતચિત થયેલી નહોતી; તેમ તેમનો દ્રષ્ટિ મેળાપ પણ કેવળ પવિત્ર હતો; એટલે કે તેમણે પોતાના મનની શુદ્ધ લાગણીઓ પરસ્પર દ્રષ્ટિવડે પણ દર્શાવી નહોતી. તેમના અંતઃકરણના વિચારો માત્ર તેમનું અંતઃકરણજ અથવા અંતરજામી ઇશ્વરજ જાણતો હતો. પરંતુ આ નિર્દોષ, ઉગતા કોમળ અને પવિત્ર સુગંધીવાળાં પુષ્પોરૂપ બંને જુવાનોની ખુશબો ફેલાવવાને પરમ કૃપાળુ પિતાની ઇચ્છા શરૂ થઇ હતી. અર્થાત્ તેમનો ભાગ્યોદય થવાનો વખત હવે નજીક આવતો હતો.

આવા મેળાપથી સદાચરણી અને લક્ષ્મીના અંતઃકરણમાં જે અસર થતી તે કોઇ પણ રીતે ધર્મ, નીતિ, કુળરીતિ અને વ્યવહારથી વિરૂદ્ધ નહોતી; પણ કેવળ સ્વભાવિક અને પવિત્ર હતી, અને તેઓ બંને આ સંસાર યાત્રામાં એક બીજાના સાથી થાય તો કેવું સારૂં ! એમ તેમના મનમાં યોગ્ય કલ્પના આવતી. તેમ તે પવિત્ર વિચાર પાર પાડવાની શાંત અને વિવેકમય કલ્પનાઓમાંથી તેઓનાં મન ભાગ્યેજ વિશ્રાંતિ લઇ શકતાં હતાં; કેમકે પરસ્પર અનુકૂળતાની અસરની છાપ તેઓનાં અંતઃકરણમાં કોતરાઇ ગઇ હતી.

લક્ષ્મીનાં માબાપ દ્રવ્યવાન હોઇને મોટા આબરૂદાર શાહુકાર હતાં, અને તેમને રૂપ ગુણમાં સર્વોત્તમ આ એકજ કન્યા હતી.

એક રાત્રિયે લક્ષ્મી પોતાના ઓરડામાં સુવા ગઇ ત્યારે આસપાસની સુંદર અને વૈભવયુક્ત વસ્તુઓને જોઇને તેને ભારે અસર થઇ અને તે કારણથીજ તેને વિચાર આવ્યો કે;—

"હું હવે એક પત્નિ થવાને યોગ્ય થઇ માટે મારે આ સુંદર વૈભવ ભોગવવા કરતાં રાત્રિના શાંત વખતમાં આ એકાંત ગૃહમાં એકાગ્ર ચિત્તે યોગ્ય પતિ મળવા પરમેશ્વરની પ્રાર્થના કરવી જોઇએ.

મને ખાત્રી છે કે–મારાં માતપિતા મને કદી પણ અયોગ્ય સ્થાને પરણાવવાનાં નથી. તેઓ મને પરણાવવા સંબંધીના ચિંતનથી શું એક ઘડી પણ નિશ્ચિંત હશે ! શું તેઓ મારે માટે લાયક પતિ શોધવાની ફિકર નહિ રાખતાં હોય ! શું એ બાબતમાં મારા મનનો શો અભિપ્રાય છે તે જાણવાની તેમને અભિલાષા નહિ હોય? નિ:સંશય તેઓ માત્ર મારી મનોવૃત્તિ જાણવાનેજ કદાચ થોભેલાં હશે. એમ તેમની ઉત્તમ રીતિ અને વિદ્વતા ભરેલા વિચાર મને સાક્ષી આપે છે. માટે મારેજ સારૂં જણાય તેમ કરવા યત્ન કરવો તે પછી નિરાંતે રહેવું.

"બીજાં ગમે તેટલાં પરાક્રમ હોય પણ જો કોઇ માણસ અવિદ્વાન હોય તો તેની સાથે કોઇ પણ વિદ્વાન સ્ત્રી કે પુરૂષે લગ્ન કરવાં નહિ—,, એવા વિચાર શું મારાજ મનમાં આવતા હશે ? એક વિદ્વાન અને ગુણજ્ઞ યુવાન સાથે કોઇપણ જાતની ગોઠવણ કર્યા વગર સેહેજ સાજના સમાગમમાં તે પણ શું વિચાર કરી શકવાને સમર્થ નહિ હશે? શું તે સહેજ સમાગમ છતાં પણ તે વખતને એક પળ પણ વિસ્મૃતિમાં જવા દે, એમ મારે ધારવું જોઇએ! કદી નહિ. વળી પરમ કૃપાળુ જગતપિતા શું આશાવંત અને પવિત્ર માર્ગમાં ચાલનારને સાહાકારી નહિ થાય? શું જ્ઞાન યૌવનની શરૂઆતમાં આવેલાંના મનના વ્યાજબી વેગની વૃદ્ધિ પામવા અને ફતેહ થવામાં તે પરમાત્મા મદદ નહિ આપે! સંસાર માર્ગમાં નીતિ, ધર્મ અને સદાચરણથી સુખમાં ચાલવા અમને જેણે આ દુનિયામાં જન્મ આપ્યો છે, તે દયા નહિ કરે ? જગતનો કર્તા અને ભર્તાજ જગતને નિયમમાં રાખે છે, તે નિયમને અનુસરતી અમારી આશા પાર પાડવા તે પરમેશ્વરને શરણે થાઊં છું.

શુદ્ધ અંત:કરણથી આવા આવા તર્ક વિતર્ક કરતાં યથા નિયમે વર્ત્તનાર જનમંડળને દિવસના પરિશ્રમથી શાંતિ મેળવવાનો વખત થઇ ગયો; સર્વ પશુ પક્ષી શાંતિને પામ્યાં; પવનની ગતિ પણ છેક

ધીમી થઇ ગઇ હતી; ચોતરફ સઘળું શાંત થઇ ગયું. દીવાની જ્યોતિ પણ જાણે ઘણા વખત સૂધી પુષ્કળ પ્રકાશ આપ્યા પછી અતિ થાકી ગઇ હોય તેમ ધીમે ધીમે ઝોંકા ખાતી અને ઘણા નમ્ર ભાવથી ધ્રૂજતી ધ્રૂજતી પોતાના થાક વિષેની કદર થવા માગતી હોય, તેમ પ્રકાશતી, માત્ર આ વખતે પતિપ્રાણા થવાની આશાવાળી કુમારિકા-લક્ષ્મીની દ્રષ્ટિએ પડે છે. તેના સામે નિહાળતી જાણે કે આ વખતે પોતાને દિલાસો આપનાર અને સાહ્યકારક સોબતીની પાસે માફ માગતી હોય તેમ થાકી જવાથી એક પગ પલંગ ઉપર લાંબો રાખી, ખુરશી ઉપર બેઠેલી હોવાથી તેના પાછલા ભાગ ઉપર—નાના પ્રકારના વિચારમાં ભરપૂર થયેલું—મસ્તક અઢેલીને પ્રત્યક્ષ દેવ સૂર્યનારાયણની પ્રાર્થના કરતી હોય. તેમ તેના હૃદયની અંધીરાઇમાં લક્ષ્મી ઝોંકા ખાતી હતી.

પાછલી રાત્રીની શીતળતાને* લીધે લક્ષ્મીના કંઠમાં પહેરેલી મોતીની માળા તેના સુંદર ઉરસ્થળને શીતળતા આપવા લાગી. બીજી તરફ ઉંડા વિચાર સાગરમાં પડેલી લક્ષ્મી કેવળ શાંત થઇ રહી હતી, અને તેણીના કટાક્ષ જો કે પોતાની ચપળતાને લજવતાં નહોતાં, તથાપિ કમળની પાંદડી સરીખાં તેણીનાં નેત્રોનાં થાકી ગયેલાં પોપચાં હવે પોતાની સ્થિરતા માંડ કરીને પણ જાળવી શકતાં નહોતાં. અર્થાત આંખ ઘેરાતી જતી હતી. આવીને આવી સ્થિતમાં જરાવાર નિદ્રાવસ્થ થઇ; પરંતુ તેણીનાં ઉપર કહેલા મનોવિકાર સ્વપ્નામાં પણ રજુ થયા અને તે તેને પૂર્ણ દિલાસો અને હિંમત આપતા દેખાયા.

---

* રાત્રીના પાછલા પહોરની શીતળતા ગ્રીષ્મ ઋતુના દિવસોમાં જેમને નિદ્રા દેવીનું દર્શન દુર્લભ છે, તેવા માણસોને પણ આરામ આપે છે, એટલુંજ નહિ પણ સ્ત્રીઓએ પહેરેલાં આભૂષણો તેમને પ્રાતઃકાળ થયો એમ જાણવાને સાધનભૂત થાય છે. એક પતિએ પોતાની પત્નિની ચતુરાઇ જાણવા અર્થે તેને પૂછ્યું કે—"પ્રિયા! હમણાં રાત્રીનો કયો સમય છે?" ત્યારે તે વલ્લભાએ વિનયથી જવાબ આપ્યો કે—"પ્રાણનાથ! મને લાગે છે કે પ્રાતઃકાળનો સમય શરૂ થયો છે, કેમકે મારા ગળાનો મુક્તાહાર વક્ષસ્થળને ટંડક આપે છે.

છેક પ્રાતઃકાળ થવા આવ્યો હતો, તેની ગુલાબી ઠંડી, આ બાળાને પોતાની મોહક નિદ્રામાં વધારે ગિરફતાર કરતી હતી, અને આવી રીતનાં ફેરફારથી તે પોતાના હમેશના નિયમ પ્રમાણે જાગૃત થઇ શકી નહિં. આવી રીતે તેનો નિયમસર ન ઉઠવાનો આ પહેલોજ પ્રસંગ હોવાથી તેની માતાને સેહેજ વિચાર આવતાં તે તેના ઓરડાભણી આવી અને તેણીએ લક્ષ્મીને આવી રીતે જોઇ; પરંતુ તે ચતુર માતાએ તે સમયે પોતાની પ્રિય પુત્રીને જગાડી નહિ, પણ પોતે જોયેલા આ ફેરફાર વિષે પોતાના મન સાથે વિવાદ કરવા લાગી.

થોડો સમય વીત્યા બાદ લક્ષ્મી જાગૃત થઇ, અને તરતજ પોતાની હમેશની રીત પ્રમાણે સ્નાનાદિક ક્રિયા કરીને બહાર જવા માટે તૈયાર થઇ. તે વખતે તેની માતાએ પૂછ્યું કે—

"પ્રીય પુત્રી ! આજ અત્યારમાં શીદ જવાનાં છો?

જાણે કે પોતાના મનોવિકારના ઉભરાથી છવાયલો ચહેરો માતાએ કદાચ જાણ્યો હોય તો ! એવી આશંકા કરતી લક્ષ્મીએ અતિ નમ્રતા અને વિવેક સહિત માતાની આજ્ઞા માગી કે—"માજી ! જો આપ આજ્ઞા આપતાં હોતો મારે વાંચનશાળામાં જવું છે, કેમકે હાલે એક, સ્ત્રીઓને ઉપયોગી ચોપાનીયું નીકળવાનું છે, અને તે આજે અત્રેની વાંચનશાળામાં આવવાની ખરી વકકી છે, તે મારે જોવા અને વાંચવા જવું છે; વખત થઇ જવાથી મોડું થશે, અને કદાચ તેથી તે ચોપાનીઊં આવ્યું હોય ને બીજા ગૃહસ્થો તે વાંચતા હોય તો મને મોડું મળે, કિંવા આજ ન મળે."

લક્ષ્મીનાં માતપિતાને તેની સત્યતાવિષે ઘણોજ ઉંચો મત હતો, એટલુંજ નહિં પણ તેના સદ્ગુણ, તેની નીતિ અને તેની ધર્મ પ્રતિ શ્રદ્ધા એટલાં બધાં ઉત્તમ હતાં, કે સદ્ગુણ પોતેજ કુમાર્ગે હોય તોજ લક્ષ્મીના આચરણ કિંવા બોલવામાં શંકા હોય. પોતાની પુત્રીની વિદ્યા તરફ આવી ઉત્તમ અભિરૂચી જોઇને માતાએ તેને આનંદથી આજ્ઞા આપી. તેથી લક્ષ્મી પુસ્તકશાળા તરફ ચાલી. તેના આવવા પ્રથમ પુસ્તકશાળા ઉઘડી હતી અને ત્યાં એકજ પુરૂષ કંઇ વાંચતો દેખાયો, તે શું વાંચે છે ? એવી જિજ્ઞાસાથી જોતાં તે લક્ષ્મીએ ધારેલું નવીન ચોપાનીઊંજ હતું. અને આ પુરૂષ પણ

તેજ હતો કે જેની સાથે લક્ષ્મી પોતાનું જીવતર જોડવાને આશાવંત બનેલી છે.

લક્ષ્મીએ વિચાર કર્યો કે આજ પર્યંત અમારાં બનેનાં અંતઃકરણોએ પરસ્પર સાક્ષી નથી આપી કે "અમે એક બીજાને ચાહીએ છીએ." અને હજુ પણ આમ ચાલશે તો કોણ જાણે કેટલોક સમય વીતી જશે. પણ હવે વખત વિતીત કરવો વ્યર્થ છે. આજતો હુંજ અમારી પરસ્પરની અસર અને પ્રીતિ વિષેની કંઇક ખાત્રી અને દિલાસો બતાવવાની મર્યાદા પૂર્વક યુક્તિ કરૂં. એટલી વાતતો નિર્વિવાદ છે કે જેવા વિચારો મારા અંતઃકરણમાં છે, તેવા તેનામાં પણ હશેજ, પણ તે જણાવવાની આગેવાની એમાંથી એક જણાએ પણ કર્યા વગર મનકામના પૂર્ણ થવાની આશા ફોકટ છે." આવા વિચાર કરતી લક્ષ્મીએ વિવેકમય ચતુરાઈથી વાંચનશાળાના નોકરને કહ્યું કે—

"સ્ત્રીઓને ઉપયોગી નવીન ચોપાનીઉં જે આજે આવવાનું હતું તે આવેલ છે કે નહિ?"

માણસે જવાબ આપ્યો કે "હાજી, આવેલું છે, અને તે (સદાચરણી તરફ ઇશારત કરીને) શેઠ વાંચે છે તેજ છે."

આ વાતચિત સાંભળતાંજ સદાચરણીએ ઉંચું જોયું. તો તેણે લક્ષ્મીને જોઇ. બંને એક બીજા તરફ જોઇ રહ્યાં. જાણે કે તે બંનેની દ્રષ્ટિજ પરસ્પર ખુલાશો ન કરતી હોય ? એવો ખૂબીદાર દેખાવ થઇ રહ્યો. આ બનાવથી બંનેના મનપર ભારે અસર થઇ, બંને જણે જાણે પોતાનો મનોભાવ જીભથી બોલ્યા વગરજ કહી દીધો હોય, એમ બંનેને જણાયું. લક્ષ્મીની ચોપાનીઉં મેળવવાની ઇચ્છાને આધીન થઇ સદાચરણીએ તે તેના તરફ ટેબલપર મૂકી દીધું. તે લક્ષ્મીએ અદબથી નમ્રતા અને તે આપનાર તરફ માનની મર્યાદા સહિત જાણે પોતાનો તેને પ્યાર જણાવતી હોય તેમ વગર બોલે ઉચકી લીધું. થોડીવાર સૂધી બંનેનાં નેત્રો એક બીજાને નિરખવાને થંભી રહ્યાં; તે સ્થિતિ એવી મધુર, કરૂણાજનક અને આતુરતાવાળી હતી કે જાણે તેઓના ઘણા લાંબા વખતના પ્યારના વિયોગનો આજેજ અંત ન આવ્યો હોય ? પરંતુ આ સ્થિતિમાં વધારે વાર

રહી શકવાતું અશક્ય હતું. લક્ષ્મી તરતજ પોતાના ઘર તરફ જવાનો વિચાર કરીને ચાલી, તે જાણે પુનઃમેળાપનું આમંત્રણ કરતી હોયની ? જાણે તે પોતાના મનથી તેને વરી ચૂકી હોયની ? જાણે સંસાર અને ધર્મની મર્યાદા પૂર્વક તેને દિલાસો અને સૂચના આપતી હોયની ? એવી રીતે વિચિક્ષણતા વાપરી વિદાય થઇ.

આ બનાવની અસર સદાચરણીના મનપર કેટલી થઇ હશે, તે વર્ણવવા કરતાં સમઝવાનું વધારે સુગમ છે. તે "હવે શું કરવું ? તેને પરણી ભાગ્યશાળી બનવામાં શા ઉપાય કામે લગાડવા"! તેનો વિચાર કરવા લાગ્યો. કેમકે લક્ષ્મીવિષે તેના ઘણા ઉત્તમ વિચાર તો પ્રથમથીજ હતા, તેથી આજ તેણે નક્કી કર્યું કે "જો જિંદગી માટે સુખ•દુઃખનો સાથી મેળવવો તો એવોજ બલકે એજ, પણ બીજો નહિંજ." વળી તેણે વિચાર્યું કે તેને જોવાથી હમેશાં મારા મનપર અસર થતી, તે સર્વ ખરીજ હતી, એમ આજ નક્કી થયું. હવે શું કરવું ! એ સવાલનો વિચાર કરતાં છેવટ તેણે એમ નક્કી કર્યું કે- "એક પત્રીકા લખવી" એ વિચાર દ્રઢ થતાં તરતજ તેણે પોતાને ઘેર ખાનગી બેઠકમાં જઇને નીચે પ્રમાણે પ્રેમ પત્રીકા લખી:--

"અહો ! સદ્દગુણ સંપન્ન સુંદરી !

તારી અત્યુત્તમ ખૂબસુરતી, અપાર ચતુરાઇ, માર્યાદા પૂર્વક ચિત ચોરવાની વૃત્તિ, ઇત્યાદિ ગુણોનું વર્ણન કરવા જેટલી મારામાં શકિત નથી.

"અરે ! સર્વોત્તમ સ્વરૂપા ! હું આ વખતે તારી અલૌકિક કાંતિમાં કેવી તરેહની વૃત્તિથી લીન થયો છુ, તે લખી બતાવવાને મારી પાસે શબ્દ નથી. તથાપિ એટલું તો જણાવવાની જરૂર છે કે તારાં રૂપ અને ગુણ માટે પરમકૃપાળુ જગત્પિતાની અલૌકિક શકિતની પ્રબળતામાં મારી વૃત્તિ પવિત્ર પ્રકારની કલ્પનામાં લાગી છે.

"હે ! પ્રાણપ્રિય સુંદરી ! તને "પ્રાણપ્રિય" લખવનો જોકે મને હક્ક નથી, તેમ છતાં લખું છું, તેથી તુ ગુસ્સે ન થતી, કેમકે આ વખને મારા નિર્મળ અંતઃકરણની પ્રેમ વૃત્તિનો ઉભરો કબજામાં ન રહેવાથી તે શબ્દો લખાયલા છે."

"અરે ! મનરંજન તરૂણી ! તું એમ ના સમઝતી, કે—મારા મનનો ભેદ એવો ન ધારતી કે—તારા સમાન બીજી ઉત્તમ રૂપ સુંદરી દુનિયામાં કોઇ નહિંજ હોય; અથવા હું પરમેશ્વરની મહેરબાનીથી બહાર છું. અર્થાત મારી આ પ્રેમ પત્રિકા વાંચીને ગર્વિષ્ટ બનીશ માં.—

"હે ! હરિણાક્ષી ! તું મનમાં વિચાર કર અને સમજ કે આ લખનારનું ચિત્ત, તુજ મયંકમુખીના કયા ગુણવડે આટલી બધી પ્રસંશા કરવાને ઉતાવળું થયું છે ? ધીરજ ધરીને તથા તારા ખુબસુરતીના અહંકારને ત્યાગ કરીને તે સમયના પરસ્પરના પવિત્ર દેખાવની મારી સ્થિતિનું સ્મરણ કરીશ તો તું તે સમજી શકીશ ખરી કે પરમકૃપાળુ જગદીશ્વરે બક્ષેલા તારા અવયવોના° શાંતિ ભાવ અને તેની વિવેકતાથી ભરેલી મીઠી ચાલાકીના થોડા વખતના અનુભવથી પણ તેની મને ખાત્રી થાય. તથાપિ આટલો બધો મર્મ સમજવાને તું વિદ્યાભ્યાસે કરીને યોગ્ય છે કે નહિં ! એવી આશંકાથી હુંજ તને ખુલ્લી રીતે વિવેચન કરી બતાવું છું; કે—

"रूप यौवन संपन्ना, विशाल कुल संभवाः ॥
विद्याहीना न शोभन्ते निर्गंधा इव किंशुकाः ॥ १ ॥

મતલબ કે—રૂપ અને યૌવનથી પરિપૂર્ણ અને મોટા કુળમાં ઉત્પન્ન થયેલ છતાં વિદ્યાહીન મનુષ્ય (સુગંધ વગરનાં) કેશુડાંનાં—ફૂલની પેઠે શોભતાં નથી.

તેજ પ્રમાણે તારા સરખી સ્વરૂપવાન સ્ત્રીઓનો કાંઇ દુનિયામાં તોટો ન હોય; પરંતુ ઉત્તમ સ્વરૂપની સાથે, વિવેક, ગાંભિર્ય ધૈર્ય, બોલવાની મધુરતા, દયા, તન મનની નિર્મળતા ઇત્યાદિ ગુણો હોવા સાથે સ્ત્રી જાતીના સ્વભાવિક દોષોથી રહિત તને જોઇને હું ખુશી થયો છું. વળી તને બક્ષાયલી સુંદરતા તરફ વધારે વખત જોવાની આશા રાખનાર પવિત્ર મનના વર્ણન કરનારને ઓળખી, તેનો હેતુ પાર પાડવામાં વીજળીની પેઠે અદ્રશ્ય થયા છતાં પણ વર્ણન કરવાને યોગ્ય ભાવ બતાવનારી તારા જેવી લલિતા ભાગ્યેજ નજરમાં આવશે.

ઉપર મેં જે તારા સૌન્દર્ય અને ગુણોનું વર્ણન કર્યું છે, તે જે

વખતે મેં તને આજ જોઇ તેજ વખતે મારાં અંતઃકરણમાં કોતરાઇ રહ્યું હતું, તેનોજ માત્ર ઉતારો કરીને આ તારા તરફ મોકલ્યો છે; તે એટલાજ માટે કે—પરમકૃપાળુ ઇશ્વરે બક્ષેલા તારા ઉત્તમ ગુણોનો અવળે માર્ગે ઉપયોગ ન થવાની તારી વૃત્તિ મજબૂત તો હશેજ, તેમાં આ વધારે સાહ્યકારક થાય. કેમકે અજ્ઞાન, અને હલકી મતિવાળા કેટલાક નીચ પુરૂષો આવી પરમેશ્વરે ઉત્પન્ન કરેલી મોહિનીઓને પોતાના ધર્મથી ચલાયમાન કરવાની જાળો પાથરવાને ચૂકતા નથી, અને કેટલીકવાર તેમાં ફતેહ પામીને સંસારની મોહજાળથી અજ્ઞાન એવી પવિત્ર બાળાઓનાં રૂપ, ગુણ અને ધર્મને બરબાદ કરે છે. કાંતિ કિંવા નૂર અને બુદ્ધિ એ ઇશ્વરની મહેરબાનીનું ચિન્હ છે, તો તે પરમકૃપાળુ પિતાની મેહેરબાનીનો ગેરઉપયોગ કરનારને અવસ્ય તે સજા કરશે; એટલુંજ નહિ પણ ફરીને તે ઉત્તમ બક્ષીશો બક્ષવાને તેમને નાલાયક ગણી નરકમાં નાંખશે, એ નિઃસંદેહ છે.

એ વાત તો સ્વભાવિક છે કે જેઓ ડાહ્યા, વિવેકી અને વિચારવંત મનુષ્યો છે; તેઓ પોતાને જે કાર્ય કરવાનું હોય છે, તેને પાર પાડવા વિષે પહેલાંથીજ પરિણામનો વિચાર કરે છે.

લી. હું છું, શુભચિંતક.

સદાચરણી.

એ પ્રમાણેની એક પત્રિકા લખી, પાકીટમાં નાંખી, સદાચરણીએ પોતાના નોકરને આપી, અને કહ્યું કે "પાકીટ બંધ કરી ટપાલમાં નાખી આવ." ચાકરે તે પાકીટ હાથમાં લીધું, બંધ કરેછે, એટલામાં વળી સદાચરણીએ તે પાકીટ પાછું પોતાના હાથમાં લઇને વિચાર કર્યો કેઃ—

"અરે! શું હું આ પ્રેમપત્રિકા બીજા માણસ સાથે વિદાય કરૂંછું? ના, ના, હું જાતેજ તે પોષ્ટની પેટીમાં નાંખીશ, કે જેથી મેં મનમોહિની બાળાને માન આપ્યું ગણાશે, અને તેથી મારા મનને સંતોષ થશે." એમ વિચાર કરી તે પત્રિકા તેણે વાંચી જોઇ કે "મારા લખાણમાં કંઇ વિવેકથી ઉલટું કિંવા અમર્યાદિત તો નથી લખાણું?" એવી રીતે પોતાના અંતઃકરણનેજ

સવાલ કરેછે કે—"કદાચ આ પત્રિકા અન્ય જનના હાથમાં જાય તો તેની અંદરના ગર્ભવિષે કોઇ કાયદાની બારીકી સમઝનાર ન્યાયાધિકારી પુરૂષ તેમાંથી કંઇ નઠારા પોઇંટ કહાડી મને શિક્ષાને પાત્ર ગણવાને પોતાની ન્યાયિક ફરજનો ગેરઉપયોગ તો નહિ કરી શકે? શું આ પત્રિકાનો હેતુ અધર્મ કિંવા અનીતિવાળો છે? એમ કોઇ માની શકશે? શું આ પત્રિકાનો હેતુ લક્ષ્મી અને મારા વચ્ચે દુષ્ટ હેતુ દર્શાવનારો છે? આ પત્રિકાઉપરથી એવા પ્રકારનો દોષ મૂકવાને શું કોઇ દુસ્મન પણ હિમ્મત ધરાવી શકશે? કદી નહિ. કદાપિ આ પત્રિકા લક્ષ્મીને બદલે તેનાં માતપિતાના હાથમાં જાય, તોપણ શું તેઓ અમારા પ્રત્યે કોઇ જાતનો મલીન વ્હેમ આણી શકશે? અથવા લક્ષ્મીનેજ કંઇ એવું સમજાય, તથાપિ શું મારા કોઇ અયોગ્ય શબ્દોને લીધે મારા તરફ તેની તિરસ્કારની વૃત્તિ થશે? તેના ઉતમ પ્રકારના વર્તનના થોડા પણ ખાત્રી લાયક અનુભવથી હું નિ:શંકપણે કહી શકુછું કે અવશ્ય તે મારી પત્રિકાનો અનાદર નહિંજ કરે. વળી આ પત્રિકા લખવામાં હું વિશ્વપાળક પિતાનો કોઇ પણ રીતે ગુન્હેગાર બનું છું? ના ના, એમ કદી થનાર નથી. મને મારા નિષ્કપટ મનમાં સંપૂર્ણ ખાત્રી છે કે મેં નિર્દોષ રીતે આ પ્રેમપત્રિકા લખી છે, અને સર્વવ્યાપિ ઇશ્વર તેનો સાક્ષી છે, માટે આ પત્રિકા મોકલવી તો ખરીજ. કહ્યું છે કે " નસીબનું તખ્ત પર્વતના શિખર ઉપર છે, પણ શૂરવીરો તે ઉપર ચઢવાને બ્હીતા નથી. "

એ પ્રમાણે નિશ્ચય કરી, પોતાની ગાડી તૈયાર કરાવી, પોતાના કોઇ દોસ્તને ત્યાં જતાં રસ્તામાં તે પત્રિકા જાતેજ પોષ્ટની પેટીમાં નાંખી.

પ્રિય વાંચનાર! ઇશ્વર તો સર્વવ્યાપી છે. જે લોકો સદાચરણ સહિત, સત્કાર્ય કરવાવાળા અને શુભવૃત્તિ ધરાવવાવાળા છે, તેમની આશાઓ તે પોતે પૂર્ણ કરેછે. જે સચ્ચિદાનંદરૂપ પ્રાણી માત્રના અંત:કરણમાં ગુપ્ત રૂપે રહેલો છે, અને અધ્યાત્મ વિદ્યાના ઉપાશકો ચિત્તની એકાગ્રતાવડે જેનું દર્શન કરી શકે છે, એવો તે પરમાત્મા સર્વના અંતરનો સાક્ષીભૂત છે. બીજાઓને દુ:ખ આ-

પતાં જેમની લાગણીઓ દુભાય છે, જેમના પગ, દ્રષ્ટીવડે જોયેલી જમીન ઉપરજ ગતિ કરે છે, જેમનું અંતઃકરણ અન્ય જનોનું અનિષ્ટ ઇચ્છવાથી અળગું છે, જેઓ ગર્વ રહિત છે, જેમની મતિ નિર્મળ છે, જેઓ અપકીર્તિથી ડરેછે, જેઓ યદૃચ્છા લાભથી મળેલા વૈભવમાં સંતોષી છે, અને જેમના ઊદ્યોગનું કારણ લોભ નથી, તેવાઓને તેમની પવિત્ર મનકામના પૂર્ણ કરવામાં તે સર્વવ્યાપી પ્રભુ સદા સાહ્યકારી છે.

ઉપર વર્ણવેલી વૃત્તિવાળાં આ બન્ને યુવાન મનુષ્યોનાં અંતઃકરણમાં પરસ્પર થયેલી લાગણીઓવિષે તે જગતકર્ત્તાએ સમાન ઇચ્છા ઉત્પન્ન કરી છે; અને બનેના મનમાં તે ઇચ્છા પાર પાડવાના પવિત્ર માર્ગનો એક સરખો નિરંતર શોધ લાગેલો છે, તેથી સદાચરણીની પ્રેમપત્રિકા લક્ષ્મીને પહોંચવા પ્રથમ તે પણ એજ વિચારમાં તલ્લીન થયેલી હતી; અર્થાત સદાચરણી તરફ પ્રેમ પ્રકાશ કરનારી પત્રિકા લખવાનો લક્ષ્મીને પણ તેજ વખતે વિચાર સુઝયો હતો. એટલુંજ નહિ પણ તેજ વિચારમાં તેણે લખવાનાં સાહિત્યો શુદ્ધાં હાથમાં લીધાં હતાં, દરમ્યાન તેને સદાચરણીની પ્રેમપત્રિકા પહોંચી ! તે તેણીએ વિચાર પૂર્વક એકવાર વાંચી, પુનઃ તેના શબ્દે શબ્દનો વિચાર કરીને વાંચી; તેના લખનારના અંતઃકરણનો શુદ્ધ ભાવ તે સમજી. અને ત્યાર પછી નીચે પ્રમાણે ઉત્તર લખ્યોઃ—

"સદ્‌ગુણ નિધાન !

તમારી સવિવેક આતુરવૃત્તિની અસર મને તેજ વખતે—પુસ્તકશાળામાંજ—સંપૂર્ણ રીતે થઇ હતી. અને હમણાં જ્યારે, તમારી પત્રિકા મને પહોંચી તે વખતે હું તેજ વિષયના ચિંતનમાં બેઠેલી હતી; અને તમારી તે વૃત્તિને માન તથા દિલાસો આપીને શાંત કરવા, માટે અને ખરી આશા બાંધવા માટે તમને શી રીતે વિદિત કરવું, તેની સીધી તજવીજમાં મારા એકાંત નિવાસમાં કલમ, કાગળ અને શાહીની સાહ્યતા માગતી હતી; અને વિચારતી હતી કે આ જમાનામાં પૂર્વે કાળનો સુખદાયક સ્વયંવરનો રિવાજ હોત તો કેવું સારૂં થાત ? એટલામાં તમારી પત્રિકા પ્રાપ્ત થઇ ! અત્યાનંદની

સાથે તે મેં વધાવી લઇને માથે ચડાવી છે. પણ તમે જાણોછો કે તમારાં નેત્રોએ (પુસ્તકશાળાના તે સહેજ મેળાપને સમયે) અને પત્રિકાએ (આ વખતે) બહુ હિંમતથી અને મર્યાદા પૂર્વક જે સૂચવ્યું છે, તે કદાચ મારાં નિર્મળ અને આજ્ઞાનુસારી+ નેત્રોએ અને શુદ્ધ અંતઃકરણે ઉતાવળે અને ઉદ્ધતાઇથી સ્વીકારી લીધું હોય, તોપણ કુળની યોગ્યતાને અર્થે સુપાત્ર સંતાનોએ સર્વદા પોતાનાં માતપિતાને પ્રિય લાગે એવું કાર્ય કરવું. અર્થાત તેમની આજ્ઞાવિના કોઇ કાર્યમાં પ્રવર્ત્ત થવું નહિં. કારણ કે—"સર્વ ગુરૂમાં માતા એ પરમ ગુરૂ છે; માતા પૃથ્વી કરતાં પણ મોહોટી છે, અને પિતા આકાશ કરતાં પણ ઉંચો છે." એવાં શાસ્ત્રનાં વચન છે. વળી વિવેચના પૂર્વક જે વ્યવહાર આચરિત થાય છે, તેનેજં સદાચાર કહેછે" " વળી યાદ રાખજો કે–સર્વ શક્તિમાન ઇશ્વરે તમને મોટાઇ બક્ષી છે, અને વિશેષ મોટાઇ મેળવવા માટે સરજ્યા છે; તથા તમારી વૃત્તિમાં સર્વ સત્ય અને સરળ ભાવો તથા કૃતજ્ઞતા મૂકી છે, માટે મારી નમ્ર વિનંતી એજ છે કે પ્રમાણિક, ધૈર્યવાન, બુદ્ધિમાન અને દૃઢ મનના થજો. સદ્ભાગ્યવિષે સંપૂર્ણ ખાત્રી રાખવી."

લી. હું છું,
સદ્ધર્મ સાધિતા અલ્પમતિ વાળી-
લક્ષ્મીના પ્રણામ.

પ્રકરણ ૪ થું.

પ્રિય ગૃહસ્થો અને બાઇઓ! જુવાનીઆ અને કુમારીકાઓ! આ બને તરૂણ જનોની મનોવૃતિની પ્રબળતા છતાં તેમની નીતિ અને લાયકીની અવધીનો દાખલો શું અંતઃકરણમાં કોતરી રાખવા લાયક નથી? તમે એમ કબૂલ કરશો કે તેમનાં કોમળ અંતઃકરણ સંપૂર્ણ રીતે દંપતિ થવાને ઉત્સુક બનેલાં હતાં, સંસાર યાત્રાની વિવિધ આશાઓ પૂર્ણ થવા વિષે તેઓ પરસ્પર

* મનની સર્વ પ્રકારની વૃત્તિ નેત્રો પોતાની ચંચળતાને લીધે બતાવી દે છે, છતાં પણ તે નેત્રો મનને આધીન છે, માટે આજ્ઞાનુસારી.

ખાત્રી ધરાવતાં હતાં અને પોતાની આશાઓ પાર પાડવા માટે તેઓ ઉમરમાં યોગ્ય હતાં, છતાં પણ નીતિના સરળ માર્ગપરથી એક ડગલું પણ દૂર થવા તેમને વિચાર સરખો પણ શું આવ્યો છે?

તેમની નીતિ, સત્સંગ, સદ્ગ્રંથોનું અવલોકન, ઇશ્વર ઉપરની શ્રદ્ધા, મનની પવિત્રતા, ઇત્યાદિ સદાચારોથી તેમનાં માતપિતા તેમના માટે અહોનિશ નિશ્ચિત હતાં. તેથી કદાપિ તેઓ પોતાનો શુભ હેતુ પાર પાડવાને ધર્મનીતિના દાસત્વથી વિવેક પૂર્વક પોત પોતાનાં માબાપના લક્ષમાં લાવત તો તેમ પણ બની શકત, અને તેથી કદાચ તેમની લાયકીના આનંદદાયક અનુભવથી પ્રીતિ અને માન પૂર્વક તેમનાં માબાપ મંજૂર પણ કરત, એમ કહેવામાં યત્કિંચિત પણ અપવાદ છે ? શું તેઓની આ યોગ્ય માગણીનો અનાદર કરવાથી જન્મ પર્યંત તે તેમના પશ્ચાતાપનું કારણ ન થાત ? અર્થાત તેમની આ વાસ્તવિક માગણીને તેમનાં ભલાં માતપિતા માન આપત જ.

આ રીતિ પ્રમાણે સ્વયંવર કરવા માટે ખુશીની સાથે કોઇ પણ સદ્ગૃહસ્થ તેમને સાનુકૂલતા આપ્યા વગર રહેત નહિં, કેમકે એ સનાતન ધર્મ રીતિ છે, તેમ છતાં પોતાના એક સંતાન ધર્મ તરીકે તેમણે જે સભ્યતા, સત્યનિષ્ઠા, ઉચિત ઉદ્યોગ અને પરમકૃપાળુ ઇશ્વરપર શ્રદ્ધા રાખેલી છે, તે સ્તુતિપાત્ર છે.

ધન્ય છે આવાં વિદ્યાર્થીના જેવાં ચરિત્રવાળાં અને કાચા અનુભવવાળાં બાળકોની કુલીનતા અને કેળવાયલી મતિને !!. ધન્ય છે તેમની કિશોર વયની સ્વતંત્રતાને ! ! અને ધન્ય છે આ તરૂણાવસ્થાનાં બાળકોની નિપુણતાને !!

હવે એક તરફ જોતાં આ બન્ને જણ એક બીજાની પ્રેમ પત્રિકાઓ વાંચ્યા બાદ ઉપર વર્ણવ્યા પ્રમાણે દિવસ નિર્ગમન કરે છે, અને હજુ તેઓને વધારે પ્રયત્ન કરવાની ઉતાવળ થઇ નથી, દરમ્યાન બીજી તરફ મંગળમય—જગતકર્તાએ તેમનો આ રૂડો હેતુ પાર પાડવાની મર્યાદાથી દબાયલી તજવીજને આગળ લંબાવવાની તરદી લેવી તેમના માટે તરતજ મોકૂફ કરી દીધી હતી, અને ખરૂં છે કે—"ઇશ્વર પળમાં ચાહે તે કરે."

લક્ષ્મીનું મોસાળ એક પાસેના ગામમાં હતું ત્યાં એક દિવસે તેનું જવું થયું તેની માને તેના પર બહુ હેત હતું તેથી તેના વગર તેને એક દિવસ પણ ચલતું નહિ. જો કે સંવારે લક્ષ્મી મોસાળથી પાછી વળી આવવાની હતી, તોપણ "તેના ઓરડામાં તો જઇ આવું!" એમ ધારી લક્ષ્મીની માતા, કે જેનું નામ ગુણપ્રિયા હતું તે ત્યાં ગઇ અને ટેબલ ઉપર પડેલાં તેનાં પુસ્તકો જોવા અને ઉપર ઉપરથી વાંચવા લાગી; તે દરમ્યાન મેજપરના કાગળો જોતાં પેલો સદાચરણીની પત્રિકાપર નજર પડી; અક્ષરો અણજાણ્યા દેખાયાથી સ્વભાવિક જિજ્ઞાસા પ્રમાણે તે પત્રિકા વાંચી અને લક્ષ્મીએ તેનો ઉત્તર વાળેલો તેની નકલ પણ જોડેના બીજા કાગળમાં જોઇ. બંને પત્રિકાઓ તેણે બે ત્રણ વાર લક્ષ પૂર્વક વાંચી અને ખબ મનન કર્યું. તેવડે પોતાની પુત્રીનાં ડહાપણ, વિવેક, અને ધર્મનીતિ જોઇ હર્ષિત થતાં તરતજ તે પોતાના પતિને એકાંતે મળી અને મોઢેથી પોતાની પુત્રીના સદ્ગુણોની બહુ તારીફ કરતાં કરૂણા રસમાં લીન થયેલી માતાએ ગદગદ કંઠે થઇ તે પત્રિકાઓ પોતાના પતિના હાથમાં આપી. લક્ષ્મીના પિતા કે જેમનું નામ નરોત્તમ હતું, તેમણે તરતજ તે પત્રિકાઓ ઉપર પોતાનું ગંભીર લક્ષ લગાડ્યુ.

નરોત્તમદાસે સદરહુ પત્રિકાઓ ધ્યાન પૂર્વક વાંચ્યા બાદ તરતજ પોતાની પત્નિને કહ્યું કે-"લક્ષ્મીનાં લગ્ન કરવા સંબંધીની આપણી ફિકરનો આજ અંત આવ્યો. હું એ છોકરાને અને તેના પિતાને સારી રીતે ઓળખુંછું. તેઓ કારવ્યવહારમાં સાધારણ પણ વિવેક અને લાયકીમાં બહુ ઉત્તમ ગૃહસ્થ છે. આપણી લક્ષ્મીની યોગ્યતાનો એ છોકરો મારી નજરથી બહાર નથી. વળી લક્ષ્મી અને તે છોકરાની સમાન ઇચ્છા આપણા સમજવામાં આવી તો હવે એ વિષે વિશેષ કંઇ જોવાનું રહેતું નથી; હું ધારૂંછું કે ગુણવંતરાય શેઠ પણ આ બાબતમાં કંઇ વાંધો લેવાનું કારણ નહિ ધારે. માટે આવતી કાલેજ જોશીને ત્યાં સારૂં મહૂરત પૂછાવીને આપણા ગોરને નાળિએર આપવા મોકલવો; અને હું હમણાંજ ગુણવંતરાય શેઠને બોલાવીને આ હકીકતથી જાણીતા કરૂંછું. કેમ પ્રિ-

યા! એ વિષે તારો શો અભિપ્રાય છે?

ગુણપ્રિયા—સ્વામીનાથ! હું તો આપની આજ્ઞાનુસારિણી-જ છું. અર્થાત આપને જે વાત પસંદ આવે તે મારે મનમાનતી થઇ, એમજ હું સમજું છું, પણ આ બાબતમાં તો મેં પત્રિકા વાંચીનેજ મારી મરજી આપને પ્રથમ વિદિત કરી, અને આપે પણ તેજ પ્રમાણે વિચાર કર્યો, તેથી મને પરમ સંતોષ થયોછે. હું તે બાબતમાં આપના વિચાર જાણવાનેજ માત્ર આતુર હતી.

નરોત્તમ—ત્યારે હું તે બાબતની તુરત તજવીજ કરૂં છું, પ-ણ તું જાણે છે કે—લક્ષ્મીના લગ્નનું પણ મહુરત તરતમાં જોવ-રાવવાની જરૂર છે; માટે વિવાહની પણ તૈયારી સાથેજ કરવી જોઇએ.

ગુણપ્રિયા—"બહુ સારૂં ત્યારે મારે કરવાની તૈયારી હું ત-રત કરવા માંડીશ." એમ કહી, પતિની આજ્ઞા લઇ ગુણપ્રિયા ઘરમાં જાય છે. અને શેઠ પોતાના વૃદ્ધ અને પ્રમાણિક મુનીમ રા-મચદ્રને બોલાવીને કહે છેઃ—

નરોત્તમ—રામચંદ્ર કાકા! તમે ગુણવંતરાય શેઠને જઇને કહો કે નરોત્તમદાસ આપને મળવા ઇચ્છે છે, માટે આપ પધારવા તસ્દી લેશો?

રામચંદ્ર—શેઠ! હું તેમને અહીં તેડી લાવું છું.

નરોત્તમ—ત્યારે ગાડી લઇનેજ જજો. કેમકે તમારી અવસ્થા-મોટી છે, અને શેઠનું ઘર પણ જરા દૂર છે.

રામચંદ્ર—"બહુ સારૂં." કહીને ગાડી તૈયાર કરાવી ગુણ-વંતરાય શેઠને ઘેર ગયા, અને તેમને પોતાના શેઠ તરફથી માન પૂર્વક જે કહેવાનું તે કહ્યું, તે તેમણે સ્વીકાર્યું. અને થોડી વારે પા-ન સોપારી ખાઇને બંને જણ ગાડીમાં બેસી નરોત્તમ શેઠને ઘેર આવ્યા.

નરોત્તમ શેઠે, ગુણવંતરાયને ગાડીપરથી ઉતરતા જોયા કે તરતજ તેમને લેવા માટે સામા ગયા; હાથ મેળવી, પોતાની બેઠ-કમાં લાવ્યા, અને યોગ્ય સન્માનથી તેમને બેસાડીને યથાવિધિએ આગતા સ્વાગતા કરીને કહ્યું કે—

નરોત્તમ—આપને તસ્દી આપી છે તે માફ કરશો.

ગુણવંતરાય—આપ સરખા ગૃહસ્થે મને યાદ કરી, પોતાના વૃધ્ધ અને માનકારી મુનીમને મોકલી તેડાવ્યો અને આટલું બધું સન્માન કર્યું, તેથી હું આજનો દિવસ મારા ભાગ્યોદયનો સમજું છું. માટે જે કાંઇ આજ્ઞા કરવી હોય તે સુખેથી સેવકને કરો. તેમાં જરા પણ સંકોચ ન ધારશો. આપની આજ્ઞા માથે ચડાવતાં હું મને કૃતાર્થ થયો સમજીશ.

નરોત્તમ—(પ્રથમ પેલી બન્ને પત્રિકાઓ ગુણવંતરાયના હાથમાં આપીને) આ જરા લક્ષપૂર્વક વાંચી જવાની પ્રથમ તસ્દી લેશો અને પછી આ બાબતમાં આપનો શો વિચાર થાય છે, તે મને ખુલ્લા દિલથી જણાવશો.

ગુણવંતરાય—(પત્રિકા વાંચીને) બહુ સારૂં, એ બાબતમાં આપનો જે વિચાર હશે તેને હું આધીન છું, એમ સમજશો. તેમાં આપે કાંઇ સંદેહ લાવવોજ નહિં; અને મને જે આજ્ઞા કરશો, તે પ્રમાણે હું વર્ત્તીશ.

નરોત્તમ—મારે જે કહેવાનું છે, તે આપ આ પત્રિકાઓ ઉપરથી તો સમજ્યાજ હશો, તથાપિ તે હું આપને ખુલ્લા શબ્દોમાં કહું છું કે—અમારી લક્ષ્મી અને તમારા સદાચરણીનો સંસાર સંબંધ બાંધવા મને યોગ્ય જણાય છે; અને હું ધારૂં છું કે આપ પણ તેમાં સમ્મત થશોજ.

ગુણવંતરાય—આપના મેહેરબાની અને માન ભરેલા કહેણને હું કબૂલ કરૂં છું.

નરોત્તમ—વળી તે કરતાં વિશેષ જણાવવાનું એ છે કે—આવતા વર્ષમાં લગ્ન નથી. માટે આ સાલેજ લગ્ન કરવાનાં છે, કેમકે અમારી લક્ષ્મી હવે પરણવા યોગ્ય ઉમરની થઇ છે.

ગુણવંતરાય—જેવી આપની ઇચ્છા અને આજ્ઞા. આ સાલે લગ્ન કરવા આપની મરજી છે, તો તેમાં કાંઇ હરકત આવશે નહિં, આવતા વૈશાખ માસમાં લગ્ન છે.

નરોત્તમ—હું લગ્નનો દિવસ ઠરાવીને આપને ખબર આપીશ. પણ ચાંદલો કરવાનો દિવસ તો કાલેજ સારો છે.

ગુણવંતરાય— બહુ સારૂં, જેવી આપની ઇચ્છા. મને આજ્ઞા હોય તો હું હવે જાઉં.

નરોત્તમ—ત્યારે આપ પધારશો ?

ગુણવંતરાય—આપની આજ્ઞા હોય તો હું રજા માગુંછું.(એમ કહીને ઉભા થાય છે.

નરોત્તમ—(ઉભા થઇને થોડે સુધી સાથે જઇને) " આપને વધારે વાર રોકયા માટે માફ કરશો. " એમ કહી પોતે ઘરમાં ગયા. અને રામચંદ્ર ગુણવંતરાયની સાથે ગાડીમાં બેસીને મૂકવા ગયા. ત્યાં પહોંચ્યા પછી રામચંદ્ર પાછા વળ્યા, ને ગુણવંતરાય પોતાના ઘરમાં ગયા. તેમના પ્રતિ તેમની પત્નિ બુદ્ધિવંતિ કહે છે :—

બુદ્ધિવંતિ—શું ? નરોત્તમ શેઠે આપને આજ બોલાવ્યા હતા? વખત પણ વધારે લાગ્યો, ઇશ્વર કરે ને મારી કલ્પના ખરી પડે એમ મને લાગે છે.

ગુણવંતરાય—હા, તું ધારે છે, તે ખરૂં છે. શેઠે લક્ષ્મી અને સદાચરણીના લગ્ન કરવા સંબંધીની નકકી કરેલી ગોઠવણ આજે મને કહી, અને ખાસ તેડાવવાનું કારણ પણ એજ હતું. (એમ કહી મૂળથી સર્વ વાત માંડીને કહી).

બુદ્ધિવંતિ—આવતી કાલેજ ચાંદલાનો દિવસ ઠરાવ્યો છે, અને આવતા વૈશાખ માસમાંજ લગ્ન કરશે, એ વાતથી હું ખુશી થઇ છું ! અને લગ્નનો દિવસ ઘણું કરીને વૈશાખ શુદિ ૩ નોજ થશે, કેમકે એ દિવસે ઘણાને ત્યાં લગ્ન છે. માટે આપણે વિવાહની તૈયારી તુર્ત કરવી જોઇએ. "

ઇત્યાદિ, બન્ને ગૃહસ્થોને ત્યાં એજ વાતો થવા લાગી અને લગ્ન સંબંધીનીજ ગોઠવણ થઇ રહી.

તેજ દિવસે સદાચરણી પિતાની આજ્ઞા લઇને સવારમાં પોતાની વાડીએ ગયેલ હતો, ત્યાંથી સાંજે પાછો ઘેર આવતાં રસ્તામાં અનેક તર્ક વિતર્ક કરતો ચાલ્યો આવતો હતોઃ—" મારે સ્ત્રી પરણવી તો લક્ષ્મીજ ! તે વગર કુંવારો રહીશ; પણ બીજી સ્ત્રી પરણીને જીવતર વૃથા નહિં ગુમાવું. તે પણ મને ખરા અંતઃકરણ પૂર્વક ચાહે છે. અર્થાત્ અંમારાં બન્નેનાં મન તો એકત્ર થઇ ગયાં

છે; તેમાં કાંઇ સંદેહ રાખવાનું હવે કારણ નથી. એટલું છતાં પણ અમે બન્ને અમારાં માતપિતાની આજ્ઞા વગર તો એક શબ્દ પણ ખુલ્લો એક બીજાને જણાવી શકવાનાં નથી. માટે હવે તો સઘળો આધાર ઇશ્વર ઉપર છે. તે ન્યાયિક પ્રભુ સર્વાશ્રયી અને સર્વનો બંધુ છે. માટે જો અમારી આશા અને ઈચ્છા—શુદ્ધ અંતઃકરણપૂર્વકની, મન અને પ્રાણના એકત્રપણાની, તેમ દ્રઢ, સત્ય અને યોગ્ય હશે, તો તે પરમકૃપાળુ પરમેશ્વર અમારી પ્રાર્થના સ્વીકારીને પાર પાડશેજ. કેમકે તે સત્યતા અને સદ્‌ગુણનોજ સર્વદા સાથી છે.” આમ વિચાર કરતા આવતા સદાચરણીને દરવાજામાં શુભ શુકન થયાં, તેથી સદાચરણી પોતાની ઉમેદવિષે કંઇક સંતોષકારક સમાચાર મળવાની શુભ આશામાં ઘેર આવ્યો.

સંધ્યાકાળ થયેલો હતો તે વખતે સદાચરણી ઘેર પહોંચ્યો. ખુશીમાં બેઠેલાં માતપિતાને નમન કરી બેઠા પછી, તેમના વચ્ચે થતી નીચે પ્રમાણે વાતચિત તેણે સાંભળીઃ—

બુદ્ધિવંતિ—શેઠ! સવારે નાળિયેર આવશે, તે વધાવી લેતાં મારે બ્રાહ્મણને શી દક્ષિણા આપવી ?

ગુણવંતરાય—તમને યોગ્ય લાગે તે આપજો. એમાં પૂછવું શું હોય ? બ્રાહ્મણને આપવું, એતો આપણો સનાતન ધર્મ છે, તેમાં વળી આતો આપણો આનંદનો દિવસ છે, માટે ગોર મહારાજ જેમ વધારે સંતુષ્ટ થાય તેમ કરવું.

બુદ્ધિવંતિ—(સદાચરણીને વાકેફ કરવા માટે) નરોત્તમ શેઠની લક્ષ્મીને કેટલાં વર્ષ થયાં હશે? મારા ધારવા પ્રમાણે તે સારૂં મણી છે.

ગુણવંતરાય—નરોત્તમ શેઠ કહેતા હતા કે—“લક્ષ્મીને હાલ ચૌદમું વર્ષ ચાલે છે.

બુદ્ધિવંતિ—ત્યારે તો ઠીક છે, આપણા ભાઇને હાલ ૨૦મું વર્ષ છે; એટલે અંતરેજ સગપણ થવાં જોઇએ.

આ પ્રમાણે ગુણવંતરાય શેઠને ઘેર વાતચિત ચાલે છે. હવે આગળ આપણે જાણી ગયા છીએ કે—લક્ષ્મી નજીકના ગામે પોતાને મોસાળ ગયેલ છે. તે આવતી કાલે સવારે આવવાની હતી, તેમ સદાચરણી પણ આખો દિવસ બહાર ગયેલ હતો; અર્થાત તે-

મની બન્નેની ગેરહાજરીમાં તેમનો આ શુભ અને આનંદદાયક સંસાર સંબંધ બંધાયો હતો. અને જોઇએ તેવી જોડી મળી આવવાથી તે બન્નેને ઘેર આજથીજ આનંદ વર્તાઇ રહ્યો હતો. તેની ખબર ઉપર પ્રમાણે સદાચરણીને મળી, પણ હવે આપણે બીજી તરફ વળીને લક્ષ્મી તરફ જરા લક્ષ આપીએ.

સદાચરણીની પત્રિકાનો પ્રત્યુત્તર લખી તરતજ મોસાળ તરફ ગયેલી લક્ષ્મી પોતાના સંસાર સંબંધના ઉંડા ઉંડા વિચારમાં પડેલી બીજે દિવસે પોતાને ઘેર આવતી હતી. રસ્તામાં રમણિય તરૂવરો પર બેઠેલાં પક્ષીઓ મધુર અને આનંદદાયક શબ્દો બોલીને જાણે લક્ષ્મીને તેના વિવાહની વધામણી ન આપતાં હોય! એવાં લાગતાં હતાં; તે સાંભળવાથી લક્ષ્મીને પણ સંતોષ ઉપજતો હતો. અને પોતાની આશા ફળીભૂત થશે, એવી શુભ આશામાં તે ચાલી આવતી હતી.

અંતઃકરણની ખુશીથી પોતાની શુભ આશા પાર પડવાની વકી રાખી અને તે વડે મગ્ન થઇ લક્ષ્મી ચાલતાં ચાલતાં પરમ કૃપાળુ પરમેશ્વરની પ્રાર્થના કરવા લાગી:—અહો ઇશ્વર! મને પતિ આપો તો એજ આપજો, નહિં તો બીજા પતિથી સંબંધ બંધાતાં પહેલાં મને મૃત્યુ આપજો. " એમ કલ્પના અને પ્રાર્થના કરતી ઘેર આવી પહોંચી. ત્યાં ચાંદલાનું મુહૂરત હોવાથી આનંદ ઉત્સવ થઇ રહેલો જોઇને લક્ષ્મી ચકિત થઇ અને રખેને પોતાના સગપણ સંબંધીની ચિંતાનો મન ગમતો અંત આવ્યો હોય, એમ ધારતી, સામે આવતી પોતાની માતાને નમન કરી, મળીને ઘરમાં જઇને પૂછયું કે—

" બા! આજે આપણા ઘરમાં મને મંગળમય કંઇક ફેરફાર જોવામાં આવે છે, તે શું? આપણા કેશવલાલભાઇને લાયક વહુ મળી? "

ગુણપ્રિયા—ના, પુત્રી! તે દિવસ પણ ઇશ્વરની કૃપાથી વહેલો આવશે; પણ આજે તો તારાં લગ્ન સંબંધીની ગોઠવણ નક્કી કરી ચૂકયાં છીએ, અને પરમેશ્વર પાસે માગીએ તેવું ઠેકાણું મળ્યું છે.

આમ વાત થાય છે, એટલામાં તો નાળિએર માટે ગોર મહા-

રાજને બોલાવ્યા હતા, તેઓ આવી પહોંચ્યા એટલે ગુણપ્રિયા તેને નાળિયેર આપે છે.

ગોર—આ ! એકલું નાળિયેર ગોર કેમ ખાઇ શકશે ? સાથે ગોળ હોય તો ઠીક.

ગુણપ્રિયા—અરે ! મહારાજ ! તમને તો આખો દિવસ ખાવાનીજ વાત છે કે બીજું કંઇ સૂઝે છે !

ગોર—ઠીક ત્યારે તમે તો ખાધા વગરજ મ્હોટાં થયાં હશો ! અરે, પણ ભૂલ્યો, તમને તો પૈસાનો મદ હોય એટલે ખાવાની વાત ન સૂઝે, અને ભૂખ પણ ન લાગે; અમારે બ્રાહ્મણને તો ખાવાની વાત પેહેલી, ખૂબ માલ સાલ ખાઇએ અને આશિર્વાદ દઇએ.

ગુણપ્રિયા—બહુ સારૂં ત્યારે, આજે તમે સહકુટુંબ મન ગમતી રસોઈ બનાવીને જમજો.

ગોર—(ઝટ બોલી ઉઠયો) ઠીક કહ્યું ! મનગમતી રસોઇ જમજો ! કયાં અમારે પોતાને ઘેર ના!

ગુણપ્રિયા--નારે, આજે આપણી લક્ષ્મીનું સગપણ કર્યું છે, તે માટે મીઠાં મોઢાં કરવાનાં છે; તેથી તમારે પણ અહીં રસોઇ કરીને જમવાનું છે.

ગોર—હવે મારા જીવને જરા નિરાંત વળી. હવે જે કહેવાનું હોય તે કહો, મારૂં કાળજું ઝાલીને ઠેકાણે રાખુંછું.

ગુણપ્રિયા—લ્યો. નાળિયેર, તે પેલા ગુણવંતરાય શેઠ-સરાફને ઘેર જઇને આપી આવો. ગુણવંતરાયના દીકરા સદાચરણી વેરે આપણી લક્ષ્મીબાઇનું સગપણ કર્યું છે.

ગોર--"વાંહરે ! વાહ ! ભગવતે જોડું તો મન ગમતું મેળવી દીધું. ઈશ્વર એ જોડાને દીર્ઘાયુ આપો. એમ કહીને વિદાય થાયછે.

આ સઘળી વાતચિત લક્ષ્મીની સમક્ષ થતી હતી, તેથી હવે તેને પોતાની આશા પૂર્ણ થવામાં કાંઇ પણ ભ્રાંતિ રહી નહિ. અને તેના મનને સંપૂર્ણ શાંતિ થઇ. આ વખત લક્ષ્મીના મન ઉપર અને ચેહેરા ઉપર સંસાર સંબંધીની યોગ્ય મર્યાદાપૂર્વક લજ્જાનો પડછાયો દેખાયો. અર્થાત તેના મનની ચિંતા દૂર થઈ.

લક્ષ્મી મોશાળેથી આવી હતી, તેના સમાચાર તેની માતા

તેને પૂછે છે, એટલામાં હસતે મ્હોડે-રાજી થતા થતા ગોરમહારાજ પધાર્યા.

ગુણપ્રિય--કેમ મહારાજ ! વહેવાઇએ શીખ આપવામાં કંઇ વધારે રાજી કર્યા હોય, એમ જણાય છે.

ગોર—"બા ! લક્ષ્મી બેનના સાસરિયાંમાંથી રાજી ન થાઊં તો પછી મારાંજ અભાગ્ય તો. તેમણે એક પાકું સીધું, અને પાંચ રૂપિયા રોકડા દક્ષિણાના આપ્યા. વળી નાળિયેર વધાવતાં વારજ મુહૂરતવંતી પાઘડી બંધાવી તેતો જૂદી". એમ કહી માથેથી ઉતારીને બતાવે છે, તે ઘરનાં સર્વે મળીને જુએ છે, અને હસે છે.

——(૦)——

પ્રકરણ ૫ મું.

ગયા પ્રકરણમાં આપણે વાંચી ગયા છીએ કે સદાચરણી અને લક્ષ્મીનું સગપણ થઇ ચૂક્યું છે. અને લગ્ન પણ તુરત થવાનાં હોવાથી તેને લગતી તૈયારીઓ પણ બન્ને કુટુંબોમાં ચાલી રહી છે. ગુણવંતરાય કરતાં નરોત્તમ શેઠ મ્હોટો શાહુકાર હોવાથી તેમ લક્ષ્મી તેની એકજ પુત્રી હોવાથી તેને ત્યાં ધામધૂમની તૈયારીઓ વધારે ખર્ચવાળી અને વધારે ઉમદા હતી. તેમ ગુણવંતરાય પણ એક સારો આબરૂદાર ગૃહસ્થ હોવાથી તેણે પણ યથાશકિત શોભા બતાવામાં ખામી રાખી નહોતી. ગુણવંતરાયની નવી સ્ત્રી બુદ્ધિવંતિ ઘણીજ ડાહી, શાંત પ્રકૃતિવાળી અને સદ્‌ગુણી હતી. પણ તેની પ્રથમની સ્ત્રી દુષ્કૃતી ઘણી નઠારી હોવાથી આ ભલા ગૃહસ્થના ગૃહરાજ્યમાં તે એક કંટકરૂપ હતી. નઠારી સ્ત્રીથી કેટલું દુઃખ વેઠવું પડે છે ? તેનો આબેહૂબ ચિતાર જોવો હોય તો કવીશ્વર શ્રી દલપતરામજીની "ભાઇઓ જેની ભારજા ભૂંડી" એ ગરબી વાંચી જોવી. અર્થાત્ હરેક સારા કામમાં દુષ્કૃતી તેના પતિને બહુ કાયર કરતી, તથાપિ આ વિચારવંત પુરૂષ—ગુણવંતરાય પોતાના દીર્ઘદર્શીપણાથી સારી રીતે આબરૂભેર ઘરસંસાર ચલાવી શકતો હતો. હવે લગ્નનો દિવસ વૈશાક શુદિ *૩નો નજીક આવ્યો. એ દિવસ હિંદુઓમાં એક તેહે-

* પરશુરામનો જન્મ દિવસ-કે જેણે એકવીશ વાર પૃથ્વી નક્ષત્રી કરી હતી, અને છેવટે તેણે દશરથના પુત્ર ભગવાન્ રામચંદ્રજી

વાર તરીકે ગણાય છે. તે ઉત્તમ દિવસ સદાચરણી અને લક્ષ્મીના હસ્તમેળાપ માટે મુકરર થયેલ તેથી તે દિવસે બન્ને ગૃહસ્થોને ઘેર સંપૂર્ણ આનંદ વ્યાપી રહ્યો હતો. કુમકુમ પત્રિકાઓથી નિમંત્રેલાં સ્નેહી સંબંધીઓ આ શુભ મહોત્સવમાં સામેલ થવા માટે આવેલાં હતાં. સારાં વસ્ત્રાલંકારથી સુશોભિત થયેલી સ્ત્રીઓ મંગળ ગીત ગાતી ગાતી ગાડીઓમાં બેસી આનંદથી આવતી હતી. તે સર્વેને યોગ્ય સનમાનથી ઉતારાઓ આપવામાં આવતા હતા, અને તેમની યોગ્ય સરભરા કરવા માટે બન્ને તરફના માણસો દોડાદોડ કરી રહ્યા હતા. ભાતભાતનાં ભોજનની સામગ્રી કરનારાઓ આનંદથી પોત પોતાના કામમાં મંડી રહેલા હતા; તેમજ સ્ત્રીઓ વિવાહકાર્યમાં ભાગ લેતી આવ જા કરતી હતી. નરોત્તમશેઠ નગરશેઠ હોવાથી એ દિવસે તેણે આખા શહેરને જમવાનું આમંત્રણ કરેલું હતું, તેથી આ આનંદમાં વિશેષે કરીને તમામ લોકો ભાગ લેતા જોવામાં આવતા હતા. અર્થાત્ આખા શહેરમાં જાણે ઘેર ઘેર વિવાહ કિંવા દીવાળી હોય એવો આનંદ મચી રહ્યો હતો.

એક તરફ નરોતમ શેઠને ત્યાં લગ્ન મંડપ શણગારવાની અને તેને લગતી સઘળી ક્રિયા કરવાની નાના પ્રકારની ગોઠવણ ચાલી રહી છે. તે સ્થળે સ્નેહી, સંબંધી, ઇત્યાદિ ગૃહસ્થોને માટે ઉત્તમ પ્રકારની બેઠકની રચના સંતોષકારક રીતે પાર ઉતારવાને નરોત્તમ શેઠના નિકટના અનુભવી સંબંધીઓ હોંસ અને ધીરજથી એક સરખી રીતે મચી રહ્યા છે.

પાસેના એક જૂદા પાડેલા નાજુક ભાગમાં લગ્નને લગતી ક્રિયાઓ કરવાને સાવધાન રહેલા બ્રાહ્મણો બિરાજેલા છે. યુવતીઓ

પાસે પોતાનું ફરસી નામનું હથિયાર મૂકયું અને સરણે થયા. વળી એ દિવસને ખેડૂત લોકો નવા વરસની શરૂઆત ગણે છે, અને એ વરસ કેવું થશે ? તે પરોડે પવનની ગતિ ઉપરથી નક્કી કરે છે. એ દિવસે લોક ગોળમાણું—અથવા ગોળકેરી ખાય છે. કુંભાર, સહી, સુતાર, હજામ, લુહાર વગેરે લોકો ગામડાંમાં પોતે જેનું કામ કરતા હોય તેની પાસેથી ખાવાનું માગવા જાયછે. અને નાના છોકરાઓ માટીની ઢાલ અને લાકડાની તલવારથી લડાઇના જેવી રમતો કરેછે. તે પૂર્વના આર્યોનું વીરત્વ સૂચવે છે.

પંચરંગી વસ્ત્રો અને વિવિધ પ્રકારનાં સુવર્ણનાં આભૂષણો પહેરી મનરંજક ગીતો ગાવા મંડી રહી છે. તેણીઓના તિક્ષણ અને મધુર સ્વરપર પવનના મંદ મંદ લહેરકાઓ મુસ્તાક થઇ જાણે કે તે આનંદીય અવાજ આકાશ માર્ગે સ્વર્ગવાસીઓને કાને નાંખવાને લઇ જતા હોય નહિં? અને અનેક પ્રકારના રંગબેરંગી ગાલીચાઓથી શણગારેલા આ મણીરત્ન જડિત મંડપને વિષે નરોત્તમની પુત્રી લક્ષ્મી નાનાવિધિ આભૂષણો પહેરીને સુવર્ણના પાટલા ઉપર જેમ પૂર્ણિમાને દિવસે ચંદ્ર શોભે, તેમ આ સ્થળને વિષે દીપી રહી છે.

વળી લક્ષ્મી પોતાની પ્રભાથી તે મંડપમાં કેવી શોભી રહી હતી કે:—

(સવૈયા)

શાણિ સુજાણિ સહેલી સહિત, સજી શણગાર મનોહર બાળા,
શોભિ રહી અતિ સદ્‌ગુણ રૂપ, સુજાણ ત્રિયા વળી બુદ્ધિ વિશાળા;
જાણે હશે ગિરિજાજ ગિરીશની? પાંડવ પત્નિ કિંવા રૂપમાળા,
મકરન એહ મયંકમુખીતણી કાંતિથી મોહ્યા અનંત નૃપાળા. ૧

બીજી તરફ ગુણવંતરાયને ત્યાં સદાચરણીનો વરઘોડો નીકળવાની તૈયારી ચાલી રહી છે, ત્યાં સ્નેહી સંબંધીઓનો મ્હોટો સમુદાય તે ખુશાલીમાં ભાગ લેવાને આવેલો છે. નૌતમ નારિયો નવીન વસ્ત્રાલંકારથી સજ્જ થઇને જાનમાં જવા માટે એકઠી મળી ગીતોનો આનંદદાયક સ્વર કરી રહી છે. અને ચાર ચાર, પાંચ પાંચનાં મનપસંદ ટોળાં થઇને રથોમાં બેસે છે. નાના પ્રકારના વાજિંત્રોના મધુર સ્વરથી સર્વના દિલમાં હર્ષ વ્યાપી રહ્યો છે. સર્વ તૈયારીઓ સંપૂર્ણ થઇ ત્યારે એક ઉત્તમ રીતે શણગારેલા ઘોડાપર વરરાજા સવાર થયા, અને વરઘોડો ચાલ્યો.

કહ્યું છે કે–"દાન આપવાથી જેવો હાથ શોભે છે, તેવો સોનાનાં કડાં પહેરવાથી શોભતો નથી; માન મળવાથી જેવો સંતોષ થાય છે, તેવો જમવાથી થતો નથી; નહાવાથી જેવું શરીર શુદ્ધ થાય છે, તેવું ચંદનાદિક ચોપડવાથી થતું નથી; અને જ્ઞાનથી મુક્તિ મળે છે, પણ માથું મુંડાવ્યાથી નહિ." તેમ આ વરરાજાએ પોતાનાં પારકાં આભૂષણો અને બીજી કંઇ ટાપટીપ કરી નથી, તથાપિ જે-

મ સૂર્યના પ્રકાશિત કીર્ણો ઉષ્ણતાવડે પૃથ્વીમાંથી જળનું આકર્ષણ કરેછે, તેમ સદાચરણી પોતાના સદ્‌ગુણોની કીર્ત્તિના કિરણોવડે મનુષ્યોના મનનું આકર્ષણ કરતો હતો. આ વખતે તેને સૂર્યનો તાપ ન લાગવા માટે જળયુક્ત વાદળાં છત્રની ગરજ સારતાં હતાં, અને મંદમંદ પવનની લેહેરો આવતી હતી, તે જાણે સ્વર્ગની અપસરાઓના કોમળ હસ્તથી વા ઢોળવામાં આવતો હોય નહિ? આવા કુદરતી દમામથી સદાચરણીનો વરઘોડો શેહેરમાં નીકળ્યો.

એવી રીતે આનંદ અને ધામધુમથી ચાલતો વરઘોડો નરોત્તમ શેઠને બારણે આવી પહોંચ્યો. ત્યાં શેઠાણી ગુણપ્રિયાએ જમાઇને વિધિપૂર્વક પોંખીને મોતીઓથી વધાવ્યો. આ પ્રસંગે કેટલીક અજ્ઞાન અને મૂર્ખ સ્ત્રીઓ જમાઇનું નાક તાણવા વગેરેની મશ્કરી કરે છે! તેમ કરવાની કેટલીક અજ્ઞાન સ્ત્રીઓની ઉશ્કેરણી છતાં પણ શાહાણી ગુણપ્રિયા તરફથી તેમને નિરાશા મળી. અર્થાત્ તે એવી નઠારી, હલકી અને અપમાન ભરેલી રૂઢીઓને ધિક્કારતી હતી. ખરી સુધારક સ્ત્રીઓ હોય છે, તે બીજાને બોધ આપવાને બદલે પ્રસંગ આવે પોતે પોતાના તરફથીજ કરી બતાવે છે. ગુણપ્રિયાના આ સમજુપણાથી કેટલાંક વહેમી સ્ત્રી પુરૂષોને ઘણી નવાઇ ઉપજી, પણ સમજુ સદ્‌ગૃહસ્થોપર સારી અસર થઇ અને તેથી તે ખુશી થયા. તેમ સદાચરણીને પણ પોતાની સાસુની આવી રીતભાત જોઇને સંતોષ થયો.

ત્યારબાદ વરરાજા મંડપમાં આવ્યા અને હથેવાળો મેળવવાનો સમય થયો એટલે બ્રાહ્મણો તેને પાણીગૃહણ સ્થાનમાં તેડી ગયા. લક્ષ્મીના માતપિતા વગેરેની સમક્ષ પાણીગૃહણની સર્વ ક્રિયા બ્રાહ્મણોએ કરાવી. વેદ વચનો પ્રમાણે સ્ત્રી પુરૂષનો સંબંધ અને સંસાર યાત્રા નિર્ગમન કરવાના તેમના ધર્મ વિષેનાં વચનો આ પ્રસંગે બોલાવવામાં આવ્યાં. જેવાંકે—

तथा नित्यं यतेयातां स्त्रीपुंसौ तु कृतक्रियौ ।
यथा नाभिचरेतां तौ वियुक्ता वितरेतरम् ॥

(સ્વામી અને ભાર્યાએ એવો યત્ન કરવો કે તેઓ પરસ્પર વિયુક્ત ન થાય.)

संतुष्टो भार्य्यया भर्त्ता भर्त्रा भार्य्या तथैवच ।
यस्मिन्नेव कुले नित्यं कल्याणं तत्र वै ध्रुवं ॥

(જે કુળમાં સ્વામી ભાર્યાથી અને ભાર્યા સ્વામીથી નિત્ય સંતુષ્ટ રહેછે, તે કુળમાં નિશ્ચંત કલ્યાણ થાય છે.)

स्त्रीभि र्भर्त्तृवचः कार्य्यं एष धर्म्मः परः स्त्रियाः ।
सद्वृत्त चारिणीं पत्नीं त्यक्त्वा पतति धर्म्मतः ॥

સ્ત્રીઓએ સ્વામીઓનું વાક્ય પ્રતિપાલન કરવું, એ તેઓનો પરમધર્મ છે, સદાચાર શીલા પત્નીને પરિત્યાગ કર્યાથી સ્વામી, ધર્મથી પતિત થાય છે.)

अन्योन्यस्या व्यभिचारो भवेदा मरणान्तिकः ।
एष धर्मः समासेन ज्ञेयः स्त्रीपुंसयोःपरः ॥ इत्यादि.

ભાવાર્થ—સ્ત્રી પુરૂષે મરણાન્ત પર્યંત અરસપરસ કોઇના પ્રતિ કોઇએ વ્યભિચાર કરવો નહિ; સંક્ષેપમાં તેઓનો એ પરમ ધર્મ જાણવો.

એ પ્રમાણે લગ્ન ક્રિયા સંપૂર્ણ થઇ. વળી જ્યાં લગ્ન ક્રિયા થાય છે ત્યાં વરના ગોત્ર દેવો બેસાડવામાં આવે છે. ત્યાં આગળ વરકન્યાને કેટલોક વખત ખોટી થવું પડે છે, ત્યાં કન્યાની આસપાસ તેની સાહેલીઓ અને વરની આસપાસ તેના અણુવર (મદદગાર સોબતી) હાજર હોય છે, તથા બીજી પણ કેટલીક સ્ત્રીઓ હોય છે. તે વખતે વર કન્યાના મેળવેલા હાથ ઉપર વસ્ત્ર ઢાંકવામાં આવે છે.x પછી વર રાજાને તેનો અણુવર કેટલીક પૈસા, એલચી વગેરે ન્હાની ચીજો આપે છે, તે વર રાજા પેલા વસ્ત્ર હેઠેથી વહુને બીજા હાથથી આપે છે, તે વહુની સાહેલીઓ છાની રીતે લઇ લે છે. આ હીલચાલ તદન બે અદબીનો દેખાવ આપે છે. એમ દરેક સમજુ મનુષ્યોને લાગશે, પણ આ ચતુર દંપતિએ તેવી દરેક બેશરમ રૂઢીઓને ધિક્કારી કાઢી હતી. અર્થાત્ લગ્ન પ્રસંગમાં સદાચરણી અને લક્ષ્મી બંને જણાએ સરખી

x આ વગેરે ઘણી રૂઢીઓ લગ્ન પ્રસંગમાં જૂદી જૂદી જ્ઞાતિ અને જૂદા જૂદા સ્થળોમાં જૂદી જૂદી હોય છે.

રીતે ડહાપણ બતાવ્યું હતું. જોકે આજ પર્યંત તેમની રૂબરૂમાં વાતચિત શુદ્ધાં પણ થયેલી નહોતી, છતાં પણ એવી તુચ્છ રૂઢીઓને તે બંનેજણ સરખી રીતે ધિક્કારતાં હતાં, તેનું કારણ માત્ર એજ કે અચળ સદ્ગુણ, શુદ્ધ વિચાર અને મનુષ્ય માત્રને યોગ્ય એવી રીતેથી વર્ત્તનારાં મનુષ્યોનાં મન મળેલાં નથી હોતાં, તોપણ તેમના વિચાર એક સરખા સુનીતિ દર્શક હોય છે.

એ રીતે લગ્ન ક્રિયા નિર્વિઘ્ન રીતે સંપૂર્ણ થયા પછી લક્ષ્મીને સાસરે વળાવવાની તજવીજ શરૂ થઇ. લક્ષ્મીના માત પિતાએ પોતાની શક્તિ પ્રમાણે વહેવાઇઓ વગેરેને પહેરામણીઓ આપી તેમ પોતાની કન્યાને પણ પુષ્કળ લૂગડાં, ઘરેણાં વગેરે માલ મતા આપી.

લક્ષ્મી વસ્ત્રાલંકાર પહેરી સાસરે જવા માટે તૈયાર થઇ× ત્યારે માત પિતાની આજ્ઞા લેવા પહેલાં તેણીએ પોતાની સુજ્ઞ સાહેલીઓને કહ્યું કેઃ—

" બ્હેનો ! હું મારી માતાથી એક ઘડી પણ જૂદી થાઉં છું તો મને ગમતું નથી, અને તે તો મને દીઠા વગર તૃષાતુર હરણીની પેઠે અધીરી બની જાય છે. મારા પિતાજી પણ ઘરમાં આવે કે પ્રથમ મારીજ પૂછા કરે છે. તેઓથી હવે હું હમેશને માટે જુદી પડવાની કે ! અરે ! મારાં માયાળુ માબાપની સાથેનો સ્વતંત્ર સહવાસ છોડવાની મને જરૂર પડશે, એમ મારી અજ્ઞાન વયમાં મને સુઝયું હત તો હું તેમની અસાધારણ માયામાં લપટાત નહિં. મારો નાનો ભાઈ કેશવલાલ તો આખો દિવસ મારી પાછળજ લાગ્યો રહે છે. હું જમાડું ત્યારે જમે, તેની શી વલે થશે ! બ્હેનો ! આ વખતે મને આગળનો સહવાસ યાદ આવવાથી મારૂં હૃદય કરૂણામય થઇ જાય છે, ત્યારે તેઓ પાસેથી આજ્ઞા લઇ જૂદાં પડતી વખત મારી છાતી કેમ ધીરજ પકડશે !

ગંગા—લક્ષ્મી બેનં ! તમે જાણો છો કે મનુષ્ય જેમ જેમ

× સાસરે જતી વખતે ઘણી સ્ત્રીઓ રડે છે, તેમાં સ્વભાવિક કરતાં વધારે તો ઢોંગ હોય છે, અલબત જન્મથી પાળક માત પિતાથી જૂદાં પડતાં દિલગીરી થાય, પણ તે માટે અન્યજનો સમજે તેમ રોવું સુધરેલી સ્ત્રીઓને યોગ્ય નથી.

ઉમર અને દરજ્જામાં ચઢે છે, તેમ તેમ તેને સુખ દુઃખનો અનુભવ પણ વધારે મળતો જાય છે. તેથી તેની જ્ઞાનેંદ્રિયો અને મન વધારે દ્રઢતાને પામતાં જાય છે, અને તે વડે તે વિવિધ પ્રકારની મ્હોટી જવાબદારીના કામો તથા જંજાળો પાર ઉતરવાને શક્તિમાન થાય છે. એટલે ભવિષ્યમાં દિન પ્રતિદિન અનેક સંસારિક બાબતોમાં તમારા વખતના અનેક વિભાગો થઇ જશે, અને તેને લીધે આજ જે પ્યાર અને લાગણીવિષે તમને આટલું બધું દુઃખ થાય છે, તે પ્યારનું ચિંતવન કરવાને પણ તમને ક્વચિતજ વખત મળી શકશે. "

ગોદાવરી—વહાલી સખી ! તમારા ધ્યાનથી બહાર નહિં હોય કે બિચારો માળી એક ફળને પરિક્વ કરવા માટે કેટલો શ્રમ વેઠે છે ? પરંતુ તે ઉમદું ફળ કંઇ તેના ઉપયોગ માટે હોતું નથી, તેવીજ રીતે જગતમાં "પુત્રીધન વપરાયું" છે. જેમ કોઇ થાપણ રાખેલી વસ્તુને તેનો માલિક લઇ જાય છે, તેમ પુત્રીઓ તેમનાં માતપિતાપાસે બીજાઓની થાપણ છે, એમ સમજીને બિચારાં માબાપ નિઃશ્વાસ મૂકી શાંત થાય છે. એ રીત અનાદિ કાળથી છે. માટે તમારાં જેવાં સમજુ માણસે તેમાં સોચ કરવો વૃથા છે. "

જમના—બ્હેનો ! હવે જલદી કરો, જુઓ કે લક્ષ્મીના શણગારમાં તો કંઇ ભૂલ ચૂક કે ખામી રહેતી નથી ? કેમકે હવે વળાવવાની વેળા થવા આવી છે. તેમ માતપિતા વગેરેને મળવામાં પણ ઘણો વખત જશે, માટે હવે સોચ કરવો મૂકી દ્યો. એ તો દુનિયાની અનાદિ રીત છે, તેમાં કાંઈ નવાઇ નથી. "

ઇત્યાદિ સખીઓની વાતચિત થયા પછી લક્ષ્મી પોતાના પિતાની આજ્ઞા લેવાને ચાલી, દરમ્યાન ઘરના બગીચામાં રોપેલા છોડવા કે જેને બહુધા લક્ષ્મીએજ પાણી પાઇને ઉછેરેલા હતા, તે પવન બંધ હોવાથી પોતાની સ્થિર સ્થિતિથી જાણે લક્ષ્મીના વિયોગથી પોતાને દુઃખ થશે, તેની દિલગીરી બતાવતા ન હોય ! એવા દીસતા હતા. જાણે ઉપકાર અને પ્યારના દબાણથી નમી ગયેલાં મનુષ્ય પોતાના વાલીની સમક્ષ નમ્રતાથી ઉભાં હોય અને કઇ રીતે ઉપકારનો બદલો વાળવો ! તેની ચિંતા કરતાં હોય, તેમ રો-

પા અને વેલાઓ પોતાની પાલન કર્તા લક્ષ્મીના માર્ગની વચ્ચે આવી, પગે પડીને જાણે રોકતા હોય, એમ દેખાતા હતા. તે જાણે મૃગનાં બચ્ચાં પોતાની માતાથી "રખેને છૂટાં પડી જઇશું તો !" એવી સ્વભાવિક પ્રેરણાથી તેણીને વળગતાં વળગતાં ચાલ્યાં જતાં હોયની? તેમ લક્ષ્મીને પગલે પગલે લતાઓ આડી આવતી હતી, પોતાના વિયોગથી શોક અને વિનય યુક્ત પોતાના સુંદર કુંજ સ્થળને જોઇને લક્ષ્મી વંદના કરે છે:—

(ગીતિ.)

મુજ વિયોગે વાલી! લતાઓ! લોભી જરા થતી નહિ હો!
પ્રેમી પિતુકુળ પાસે, પનિયારી પતિવ્રતા રહે કયમ કો ?

એવી રીતે લતાઓની પણ જાણે આજ્ઞા લેતી હોય, તેમ ચાલતી લક્ષ્મી પોતાના સહચરી મંડળ સહિત પિતા પાસે જતાં પોતાનાં નેત્ર કમળમાંથી ટપકતાં અશ્રુ જોઇને પિતાને વધારે ખેદ ન થાય માટે પોતાની સાડીના છેડા વડે તે લૂછી નાંખ્યાં અને દૃઢ મન રાખીને પિતા પાસે આવી ઉભી, પણ હૃદય ભરાઇ આવવાથી તે કંઇપણ બોલી શકી નહિ.

નરોત્તમ શેઠ સંસારના પાકા અનુભવી, દ્રઢ મતિવાળા અને શાહાણા છતાં પણ પોતાના એક રમણિય પુત્રી રત્નને પરસ્વાધીનમાં જતું જોઇને તે એક ઉંડો નિશ્વાસ મૂકી ગદ ગદ કંઠ થઇ ગયા. પોતાની સદ્ગુણી અને શાણી પુત્રીનાં ગુણ, લાયકી અને બાળ ચરિત્રથી થતી શાંતિનું સ્મરણ થતાં પોતાના દુઃખ યુક્ત અંતઃકરણથી બોલ્યા કે:—

(ગીતિ)

કયમ ટળશે દુઃખ પ્રાપ્તી? પુત્રી વચનથી થતી જે ચિતશાંતિ ?
કમળપત્ર કર કંઠે, ધરતાં વળતી વિશેષ વિશ્રાંતિ.

પોતાના પિતાનાં આવાં વચન સાંભળી–વધારે વાર ઉભા રહેવાથી તેમને પોતાપરના પ્યારને લીધે વધારે દુઃખ થશે, એવા વિચારથી લક્ષ્મીએ પોતાના સ્નેહથી ગળગળતા અંતઃકરણ પૂર્વક તેમના પ્રત્યે કહ્યું કે:—"કૃપાળુ પિતાજી! હું આપની અસંતાભારી પુત્રી! આપની આજ્ઞા અને આશિર્વચન ઇચ્છું છું."

પોતાની પુત્રીનાં આવાં ધૈર્ય અને ડહાપણયુક્ત મધુર વચનો સાંભળીને નરોત્તમ શેઠને વધારે શાંતિ થઇ. તેથી તેઓ દ્રઢ મન કરીને બોલ્યા કે—"પુત્રી! તું કલ્યાણી, પવિત્ર ધર્મની જ્ઞાતા અને વિશુધ્ધ મતિથી ધર્માચરણ કરવાવાળી છો, તેથી હું તને બે બોધ વચન આપું છું, તેનું સદા સ્મરણ કરજેઃ—

(ગીતિ)

પ્રિય ભાષિણી કે'વાજે, સૌભાગ્યવંતી, સધર્મિણી સારી;
ગુરૂ, પતિ, સવિતા, સેવા,-કરતાં થાજે સદા સતી નારી.,,

લક્ષ્મી—તાત! હું આપનાં અમુલ્ય વચનોનું પ્રતિદિન સેવન કરવા માટે તે ગ્રહણ કરૂં છું. એમ કહી સાહેલીઓ સહિત પોતાની માતા પાસે ગઇ અને ત્યાં પણ લક્ષ્મી કંઇ બોલી શકી નહિ. પણ શેઠાણી ગુણપ્રિયા બહુ શાહાણી હતી, તેથી તેણે લક્ષ્મીને સ્ત્રી જાતિના ધર્મવિષે નીચે પ્રમાણે બોધ આપ્યો:—

સ્ત્રીઓના ધર્મવિષે-દોહરા.

પ્રથમ કહું પત્નિ તણો, પરમ ધર્મ નિરધાર;
પતીતણી પૂજા પછી, અન્ય કરો ઉપચાર. ૧
અતિ અપરાધ પતીતણો, કદિ દ્રષ્ટે દેખાય;
પણ ઉત્તર આપે નહિ, એ ઉત્તમ કે'વાય. ૨
અનન્ય ભાવે ભાખવું, સ્વામીને સે'વાય;
સદા મધુર મુખ બોલવું, એ ઉત્તમ કે'વાય. ૩
દોષ, રોષ, પ્રતિકૂળતા, પતીતણી પેખાય;
એકાંતે કે'વું ઉચિત, એ ઉત્તમ કે'વાય. ૪
દુઃખ હરતા ભરતાતણા, સર્વ કાર્ય સચવાય;
કંટાળે નહિ સાલમાં, એ ઉત્તમ કે'વાય. ૫
નીતિના આભૂષણો, સત્ય-વસ્ત્ર પે'રાય;
આચરણે અભિવંદવું, એ ઉત્તમ કે'વાય. ૬
ઘર સંપ ભોજન ક્રિયા, વિવિધ વિધીથી કરાય;
આળસને અળગો તજે, એ ઉત્તમ કે'વાય. ૭
નિજ કુટુંબના કાર્યમાં, પતિમતિ અનુસરાય;
ચિત ચિંતા ઘરની ધરે, એઉત્તમ કે'વાય. ૮

અનુચર, ગુરૂજન, સ્વજનપ્રતિ, યોગ્ય રીત વર્ત્તાય;
કુશળ રહે વ્યવહારમાં, એ ઉત્તમ કહેવાય. ૯
વાવે વિવિધ પ્રકારથી, જુઈ, ચંબેલી જાય;
મધ્ય સ્થળે જળસ્થળ વળી, એ ઉત્તમ કહેવાય. ૧૦
ભીખારણુ, જોગણુ અને, ઠગનારી વનિતાય;
દુરાચારિણી ત્યાગવી, એ ઉત્તમ કહેવાય ૧૧
વિવાહ, ઉત્સવ, યજ્ઞ વળી, દેવાલયમાં જાય;
તો પતિની આજ્ઞા લઈ, એ ઉતમ કહેવાય. ૧૨
વા'ણે વે'લાં ઉઠતાં, વખત ન વ્યર્થ તજાય;
વર્ત્તનક્રમ વનિતા કરે, એ ઊત્તમ કહેવાય. ૧૩
ભોજનશાળા શુભ જ્યાં, અન્ય પ્રવેશ ન થાય;
કરે મનોહર પાક તો, એ ઉત્તમ કહેવાય. ૧૪
રંચ કદી પતિથી રહી, પ્રતિકુળતા પેખાય;
તરછોડી વદવું નહિં, એ ઉત્તમ કહેવાય. ૧૫
વશિકર્ણાદિક ઢોંગ તો, કરવા નહિ કદાય;
નીચ વેણુ નવ ભાખવું, એ ઉત્તમ કહેવાય. ૧૬
ઉચિત નહિ એકાંતમાં, ઘણીવાર રે'વાય;
ઉંબરમાં ઉભે નહિં, એ ઉત્તમ કહેવાય. ૧૭
વૃત્ત કૃત્ય, અપવાસ જે, સ્વામી ચિત્તમાં ચા'ય;
તે કરવા અતિ ઉલટથી, એ ઉત્તમ કહેવાય. ૧૮
મૃતિકાપાત્રાદિક સરવ, ગૃહ સામગ્રી સદાય;
સસ્તા સમયે ખરીદવાં, એ ઉત્તમ કહેવાય. ૧૯
લુણ, તેલ, આદિક વળી, પદાર્થનો સમુદાય;
ઓષધિ દુર્લભ સંચવી, એ ઉત્તમ કહેવાય. ૨૦
શાક, પત્ર, ફળ, ફૂલનાં, ઉત્તમ બીજ વવાય;
તે સંચય કરી રાખવાં, એ ઉત્તમ કહેવાય. ૨૧
ચતુરાઇ, ચોખ્ખાઇમાં, વિશેષ માન મનાય;
શ્રેષ્ઠ થવું સખિયો થકી, એ ઉત્તમ કહેવાય. ૨૨
ગુપ્ત વાત, વૈભવ વળી, સુખ દુખ ના વરતાય;
ઉપજ, ખર્ચ મંડાય તો, એ ઉત્તમ કહેવાય. ૨૩
દૂધ, દહીંનાં ગોરસો, સ્વચ્છ સદાય રખાય;

ઘૃત બનાવી રાખવું, એ ઉત્તમ કહેવાય. ૨૪
ઉપયોગી જાણી જણુસ, (જે) ગૃહ-કાર્યે વપરાય;
તેનો સંચય રાખવો, એ ઉત્તમ કહેવાય. ૨૫
ગાય, ભેંસ-પશુઓતણી, બહુ સંભાળ સદાય;
પ્રીત થકી પાલન કરે, એ ઉત્તમ કહેવાય. ૨૬
ચોખાદિક સૌ ધાન્ય તો, નિત્ય સાફ અતિ થાય;
ફોકટ ફોતરૂં જાય નહિ, એ ઉત્તમ કહેવાય. ૨૭
ઉતરેલા અંગેથકી, જીર્ણું વસ્ત્ર જે થાય;
અનુગ્રહ અરથે આપવાં, એ ઉત્તમ કહેવાય. ૨૮
સાસુ સસરાની સદા, સેવા ઉચિત કરાય;
ઉત્તરોક્તિ કરવી નહિં, એ ઉત્તમ કહેવાય. ૨૯
સૂક્ષ્મ, સત્ય, શીતળ અને, કોમળ વચન વદાય;
કદી ખડખડ હસવું નહિ, એ ઉત્તમ કહેવાય. ૩૦
પતિ પ્રવાસે હોય તો, સૌભાગ્યવતિ સમજાય;
અલંકાર, એટલા ધરે, એ ઉત્તમ કહેવાય. ૩૧
સાસુ ઇત્યાદિક બીજાં, ગુરૂ જન જેહ ગણાય;
તે પાસે સૂવું સદા, એ ઉત્તમ કહેવાય. ૩૨
પતિને જે પ્રિય વસ્તુઓ, સદા સ્વચ્છ તે થાય;
ગણી પ્રિય તે સંભાળવી, એ ઉત્તમ કહેવાય. ૩૩
યોગ્ય ખર્ચે સંભાળથી, નિત્યે કાજ કરાય;
જરૂર વિના નહિ ખર્ચવું, એ ઉત્તમ કહેવાય. ૩૪
કષ્ટ કાળ કે ઉત્સવે, જ્ઞાતિ ઘેર જવાય;
કારણુ વિના જવું નહિ, એ ઉત્તમ કહેવાય. ૩૫
પતિ પ્રવાસી વેષના, વસ્ત્રો નહિ બદલાય;—
પર ઘર જાતાં પણુ કદી, એ ઉત્તમ કહેવાય. ૩૬
સંબંધી સાથે કદી, જો પર ઘેર જવાય;
વેળા વધુ નવ ગાળવી, એ ઉત્તમ કહેવાય. ૩૭
ગુરૂજનની સંમતિ વિના, કદી ન વૃત્ત રખાય;
આજ્ઞામાં રે'વું સદા, એ ઉત્તમ કહેવાય. ૩૮
પ્રવાસથી પતિ આવતાં, દર્શન પ્રથમ કરાય;
પછી વસ્ત્રો બદલાય તો, એ ઉત્તમ કહેવાય. ૩૯

આરંભેલાં કાર્યને, પ્રીતે પાર પમાય;
લક્ષણ કુળવંતિ તણાં, એ ઉત્તમ કહેવાય. ૪૦
સ્વર્ગ અને અપવર્ગમાં, કરશે સદા સહાય;
મકનજી ગુણ નારિના, એ ઉત્તમ કહેવાય. ૪૧

એ પ્રમાણે લક્ષ્મીની માતાએ તેને અતિ ઉત્તમ બોધ આપ્યો; તે સાંભળી લક્ષ્મી તથા તેની સદ્ગુણી સાહેલીઓ ઘણી ખુશી થઇ.

હમેશાં પિતા કરતાં માતાનો પુત્રી સાથે વધારે પ્યાર અને સહવાસ હોય છે, તેથીજ માતાના વિશેષ ગુણો પુત્રીમાં આવેછે, અને પિતા કરતાં માતાને પુત્રીનો વિયોગ વધારે દુઃખદાયક લાગે છે, એ સ્વભાવિક છે. તે પ્રમાણે ગુણપ્રિયા આજ પુત્રીના થનાર વિયોગથી અતિ દુઃખિત દેખાતી હતી. તે પુત્રી અને માતા બંને એક બીજા તરફ જોતાં હતાં, પણ પોતાના અંતઃકરણમાં રહેલો વિયોગશોક છુપાવતાં તેમને ઘણી મહેનત પડતી હતી. ઘણી મહેનત છતાં આંખ વાટે વહેતા દુઃખના પ્રવાહ રૂપ આંસુઓને તે બંને ખાળી શકી નહિ. તે સમયમાં પણ સંપૂર્ણ દ્રઢતા રાખીને ગુણપ્રિયાએ પોતાની પુત્રીને બે બોધવચન કહેવાની ફરજ ઉપર પ્રમાણે સારી રીતે અદા કરી હતી. તે પછી સર્વને મળી હળીને લક્ષ્મી વિદાય થઇ.

પુત્રીને નીતિ, ધર્માદિકનો બોધ આપવામાં પિતા કરતાં માતાની બુદ્ધિ વધારે ઉપયોગી છે. કેમકે કન્યાને યોગ્ય પતિ સાથે પરણાવ્યા પછી તેણે પતિ અને ત્યાંના સાસુ સસરાદિક પ્રત્યે શી રીતે વર્ત્તવું ? તેની સમજણ આપવા માટે માતા કિંવા તેની જગોએ ગણાતી વડીલ બેન વગેરેજ ઉપયોગી થાય છે. માટેજ સ્ત્રીવર્ગ જો કેળવણી પામેલ હોય તોજ સંસારમાર્ગ નિર્વિઘ્ને કાપી શકાય. સુખ, શાંતિ, ઉન્નતિ અને કીર્તિનો પાયો માત્ર સ્ત્રી કેળવણીજ છે. નેપોલીઅન બોનાપાર્ટ નામે ફ્રાન્સનો પાદશાહ અને યૂરોપનો અર્વાચીન કાળનો એક સર્વોત્તમ યુદ્ધવીર એમ કહેતો કે:— " જો તમે દેશને આબાદ કરવા ચહાતા હો તો, માતા (સ્ત્રી વર્ગ) ને જ્ઞાન આપો,—અર્થાત સ્ત્રી કેળવણી વધારો. " સ્ત્રીકેળવણી એ ઉગતી પ્રજાને અમૃતમય ફળો આપવાનું વૃક્ષ છે. ઝાડ,

રોપનાર પોતાને અને તે પછીની પ્રજાને ફળ આપે છે, તેમ સ્ત્રીકેળવણી પણ ચાલુ અને આવતા એ બંને જમાનાને ફળદાયક છે તે વડે જનમંડળનું કલ્યાણ થાય છે; અને મનુષ્ય માત્રના કલ્યાણમાં ભાગ રાખવો એ પ્રભુને પ્રિય થવાનું અને સ્વર્ગાદિક સુખ મેળવવાનું મુખ્યમાં મુખ્ય સાધન છે. માટે દરેક માણસે પોતાની પુત્રીઓને ઉત્તમ કેળવણી આપવી જોઇએ; કે જેથી તેઓ પોતાનું અને પોતાના દેશનું કલ્યાણ કરી સત્કીર્ત્તિને પામશે.

પ્રકરણ ૬ ઠું.

સદાચરણી અને લક્ષ્મી પરણીને આ સંસારની વિકટ યાત્રાનો માર્ગ કાપવાના એક બીજાના સાહ્યક–સાથી થયા. પરંતુ હવે તેઓ પોતાની સંસારયાત્રામાં કેવી રીતે પંથ કાપે છે, તે આપણે જોઇએ છીએ.

લક્ષ્મી જેમ પોતાનાં માતપિતાને ઘેર આનંદમાં રહી દિવસ ગુજારતી, તેમ અહીં–સાસરામાં પણ પોતાના વિદ્યાવિનોદ વડે આનંદમાં રહી, સર્વને આનંદ ઉપજાવે છે. તેવીજ રીતે સદાચરણી પણ પોતાના પીતાના વ્યાપાર કાર્યમાં ઘણો હુશિયાર થયો છે, અને તેણે પોતાના પિતાપરનો ઘણો બોજો પોતાપર સ્વયં ઉપાડી લીધો છે. તેથી તેના ભાગ્યશાળી પિતા ગુણવંતરાય ઓછી ચિંતા અને તસ્દી ભોગવે છે. જે કાર્યોમાં પિતાની સલાહ લેવા જરૂર હોય કિંવા સહેજ પણ તેમને પૂછવાનું હોય તે પૂછીને સદાચરણી સઘળો કારભાર જાતેજ ચલાવેછે.

જેમ ચંદ્રના સમાગમને પામીને તેની સ્ત્રી રોહિણી હર્ષ પામે, તેમ મન ગમતો પતિ મળવાથી લક્ષ્મી હર્ષ પામતી હતી; તથા જેમ કમળ સૂર્યના પ્રકાશથી પ્રફૂલ્લિત થાય છે, તેમ લક્ષ્મી પતિના દર્શનથી વૃધ્ધી પામતી હતી. અનુપમ રૂપ અને ગુણથી તેમજ ઉત્તમ આચરણથી ઘરમાં, સગાં સ્નેહીઓમાં અને નાત જાતમાં લક્ષ્મીની કીર્ત્તિ એટલી બધી પ્રસરી કે પોતાની પુત્રીઓ અને પુત્રવધૂઓને સંસારોપયોગી શીખામણ આપતાં સ્ત્રીઓ લક્ષ્મીનું દ્ર-

દ્દષ્ટાંત આપવા લાગી. ગુણવંતરાય અને બુદ્ધિવંતિ પોતાના પુત્ર અને વધુના આવા ઉત્તમ વર્તન, ગુરૂજનો પ્રતિ પુજ્યભાવ અને સેવાથી સંતોષ પામી ઇશ્વર ભકિતમાં કાળ નિર્ગમન કરવા લાગ્યાં.

સંસારમાં સર્વ પ્રકારનું સુખ મનુષ્યને હોતું નથી. મનુષ્યનો જાતિ સ્વભાવ ટાળવો બહુ મુશ્કેલ કિંવા અશકય છે. દુર્જનની અનેક પ્રકારે સેવા અને આશનાવાસના કરતાં છતાં પણ તેના મુખમાં મધુરતા આવતી નથી. જેનું -હૃદયજ નિષ્ટુર છે, તેનામાં કોમળતા કે દયાભાવ કયાંથી ઉત્પન્ન થાય ? સંસ્કૃતમાં કહ્યું છે કેઃ—

नदुर्जनः साधुदशामुपैति, बहु प्रकारै रपि शिक्षमाणः ।

आमुल सिक्तः पयसा घृतेन, नानिम्ब वृक्षो मधुरत्वम्याति ॥१॥

ભાવાર્થ—એ નિશ્ચય છે કે દુર્જનને અનેક પ્રકારે શીખવવામાં આવે, તથાપિ તેનામાં મધુરતા આવતી નથી. જેમકે લીંબડાના વૃક્ષને જડથી પાલા પર્યંત દુધ અને ઘીથી સીંચો તથાપિ તેમાં મધુરતા આવતી નથી. વળી—

नधर्मशास्त्रं पठतीतिकारणं, नचापि वेदाध्ययनं दुरात्मनः ।

स्वभाव एवात्र तथापि रिच्यते, यथा प्रकृत्या मधुरं गवांपयः ॥१॥

ભાવાર્થ—દુરાત્માને ધર્મશાસ્ત્ર શીખવવું કિંવા વેદનું અધ્યયન કરવવું એ અકારણ છે, અર્થાત તેમાં કંઇ ફળ નથી. કેટલાક વિષયમાં સ્વભાવજ બળવાન છે; જેમકે ગાયનું દુધ સ્વભાવથીજ મીઠું છે. મતલબ કે દુર્જનનો સ્વભાવ હમેશ કુમાર્ગ તરફ વલણ રાખનારો છે; તે કોઇ પણ રીતે સન્માર્ગમાં પ્રેરિત થશે નહિ.

વાંચનારના ધ્યાનથી બહાર નહિ હોય કે ગુણવંતરાયની આગલી સ્ત્રી દુષ્કૃતી ઘણાજ નઠારા સ્વભાવની છે, અને તેનું નીચપણું તેના બે સંતાનો—દુરાચરણી અને સાધુબાઇ—માં પણ ઉતરેલ છે. દુરાચરણીને તેની માતાએ બાળપણમાંજ પરણાવેલ હતો. આ સઘળાં એક સરખી વૃત્તિનાં અને તુચ્છ મતિનાં હોવાથી, લક્ષ્મી અને સદાચરણીની સુકીર્ત્તિ સહન કરી શકતાં નહોતાં.

દુષ્કૃતી ઘરમાં મોટી અને તેની દીકરી સાધુડી વિધવા હતી. તેથી તેઓ આ ગૃહરાજ્યમાં પોતાની સત્તા સર્વોપરી સમજતાં હતાં. બુદ્ધિવતિ તેમની સાથે ઘણી નમ્રતા અને માનથી વર્તતી હતી. કો-

ઇ પણ પ્રકારે તેમને ઓછું લાગે અથવા અભાવ આવે એવું તે કરતી નહિ. તે પ્રમાણે લક્ષ્મી પણ ઘણી સંભાળથી તેમની સાથે વર્તતી હતી, છતાં દુર્ભૂતી અને સાંખુડીનો ઉપર બતાવ્યા પ્રમાણે જાતિ સ્વભાવજ નીચ હતો, તેથી લક્ષ્મી પણ પોતાની સાસુ બુદ્ધિવતિની પેઠે દુર્ભૂતી અને સાંખુડીની દુષ્ટ ચાલને સહન કરતી. ગમે તેવો કંકાસ તેઓ કરતાં તોપણ લક્ષ્મી અને તેની સાસુ પોતપોતાના પતિ પાસે કોઇવાર કાંઇ કહેતાં નહિ. કેમકે તેમ કરવાથી પોતાનું દુઃખ ઓછું ન થતાં તેમને પણ દુઃખ ઉપજે, તેથી તેઓ પરસ્પરજ એ સંબંધમાં વાતચિત કરીને શાંત રહેતાં હતાં.

કેટલોક સમય વીત્યા પછી કર્મ સંયોગે બુદ્ધિવતિની આંખોમાં કાંઇ દર્દ થયું. તેના ઘણા ઉપાય કર્યા છતાં પણ કોઇ ઉપાય કામ લાગ્યો નહિ, તેથી અંતે તે ભલી બાઇની દ્રષ્ટીનો નાશ થયો. નવું અંધત્વ પ્રાપ્ત થતાં આખી દુનિયા અંધકારમય લાગે છે, અને અત્યંત મુંઝવણનું ભારે દુઃખ થાય છે. તે પ્રમાણે બુદ્ધિવંતિને થયું, છતાં તેની ભલી પુત્ર-વધૂ લક્ષ્મીની આજ્ઞાનાવાસના અને ભલમનસાઇ તથા સેવાથી તે શાંતિ મેળવતી હતી. દુનિયાના અનેક દાખલા જોવાથી અનુમાન થયિ છે કે, બહુધા સત્યવાન અને નીતિધર્મના માર્ગમાં ચાલનાર ભલાં માણુસોને વધારે સંકટ આવી નડે છે! તેનું કારણ શોધ કરતાં એવું સમજાય છે કે, સ્વર્ગ અપવર્ગાદિક સુખો ભોગવવાને તે મનુષ્યો લાયક છે કે નહિ? તેની પરમ ન્યાયિક ઇશ્વર પરીક્ષા યાને કસોટી કરે છે.

જેમ કોઈ મોટા સરદાર લોકો કોઇ માણસને પોતાનો ભરોસાદાર માણસ કરી રાખવા માટે પ્રથમ તેને ભારે અઘરાં અને જોખમદારીનાં કામો સોંપીને અનેક રીતિએ તેની પરીક્ષાઓ કરે છે, તેમાં જો તે પોતાની મર્દાઇ, વીરત્વ, ધીરજ, સત્યતા અને ખંતથી પાર ઉતરે છે, તો ભવિષ્યમાં તેને, તેના યોગે આરામ, માન અને સંપૂર્ણ લાભ પ્રાપ્ત થાય છે. તેજ પ્રમાણે ઇશ્વર પણ પોતાના ખરા ભક્તોની સત્યશ્રદ્ધા જોવા માટે પ્રથમ તેને ભારે મુશ્કેલીની કસોટી પર ચડાવે છે, અને તેના પર અપાર વિપત્તિનો વરસાદ વરસાવે છે. તેમાં જેઓ પોતાની ટેક અને ધીરજ મૂકતાં નથી, તેઓનો તે ઉદ્ધાર કરે છે. એટલુંજ નહિ પણ તેઓની દુનિયામાં અચળ

કીર્તિ થાય છે. એ વાત હરિશ્ચંદ્ર, યુધિષ્ઠિરાદિ પાંડવો, નરસિંહ મે'તો દ્રૌપદી, સીતા, ઇત્યાદિનાં ચરિત્રો જોવાથી સ્પષ્ટ સમજાશે. દુઃખ વેઠયા વિના મનુષ્યની કીર્તિ પ્રસરતી નથી. અવગુણ નિહાળ્યા વિના સદ્ગુણની, દુઃખ જોયા વગર સુખની, તેમજ બુરાઇ જોયા વગર ભલાઇની કદર થતી નથી. પ્રાણી માત્રની જિંદગી સાથે સુખ દુઃખ જોડાયલાં છે. દુઃખ આવી પડે ત્યારે કકળ્યા વગર સહન કરવું અને સુખ મળે ત્યારે ગર્વિષ્ટ થયા વિના ભોગવવું, એ મનુષ્ય માત્રનો ધર્મ છે. કહ્યું છે કેઃ—

"यः सर्वत्रा नभिस्नेह स्तत प्राप्य शुभाशुभम् ।

नाभि नंदाति न द्वेष्टि तस्य प्रज्ञा प्रतिष्ठिता.[1] " ॥१॥

અર્થ—" જે સર્વના સ્નેહ રહિત છે, શુભ અશુભ પ્રાપ્ત થવાથી જેને હર્ષ કિંવા શોક થતો નથી, તેની પ્રજ્ઞા પ્રતિષ્ઠિત છે.

એ વાત તો નિશ્ચય છે કે, મનુષ્યો સંસારમાં સર્વદા એક સરખા વૈભવમાં રહી શકતાં નથી. ઘટમાળની પેઠે કાળનું ચક્ર મનુષ્યના સુખ દુઃખના દહાડાને ફેરવતું જાય છે. ગુણવંતરાય શેઠની કીર્ત્તિ પ્રસરવામાં કાંઇ ખામી રહી નથી, સંપત્તિ પણ સાધારણ રીતે સારી છે, તેની વ્યાપારી તરીકેની પેઢીની સાખ પણ સારી જામેલી છે, તેમ પ્રથમ તેણે દુઃખના દિવસ પણ જોયા હતા. અર્થાત્ ગુણવંતરાય પોતાને તો દુઃખ તેમજ સુખનો સારો અનુભવ મળેલો હતો, પણ હવે તેના વંશજોને વિશ્વના વિકટ માર્ગથી વાકેફ કરવા માટે પરમકૃપાળુ ઇશ્વરની ઇચ્છા થઈ.

સંસારના સુખ દુઃખનો અનુભવ મેળવવાની મનુષ્ય માત્રને જરૂર છે. મોટાઇ મળ્યા છતાં પ્રથમ પોતાને દુઃખ પડેલું હોય તો બીજાને કેવું દુઃખ થાય છે, તે સહેલથી સમઝી શકાય છે.

ગુણવંતરાય પ્રથમથીજ કનીષ્ટ સ્થિતિમાં ઉછરી, દુઃખના દહાડા ભોગવીને સારી સ્થિતિમાં આવ્યા હતા, તે કારણથી તેમને હવે વિશેષ દુઃખ પડવું જાઇએ નહિ; પણ કહ્યું છે કેઃ—

" यद भावो न तद्भावो, भावेयेन तदन्यथा ।

---

૧ શ્રીમદ્ ભગવદ્ગીતા.

नग्नत्वं नीलकंठस्य, महाहि शयनं हरेः[१] " ॥१॥

ભાવાર્થ—ભાવિક એટલે થવા કાળ હોય તે થયા વગર રહેજ નહિ, કેમકે-નીલકંઠ-મહાદેવને નગ્નપણું છે, અને ભગવાન્ હરિ-વિષ્ણું સર્પપર શયન કરે છે.

તાત્પર્ય કે- ગુણવંતરાયને જે વિશેષ દુઃખ ભોગવવાનું બાકી-રહેલ, તે ભોગવ્યા વિના છૂટકો નહોતો. હવે તેના બુલંદ દહાડા ઝાંખા થવા લાગ્યા. દુનિયાનો નિયમ છે કે " ખપતી ચીજની ખામી રહે" આંખના દુઃખથી દુઃખી થયેલી ગુણવંતરાયની ભલી સ્ત્રી બુદ્ધિવંતિને વધારે બિમારી થઇ. ઘણો પૈસો ખરચી અનેક ઉપાય કર્યા છતાં પણ તેને આરામ ન થયો. તેથી આખરે અષાઢ માસના કૃષ્ણપક્ષની અગિયારસને દિવસે+ સવારમાં આ સૌભાગ્યવતિ સ્ત્રી બુદ્ધિવંતીએ પોતાનો દેહ ત્યાગ કરીને પોતાના અમર અને પવિત્ર આત્માનો ઉદ્ધાર કર્યો.

સદાચરણીએ પોતાની ઉમરમાં આવો દહાડો કોઇ વાર જોયેલોજ ન હોવાથી તેની માતુશ્રીનું આ મરણ તેને બ્રહ્માંડ તુટી પડ્યા સમાન જણાયું. પરંતુ તેના વિદ્વાન પિતાએ તેને સંપૂર્ણ ધીરજ આપી તેનુ ચિત્ત કંઇ શાંત કરીને મૃત્યુને લગતી સર્વ ધર્મ ક્રિયાઓ તેને કરાવી. સદાચરણી પોતે ઘણો સમજુ હોવાથી પોતાના ફાટી જતા અંતઃકરણને વશ રાખી પિતાની આજ્ઞાનુસાર તેણે સર્વ ધર્મ ક્રિયાઓ કરી.

અહો! સંસારમાં માતપિતા—તેમાં પણ માતા સમાન બીજું કોણ આપણું કલ્યાણ કારી છે.? કહ્યું છે કેઃ-

" मातरं पितरं चैव, साक्षात् प्रत्यक्ष देवतां ।

मत्वा गृही निषेवेत, सदा सर्व प्रयत्नतः " ॥

ગૃહસ્થ મનુષ્યે પિતામાતાને સાક્ષાત પ્રત્યક્ષ દેવતા—સ્વરૂપ જાણીને સર્વ પ્રયત્ને સર્વદા તેમની સેવા કરવી.

વળી—

---

૧ મિત્ર લાભ.

+ એકાદશી આદિક પર્વણીઓને દિવસે ગુજરનારને હિંદુ લોકો ભાગ્યશાળી માને છે.

" गुरूणाश्चैव सर्वेषां माता परम को गुरुः ।

माता गुरु तरा भूमेः खातूपित्रोच्चतरस्तथा ॥

સર્વ ગુરૂમાં માતા પરમ ગુરૂછે, માતા પૃથ્વી કરતાં પણ મોટી છે અને પિતા આકાશ કરતાં પણ ઉંચો છે.

ઇત્યાદી બોધ વચનોની મહત્તા સદાચરણી સારી રીતે સમજતો હોવાથી માતાના મૃત્યુ સમયે તેણે માતાની આ પ્રમાણે સ્તુતિ કરી:—

" હે! મારી પરમકૃપાળુ જનુની! તારી અપાર માયા અને મહેનત તથા કરોડો પ્રકારની રક્ષણ કરવાની રીતિઓથી હું ઉછર્યોછું; તારા સર્વોત્તમ આશ્રયના અપાર આભારમાં ડૂબેલા મારા અંતઃકરણની પવિત્ર ભક્તિનો સમુદાય વદવાને મારી બુદ્ધિ અને બોલવાની શક્તિ નથી; તેથી હું વારંવાર માત્ર અભિવંદન કરીને સદા તારી કૃપા અને પ્રેમપૂર્વક આશિર્વાદને માગુંછું, અને તે વડેજ હું આ ક્ષણભંગુર સંસારમાં કૃતાર્થ થઇશ!"

" હે! માતૃ દેવી! દરેક પ્રાતઃકાળે ઇશ્વર પૂજનની પેઠે તારા ઉપકાર ગાઇને તથા તારી મંગળમય મૂર્તિનું સ્મરણ કરીને તથા તે પ્રત્યે વંદના કરીને તારા પ્રસંન મુખના દર્શનનો શાંતિ લાભ લઇશ"

આ શાણી સતિ બુદ્ધિવંતિ મરણાંતપર્યંત શુદ્ધિમાં હોવાથી પોતાના પતિ તથા પુત્રના શાંતિ વચનો વડે સંસારની માયાથી તદ્દન નિર્લોભ થઇને પોતાના પરિવારને આશિર્વચન આપીને કેવળ શ્રીનારાયણનું સ્મરણ કરતાં કરતાં મુક્તિના લાભને પ્રાપ્ત થઇ. જાણે ઇશ્વરી આમંત્રણને માન આપતી હોય, તેમ કશાપણ ભય કે કલેશ વગર, જાણે પરદેશ મુસાફરીએ જતી હોય, તેમ સર્વને આશનાવાસના કરતી, ઇશ્વરના સત્ય અને પવિત્ર ધામમાં જવા માટે વિદાય થઇ.

છંદ ઇંદ્રવિજય—સવૈયો.

સ્વર્ગવિષે વસવા વિચરી સુખ શાંતિ—સુશબ્દ મુખેથી ઉચારી,
રામતણી રટતી રટના ગતિજ્ઞાન ગ્રહી મનગાંઠ્ઠી વિચારી;

આલસ્ય લોભ લગાર નહિ દિલ, ભક્તિતણો અતિ ભાવ વધારી.
પ્રીય જનોને નિહાળી સુપ્રેમથી તે સતિ શાંતિથી પંથ પધારી. ૧

એ પ્રમાણે સતિ બુદ્ધિવંતિનો સ્વર્ગવાસ થયો. તે પછી તેના સ્થૂળ દેહને ધર્મ રીતિ પ્રમાણે અગ્નિદાહ કર્યો.

હવે અમારા પ્રિય વાંચનારાઓને આ બાબતમાં ખાસ ધ્યાનમાં લેવા લાયક એ છે કે કાળે કરીને સર્વ પ્રાણીમાત્રનો નાશ થાય છે. અમર કોણ રહે છે? કોઇ નહિ. ત્યારે મોતથી શા માટે ડરવું જોઇએ? માતાપિતાદિક સંબંધી કે સ્નેહી જનોના મૃત્યુ સમયે કેટલાંક અજ્ઞાન મનુષ્યો રોકકળાણ કરવા માંડે છે. જે સમયે સામું માણુસ મહા દુઃખમાં કાળને વશ્ય થાય છે, તે સમયે તેની સ્થતિ કેવી હોય છે? એ સમયે તેની કેવા પ્રકારે અને કેવી સૂક્ષ્મ હીલચાલથી તેમ દ્રઢ મનથી સંભાળ લેવાની જરૂર છે? તે પોતાના વહાલાની છેલ્લી મુલાકાત કેવી શાંતિથી લેવાની અને તેની છેલ્લી સેવા બજાવવાને કેવી ત્વરા વાપરવાની અગત્ય છે? તેની મુક્તિઅર્થે તે થોડા સમયનો કેવો સદુપયોગ કરવો જોઇએ? તથા તે મૃત્યુને શરણ થતા પ્યારા મનુષ્યના મનપર કેવી પવિત્ર અસર કરવી જોઇએ? પોતાની પાછળ પોતાના કુટુંબ માટે સંસારમાં તેને કેવા પ્રકારનો સંતોષ થવો જોઇએ? તેના આત્માને નિવૃત્તીમાં લીન કરવા માટે કેવી ધીરજ રાખવી જોઇએ? તેનો ટુંકામાં ઉપલાં માણુસના ડહાપણ યુકત વર્તનથી દાખલો મળી શકે છે.

રોવા કૂટવાથી મરનારની અધોગતિ થાય છે; કેમકે આસપાસનાં માણુસો રોવા કૂટવામાં પડવાથી છેલ્લી સ્થિતિમાં પડેલાની કોઇ પ્રકારની સંભાળ લઇ શકાતી નથી. એટલે તેની મનોવૃત્તી દુઃખ રૂપ સંસારમાંથી મુકત ન થતાં, તેજ અધમ સ્થિતિમાં તેનો આત્મા સ્થૂળ દેહથી જુદો પડે છે, અર્થાત્ મરણ સમયે જીવની આશક્તિમાન વૃત્તી, અવતાર પૂરો કર્યા છતાં પણ બદલતી નથી. જેથી તેની મુક્તિ ન થતાં તેને સ્વર્ગ અપવર્ગાદિકનું સુખ મળતું નથી. કેમકે ત્યાં તો લોભી, લબાડ, આદિ સંસારના મોહથી વિરકત ન થયેલા જીવો પ્રવેશ કરી શકતા નથી, પણ ફરી દુઃખ રૂપ સંસારમાં પડે છે.

મનુષ્ય માત્રને ઉચિત છે કે, અંત સમયે સંસારના સર્વ સુખ

દુ:ખોથી મુક્ત થઇને સર્વ શક્તિમાન પરમેશ્વરના ચરણાર્વિંદમાં ચિત્ત લગાડવું. એજ પરમ ગતિને પ્રાપ્ત થવાનો ખરોખરસ્તો છે, એજ ખરી મુક્તિ છે, અને એજ સંસાર યાત્રાનું સાર્થક છે. કેમકે સંસાર સાગર તરવા માટે તે પરમ કૃપાળુ ઇશ્વરની ભક્તિના નાવરૂપી સાહાતા સિવાય બીજું કંઇ સાધન નથી.

(કવિત—છંદમનહર.)

ખલકની ખૂબી ખ્યાલ, હીરા, મણી, મોતિમાળ,
અંગ ભંગ સમે એમાં કાંઇ નથી કામનું;
પ્રીતિ, માન, ખાનપાન, ગાનતાન રંગરસ,
ભવ[1]તણી ભક્તિ વિના, ભાગેલી બદામનું;
પુત્ર, પરિવાર, નાર, કારભાર, સાર, સર્વ,
અંતકાળ સમે એતો દીસેછેજ નામનું;
દંપતિ વિલાસ, સુખ આશ, સહવાસ, શ્વાસ—
જતાં સર્વ મિથ્યા, કામ આવે નામ રામનું. ૧

સદાચરણી સર્વે સુધરેલી રીતિને સમજનારો અને વિદ્વાન પુરૂષ હતો, તેથી આવા અનેક વિચાર લાવીને તેણે મિથ્યા શોક કરવો છોડી દીધો.

હિંદુઓમાં મરણ ક્રિયાનાં કેટલાંક સખ્ત બંધનની સાથે કીર્તિના ખોટા લોભથી બાપદાદાની લાજ જાળવવાની ખોટી મમતથી નાતવરો કરવાનો ચાલ બહુ વધી ગયો છે. મરણ ગએલા માણસની પાછળ ધર્મશાસ્ત્રની આજ્ઞાનુસાર ઉત્તર ક્રિયા તો કરવીજ જોઇએ, પણ તે સાથે એક બીજાથી સારૂં દેખાડવા, મમતથી નાતવરા કરવાનો ચાલ ઘણોજ નઠારો છે. પોતાનુ સામર્થ્ય હોય કે ન હોય, તોપણ ઘર યા ગરાશ વેચીને પણ મરનારની પાછળ નાત તો કરવીજ, તે વગર ચાલેજ નહિ, એ કેવી મૂર્ખાઇ છે? વળી વિશેષ દિલગીરી તો એ છે કે કેટલીક નાતોમાં તો તે ધણીની કદી નાતવરો કરવાની મરજી ન હોય, તો પણ નાતીલા તેમ કરવા ફરજ પાડે છે. તેથી કેટલાક ગૃહસ્થો પાટ બેસી જાય છે, અને તેમનાં છોકરાં ભીખ માગતાં થાયછે.

---

૧ શિવ—મહાદેવ.

વૃદ્ધાવસ્થામાં માણુસને ખવરાવવા પીવરાવવા વગેરેની સંભાળ રાખવાની તેમના વંશજોની ફરજ છે. કેમકે તે અવસ્થામાં માણુસની સ્થિતિ બાળકના જેવી થાય છે. અર્થાત્ જેમ બાળકનું રક્ષણ કરવા અને તેની મરજી સાચવવા માતપિતાને કાળજી હોયછે, તેમ માતાપિતા વગેરેની બરદાસ કરવી એ પુત્રાદિકનો ખરો ધર્મ છે. કેટલાકો તરફથી તેમના તરફ ઘણી ચશ્મપોષી, બેફિકરાઇ અને નિર્દયતા રાખવામાં આવે છે. તે વૃદ્ધ માતપિતાને ગાંડાના મેળમાં ગણી કાઢવામાં આવે છે, અને તેમને ખવરાવવા પીવરાવવાની કંઇ પણ સંભાળ લેવામાં આવતી નથી. તો પછી બીજી કઇ બાબત એથી વિશેષ ખરાબ છે? કે જેનો દાખલો આપીએ.

એવી સ્થિતિનાં વૃદ્ધ જનો કે જેની અંતકાળ સુધી કોઇ પ્રકારે સંભાળ લેવાતી નથી, તેમના મૃત્યુ પછી તેમના પુત્રાદિક હજારો પૈસા નાતવરામાં ફના કરે છે!

કેવી દિલગીરી અને દુઃખની વાત છે કે મોતને કાંઠે આવેલા અશક્ત મનુષ્યના કલ્યાણ અર્થે તન, મન અને ધનથી જે ધર્મ બજાવવાનો તે નથી બજાવતા, એવા પુરૂષો પણ તેમના પરોજણમાં ગમે તેવા વરા અને નાતતેડાં કરી પોતાની કીર્તિ વધારે છે, પણ એવી કીર્તિને કયો ડાહ્યો માણુસ નહિ ધિક્કારે?!

સદાચરણીની માતા ગુજરી જવા બાદ કેટલાક વખત પછી ગુણવંતરાય શેઠના ધંધામાં કંઇક ફેરફાર થવા લાગ્યો હતો. ઉપરા ઉપરી કજાઓ લાગવાથી વ્યાપાર ઘટી ગયો હતો. એવો સમય આવવાથી શેઠ અને સદાચરણી પોતાનાં લાજ વ્યવહાર જાળવવાની ફિકરમાં રહેવા લાગ્યા. આ પ્રસંગે તેમને સ્વર્ગવાસી બુદ્ધિવંતિનો દાડો કરવાનો હતો. સમય બહુ બારીક આવી પડયો, એટલે સમય સાચવવાની ગોઠવણ બાપ દીકરો કરતા હતા, એટલામાં સદાચરણીની ઓરમાઇ બેન સાંધુબાઈ ત્યાં કંઇ કામસર આવી, અને તેણે આ ગોઠવણની કંઇક વાત સાંભળી, તે તેણીએ તરત જઇને પોતાની મા (દુષ્કૃતી) ને કહી.

આપણે આગળ વાંચી ગયા છીએ કે દુષ્કૃતિને બુદ્ધિવંતિ સાથે હમેશાં બારમો ચંદ્રમા હતો, તે એટલે સુધી કે ગુજરેલા મોટા મંદવાડમાં તે તેનો કશો ભાવ પૂછવા આવી નહોતી. ઉલટી રીતે

તેને દુઃખ આપવામાં અને ગાળોનો વરસાદ વરસાવવામાં કંઇ ખામી રાખી નહોતી, પણ તે બુદ્ધિવતિનો દા'ડો કરવા અતિ આગેવાન થઇ ઉભી.

વાત સાંભળી કે, તરત તે જ્યાં સદાચરણી અને શેઠ બેઠા હતા ત્યાં આવીને એકદમ ગુસ્સાથી બોલવા લાગી:—

"આખો દિવસ બંને જણા શું કામમાં બેસીને ગુસગુસ કરોછો? કયો મૂલક લેવો છે ? લાજ વહેવારનું તો કાંઇ ભાન નથી, મારી બેનને મુએ સાત આઠ દિવસ તો થઇ ગયા, પણ દા'ડો પાણી કરવાની તો કંઇ ગોઠવણ કે વાત પણ તમારે મોઢેથી સંભળાતી નથી. પછી ક્યારે બધુ કરશો ? દિવસ તો બાકી બે રહ્યા. "

ગુણવંતરાય—અમે પણ એજ ગોઠવણ અને વિચારમાં છીએ.

દુષ્કૃતિ—એમાં શી મોટી ગોઠવણ અને વિચાર કરવાનો છે?

ગુણવંતરાય—તું જાણે છે ના, કે હાલ આપણે જરા તાણમાં છીએ, તેમાં વળી માણસનો નાશ થયો; એટલુંજ નહિ પણ ફૂલને ઠેકાણે પાંખડી પણ ખરચ તો કરવું, માટે સહજ તેની ત્રેવડ તો કરવી ખરી ને ?

દુષ્કૃતિ—"ફૂલને ઠેકાણે પાંખડી" કાં ? શું કર્યા કારવ્યા ઉપર પાણી ફેરવવું છે ? ભર્યા પાથર્યા ઘરમાંથી બિચારી ચાલી નીકળી, તે શું લઇ ગઇ છે? વળી દીકરાની મા, તેથી એનું કારજ તો મોટું કરવું જોઇશે."

ગુણવંતરાય—કારજ મોટું કરવું જોઇશે એતો ઠીક, પણ ક્યાંયથી નાણાનો વેષ આવે છે ? સમય વિચારીને બધુ કરવું જોઇએ.

દુષ્કૃતિ—હું જાણું છું કે હમણાં તમે સદીઆને ડાહ્યો કર્યો છે, તે કદી સરખું ઉતરવા દેશે નહિ. સલાહ અને વિચાર કરવાનાં ઠેકાણાં ખૂટી ગયાં, તે કાલના છોકરા સાથે સલાહ કરવા બેઠા છો? તમે તેને ડાહ્યો અને સમજુ કરી થાપ્યો છે, પણ ગામમાં તો સહુ એની અપકીર્ત્તિ કરે છે.

ગુણવંતરાય—શા કારણથી અપકીર્ત્તિ થાય છે?

દુષ્કૃતિ—શું કારણથી કાં ? હજી તમારે તો અંધારામાંજ

જાય છે, આ સુધારાવાળા ભાષણો કરે છે ના ? તેમાં કહે છે કે છોકરા છોકરી નાનાં ન પરણાવવાં, દીકરીના પૈસા ન લેવા, નાતરાં[1] કરવાં, અને મોટા વરા પણ ન કરવા. એવી હુંધી વાતો ચલાવવાને ભેગા થાય છે, તેમાં સદીઓ પણ સામેલ છે, માટે જાળવજો, નહિ તો એ બધી વાતો એવી છે કે આપણા કુળને કાળો ડાઘ લગાડશે.

ગુણવંતરાય—અપકીર્ત્તિ થવાનું કારણ તો એજ કે બીજું?

દુષ્કૃતિ—એતો કંઇ નહિ કેમ ! દીકરીનો પૈસો પણ ન લેવો, ને મોટા વરા પણ ન કરવા કાં ! મોટા વરા કર્યા વગર ઘરની આબરૂ કેમ વધે ?

ગુણવંતરાય—અરે, આબરૂ વધારવાનાં તો બીજાં ઘણાંએ પરોપકારનાં કામ છે, અને પહોંચ પ્રમાણે કારજ પણ કરવાં ખરાં, પણ બીજાના ભંભેરવાથી ફૂલણજી થઇ ભિખારી ન બનવું. હજાર રૂપિઆ ખરચવાની પહોંચ હોય તો પાંચસેં ખરચીએ. તેમ કેટલાક લોકો જે વધારે પૈસા આપે તેને પોતાની દીકરી દે છે, પણ તે પાપનું અને શાસ્ત્રથી વિરૂધ કામ છે. તેનો કાંઇ વિચાર કરતા નથી. મનુસ્મૃતિ નામે આપણા શાસ્ત્રમાં કહ્યું છે કે:—

नकन्यायाः पिता विद्वान् गृहृणीया च्छुल्क मण्वपि ।
गृहृणञ शुल्कं हि लोभेन स्यान्नरोऽपत्यविक्रयी ॥

અર્થ—જ્ઞાનવાન પિતાએ કન્યાદાન દેવામાં કિંચિત્‌માત્ર પણ ગ્રહણ કરવું નહિ, (એટલે ખાવા ન લેવું) લોભેથી કરીને જે ખાવાનું લે છે, તેને સંતાન વિક્રય કહેવાય છે.

વળી એજ મનુસ્મૃતિમાં કહ્યું છે કે:-

શ્લોક

आददीत न शुद्रोऽपि शुल्कं दुहितरंददन् ।
शुल्कांहि गृण्हन् कुरुते छन्नं दुहितृ विक्रयम् ॥

અર્થ—દીકરી દઇને શુદ્રે પણ મૂલ લેવું નહિ. મૂલ લઇને દીકરી દેતાં તો (કન્યા દાનને બદલે) દીકરી વેચ્યા તુલ્ય થયું.

આમ છતાં પણ ઘણા લોકો પોતાની પુત્રીને વેચે છે, તે દુષ્ટ લોકો સમજતા નથી કે, આ કામ આપણે શાસ્ત્રની પવિત્ર આ-

---

૧ પુનર્લગ્ન.

ઞાઓ ઉપર પગ મૂકીને કરીએ છીએ. કેટલાક સમજુ લોકો પોતાના પશુને પણ સારે ઠેકાણે આપવામાં ઓછી કિંમત લે છે, અને વધારે સમજુ તો વખતે ગાય જેવાં ગરીબ પશુઓની તેમને સુખી થવાના હેતુથી બિલકુલ કિંમત લેતા નથી; પરંતુ આતો પોતાનું સંતાન, અને મનુષ્ય તેમાં પણ ગરીબ ગાય જેવી પુત્રી, તેને પથ્થરના પુતળાની પેઠે વેચીને તે હરામના પૈસા વડે પોતાનું પાપી પેટ ભરે છે, આના જેવું અધમ કૃત્ય બીજું કયું છે?

તું જાણે છે કે, પારકે વસ પડેલું પશુ તો રાંક છે, બીજું બાળક રાંક છે, પણ સૌ કરતાં રાંક તો દીકરી કહેવાય, કે બિચારીને જ્યાં પરણાવે ત્યાં જાય. એવી પાપ કર્મોને અટકાવનારી મંડળીઓમાં સદાચરણી આગેવાની ધરાવે છે, તે મારા જાણવાથી બહાર નથી અને એવાં સારાં કામોમાં સદાચરણીનો આગ્રહ હશે, તેથી આપણી કીર્ત્તિમાં વધારો થવાનો સંભવ છે. સદાચરણી નાની ઉમરનો છતાં તેની નિર્મળ બુદ્ધિ મને બહુ ઉપયોગી થઇ પડે છે, તેથી હું હરેક કામમાં તેની સલાહ લઉં છું. કહ્યું છે કેઃ—

શ્લોક.

नत्तेन वृद्धो भवति येनास्य पलितं शिरः ॥
यो वै युवाप्य धीयानस्तं देवाः स्थविरं विदुः ॥ १ ॥

અર્થ—માથાના વાળ સફેદ થવાથી તે કદી વૃદ્ધ થતો નથી, પરંતુ જુવાન હોવા છતાં જે વિદ્વાન છે, તેઓને દેવતાઓ પણ વૃદ્ધ જાણે છે. વળી નાની ઉમરનો છતાં પણ જો વિદ્વાન હોય તો તે વૃદ્ધોની મંડળીમાં દાખલ થવાને અયોગ્ય ન ગણાય." માટે તું હવે તારો હઠીલો સ્વભાવ છોડી દે, અને મનમાં ભિન્નભાવ રાખ્યા વગર ઘરનો કારોબાર ચલાવ. કેમકે મારી અવસ્થા જૈફ થઇ, હું તો છું ને નથી, માટે ઘરમાં એક રાગ અને સલાહ સંપથી ચાલશો તો સુખી થશો. દુરાચરણીને પણ તેંજ બગાડયો છે, તેનાં પરિણામ કેવાં આવશે ? તે વિષે મને નિરંતર વિચાર આવ્યા કરે છે. સાંઢુબાઇ રંડાઇ છે, તેથી તેને તો ઉંચે આકાશ અને અને નીચે પૃથ્વી છે. વળી તેનો સ્વભાવ એવો છે કે તે કયાં પણ સમાય તેમ નથી. એવી તેં તેને ઉંધી કેળવણી આપી છે. સદાચરણી અને તેની વહુ કોઇ રીતે તમને છે' આપે તેમ નથી. સુખ દુઃખને વખતે પણ તેઓ

તમને સરખું માન આપશે, એમ મને સંપૂર્ણ ખાત્રી છે; પરંતુ તમારી રીતભાત એવી છે કે તેમનાં ઉત્તમ નમ્રતા અને નીતિ આદિ ગુણો છતાં પણ તમે તેમની સાથે સલાહ સંપથી ચાલો એવી મને આશા નથી; ખેર સૌ સૌનાં ભાગ ભોગવશો, હું તો માત્ર કહેવા વાળો છું."

દુષ્કૃતિ—એટલી બધી અમારી ચિંતા તમારે ન રાખવી. મારાં છોકરાં ભલે ભૂખે મરી જાય અને તમારો સદીઓ ભલે રાજ ભોગવે. હું દળણાં દળીશ ને મારો દુરાચરણી મજૂરી કરશે, ગમે તેમ કરીને અમે અમારૂં પેટ ભરશું. પણ સદીઆના અને તેની બાયડીના ટુંબા નહિ ખાઇએ. એ સારાં છે તો ભલે તમને કામ આવે છે, તો થયું અમારે એની ઓશીઆળ નથી, ઘણું જીવો મારો દુરાચરણી! પણ આ વખતે એ વાત કાઢવાનું શું કામ છે! પરોજણની વાત પૂછું છું, તે તો કાનપર લેતા નથી, ને ઉલટી મારી અને મારાં છોકરાની નિંદા કરો છો, બસ મારાં છોકરાંને તમારે કાંઇ પણ કહેવું નહિ."

ગુણવંતરાય—"બહુ સારૂં."

દુષ્કૃતિ—"બહુ સારૂં" એતો ઠીક પણ કારજ કરવાનું શું કહો છો? ગમે તેવી તાણાતાણ હોય તોપણ અવસર તો રૂડી રીતે ઘરની લાજ પ્રમાણે કરવોજ પડશે. એમાં જરા પણ ટુંકુ વિચારશો, તે કામ નહિ આવે. ઘરની સારી ચીજો અને મિલકત ટાળવી પડે તે ભલે, પણ નાત જાતમાં નીચું જોવું પડે તેમ નહિ થાય. માટે નાત તથા મોટી ચોરાશી વગેરે બધું મોટા ઘરની રીતે કરવું છે. શું વિવાહ વાજનમાં મોટાં ખર્ચો કર્યાં છે, તેને માથે ધૂળ નાંખવી છે? માટે હું કહીશ, તે પ્રમાણે પરોજણ તો કરવું પડશે. તેમાં ફેર નહિ પડે." એમ કહીને દુષ્કૃતિ ઘરમાં ચાલી ગઇ.

દુષ્કૃતીના જવા પછી સદાચરણી પ્રત્યે શેઠ બોલ્યા કે:—

"હાલ પેઢી જરા તાણમાં છે, તેથી નાણા-ભીડ ઘણી છે; ઘણી સંભાળ, મેહેનત અને મહોબતને લીધે શેહેરમાં વ્યવહાર સારી રીતે કાયમ છે. તેને જેમ તેમ નિભાવી લેશું. પણ આ (દુષ્કૃતિ) ઘરનું સાલ, સુખે રહેવા દેશે નહિ, હાલ આપણે વધારે ખરચ કરવાનો વખત નથી, તોપણ કરવા વગર ચાલશે નહી, કેમકે તેમ

નહીં કરીએ તો ઘરમાં રાત દિવસ કંકાસ થયા કરશે, ઘરમાં હવે માત્ર તારી વહુ તરફનોજ સંતોષ છે, પણ તે બિચારી સાસુની વહુવારૂ, એટલે બધાની તાબેદાર રહી વરતે છે. બાકી તો બીજાં બધાં એક બીજાંથી સરસ છે. દુરાચરણી આવડો મોટો થયો, પણ હજુ તેને કાંઇ સમજણ નથી, ભણવું તો એક તરફ રહ્યું, પણ ઘરમાં સારી રીતે ચાલતો હોય, તોપણ સંતોષ. આ છોડી (સાંધુડી ત્યાં બેઠેલી હતી તે) જન્મની દુઃખણી થઇ છે, પણ તેમાં સારા ગુણોની નિશાની સરખી પણ નથી. આવું છતાં તારી માને કંઇ સમજણ બેસતી નથી, એ કેવી દિલગીરી? મને તેમના ભવિષ્ય માટે બહુ ફિકર થયા કરે છે; દુરાચરણીને બગાડયો અને હજુ બગાડે છે, તેથી એ છોકરો મારા નામને કલંક લગાડશે. કહ્યું છે કેઃ—

एकेन शुष्क वृक्षेण दह्यमानेन वन्हिना ॥
दह्यते तद्वनं सर्वं कुपुत्रेण कुलं यथा × ॥१९॥

"જેમ એક સૂકું ઝાડ અગ્નિથી સળગતાં આખુ વન બળી જાય છે; તેમ કુળમાં એક પણ કુપુત્ર ઉત્પન્ન થતાં સમગ્ર કુળ સંતાપ પામે છે."

એમ બોલી વૃદ્ધ શેઠ એક ઉંડો નિઃશ્વાસ નાંખી કહેવા લાગ્યા કેઃ—

"હે ! પરમેશ્વર ! આવો પુત્ર હોય તે કરતાં બાયડી વાંઝણી રહે અથવા ગર્ભ પડી જાય, વા દીકરી આવે તે ઘણું સારૂં." એવાં પિતાનાં દુઃખ યુક્ત વચન સાંભળીને સદાચરણી કહે છેઃ—

"પિતાજી ! આ સંસાર ક્ષણભંગુર છે, તેમાં સુખ દુઃખ પ્રાણી માત્રને માટેજ સરજેલાં છે, તે પ્રસંગોપાત્ સહન કરવાં એ આપણી મનુષ્યની ફરજ છે, માટે સુખ પામી હરખાવું નહિ, અને દુઃખ પામીને કલેશ ન કરવો, એવું મહાત્માઓનું વચન છે. વળી એક હાથની પાંચ આંગળીઓ પણ સરખી હોતી નથી, તો એકજ પરિવારનાં પણ બધાં માણુસ સરખી બુદ્ધિ અને સદ્ગુણ વાળાં કયાંથી હોય ? જે વખતે જેવું જેવું સુખ દુઃખ મળ્યું છે, તેને મોટા મોટા નરેંદ્રો પણ ભોગવતા આવ્યા છે, એવીજ આ સ-

× વૃદ્ધ ચાણાકય.

ષ્ટિની રચના છે, માટે જે દિવસ દૈવે આપણા માટે નિર્માણ કરેલો છે, તેને કશા પણ ક્લેશ વગર સ્વાધીન થાવું એ ડાહ્યા પુરૂષોનું કામ છે. માટે આપ કિંચિત માત્ર પણ શોચ ન કરશો. જેવી ઇશ્વરની ઇચ્છા હશે, તે પ્રમાણે સર્વ થશે, પરંતુ એવું હું અનુમાન કરૂં છું કે આપનાં પુન્યપ્રતાપ અને સુકૃત્યો અવશ્ય અમને સાહ્યકરતા થશે; એમાં સંશય નથી. માટે હવે મારી માતુશ્રીનું કારજ કરવા આપની શી આજ્ઞા છે ? તે મને કહો. ”

ગુણવંતરાય—મારો વિચાર કામ આવે તેમ નથી, તે તો તું જાણે છે, માટે જેમ હવે તારી મોટી મા કહે તેમ કરવું; તે વગર તો ચાલશેજ નહિ. અર્થાત્ દુષ્કૃતિના કહેવા પ્રમાણે આ પ્રસંગે સર્વ ખર્ચ કરવા વિચાર રાખવો એ સલામતી ભરેલું છે.”

એ પ્રમાણે સદાચરણી અને તેના પિતાને સર્વ ખર્ચ દુષ્કૃતિની હઠ પ્રમાણે કરવાની ફરજ પડી. નાત વરા સર્વ કોઇમાં થોડા ઘણા થાય છે, એટલે તે બાબતનું વધારે વર્ણન કરવા યોગ્ય વિચાર્યું નથી.

પ્રકરણ ૭ મું.

આગળ આપણે વાંચી ગયા કે ગુણવંતરાયની સદ્ગુણી સ્ત્રી બુદ્ધિવતિ સ્વર્ગવાસી થઈ, ત્યાર પછી વ્યાપારમાં પણ ખોટ આવતી જાય છે. ઘરમાં દુષ્કૃતિ અને તેનાં સંતાનોનું પ્રબળ વધવા લાગ્યું. લક્ષ્મીની વહાલી સાસુ ગુજરી જવાથી હવે તેને સુખ દુ;ખનું પૂછનાર કોઇ રહ્યું નહિ, પણ ઉલટું દુષ્કૃતિ તેના પર જુલમ ગુજારીને ઘણી ઘણી રીતે દુઃખ આપવા લાગી. ઘરની સ્થિતિ દિન પ્રતિદિન નબળી થવા લાગી, તથાપિ દુષ્કૃતિની બુરી ટેવ જરા પણ સુધરી નહિ. ગુણવંતરાય અને સદાચરણી પોતાનો વ્યાપાર વ્યવહાર જાળવવાની ફિકરમાં અહોનિશ રહેતા હતા. તેમને બહારનું અને ઘરનું એમ બે તરફનું સંકટ હતું. બે વખત જમવા બેસે ત્યારે પણ દુષ્કૃતિ તેમને સુખેથી જમવા દે નહિ. અને કોઇનો પણ વાંક કાઢીને વઢવાડ કરવા માંડે, અને તેની વઢવાડનો વિષય સદાચરણી અને લક્ષ્મી સિવાય ઘણું કરીને ત્રીજો

ન હોય; કેમકે એ બંને સ્ત્રી પુરૂષ તેને આંખે દીઠાં પણ ગમતાં નહિ. પોતાના દીકરા દુરાચરણીમાં કમાઇ ખાવાની પહોંચ ન હોવાથી શેઠે એક બે વાર સદાચરણીને જૂદો કરવા માંડયો, તે પણ દુષ્કૃતિએ કરવા દીધો નહિ.

આવી રીતે હમેશાં ગુણવંતરાયના ઘરમાં કલેશ અને પેઢીમાં નુકશાન થયા કરતું, તે સઘળું તેઓ દ્રઢતાથી સહન કરતા હતા. ઘરમાં લક્ષ્મીના દુઃખનો કંઇ પાર નહોતો. તેમ છતાં તે ચતુર સ્ત્રી જાણતી હતી કે, પોતાનો પતિ હમેશાં પોતાના દુઃખમાં ગિરફતાર છે, તેથી રાત્રે માત્ર આરામ લેવાના વખતમાં સંકલ્પ વિકલ્પ કરતાં નિદ્રાને વસ્ય થવામાં તેને રોકત કરી વિપતિમાં વધારો કરવો એ સ્ત્રીધર્મથી ઉલટું છે, તેથી પોતાના પતિના દુઃખમાં ઘટાડો કરવાને દિવસની જંજાળ અને ઘરના કલેશથી થતો ઉદ્વેગ શાંત પાડી તે વિષેના વિચારો ભૂલાવી દઇ રાત્રે આરામને આધીન કરવાને બનતી યુક્તિ અને વિનોદ કરવાની ફરજ કદી પણ બજાવ્યા વગર રહેતી નહિ. માણસની જિંદગી શી રીતે ચાલી જાયછે? તે વિષે એક અંગ્રેજી ગ્રંથકર્ત્તા લખે છે કે:—

Toiling, rejoicing, sorrowing
On ward through life goes
Each morning sees task begin,
Each evening sees it close,
Some thing attempted something done,
Has earned a night's repose.

અર્થ—" માણસ મહેનત કરતો, આનંદ પામતો, અને દિલગીર થતો જિંદગાનીમાં ચાલ્યો જાય છે; હરેક સવારે કામની શરૂઆત જુએ છે; હરેક સાંઝે તેનું બંધ પડવું જુએ છે; અને કાંઇક કરવાનું તથા કાંઇક કર્યું, તેથી રાતનો આરામ હાંસિલ કરે છે."

સદાચરણી અને લક્ષ્મીનું વિદ્વાન જોડું આવા આવા મહાન્ વિદ્વાનોના અભિપ્રાયો, ગ્રંથો અને નિબંધોમાં વાંચી પોતાના દુઃખથી નિરાશ ન થતાં જિંદગી ગુજારતું હતું. વળી વિશેષમાં સદાચરણીને તો સઘળાં દુઃખોની શાંતિ વળવાનું સાધન તેની ગુણિયલ સ્ત્રી

લક્ષ્મી હતી. અને ગુણવંતરાયને બુધ્ધિવતિના મૃત્યુ પછી શાંતિ પામવા માટે તેના સદ્‌ગુણી અને વિદ્વાન પુત્ર સદાચરણીનોજ આ-શ્રય હતો.

આ સમય તેમને માટે ઘણો સખ્ત હોવાથી તેઓ ધીરજ, જ્ઞાન, ચતુરાઇ. ગાંભિર્ય અને શૈર્યથી પોતાનો બચાવ કરતાં હતાં.

ગુણવંતરાયને આરામ આપવા માટે દરરોજ રાત્રે સદાચરણી તેમની પાસે બેસતો, સાધુ પ્રકૃતિના પુરૂષોના શુભ ચરિત્રો સંભળાવીને તેમને ચિતશાંતિ આપતો. તેમજ સદાચરણીને આરામ આપવા માટે તેની સદ્‌ગુણી સ્ત્રી લક્ષ્મી તત્પર રહેતી. અર્થાત્ આ બંને પુરૂષોની ખરી શાંતિનો આધાર માત્ર લક્ષ્મી જ હતી.

ધન્ય છે આવી ગુણિયલ સ્ત્રીઓને ! કે જેમને ઘરમાં અનેક પ્રકારના સાંસા અને દુઃખ છતાં જેઓ પોતાની ટેક, નીતિ રીતિ, અને વિવેક મર્યાદાથી રહી પોતાના પતિની સેવા કરતાં તેનેજ સુખે સુખ અને તેનેજ દુઃખે દુઃખ માનેછે. અને તે સાથે ઘરનાં અન્ય જનોની પણ યથાયોગ્ય સંભાળ લેછે. તેજ ખરી પતિવૃતા સ્ત્રી છે કે જે સંકટ સમયે ધીરજ અને ડહાપણ વડે સમાધાનીથી વર્ત્તે છે. એવી ધર્મવૃત્તાનુસારિણી સ્ત્રીઓને ઇશ્વર હમેશાં સાહ્ય કરેછે. એ નિઃસંદેહ છે કે, તેઓ આ અને પરલોકમાં દેવની પેઠે પૂજાય છે.

કુદરતનો તમાસો એવોજ જણાય છે કે, જ્યારે મનુષ્યની પડતી દશા આવે છે, ત્યારે દરેક કામમાં તે નિષ્ફળ થાય છે; સવળું કરવા જતાં પણ અવળુ થાય છે, અને તેવો માણસ દિન પ્રતિદિન દુઃખી સ્થિતિમાં આવતો જાય છે. એવે પ્રસંગે જેઓ ખરા જ્ઞાની અને ધીર વીર પુરૂષો છે, તે ધીરજ રાખી બનતા ઉદ્યોગમાં પ્રવર્ત્ત રહે છે, પણ ઇશ્વર કે નશીબને દોષ દઇને પડી રહેતા નથી. ખૂણે બેશી પોક મૂકવાથી કંઈ હાંસિલ થતું નથી; કેમકે દુઃખની સ્થિતિ હમેશા રહેતી નથી. વળી જ્યારે વિપત્તિનું પણું જ પ્રબળ થાય ત્યારે તેનો અંત નજીક છે, એમ નિશ્ચય ધારવું. કવિ વૃંદ કહેછેકેઃ—

(દોહા)

“ जो पावै अति ऊंचपद, ताको पतन निदान;
ज्यों तपॅ तपॅ मध्यानलौं, अस्त होत है भान. ”

આ દોહરામાં કહ્યા પ્રમાણે જેમ સૂર્યનો પણ અસ્તોદય થાય

છે, તેમ સુખ દુઃખ ક્રમ પ્રમાણે આવે જાય છે. પરંતુ તેમાં સમાન વૃત્તિ રાખી જેઓ દિવસ નિર્ગમન કરેછે, તેઓ ચઢતી દશાને પામે છે.

આવી રીતે તેઓ પડતી દશામાં દહાડા કાઢતા હતા. પરંતુ હજુ તેમના દુઃખનો અંત આવ્યો નહોતો, હજુ તો તેમની અવદશાની શરૂઆત માત્ર થઇ હતી.

એવી સ્થિતિમાં કેટલાક દિવસો જવા બાદ એક દિવસે ગુણવંતરાય અને સદાચરણી પોતાની સ્થિતિવિષે કંઇ વિચાર કરતા હતા, તેમાં પ્રસંગોપાત દુરાચરણી અને દુષ્કૃતીના દુર્ગુણો વિષેની પણ કંઇ વાત નીકળી. આ વખતે દુરાચરણીની સહોદરી બેન સાંખુબાઇ ત્યાં હાજર હોવાથી તેણે તેજ વખતે તે સઘળી વાત પોતાની જનેતા દુષ્કૃતિને જઇને કહી. એવામાં દુરાચરણી પણ ત્યાં આવી પહોંચ્યો. એટલે—

દુષ્કૃતિ (તેના પ્રતિ)–સાંભળ્યું પીટયા ?

દુરાચરણી—વાત કર્યા વગર શું ખબર પડે !

દુષ્કૃતિ—સદીઓ ને તારો બાપ હમણાં વખારમાં બેઠા છે, આટલીવાર બેન પણ ત્યાં હતી, તે હમણાંજ આવી.

દુરાચરણી—પણ વાતશું ?

દુષ્કૃતિ—તેઓ તારા વિષે કંઇક બોલતા હતા, એમ બેન કહે છે, આ ઉભી, પૂછી લે.

દુરાચરણી—(બેન પ્રતિ)–શું વાત થતી હતી ?

સાંખુડી—વાતતો ઘણીએ કરતા હતા, તે તો હું સમજી શકી નહિ, પણ તેમાં ઘણું કરીને તારા અવગુણ બોલાતા હતા. અને એમ પણ કહેતા હતા કે દુરાચરણી ઘરમાં કજીઓ કંકાસ બહુ કરે છે.

દુરાચરણી--(સદાચરણીની સ્ત્રી લક્ષ્મી પ્રતિ કરડી નજરથી જોઇને) એ બધાં આ કુભારજાનાં કામછે. સદીઆ પાસે ખોટી સાચી વાતો કરી ઘરમાં કંકાશ ઉપજાવે છે, અને ભાઇ તો એના વેચાણ, તેથી જેમ દોરે તેમ દોરાય છે. આ ચંડાળણીના પગ પડ્યા પછી બાપાની બુદ્ધિમાં પણ ફેર પડી ગયો છે; કેમકે તેઓ આગળ મારી પૂછાએ કરતા નહિ. એમ કહી ક્રોધાતુર થઇને લક્ષ્મીને

બે ચાર લાકડીઓ મારી લીધી, અને કદાપિ હજુ પણ મારશે એ-વી બીકથી લક્ષ્મી કહેવા લાગી કે—

લક્ષ્મી—" અરે ! એમાં મારો કંઇ વાંક નથી, મને કંઈ ખબર નથી. મને નાહક શા માટે મારો છો ? નિર્દોષ અ-બળાને મારો છો, એ તમારૂં પાપ પરમેશ્વર જુએ છે. "

દુષ્કૃતિ—પાપ થશે, કાં ? જો રાંડના પાડ ! છોકરાને શ-રાપ દે છે, શરમાતી નથી ? એમ કહીને તેણે પણ લક્ષ્મીને ધુંબા માર્યા, એટલુંજ નહિ પણ ત્રણે જણાયે મળીને તેને ઘણીજ બે-હાલ કરી.

લક્ષ્મી—(મનમાં) આટલું બધું સહન કરતાં પણ જો ઉત્તર આપીશ, તો તેઓ વધારે જોશમાં આવશે. કેમકે હાલ બે ચાર રોજ થયા તેમને કજીઓ કંકાસ મળ્યો નથી. વળી સાસુ કે દેરની સામે બોલવું ઘટે નહિ. " એમ વિચાર કરી કંઇ પણ બોલ્યા વગર પોતાની મેડીપર ચાલી ગઇ.

લક્ષ્મી શ્રીમંત અને ઉત્તમ પંક્તિના ગૃહસ્થની દીકરી તથા ભણેલી ગણેલી, ચતુર, ગુણજ્ઞ, અને ઉત્તમ નીતિ રીતિની પાળનાર હતી. તેથી તેને બહુ દુઃખ લાગ્યું. તે મનમાં વિચારવા લાગી કે આવા નિત્યના બનાવોમાં જિંદગી શી રીતે નીકળશે ? આવાં સંકટ સોષવાને જીવતી રાખી તે કરતાં મારા માતપિતાએ મને જન્મતાંજ મારી નાંખી હોત તો સારૂં હતું. જ્યાં સુધી મારી સાસુ જીવતી હતી ત્યાં સુધી આ દુષ્ટ લોકો ગમે તેમ બોલતાં પણ હાથ ઉપાડી શકતાં નહોતાં, હવે તો ઘરમાં તેમને આડું આવનાર કોઇ છેજ નહિ. મારો પતિ બિચારો આખો દિવસ ધંધામાં રોકાઇ રહે અને બે વખત જમવા આવે તેને પણ તેઓ સુખે ખાવા દેતાં નથી, અને સસરાને માટે પણ તેમજ છે. વળી હું તેમને આ હકીકત કહેવા બેસું તો રોજની. થઇ, તેમ તે-મને તેથી વધારે પીડામાં નાંખવા જેવું છે. એ પ્રમાણે વિચાર કર-તાં લક્ષ્મીનું અંતઃકરણ દુઃખથી ભરાઇ આવ્યું.

મનુષ્ય જ્યારે અત્યંત દુઃખમાં આવી પડે છે, અને તેનું દુઃખ હૈયામાં સમાતું નથી, એવે વખતે વિલાપ કરવાથી અંતઃકરણ ખાલી થાય છે, અને તેથી જગત્કર્ત્તાએજ માયામાં લીન થયેલા મનુષ્ય-

ને માટે વિલાપની સ્વભાવિક વૃત્તિ નિર્માણ કરેલી છે. જો તેમ ન હોય તો મનુષ્યનું અંતઃકરણ ફાટી જઇ મૃત્યુ નિપજવાનો સંભવ છે. જેમ અતિ શોક તેમ અતિ હર્ષનો ઉભરો પણ શાંત ન પડવાથી માણસ મરણને શરણ થાય છે.

અહા ! શી તજવીજો પરમ કૃપાળુ જગદીશ્વરે જગતને માટે કરેલી છે? કોઈ પ્રકારની ખામી વગર તે મહાન્ પિતાએ આ સૃષ્ટિ સરજેલી છે.

દુનિયાના એવા નિયમથી લક્ષ્મીનું અંતઃકરણ દુઃખના તર્કોમાં ઉભરાઇ જવાથી તે નીચે પ્રમાણે વિલાપ કરવા લાગી:—

(સીતાજીના મહીનાની દેશી).

"ઇશ્વર! અખિલ બ્રહ્માંડના ઇશ! નામી શીશ કરગરૂં;
ઉરે ધરજો આ અરજી શામ! હામ અતિશે ધરૂં. ૧
દુઃખ દેખીને દીન દયાળ, બાળાને ઉગારજો;
દોડો ગરીબની વારે હે નાથ, ગરીબને ભાળજો. ૨
દુખ ટાળોરે દીનાનાથ, બતાવું શું ગાઇ રે;
લોકો કહેશે અભાગણી રાંડ, મરૂં ઝેર ખાઇ રે. ૩
સાસુ દિયર કરે એકાંત, સાંધુ સાંધા બહુ કરે;
પતિ આવે છે ઘરમોઝાર, સાસુ દુઃખ દે ખરે. ૪
સાસુ બોલે નહિ મુજ સાથ, પ્રીતિ ભર્યું વેણ રે;
કૂડાં આળ ચઢાવી નિત્ય, કહે કટુ કેણ રે. ૫
દેખી દૂરથી દુષ્ટ દીએર, મારવા ધાય રે;
જેમ દેખીને સિંહ શિકાર, આવે અતિ આય રે. ૬

પદ દેશી.

હો પરમેશ્વર ! અબળા કેરી, અરજ આજ સ્વીકારો;
કામ કરૂં પણ સુખનો મુજને, કદી ન આવે વારો. હે૦ ૧
સાસુ તો આખો દિન મારો, બહુ બહુ વાંક બતાવે;
દીઅરિયો માના શીખવ્યાથી, કૂડાં આળ ચઢાવે હે૦ ૨
ઘરમાં કે પાડોસણ સાથે, વાત ન કરી શકાય;
દેવ–દરશને જાવા કેરી, રજા ન કોદી થાય. હે૦ ૩
પરવ હોય પણ મુજને આપે, એઠ તણોજ વધારો;
માટે દીન દયાળુ દયા કરો, આ દુખથી ઉગારો હે૦ ૪

પિતા તણે ઘેર વાંક હોય પણ, મને ન કંઇ કે'વાય;
સાસરિયામાં વાંક વિના પણ, નિશદિન માર મરાય. હે૦ ૫
આવાં દુખમાં હું અબળાથી, એક દિવસ ન રે'વાય;
સાસુ દેરૈયાની સાથે, જરા ન વેણુ વદાય. હે૦ ૬
પતિ આખો દિન સુખે ન બેસે, તોપણ કહે નઠારો;
હાય! હાય! મારાં દુખડાંકેરો, કેમ આવશે આરો. હે૦ ૭
સાસુ ને દેરૈયો અમને, દુખ દેવામાં શૂરાં;
નણદી બા પણ આઘા પાછી, કરવામાં બહુ પૂરાં. હે૦ ૮
અરે રે! હું તો આતુર થઉં છું, જીવડો તજવા મારો;
ગકકન–દેવ દયાળુ દયા કરો, અબળાને ઉગારો. હે૦ ૯

આ પ્રમાણે સાસુ, દેર અને નણુદના અસહ્ય દુઃખથી કંટાળેલી લક્ષ્મી આમ વિલાપ કરીને પોતાનું અંતઃકરણ ખાલી કરે છે. અને અનેક તર્ક વિતર્કો સાથે રૂદન કરે છે.

બીજી તરફ ગુણવંતરાય શેઠનાં સાત વહાણો દેશાવરથી માલ ભરીને રવાના થયેલાં, તે ડૂબી જવાના સમાચાર આવ્યા; તે વહાણોમાં ભરેલા માલની ખરીદીને કેટલોક વખત વીતી જવાથી તેની હુંડીઓ પણ આવી પહોંચી હતી. લાખોના માલનો વિનાશ થયો, હુંડીઓ ભરવાનો રસ્તો રહ્યો નહિ, તેથી શહેરમાં ગડબડાટ ચાલ્યો. સૌ વેપારીઓ ગુણવંતરાયનાં ખાતાં તપાસી તેને ત્યાં પૈસા લેવા જવા લાગ્યાં, તેમ વહાણો લાસ જવાની ખબર બીજા દેશાવરોમાં પહોંચી જવાથી ત્યાં બીડાયલી હુંડીઓ પણ પાછી આવી. હવે એક તરફ પાછી વળેલી હુંડીઓનાં નાણાં આપવાં, બીજી તરફ માલ ખરીદીની હુંડીઓની મુદ્દત ભરાતાં તેના પૈસા આપવા, અને ત્રીજી તરફ ગામની લેતીદેતીવાળા પણ હણોહણું કરવા લાગ્યા. ગુણવંતરાય અને સદાચરણી એકાંતમાં જઇ વિચાર કરવા લાગ્યા કે, "હવે લાજ શી રીતે જાળવવી?" સઘળી મિલકત આપતાં પણ લાજ કાયમ રહે એમ તેમને લાગ્યું નહિ. થોડી વાર વિચાર કરવા બાદ તેમણે પરચુરણ લેતીદેતીવાળાને પૈસા દેવા માંડ્યા.

ગુણવંતરાય અને સદાચરણીની સાહુકારી અને ભલમનસાઇની છાપ લોકોમાં બહુ સારી પડી ગયેલી હતી. તેથી તેમનું બૂરૂં થાય એવી કોઇની ઇચ્છા નહોતી, પણ તેમની લાજ કોઇ પણ રી-

તે જળવાય, એવી સૌની ઇચ્છા હતી, પરંતુ મોટાં કામોમાં મદદ કરવા માટે મોટા માણસોનીજ જરૂર હોય છે. સાધારણ લોકોમાં આ બાબતનીજ વાત ચાલી રહી હતી. દરમ્યાન સુખસાગર અને વિદ્યાવંત નામના સદાચરણીના બે મિત્રોએ શહેરના મોટા સાહુકારોને મળીને તેમને મદદ કરવાની ગોઠવણ કરી. ગુણવંતરાયને ત્યાં ગયા. તેમણે તેમને હમેશ મુજબ શાંત ચિત્તથી આદરમાન આપ્યું. સર્વે જણાએ મળીને એકાંતમાં ગુણવંતરાયપર એકંદર કેટલું દેવું છે તેનો અડસઠો કરી, પરચુરણ લેતીદેતીવાળાને શુદ્ધ સ્વરૂપ પૈસા આપવા અને વાહાણુમાં લાસ ગએલા માલની હુંડીઓના પૈસા ટકા કિસમતે આપવા, એમ ઠરાવ્યું, અને ગુણવંતરાયના ઘરમાં જે માલ હતો, તે તમામ ખંડી લઈ, તેના નાણા આપવા તથા તેની સ્થાવર જંગમ ગિલકત ઉપર કેટલાક પૈસા ધીરવાનું તેઓએ કબૂલ કર્યું.

ત્યાર બાદ લેણદારોને તેડાવી તેડાવીને પૈસા આપવાની શરૂઆત કરી, તેમ કેટલાકોને પેલા શાહુકારો ઉપર હવાલા લખી આપ્યા, તે શિકરાયા; એટલે બીજા શેઠિયાઓએ મદદ કર્યાની ગામમાં વાત ફેલાઇ, તેથી લોકોને ધીરજ આવી. જેથી લોકો ગુણવંતરાયને ત્યાં પૈસા લેવાને જતા હતા, તે શાંત પડયા,

બપોર પછી ત્રણ વાગ્યાને સુમારે સદાચરણી પોતાની ગેડી પર કંઇ કારણસર ગયો, અને લક્ષ્મીને આગળ વર્ણવ્યા પ્રમાણે ઘણી દુ:ખી સ્થિતિમાં દીઠી. લક્ષ્મીના દુ:ખનો ઉભરો હજુ છેક ખાલી થયો નહોતો. આજ તેણે ભોજન પણ કર્યું નહોતું. પુરૂષોએ બપોરનું ભોજન કર્યા પછી તરતજ દુષ્કૃતી અને તેના ફરજંદોએ તેને આ દુખિત દશાએ પહોંચાડી હતી. ભૂખથી તેના અવયવો સંકોચાયાં હતાં, તેના શરીરમાંથી એક જગાએ લોહી ફુટી નીકળેલું હતું, માથાના વાળ ખેંચાવાથી વીખરાઇ અને તૂટી ગયા હતા, અને વસ્ત્રો પણ ચીરાઇ ગયાં હતાં. પોતાની પ્રાણવલ્લભાને આવી દયા ઉપજે એવી સ્થિતિમાં જોઇને સદાચરણી તો સ્તબ્ધ થઇ ગયો. તેના પર એક મહા સંકટ આવી પડયું હતું. અને વળી આ બિના અત્યારેજ તેના જોવામાં આવી, તેથી એક ઘડી સુધી તો તેનાથી કંઇ બોલી પણ ન શકાયું. કેટલીકવાર ટગર ટગર જોયા બાદ ચિત્તને સ્વ-

સ્થ કરીને તેણે લક્ષ્મીને પૂછ્યું કે:—

" પ્યારી ! તારી આટલી બધી દુઃખદાયક સ્થિતિ જોઇને તેનું કારણ જાણવા હું અધીરો બન્યોછું.

લક્ષ્મી—

પદ.

(જનની જીવોરે ગોપીચંદની--એ રાગ.)

દુખડાંની વાત કોને કહું? અરેરે સાંભળો નાથજી;
તાત કદી કંઇ કહે નહિ, માતા ગણે જીવ સાથજી. દુખડાં૦૧
અહીં તો મારે નિત્ય મુજને, વિના વાંક ન સંખાયજી;
વાંક બતાવી કહે કદી, માફ માગું પડી પાયજી. દુખડાં૦૨
તમે ને પિતાજીએ ભાઇની, કાંઇ વાત કરેલજી;
વાંક કહી તેમાં માહેરો, ગાળ માર દીધેલજી. દુખડાં૦૩
આજ્ઞા ચૂકું નહિ કોઈની, માર કેમરે ખમાયજી?
ખાવા એઠું તો નિત્ય મળે, તોપણ કંઈ ન બોલાયજી. દુખડાં૦૪
મારથી માથું ફૂટી પડ્યું, પીડા સહન ન થાયજી;
વાત કરૂં તો જૂઠી પડું, કહે "ખોટા ઉપાયજી." દુખડાં૦૫
રે'વા જાઊં કદી પિયરે, વાત અઘટિત થાયજી;
નાથ! જૂદી પડી તમ થકી, હુંથી કેમ જવાયજી. દુખડાં૦૬
માટે દેખી દુઃખ દાસીનું, દયા આણો અંતરજી;
પીડા જેથી સરવે ટળે, એવો શોધો તંતરજી. દુખડાં૦૭
પાણી ભરૂં કે રસોઇ કરૂં, બીજાં કામજ કરૂંજી;
દુખ ન વેઠી શકે દેહડી, આજ્ઞા લઇનેજ મરૂંજી. દુખડાં૦૮
એવાં દુખો વેઠ્યા છતાં, કદી મળે નહિ સુખજી;
"વિશ્રાંતી લહો વહૂ બચા!", બોલ પડે નહિં મુખજી. દુખડાં૦૯
દુખ અબળાનું કેતાં કહો, કેમ ચાલે કથનજી;
માટે સંક્ષેપમાં વર્ણવ્યું, કરૂણા રૂપી વચનજી. દુખડાં૦૧૦

આ પ્રમાણે પોતાની પત્નીનું દુઃખ સાંભળીને સદાચરણી બહુ દિલગીર થયો અને તે પ્રત્યે કહેવા લાગ્યો કે:—

" પ્રિયા ! હુ સારી પેઠે જાણું છું કે માતુશ્રીના સ્વર્ગવાસ પછી ઘરમાં એક દિવસ પણ તારો સુખશાંતિમાં નહિ જતો હોય, તે તું બનતાં સુધી કહેતી નથી, તે સઘળું હું તો જાણું છું; અને

પિતાજી પણ જાણે છે કે તે લોકો તને એક ઘડી પણ સુખથી બેસવા દેતાં નહિ હોય; પરંતું આટલું દુઃખ સહન કરવાં છતાં પણ હજુ આપણા સુખનો સૂર્ય ઉદય થાય એવો સંભવ નથી. અને તેથીજ હું ધીરો રહી ધીરજનાં મીઠાં ફળ મેળવવાની આશા રાખું છું. તું જાણે છે કેઃ—

દોહરો.

માત, ભ્રાતનો વાંક નહિ, વાંક નહિ જગરાય;
કર્મે લખિયાં કષ્ટ તે, કહો મિથ્યા ક્યમ થાય? ૧

અર્થાત્ સુખ દુઃખ મનુષ્યને માટે છે, માટે સદ્ગુણથી સર્વ પ્રકારે અને સર્વ કાળે સમાન ચિત્તવૃત્તિથી સંસારમાર્ગ નિર્ગમન કરવો. દ્રૌપદિ અને સીતા જેવી સતીઓને પણ મહાભારત સંકટ ભોગવવાં પડયાં હતાં. યુધિષ્ઠિર, અર્જુન આદિ પાંડવો જેવા મહાબાહુની સ્ત્રી દ્રૌપદિનાં દુષ્ટ દુશાસને ચીર ઉતાર્યાં હતાં, અને ચોટલો ઝાલી ઘસેડી હતી, તે વખતે તેમણે માત્ર જોયા કર્યું, તે પ્રસંગે તેઓનાં શૌર્ય અને પ્રબળનો કંઇ ઉપયોગ થઇ શકયો નહોતો; કારણકે તેઓ જાણુતા હતા કે કાળની વિચિત્ર ગતિ ઇશ્વર પ્રણીત છે. માટે જે કાળે જેવી સ્થિતિ પ્રાપ્ત થાય, તેમાં ઇશ્વર પર શ્રદ્ધા રાખી ધૈર્ય, સત્ય, દયા, નીતિ અને ધર્મનો પરિત્યાગ ન કરવો. તે સમયે શ્રીકૃષ્ણ ભગવાને સતિ દ્રૌપદિની સહાયતા કરી હતી, બીજા કોઇની સહાયતા કામ આવી નહોતી. માટે સર્વ શક્તિમાન પરમેશ્વર આપણી પણ સહાયતા કરશે. કેમકે આપણું કષ્ટ નિવારણ થવાને હજુ વખત છે. આજ કાલ પ્રતિદિન વિપત્તિનું પ્રબળ વધતું જાય છે. આપણા લાખો રૂપીઆના માલથી ભરેલાં વહાણ સમુદ્રમાં ગરક થયાના આજ સમાચાર આવ્યા છે, અને તેથી આંપણી સર્વ સંપતિ નાશ થવા છતાં પણ આબરૂ કાયમ રહેવાની મોટી આફતમાં આપણે ગિરફતાર છીએ. અને પિતાજીનું મન ઘણું અસ્વસ્થ બની ગયું છે” ઇત્યાદિ સર્વ વૃતાંત પોતાની ડાહી સ્ત્રી પાસે કહ્યું.

એક દુઃખ ઉપર જ્યારે બીજું દુઃખ આવી પડે છે, ત્યારે પહેલું દુઃખ વીસરી જવાય છે; મતલબ કે મનમાં ગોળાતા એક વિચારપર બીજો વિચાર આવી પડવાથી પહેલાંનો વિચાર નીચે

દબાણુમાં આવી જાય છે, એવો સ્વભાવિક નિયમ છે, તેવી રીતે લક્ષ્મી પોતાના સ્વામીપર વ્યાપાર સંબંધી આવી પડેલી કજાથી. સર્વ રિદ્ધિ સિધ્ધીનો નાશ થયાની વાત સાંભળીને પોતાનું દુઃખ વીસરી ગઇ. અર્થાત્ તેના પંડના દુઃખપર આ બીજા દુઃખે પડદો નાંખી દીધો. આ અતિ મુશીબતના વખતે હવે આપણી શી વલે થશે? એવી ચિંતા ઉત્પન્ન થતાં, તે પોતાના પતિને કહેવા લાગી કેઃ—

" સ્વામીનાથ! જગતૃપિતાનો આપણા પર આવડો બધો અકસ્માત શો કોપ?

સદાચરણી—પ્યારી! આટલું છતાં પણ આપણા દુઃખનો છેડો હજુ નજીક છે, એમ તારે સમજવું નહિ. માટે જે થાય તે ધીરજથી સહન કરવું.

લક્ષ્મી—પ્રાણનાથ! સાધારણ દુઃખ તો આપણે ગમે તે રીતે નિવારણ કરી શકીએ, પણ આતો આકાશ ફાટયા જેવું થયું. તોપણ તેનો યોગ્ય ઉપાય કરવો જોઇએ.

સદાચરણી—" પ્રિયા! તેતો સઘળું કર્યું છે અને હું તથા પિતાજી હજુ પણ એજ ગોઠવણમાં છીએ. દરમ્યાન આ હકીકતથી તને વાકેફ કરવા માટેજ હું અહીં આવ્યો, ત્યાં તો તને દુઃખના સમુદ્રમાં ડૂબેલી જોઇ! એટલે મારા મનની સમાધાનીનો તો એક રસ્તો ન રહ્યો. પિતાજીની તબિયતમાં પણ ફેરફાર થયો છે, તેમની વૃધ્ધ વયમાં આ હાલત આવી પડવાથી તેમને ભારેપડતી લાગે છે. તેમાં વળી આ તારી હાલતની વાત તેમના કાન પર જશે તો વધારે દુઃખ થશે.

લક્ષ્મી—એમ કદી થવા ન દેશો. મારા સંબંધીની તમે ચિંતા ન રાખો. તમારી માતુશ્રીના મરણ પછી એવું દુઃખ તો થોડે ઘણે અંશે મને રોજ ચાલ્યુંજ આવે છે, અને જેટલા દિવસ ઇશ્વરની ઇચ્છા હશે તેટલા દિવસ હજુ પણ ભોગવી છૂટીશ. હદ ઉપરાંત દુઃખ જ્યારે અંતઃકરણમાં સમાઇ નથી શકતું ત્યારેજ આ પ્રમાણે ઉભરાઇ જાય છે. પરંતુ હરવખતના ક્લેશની વાત કરી દિવસના કામનો થાક ઉતારનારી આપની રાત્રિની શાંતિમાં ખલેલ ન પહોંચાડવાની હું હમેશા કાળજી રાખું છું. હવે આ પ્રસંગે

આ નકામી વાતનો અંત લાવી આપ તુરત તીર્થરૂપ પિતાજી પાસે જાઓ અને તેમની આસનાવાસના કરો. પૈસા અને વૈભવનો નાશ થવા સંબંધી વિશેષ ફિકર ન રાખવી, કેમકે તે મનુષ્યને હયાતીમાં ફરીવાર મળી શકે છે. પણ માતપિતાની સેવાનો વખત ફરી ફરી હાથ આવવો નથી. માતુશ્રીના મૃત્યુ પછી પિતાજીનું શરીર નબળી સ્થિતિમાં આવી ગયું છે. તેથી દુનિયાદારીની ભાંજગડ કરવાને હવે તેઓ યોગ્ય નથી. માટે આપણી આ નબળી સ્થિતિમાં પણ સર્વ પ્રકારે તેમની સંભાળ રાખવી જોઇએ. હવે આપ પધારો. મારા દુ:ખની વાત તેમના મનપર ન લાવશો. ”

લક્ષ્મીનું આવું હિંમતવાળું અને મધુર ભાષણ સાંભળીને સદાચરણીને શાંતિ મળી. પોતાની પ્રિયાનાં આવાં દિલાસાનાં વચન સાંભળીને સ્વસ્થ ચિત્ત કરીને તે પિતા પાસે ગયો.

આ ઘરના કલેશ બાબતની હકીકતથી પિતાશ્રીને અણવાકેફ રાખવાનો સદાચરણી તથા લક્ષ્મીનો વિચાર હતો, પણ તે તો સર્વ ક્યારનુંએ તેમના જાણવામાં આવી ગયું હતું. તેથી વધારે શોકમાં પિતાજીને જોઇને સદાચરણીએ કહ્યું કે:—

“ गतं न शोच्यं” જે બનવાનું તે બની ગયું, તો પછી તે માટે હવે શોક કરવો મિથ્યા છે. ચડતી પડતી એ ઇશ્વરી નિયમ સર્વને માટે છે. માટે કહેવત છે કે “શિર સલામત તો પઘડિયાં બોત. ” હયાતિ છે તો ધન સંપતિ ફરીને પ્રાપ્ત થશે. તન્દુરસ્તી હશે, તો યથાસ્થિત ઉદ્યોગ કરીશું, અને ઉદ્યોગ વડે સરવસ્વ મળશે. સુમાર્ગમાં વર્તનારને ઇશ્વર સહાય થાય છે, કેમકે તે દયાનો આધાર છે; વળી આપનાં સત્કાર્યો અને સત્કીર્તિનો ઉત્તમ લાભ અને આધાર પગલે પગલે અમને પ્રાપ્ત થાય છે, એમ હું નિ:શંકપણે માનુંછું; અને કુટુંબ સહિત હમેશા કુશળ રહેવાની ઇચ્છા રાખી હું નિત્ય ઇશ્વરની આરાધના કરૂંછું, અને તેના કરતાં વિશેષ વહાલું દુનિયામાં બીજું કંઇ હું માનતો નથી. સંપત્તિની હાનીવિષે વૃથા શોચ કરવો નહિ, “સંપત્તિ દુર્લભ છે.” એવું મનમાં લાવવું નહિ, ઇત્યાદિ આપે પ્રસંગોપાત કહેલાં બોધવચનો મને સંપૂર્ણ યાદ છે. વળી આ શ્લોક આપે ઘણીવાર મોઢે કરવાની મને આજ્ઞા કરી હતી:—

પ્રિયેનાતિ ભૃશં હૃષ્યેદ પ્રિયે નચ સંજ્વરેત્ ॥
નમુહ્યેદર્થકૃચ્છ્રેષુ નચ ધર્મં પરિત્યજેત્ ॥ ૧ ॥

અર્થ—પ્રિય લાભ થવાથી અતિ માત્ર હૃષ્ટ[1] થવું નહિ, અને અપ્રિય ઘટના[2] થયાથી પણ મ્રિયમાણ[3] થવું નહિ; ધન-કષ્ટ થયાથી મુગ્ધ થવું નહિ, અને ધર્મનો પરિત્યાગ કરવો નહિ."

સદાચરણીના આવા મધુર ભાષણથી ગુણવંતરાય શેઠને ઘણો આનંદ અને શાંતિ થઇ. એટલુંજ નહિ પણ તે સાથે સંસાર યાત્રા પરિક્રમણ કરવા સંબંધે સદાચરણીના પરિપક્વ અનુભવની ખાત્રી થઇ. તેથી હવે તેને વિશેષ શીખામણ આપવાની જરૂર નથી. વળી તેની વહુ જે કે તેનો નિકટનો સોબતી છે, તે પણ વિદ્વાન. અને કુળવાન્ છે, એટલે તેઓ પરસ્પરના ઉત્તમ ગુણોએ કરીને ઉચિત કાર્યોજ કરશે, અને દુઃખને વખતે ધીરજ રાખી એક બીજાને દિલાસો આપશે." આ પ્રમાણે ગુણવંતરાય શેઠ શાંત થયા. અને કંઇ બોલ્યા નહિ. પરંતુ તેમની તબિયત દુરસ્ત નહોતી, એમ સદાચરણીના જાણવામાં હોવાથી. તેમને આરામ લેવા તેણે વિનંતી કરી, તે યોગ્ય લાગવાથી શેઠે માન્ય રાખી—અર્થાત્ સુઇ રહ્યા.

પ્રકરણ ૮ મું.

હવે ગુણવંત શેઠની તબિયતમાં સળો દાખલ થઇ ચૂક્યો, તેમની ઉમર વૃદ્ધ થઈ, અને વૃદ્ધાવસ્થામાં ઘણા પ્રકારની વિપત્તિ આવી પડવાથી, તેમની મનોવૃત્તિ ચિંતાથી ક્વચિતજ મુક્ત રહેતી હતી. તેના અંતઃકરણ ઉપર બુદ્ધિવંતીના મૃત્યુ વિયોગના દુઃખનો જખમ લાગેલો હતો, તેમાં બીજાં દુઃખો આવી પડતાં જેમ અગ્નિમાં ઘી હોમવાથી તેની જ્વાળામાં વૃદ્ધિ થાય છે, તેમ તેના દુઃખમાં ઉમેરો થતો હતો. આટલું છતાં પણ આ મહા બુદ્ધિશાળી માણસ પોતાનું ચિત્ત શાંત રાખવાને શક્તિમાન હતો. તે પોતાનું દુઃખ મનમાંજ રાખતો, પણ કોઈ પ્રસંગે જણાવતો નહિ; કેમકે તે સારી પેઠે સમઝતો હતો કેઃ--

---

૧ હૃષ્ટ એટલે-હર્ષની સાથે અહંપદ. ૨ ઘટના—રચના, બનાવ. ૩ મ્રિયમાણ—મરણતુલ્ય-મરતો.

" मनको दुख मनमें रखो, न करो वदन विलाप;
दुर्जन हरखे देखिके, स्वजन धरे संताप ×" .

પોતાની સ્ત્રી દુષ્કૃતિ અને તેનાં સંતાનો તરફથી પોતાને તેમ સદાચરણી અને તેની સ્ત્રી લક્ષ્મીને નિશદિન થતા ક્લેશનું સાલ ખટક્યા કરતું હતું.

સદાચરણી પોતાના પિતાશ્રીની અનેક રીતે સંભાળ રાખી યોગ્ય ઔષધનો ઉપયોગ કરવામાં પણ ખામી રાખતો નહિ, પણ તે સઘળું વ્યર્થ હતું; કેમકે ગુણવંતરાય શેઠ સારી રીતે સમઝી રહ્યા હતા કે–" હું હવે આ દુનિયાનો થોડા દિવસનો મહિમાનછું."

ગુણવંતરાયના કુટુંબની પડતી દશાનો છેડો નજીક નહોતો. તેની બિમારી દિન પ્રતિદિન ઘટવાને બદલે વધવા લાગી, અને અંતે અકસીર ઔષધોની અસર થતી પણ અટકી.

પોતાના પિતાની આવી હાલત જોઇને સદાચરણી પણ નિરાશ થયો, પોતાની તંગ હાલત છતાં પણ તે સર્વ પ્રકારે તેમની બરદાસ લેતો, અને ખાવા પીવા કિંવા દવાઇ વગેરેમાં ગમે તેટલું ખર્ચ થાય તોપણ તે પૂરૂં પાડવામાં ગભરાતો નહિ.

શેઠની માંદગી ચાલતી હતી તે દરમ્યાન બહારનું લાવવા કરવાનું કામકાજ સદાચરણી કરતો હતો, અને ઘર સંબંધીના કામકાજમાં લક્ષ્મી હમેશા તત્પર રહેતી. સદાચરણીના પુત્રધર્મ અને લક્ષ્મીની ઉત્તમ નીતિ તથા ડહાપણ ભરેલા ઉપચારોથી ગુણવંતરાય પોતાનું અર્ધું દુઃખ વીસરી જતા હતા. કાળના આમંત્રણને આધિન થયેલા મનુષ્યને જો ખરા અંતઃકરણથી ચાકરી કરનાર ન હોય તો તેની કેવી વલે થાય? તેને કેટલું દુઃખ ખમવું પડે? એ વિષે ભારે અનુભવની સાથે પોતાનો સંતોષ પ્રસંગોપાત જાહેર કરી તે પોતાના પુત્ર તથા પુત્ર વધૂને બોધ કરતા હતા. અને તેમને જોઇ રોમ રોમ હર્ષયુક્ત બની આશિર્વાદ આપતા હતા, તથા પરમ કૃપાળુ ઇશ્વર હમેશા તેમને સુખ સંપત્તિ આપી સહાય કરે એવી પ્રાર્થના કરતા.

આ વખતે આખા કુટુંબના નિરવાહનો આધાર માત્ર સદાચરણી ઉપરજ હતો, તે પોતાથી બનતો ધંધો કરીને ઘરનો કાર-

× કવીશ્વર દલપતરામજીની ટીકાવાળું "પ્રવીણ સાગર"

બાર ચલાવતો અને જરૂરી પ્રસંગે પોતાની સ્ત્રીનાં ઘરેણાં વેચીને પણ નિભાવ કરતો.

એ પ્રમાણે માંડમાંડ કુટુંબનો નિર્વાહ ચાલતો, છતાં પણ કોઇ વાતની અડચણ છે, એ વાત સદાચરણી અને લક્ષ્મી શેઠને કાને જવા દેતાં નહિ. શેઠ હમેશાં સંતોષમાં રહે અને તેમને કોઇ પણ રીતે કંઇ ક્લેશ ન ઉપજે, એ કરતાં તેઓ બીજું કંઇ વધારે પ્રિય ન ગણતાં. વિવેકબુદ્ધિની સહાયતાથી પોતાના પિતાનો સંસારમાંથી ઉદ્ધાર થાય, તથા આત્મોન્નતિને માટે પરમાત્માની આરાધનામાંજ માત્ર તેમની વૃત્તિઓ સ્થિર રહે, એજ ખરો મુક્તિ માર્ગ, એજ ખરૂં ધર્મનું ફળ, એજ પરમાનંદ અને એજ હિતકરણી વિધિ આ જોડું સમજતું હતું. અર્થાત્ પરલોકમાં વિચરવાને વખતે ક્ષમા, દયા, પરોપકાર, પ્રીતિ, ભક્તિ, સ્નેહ, ત્યાગ, તિતીક્ષા, ધૈર્ય, શાંતિ, આનંદ, પવિત્રતા, સત્યનિષ્ટા, અને ન્યાય પરાયણતા ઈત્યાદિ વાસનાઓમાં વૃત્તિઓ લીન રહે તો તેજ સદ્ગતિ થઇ કહેવાય, તેનેજ સ્વર્ગની પ્રાપ્તી થઇ કહેવાય, અને તેનેજ પ્રાણ વિયોગની પછી સુખાવસ્થામાં રહેવું કહે છે.

અંતકાળને વશ થયેલા ગુણવંતરાય શેઠની પવિત્ર વૃત્તિઓને પાપમાં નિયુક્ત કરવાવાળી કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, માત્સર્ય, નૈષ્ઠુર્ય, દ્વેષ, ભય, વિષાદ ઇત્યાદિ સતાઓનો સ્પર્શ ન થાય એટલા માટે સદાચરણી અને લક્ષ્મી આ વખત ફરીને હાથ નથી આવવાનો, એવું જાણીને સેવામાં તત્પર રહેતાં હતાં અને હવે અન્ય માણસનું આવાગમન પણ બંધ રાખ્યું હતું.

ગુણવંતરાયની માંદગીનું અતિ શોકકારક અને ભયંકર પરિણામ આવી પહોંચવા સુધી પણ દુષ્કૃતિએ પોતાના પતિની કોઇ પ્રકારે સેવા કરવાની ફરજ બજાવી નહિ. તેણે કોઇ દિવસ પણ પોતાનો પતિ બિમાર છે, એવો ગમ ખાધો નહોતો, તેણે પાણી પીવાની પૂછા કરવામાં પણ કોઇ દિવસ પોતાની જીભનો ઉપયોગ કર્યો નહોતો. પોતાના સૌભાગ્યનો સૂર્ય અસ્ત પામે છે, પોતાને નાના પ્રકારના સુખ વૈભવ આપનાર પોતાનો સ્વામી હવે બે ઘડીનોજ માત્ર મહિમાન છે, કે જેણે પોતાની અનંત કુટેવો અને ક્રૂર સ્વભાવથી થતાં દુઃખ સહન કર્યાં છે, તે પતિની પાસે છેલ્લી ક્ષમા

માગવાનું પણ આ પાપિણી અને અભાગિણી સ્ત્રીને સૂઝ્યું નહિ! તેમજ તેણીનાં બે છોકરાં યોગ્ય ઉમરનાં છતાં પણ પોતાના પિતાને કંઇ ઉપયોગી નહોતાં, પરંતુ છેવટ શેઠનો અંતકાળ પાસે આવેલો જોઇને "પાછળ પોતાની શી વલે થશે? પોતાનું અને પોતાનાં સંતાનોનું ઉદર પોષણ શી રીતે થશે"? તેની ચિંતામાં એ અભાગિણી સ્ત્રી પડી. કેમકે તેનો પુત્ર દુરાચરણી તો પોતાનું પેટ ભરવાને પણ અશક્ત હતો, ત્યારે મા અને બેનની શી વાત? અને સદાચરણી તથા લક્ષ્મી સાથે તો બુરાઇ કરવામાં તેમણે કશું બાકી રાખ્યું નહોતું, કહેવત છે કે "નિયત તેવી મુરાદ+" યાને વાંચ્છના તેવું ફળ" એટલે હવે તેઓ જૂદાં રહી, પોતાનું ખર્ચ પોતે ચલાવશે, તો અમારો કંઇ હુન્નર ચાલશે નહિ; કારણ કે બંને છોકરા પરણેલા, યોગ્ય ઉમરના અને ધંધો કરી પેટ ભરે તેવી હાલતના છે. મિલકત તો કંઇ રહીજ નથી. ઉલટું આજ સુધી સદાચરણીએ જેમ તેમ ઘરનું ખર્ચ ચલાવ્યું છે." આવું વિચારીને હવે તેનું હૃદય કંપવા લાગ્યું, અને પોતાનાં કૃત્ય યાદ આવ્યાં, તેથી "હવે હું શું કરીશ"? એમ વિચારીને તે પોતાનાં બંને સંતાનોને લઇને શેઠની પથારી પાસે આવી.

દુષ્કૃતિ—"શેઠ! સાંભળો છોને? તમારી તો આ હાલત આવી, પણ (સાંધુ અને દુરાચરણીને બતાવીને) આમની કાંઇ ગત કરી? જીવતા જીવને શું નહિ જોઇએ? માટે તમારી જે કંઇ રોકડ મિલકત હોય તે હવે મને સોંપો!"

ગુણવંતરાય—(દુષ્કૃતિ તરફ આંખ ઉઘાડીને) પરમેશ્વરે તમને અપાર અને દુર્લભ દોલત આપેલી છે, તેના કરતાં વિશેષ કિંમતી દોલત આપવા માટે મારી પાસે નથી, અને એથી વિશેષ પ્યારી અને ઉપયોગી દોલત દુનિયામાં ગૃહસ્થોને માટે છે એમ હું માન્ય કરતો નથી, અને તેથીજ મેં પૈસા કરતાં આ (છોકરાં તરફ આંગળી કરીને) કિંમતી દોલતની વધારે જાળવણી કરી છે. વળી તેમની સારી કીર્ત્તિ અને કિંમત હલકી ન પડવાને માટે મારો

\+ "ઇચ્છે જેવું અવરનું, તેવું આપનું થાય;
નહિ માનો તો કરી જુઓ, જેથી તુરત જણાય."
ક૦ દ૦ ડા૦

રોકડ પૈસો વ્યાપારની કજામાં પૂરી દીધો છે. હવે મારી પાસે વિશેષ કંઇ નથી. માટે જો તમે તેનો યોગ્ય ઉપયોગ્ય કરી જાણશો તો મેં તમને પ્રથમ કહી તે કિંમતી દોલત અપાર છે. તે દોલત (દીકરા) પ્રત્યે પ્રીતિ રાખીને સંભાળજો, કે જેથી તમે ગુજરાનની ચિંતાથી મુક્ત થશો. અને એજ દૌલતની આરોગ્યતા અને ચઢતી માટે હમેશા ઇશ્વર પાસે પ્રાર્થના કરજો. મારી તો એજ ભલામણ છે, તે ધ્યાનમાં લેવી કે નહિ એ તમારી મરજી ઉપર છે, કેમકે કહ્યું છે કેઃ—

"લોભ અને ક્રોધને સર્વ ઉપાયોએ કરીને જીતવા એ મનુષ્ય જાતને મોટો તપરૂપ માર્ગ કહ્યો છે." વળી "મનુષ્યને સ્વકર્મના દોષથીજ વિષમ ગતિ પ્રાપ્ત થાય છે." માટે જો તમે પવિત્ર, ધર્મ, કર્મ અને કુળાચારથી હમેશાં રહેશો તો સર્વદા સુખી થશો, અને તમારી બાકીની જીંદગી સુધરીને તમે માનને પાત્ર થશો. અને અંતે પરમ ગતિને પામશો, એમ નિશ્ચય માનજો, એ મારી છેવટની શીખામણ છે."

ગુણવંતરાયનાં ઉપલાં સત્ય અને પવિત્ર વચનો પણ દુષ્કૃતિને પસંદ પડતાં નજ થાય એ દેખીતું છે. તથાપિ હવે તેનું મગજ કંઇક નરમ થયું હતું, કેમકે રોકડ પૈસા મળવાની આશા આમ વ્યર્થ ગઇ, એટલે પોતાનાં સંતાનો સહિતના ઉદર પોષણનો આધાર માત્ર સદાચરણી ઉપરજ રહ્યો. તેના મોઢાપર ક્રોધ, શોક અને નિરાશાનાં નિશાન પ્રત્યક્ષ દેખાતાં હતાં. તોપણ ભવિષ્યના વિચારથી કંઇ પણ બોલી શકી નહિ. પોતાની માને આમ નિરાશ થયેલી જોઇને દુરાચરણી તથા સાંઢુભાઇની પણ તેજ સ્થિતિ થઇ

આ દૂર્જીલી અને મૂર્ખ મતિવાળી સ્ત્રીના સહવાસથી ગુણવંતરાય સારી પેઠે ધરાયા હતા. વળી આ વખતના તેના કેવળ સ્વાર્થમય અયોગ્ય શબ્દો પણ શેઠને કાંટાની માફક ખુચતા હતા. તેમ સદાચરણી અને તેની સ્ત્રીના સદ્ગુણો અને લાયકીની શેઠને સંપૂર્ણ ખાત્રી હોવાથી આ વખત આ કુભારજાની કંઇ ભલામણ કરવા તેમને યોગ્ય દીસ્યું નહિ. પણ આ દુષ્ટમતિવાળી સ્ત્રીને કોઇમાં ભરોસો નથી, અને પોતે નઠારી ટેવોથી વીંટાયલી અને બૂરી વર્તણુંકને વળગી રહેલી છે તેથી તેને એમ સમજાય છે, કે સદાચરણી

શોકયનો પુત્ર હોવાથી પોતાના પિતાની મોં શરમે અમને પાળતો હતો. પણ તેમના ગત થવા પછી નાહ પાળે, અને તે સ્વતંત્ર થવાથી અમે તેનાં ઓશિયાળાં થઇશું, અને અમારો નિભાવ -કોણ જાણે શી રીતે થશે"! એવા એવા વિચારોથી તે નિરાશ થતી હતી; એમ શેઠ તેના ચેરા ઉપરથી સારી રીતે સમજતા હતા-તેમ સદાચરણી અને લક્ષ્મી પણ સમજે છે, એમ જાણી દુષ્કૃતિના જાતિ સ્વભાવ તરફ કંઇ લક્ષ આપ્યું નહિ. અને એ વેળાએ તેને દિલાસો આપવાનું તેમને યોગ્ય જણાયું, પણ તે દિલાસો સદાચરણી પોતેજ તેમના કહ્યા વગર આપે એવી શેઠની ઇચ્છા હતી. કેમકે સદાચરણી સાથેજ તેને હવે પાનારો હતો, તેથી તેના સ્વયં શબ્દો તેને કંઇક વધારે દિલાસા પાત્ર થશે, એમ ધારતા હતા. આવા વિચારમાંજ શેઠે જરા વાર પોતાની આંખોની પાપણો ઢાળી અને ફરીને ઉઘાડી સદાચરણી તરફ જોયુ, અને જાણે પોતાનાજ વિચાર સદાચરણીના હૃદયમાં ઉતારવા માગતા હોય, એવો ભાવ દરશાવ્યો. સદાચરણી પણ પોતાના પિતાનો ભાવ પ્રથમથીજ સમજી ગયો હતો, બલ્કે તેની પોતાની ઇચ્છા પણ આ વખતે દુષ્કૃતિને દિલાસો દેવાનીજ હતી, તેથી પોતાના પવિત્ર અને અચળ મનોભાવની દુષ્કૃતિને ખાત્રી આપવા તથા તેને ભ્રાંતિ રહિત કરવા માટે નીચે મુજબ બોલ્યોઃ—

સદાચરણી—માજી! અમૃતપાન કરતાં કોઇને તૃપ્તી થતી નથી; તેમ મારા પિતાજીની હયાતીની હજુ અમને ઘણી ગરજ અને તૃષ્ણા છે, તથાપિ દૈવઇચ્છાને આધિન થવું, એ મનુષ્ય માત્રની ફરજ છે, જે બનવાનુ છે તેમાં આપણી ઇચ્છાથી કંઇ ફેરફાર થતો નથી. અદ્યાપિ આપણી પડતી દશાનો અંત આવ્યો નહિ, અને હજુ ઉપરાઉપરી આપણાપર દુઃખના વરસાદ વરસ્યા કરે છે. સર્વે પ્રકારના દુઃખને ટાળી શકાય છે, પરંતુ માતપિતા આદિ કુટુંબીઓના મૃત્યુથી થતું અસહ્ય દુઃખ માણસને જિવિતપર્યંત બાળ્યા કરે છે. આપણા ઘરનો સૂર્ય આ વખતે અસ્ત પામવા જોગ સ્થિતિએ પહોંચ્યો છે. બલકે અસ્ત પામે છે, અને તે આપણ સર્વને અંધકારમાં મૂકી જાય છે. આપણાપરનું છત્ર પડવાથી હવે આપણે નિરાધાર થવાનાં; અમારા પુજ્ય પિતાશ્રીની હયાતીના અં-

તથી અમારી નિત્યની તીર્થયાત્રા બંધ પડવાની, અને આપણા અ-ભાગ્યને લીધે તેઓની ખામી કોઇ કાળે ટળવાની નથી, તેઓની ઉત્તમ રક્ષાનો લાભ હવે કોઇ કાળે મળવાનો નથી, અને તેઓ-ની ઉત્તમ ઈશ્વરપરાયણતાવાળી તથા ધર્મ, કર્મના ઉત્તમ માર્ગો બતાવનારી શિક્ષાઓ પણ હવે મળવાની નથી; તથાપિ પિતાપુ-ત્રના ગુણ કર્મ એક પ્રમાણેના હોય તો તે તેના સમાન વર્ણવિ શિષ્ટ કહેવું જોઇએ. તે પ્રમાણે મારા પિતાશ્રીના ગુણકર્મ ગ્રહણ કરવાનો હું મારો ધર્મ સમજું છું. અને તે બજાવવામાં બનતા સુધી કદી પણ કંઇ અડચણ નહિ આવવા દઈશ. માટે તમારે કો-ઇ રીતે ભિન્નતા કે ભ્રાંતિ રાખવીજ નહિ. જે દુઃખના ભોગ થઇ પડવાને માટે આપણે અત્યારે શોકાતુર બન્યાં છીએ, તે સિવાય કોઇપણ બાબતસર તમારે નિરાશ કે ઉદાશ થવાનું કંઇ કારણ નથી. પિતાજીના પુન્યપ્રતાપ અને તમારી આશીષથી સર્વ કાળે સર્વ કાર્યો યથાસ્થિત થયાં કરશે, અને અમો સર્વ તમારાં આ-જ્ઞાંકિત છીએ, એમ માનજો."

એ પ્રમાણે સદાચરણીએ પોતાની ઓરમાનમા દુષ્કૃતિને દિલા-સો આપ્યો, તે પછી પોતાના પિતા સમક્ષ હાથ જોડીને સદાચ-રણીએ નીચે પ્રમાણે ક્ષમા માગી:—

"તીર્થરૂપ પિતાજી! આપના પ્રતિ અમારાથી અનેક અપ-રાધો જાણે કિંવા અજાણે થયા હશે, તે સર્વની હું ક્ષમા ચાહું છું. અમો અલ્પ બુદ્ધિવાળાં આપના અનંત આભારોનો કિંચિત માત્ર પણ બદલો વાળી શકયાં નથી. આપની સેવા કરવાનો અમારો ખાસ ધર્મ યથાર્થ રીતે બજાવી શકયાં નહિ હોઇએ, અર્થાત્ જો-ઇએ તેટલી આપની સેવા કરીને અમો કૃતાર્થ થયાં નથી, અમા-રી બાળક બુદ્ધિની દુઃખદાયક વર્ત્તણુંકથી તમે જે કંટાળો અને પ-રિશ્રમ વેઠેલા છે, તેની કૃતજ્ઞતા અમે હયાતિ સુધી ધારણ કરીશું. વિશેષ આપ માયાળુ પિતાશ્રીના અનુપમ અનુગ્રહ અને આભારો વિષેનું વર્ણન કરવાની કિંવા તેનો બદલો વાળવાની અમારામાં શ-ક્તિ નથી; એટલે આપની સ્તુતિ કરવા માટે અમારૂં બુદ્ધિબળ વાપરવાને અશક્ત છીએ. અર્થાત્ આપના ઉપકારો અનંત છે."

"વળી અમારી હાલની નબળી સ્થિતિ અને લાચારીના કારણથી પુત્ર ધર્મ બજાવવા અર્થે આપનું મંગળ નામ કાયમ રાખવાની મનની ઉમેદો પાર પાડવાની પ્રતિજ્ઞા લેવા માટે અનાથોના નાથ એવા ઇશ્વરે હાલ અમને ભાગ્યહીણ બનાવ્યાં છે. તેવિષે સર્વશક્તિમાન ઇશ્વર અમારી બંને ભાઇઓની હયાતીમાં યોગ્ય પ્રાબલ્ય અને સંપત્તિ બક્ષી અમારી શક્તિ, બુદ્ધિ અને પવિત્ર વૃત્તિઓનો પ્રેરક થાય, એવી અહોનિશ અમે પ્રાર્થના કરીશું."

"આપના જેવા માતપિતાના પ્રતાપવડે હું માણસના ગુણોમાં આવ્યો છું અને હજુ આપના સહવાસની તથા આપની સેવા કરવાની મારી તૃષ્ણા તૃપ્ત થઇ નથી, તેથી ઇશ્વરપાસે યાચું છું કે, પુનર્જન્મમાં પણ આપ પુણ્યવાન પિતા અને સતિસ્વરૂપા માતાના પેટે ફરી અવતાર લઊં, એવી મારી આત્માના પવિત્ર ભાવ દ્વારાએ વિનંતિ ને યાચના સર્વજ્ઞ તે સર્વવ્યાપક દયાળુ પ્રભુ આ વખતે સ્વીકારી લેજો. હે ! પ્રત્યક્ષ દેવ–સૂર્ય નારાયણ ! તમારી સાક્ષીદ્વારાએ હું મારા પૂર્વોક્ત શબ્દો તે જગતકર્તા, જગદીશ્વરની પવિત્ર સેવામાં વિદિત કરૂંછું."

એ પ્રમાણે પ્રાર્થના કરી પોતાની પત્નિ સહિત પોતાના પિતાના પાદ પખાળી તથા પાદોદક ગ્રહણ કરી વંદના કરી માતાપિતાની ભક્તિમાં પ્રેમાળ સદાચરણી ગદગદ કંઠ થઇ ગયો, અને હાથ જોડી પિતા સન્મુખ સ્તબ્ધ બની ઉભો રહ્યો. અંતઃકરણ કરૂણામય થઇ જવાથી હજુ વિશેષ ભાષણ કરવાનું તેનાથી બની શક્યું નહિ, અને નેત્રોમાંથી પ્રેમ અને ઉદ્વેગના અશ્રુની ધારા ચાલવા માંડી.

ઇશ્વરની ગતિ અકળિત છે, અને તેની માયાનો પાર નથી. જન્મ અને મરણ એ પ્રાણી માત્રને માટે નિર્મેલાં છે. પરંતુ તેનું આવાગમન અનિયમિત છે, અને તે જુદા જુદા આકાર અને પ્રકારથી થાય છે. કોઇ માણસની મરણ સમયે વાચા બંધ થાય છે, એટલે શુદ્ધિ છતાં બોલી શકતાં નથી; કોઇ બેભાન થઇ જાય છે, કોઇની આંખો બંધ થઇ જાય છે; ઇત્યાદિ જુદા જુદા સંસ્કાર થાયછે. તેમ કેટલાક માણસોની હાલત કોઇ પણ પ્રકારે ન બદલાતાં વાતચિત કરતાંજ તેનો આત્મા પૂર્ણ શાંતિ અને શુદ્ધિમાં દેહથી જૂદો

થાય છે.

ગુણવંતરાય શેઠનું મૃત્યુ પાસે આવ્યું હતું, છતાં તેમને સર્વ પ્રકારની શુદ્ધિ હતી; તેઓ ખબરદારીથી વાતચિત કરી શકતા હતા. તેથી સદાચરણીની પ્રાર્થના સાંભળીને તેનું મન વિશેષ દ્રઢ કરવાને નીચે મુજબ બોલ્યા:—

"હે! પુત્ર! તું જાણ કે, સંસાર સ્વપ્ન સમાન છે, જેમ સ્વપ્નામાં નાના પ્રકારના બનાવ બનતા જણાય છે, અને જીવને સુખદુઃખ ભાસે છે, તેમ સંસારમાં સુખ દુઃખાદિ વૈભવ પણ અસ્થિર છે; અર્થાત્ તે સદાકાળ રહેતાં નથી, એ નિઃશંક છે; ને તેમાં પણ દુઃખથી મુક્ત થવાને કરેલા પુરૂષાર્થમાં ઇશ્વર અવશ્ય સહાયતા આપે છે. કેમકે તેમ ન હોય તો દુઃખમાંથી મુકત થવાને મનુષ્ય પ્રભુની યાંચના અને યત્ન પણ ન કરે. વાસ્તે દુઃખાવસ્થામાં આવી પડેલા મનુષ્યે ધીરજ રાખી સત્ય, શીળ, આદિ ગુણોનો ત્યાગ ન કરતાં પુરૂપાર્થ કરવો, અને પરમ કૃપાળુ જગત્પિતાની સાહ્યતા માગવી."

"મનુષ્યો બુદ્ધિએ કરીને મનના દુઃખને અને ઔષધોએ કરીને શરીરના દુઃખને નાશ કરી સમતાને પામે છે, તેજ વિજ્ઞાનનું સાર્થક છે, એ પૂર્વોક્તિ વચનો છે. જુઓ પાંડવો જેવા રાજપુત્રોને પણ સ્વર્ગ સમાન રાજસુખો છોડીને અસહ્ય દુઃખો વેઠવાં પડયાં હતાં, છતાં તેઓ ધીરજ, સત્ય, અને કુળના ધર્મ કર્મનો ત્યાગ ન કરતાં પુરૂષાર્થમાં પ્રવર્ત્ત રહ્યા, તો દુઃખમાંથી પાર થઇ ફરીને રાજ્યસુખને પામ્યા."

ભગવાન્ માર્કંડેય ઋષિ કહે છે કે-"કેવળ જ્ઞાન અને શુદ્ધ કર્મે કરીનેજ મનુષ્યનાં જરા, મૃત્યુ તથા વ્યાધિ નાશ પામે છે, અને ઉત્તમ પદની પ્રાપ્તી થાય છે."

ધર્મ વ્યાધ[2] કહે છે કે-"મનુષ્યને, કરેલાં કર્મનું ફળ અવશ્ય પ્રાપ્ત થાય છે; માટે તેણે તેની નિવૃત્તિનો ઉપાય કરવો, અને જો

---

૨ એ એક પારાધી, લોકના વૃત્તાંતને જાણનાર તથા નિરંતર ધર્મ પરાયણ અને મહા ડાહ્યો પુરૂષ હતો. તે પૂર્વે વેદકર્ત્તા બ્રાહ્મણનો પુત્ર છતાં શાપ યોગે શુદ્રયોનીમાં જન્મ્યો હતો.

મનુષ્ય પોતાના મનમાં ખેદનો ત્યાગ કરી, ઉપાય કરે તો કદી દુઃખ પામે નહિં."

"માટે વૃથા ખેદ કરવો નહિ, અને અંતકાળને વશ થયેલાને જોઇને ગભરાવું ન જોઇએ. કાળને વશ કોણ નથી થયું! તે વિષે સંક્ષેપમાં કહુ છું, તેપર લક્ષ આપ:—

ઓખાહરણની ચોપાઈ.

ક્યાં છે! દશરથ રામ બળિષ્ટ! સતી સાવિત્રિ સીતા શ્રેષ્ટ!
ક્યાં છે? કૌંતેય-પત્નિ દ્રૌપદી! કાળ કોને ન મૂકે કદી. ૧
વિશ્વામિત્ર, ભૃગુ, વેદવ્યાસ! નળ દમયંતીનો પણ નાશ!
ભીષ્મ, દ્રોણ, પૃથુરાજ આદિ, પૂર્વે થઈ ગયા નારદનાદિ. ૨
ક્યાં છે? ભોજ, યુધિષ્ટિર રાજા, કાળીદાસ કવિ-કુળ માજા?
ભારત ભૂષણ ભૂપતિ એવા, કામ ધામ રહ્યા છે કેવા? ૩
કરો ન્યાય, નીતિનાં કામ, જેથી રે'શે તમારાં નામ;
ધર્માચાર કુળાચાર પાળો, કુળને ડાઘ લગાડો ન કાળો. ૪
કૃત્યો કરવાં જે સૃષ્ટીમાં શોભે, નીચ કૃત્યો ન કરવાં લોભે;
દુરાચારીની છાપ છપાણી, ગઇ લાજ ન આવશે તાણી. ૫
કદી કિંચિત કૃત્ય કલંકી,-કીધું તો ન થશો નિષ્કલંકી;
દેખો દ્રષ્ટાંત દાના કહાવે, નીર મોભે નેવાંનાં નાવે. ૬
સજો સુંદર સાજ સમાજ, સ્વર્ગે જાવાની બાંધો પાજ;
નિત્ય નિયંતાને ભજો ભાવે, સુખ દુઃખમાં જે સાથે આવે. ૭
સહુ શાંત રહો જ્ઞાન દ્વારે, ઇશ્વર અચળ છે સૌની વારે;
આનો અંકન રાયને રંક, શુભ શિક્ષાનાં આઠે અંક. ૮

વળી બીજાં ધર્મશાસ્ત્રનાં વચન કહું તે સાંભળ:—

"જે પુરૂષ, ઉત્પન્ન થયેલા હર્ષને તથા દીનતાને સમાવતો નથી, તે સમૃદ્ધિ પામ્યો હોય તોપણ જેમ અપકવ મૃતિકાના પાત્રમાંથી જળ નાશ પામેછે, તેમ તેની સ્મૃધ્ધિ નાશ પામેછે."

અને "અધર્મમાં રૂચિમાન મૂઢ, અવળે માર્ગે ચાલનાર તથા કષ્ટરૂપ જન્મને પાસેલા પુરૂષો હોય છે, તે કદી પણ સુખ પામતા નથી."

જે પુરૂષ અદેખાઇ રહિત, યથાકાળે પ્રાપ્ત થવાથી હર્ષવાન

અને સત્યવાદિ હોય છે, તે અનાયાસે કરી આયુષ્ય અને સરળતાને પામે છે."

"જે પુરૂષની બુદ્ધિ શુભ પક્ષપાતમાં સદૈવ રહે છે, તે કાળ ધર્મને અનુસરે છે, તોપણ તેનું કલ્યાણ થાય છે."

પ્રિય વાંચનાર. ગુણવંતરાયના એ છેલ્લામાં છેલ્લા શબ્દો હતા; એટલું કહ્યું કે તેમનો અવસાન કાળ આવ્યો. અર્થાત્ તેના અમર આત્માએ નાશવંત દેહનો ત્યાગ કર્યો. ત્યાર પછી તે સમયને લગતી સઘળી ક્રિયા સદાચરણીએ યથાવિધિએ સંપૂર્ણ કરી.

હિંદુઓમાં નાતવરાની સખ્ત રૂઢી અને મમત બંધાઇ ગયેલ છે, તેથી નાણું કરજે કાઢી, જર જાગીરો ગિરવી મૂકી, કિંવા વેચીને પણ નાત તો જમાડવીજ જોઇએ. એવી મૂર્ખાઇ ભરેલી રીતમાં ઘણાક પાયમાલ થઇ ગયેલ છે. તે વિષે આગળ કેટલુંક વિવેચન કરી ગયા છીએ. હવે ગુણવંતરાય શેઠનું પરોજણ કરવા વિષે સદાચરણીએ યથાશક્તિ વિચાર બાંધી રાખ્યો હતો, પરંતુ દુષ્કૃતિ હજુ હયાત, હોવાથી એ બાબતમાં બીજા કોઇનો વિચાર કામ આવે તેમ નહોતોઃ દુષ્કૃતિએ વિચાર્યું કે શેઠના ગુજરવા પછી કંઇ રેતસેત–પૂંજી–રહી હશે, તોપણ તે સદાચરણી પાસે હશે, તેમ તેની વહુ પાસે ઘરેણું પણ છે, માટે તે સર્વ (શેઠના) આ અવસરમાં ખરચાઇ જાય તો ઠીક. તેથી ભાઇ પણ થંડા થઇ રહે, અને મારા કહેવા પ્રમાણે વરતે. બાકી જ્યાં સુધી તેમની પાસે કંઇ દોલત હશે, ત્યાં સુધી એ ધણી ધણીઆણી મારી દરકાર રાખવાનાં નથી. માટે એની પાસેનું સર્વ ફના થઇ જાય, અને મારી પાસેનું તથા મારા દુરાચરણીની વહુનું ઘરેણું આબાદ રહે, તો તેથી એ બુંને મારાં ઓશીઆળાં રહેશે." એવા એવા દુષ્ટ વિચાર કરીને દુષ્કૃતિએ સદાચરણીને બોલાવીને આ પ્રમાણે કહ્યુંઃ—

"તારા બાપના પરોજણ માટે શું ધાર્યું"?

સદાચરણી—માજી! આપણી હાલત વિષે તમે સારીપેઠે જાણો છો. હાલ આપણું ઉદરપોષણ શી રીતે ચાલે છે! અને કેટલું કરજ થયું છે? તોપણ "ફૂલને ઠેકાણે પાંખડી" પણ કરવા વગર ચાલે તેમ નથી, અર્થાત્ અવસર સાચવવો પડશેજ. માટે

જેમ બનશે તેમ ઠીક કરવામાં ચૂકીશ નહિ, તમે નિશ્ચિંત રહો."

દુષ્કૃતિ—અચ્ચા! ગમે તેમ હોય તોપણ તારી નાની મા પાછળ જે કાંઇ કરેલું છે, તેથી કાંઇ પણ વધારે કરવા વગર તો ચાલશેજ નહિ. કેમકે તેમ ન કરીએ તો નાત જાતમાં આપણી પોણી થાય. વળી તેઓ તો આપણા કુટુંબમાં ભાગ્યશાળી થઇ ગયા.

સદાચરણી—એ સરવે હું સમજુંછું. અને મને પણ ઘણી ઉમેદ છે, પણ કરવું શેમાંથી? તે સૂઝતું નથી. તમે જાણો તો છો કે ખાધા ખરચનું પણ ઠેકાણું નથી.

દુષ્કૃતિ—દીકરા! હું એ બધું જાણું છું. પણ પોણોસો વરસના થઇને પોતાની ભરીપૂરીમાં ઘર મૂકીને ચાલી નીકળ્યા, તેને કાંઇ નાંખી દેવાય? અને એ ટાણું ફરીને કંઇ પાછું આવવાનું છે? માટે કારજ તો રૂડી રીતે કરવું. હાલ આપણા ઘરમાં કાંઈ મિલકત નથી, તો જગ્યા ઉપર કંઇ વધારે પૈસા લઇને અને તેથી વધારે જોઇએ તો લક્ષ્મી વહુનાં ઘરેણાંમાંથી બે બાબ ઓછા થાય તો ચિંતા નહિ, કેમકે તે સમજુ છે, એટલે કાંઇ બોલશે નહિ. મોટી વહુનો તો મને ભરોસો નથી; પછી ચાર દિવસ વસમા ભોગવવા પડશે, તેમાં તને મુંઝવણ પડશે, તો મારો ટાંકલો ટીપલો છે, તે કામ આવશે."

સદાચરણીએ મનમાં વિચાર કર્યો કે "આ કંઇ બાકી રહેવા દે એમ લાગતું નથી. અને તેની સાથે કંઇ વધારે વાતચિત કરી રકઝક કરવામાં પણ માલ નથી. હવે જેવી ઇશ્વરની ઇચ્છા! આ પ્રસંગે જો તેના કહેવા પ્રમાણે નહિ કરૂં, તો તે ઘરમાં રોકટ કરશે; એટલુંજ નહિ પણ બાપનું પરોજણ બગાડયાની વાત પણ મારા ઉપર આવશે. માટે જેમ તે બતાવે અને કહે તેમ કરવું." એમ પોતાના મનમાં નક્કી કરીને તેણે દુષ્કૃતિને કહ્યું કે:—

"બહુ સારૂં માતાજી! તમને ગમ્યું તે ખરૂં! જેવી તમારી ઇચ્છા હશે, તેમ કરશું."

પછી દુષ્કૃતિના કહેવા મુજબ શેઠનું કારજ મોટી ધામધૂમથી બનાવ્યું. જગ્યા ઉપરથી પૂરા પૈસા ઉપાડતાં સદાચરણી પાસે જે

થોડું ઘરેણું હતું તે પણ બંધ બેસી ગયું! એ પ્રમાણે હવે સર્વ માત્ર લૂગડાં ભેર થઇ રહ્યાં! ભલે એક બીજાના મોં સામું જોયા કરે! સદાચરણી કમાવી લાવે તો ઠીક, નહિ તો ચૂલો વા ખાય! આવી રીતે એક દિવસ કાઢવો તેના કુટુંબને એક વરસ જેવો થઇ પડયો. એવી હાલતમાં દિવસ ગુજારવા લાગ્યા.

પ્રકરણ ૯ મું.

સદાચરણીની દુઃખદાયક સ્થિતિનો હજુ આટલેથી પણ અંત આવ્યો નહોતો. તેને કઠિણ કાળ ભોગવવામાં હજુ કેટલીક અધુરાશ હતી. તેના સદ્ગુણ, નીતિ, ધર્મ, ધૈર્ય અને ડાહાપણની કસોટી હજુ પૂર્ણ થઇ નહોતી. તેની ઊંચા પ્રકારની અને કેળવણી પામેલી બુદ્ધિ, શુભવૃત્તિ અને હુશિયારીની પરીક્ષા થઇ, કદર થતાં દરમ્યાન ઇશ્વર પ્રત્યેની તેની દ્રઢ ભક્તિની કસોટી થવી બાકી રહેલી હતી. તથાપિ આપણે આગળ વાંચી ગયા તેમ તેના પર જે જે દુઃખો પડયાં હતાં તે આ દુનિયાના કોઈ પણ મનુષ્ય જાતને નિરાશ બનાવવાને થોડાં ન કહેવાય. અર્થાત્ સદાચરણીપર પડેલી પીડાઓ એક સાધારણ મનુષ્યનાં કલેજાંમાં સમાઇ ન શકે તેવી—અસાધારણ હતી.

મનુષ્યના મનપર સંકટનો ભાર ઘણો વધી જવાથી તે ઝીલી શકતું નથી. દુઃખની જવાળાનો જોસ વધવાથી અવશ્ય તે ઉભરાઇ જાય છે. ઉભરો બહાર નિકળ્યા સિવાય ચિત્તશાંતિ થતી નથી. જો કોઇ પ્રકારે દુઃખથી મુંઝાયલા અંતઃકરણનું સમાધાન ન થાય તો તે ફાટી જાય, અને મનુષ્યનું કદાચ મૃત્યુ થાય.

મનુષ્યોએ એકાંત કરતાં અન્ય જનોના સમાગમમાં રહેવું વધારે સલામતી ભરેલું છે, કેમકે એકાંતમાં ઘણીવાર નવરા બેશી રહેવાથી અનેક માઠા તર્કવિતર્ક થઇને મન શક્તિપર ઘણી માઠી અસર થાય છે, અને કદાચ ચિત્તવૃતિ ચળીત થઇને આત્મઘાત કરવા પણ તત્પર થાય છે.

સદાચરણી ઘણો ધૈર્યવાન છતાં પણ તેના પર થયેલા દુઃખ-

ના હુમલા તેને ભાગ્યેજ ઝંપવા દેતા. તેની પ્રિય ભાર્યા લક્ષ્મી અને મિત્રોના સમાગમ સિવાયનો સઘળો વખત તે દુઃખ સમુદ્રમાં ડુબેલાની પેઠે કાઢતો હતો. એટલુંજ નહિ પણ હવે તો પોતાના પદરની પેદાશનો ઉદ્યોગ કરવાને પણ તે અશક્ત બન્યો; કેમકે ઘરનો સઘળો ખટરાગ માથે આવી પડયો, તેમાં વળી દુષ્કૃતિ તેને હરવખત સંતાપ્યા કરતી, જો તેને મોં ન આપે, તો તે રોપીટ કરવા માંડે, તેથી હવે શું કરવું? કયાં જવું? અને કેમ જીંદગી ગાળવી? ઇત્યાદિ વિચારોમાંથી એક પળ પણ તે કવચિતજ નિવૃત્ત રહી શકતો હતો.

લક્ષ્મીનો પિતા એક મોટો સમૃદ્ધિવાન્ અને આબરૂદાર ગૃહસ્થ હતો, તથાપિ અવશ્યના કારણ સિવાય તે ત્યાં રોકાતી નહિ. જ્યારે સદાચરણી બહારથી ઘરમાં આવતો ત્યારે હમેશાં હાજર રહી લક્ષ્મી તેના દુઃખમાં ભાગ લઇને તેની આગતા સ્વાગતા કરતી. અને તેનું દુઃખ દૂર થાય એવા હરેક ઉપાય આચરતી. આવી સદ્દગુણ મૂર્ત્તિ સ્ત્રીના સહવાસમાં સદાચરણી પણ ઘડીભર પોતાનું સઘળું દુઃખ વીસરી જતો.

એક દિવસ લક્ષ્મીની માને કંઈ મંદવાડ હોવાથી તે પોતાને પિયેર ગઇ હતી. બપોર પછી ચાર વાગ્યાને સુમારે સદાચરણી ઘેર આવ્યો. અને પોતાના ઓરડામાં ગયો, પણ ત્યાં લક્ષ્મીને જોઇ નહિ, તેથી ત્યાં તેના ચિત્તને શાંતિ આપવા તથા વિચારોની અદલાબદલી કરવા માટે મધુરભાષિણી લક્ષ્મી સિવાય અન્ય સાધન નહોતું. દરેક માણસને પોતાના ગુપ્ત વિચારો જણાવવા માટે એક ખરા મિત્રની જરૂર છે, અને તે ખોટ ઘણું જગોએ લાયક સ્ત્રીથી પૂરી પડે છે. સદાચરણીને માટે આ પ્રસંગે તે (સ્ત્રી) મિત્ર ન હોવાથી વિચારો અને તેથી થતી દિલગીરીનો બોજો તેનાપર વધતો ગયો. સઘળાં દુઃખો સામટાં હમણાંજ જાણે આવી પડયાં હોય, તેમ તે પોતાના મનનું સમાધાન કરવા માટે તદ્દન અશક્ત થઇ પડયો. યાને તે પોતાના અંતઃકરણને કબજે રાખી શકયો નહિ. તેના મનનો શોક ઉભરાઇ જઈને આંખો વાટે બહાર વહેવા લાગ્યો. માતપિતાના વિયોગની અસર આ વખતે તેના અંગોઅંગમાં વ્યાપી ગઇ. આ પ્રમાણે

શોકાતુર થયેલો આ તરૂણ પુરૂષ નીચે પ્રમાણે પ્રભુ પ્રાર્થના કરવા લાગ્યો:—

"હે! પ્રભુ! અમારી (સ્ત્રી પુરૂષની) શરૂઆતની સુખદ જીંદગીમાંજ તેં આગળ એક પછી એક દુઃખોનો વરસાદ વરસાવ્યો છે, અને હજુ કેટલા વખત સુધી તે જારી રહેશે! કિંવા તેમાં વધારો થશે! તે અમે સમજી શકતાં નથી. આવાં અસહ્ય દુઃખો અમારાપર આવી પડશે, એવી કલ્પના સરખી પણ અમે કરી નહોતી. હે ઇશ્વર! તારી ગતિ ન્યારી છે. તારા પરમ ધાર્મિક કાયદા પ્રમાણે તો તેં અમને યોગ્ય ફેંસલા આપ્યા હશે. પણ અમે અજ્ઞાની મનુષ્ય તેનું કારણ સમજી શકતાં નથી. તેથી અમને તો એવુંજ ભાસે કે એ અમારાપર તારા તરફથી જુલમ ગુજરેછે! કેમકે અમે પૂરી સમજણમાં આવ્યા પછી ઇરાદા પૂર્વક તારી એકે આજ્ઞા ઉલ્લંઘન કરી નથી. છતાં અમારી પિતૃ અને માતૃ ભક્તિવિષેની ઉત્કંઠા ભરેલી પવિત્ર મનોવૃત્તિ પૂરાવામાં લીધા વગર ફરજ બજાવી શકવા જેવા થવાની શરૂઆતમાંજ તેં નિષ્ફળતાની નોટીસ (ચેતવણી) આપી! અને ઉપરા ઉપરી દુઃખના ઝપાટા મારી નિરાશ કર્યાં છે. પણ નહિ, હું ભૂલું છું. તું સમગ્ર જગતનો દયાળુ પિતા અને પાળક છે, અમે અજ્ઞાન મતિનાં પામર પ્રાણી તારા દાસ, અન્યાઈ અને અવિચારી છીએ. અમારા મૂર્ખતાના શબ્દોપર લક્ષ આપીશ નહિ, તારે અમારાં અનેક વાંક માફ કરી અમારા કલ્યાણ માટે લક્ષ આપવું જોઇએ; કેમકે તું પ્રાણી માત્રનો ક્ષમાશીળ અને પાળક મહાન્ પિતા છે, અમે મનુષ્ય પ્રાણી માત્ર તારાજ ભરોસાથી અને તારીજ ભક્તિ કરીને સંસાર સમુદ્રને તરી પાર થવાની આશા રાખીએ છીએ."

"હે! પરમ દયાળુ જગદીશ્વર! મારાપિતાની હયાતી સુધી તો માતુશ્રીના મૃત્યુ–વિયોગ દુઃખને હું વીસરી શકતો હતો. તે સુખ પણ તેં લાંબો વખત સુધી રહેવા દીધું નહિ, એટલે હવે તો અમારી સર્વ આશાઓ નાશ પામી. માત પિતાની હયાતીનો સ્વછંદપણે લહાવો લેવા યોગ્ય સુખ અમો પામર પ્રાણીઓ પાસેથી છીનવીને અમોને શું ઓછું દુઃખ આપ્યું છે? શું અમારી વયના પ્રમાણમાં આ બનાવો ઓછા પ્રતિકુળ કહેવાય! શું અમારાં સુખનાં સાધનો

માં થોડી ખામી થઇ કહેવાય ? અમો માતપિતાના આભારોનો બદલો વાળવાને યોગ્ય ઉમરનાં થયાં તે પહેલાંજ તેમને સ્વર્ગવાસ આપી અમને રઝળતાં મૂકી યત્કિંચિત્ પણ બદલો વાળવાને વખત આપ્યો નહિ. * એ અમારે માથે શું થોડા જખાબદારી રહી કહેવાય ? અને શું થોડું અભાગ્ય કહેવાય ? પરંતુ જેવી તારી ઇચ્છા અને જેવાં અમારાં પૂર્વ કર્મ ! એ બાબતમાં જો અમે તને દોષ દઇએ તો તે કેવળ અમારી ભયભીત દિલગીરીના તરફડતા જોરસાને લીધેજ.—

" હે ! અનાથોના નાથ ! નિરાધારોના આધાર ! ત્રિલોકપતિ વિશ્વંભર ! સર્વ શકિતમાન્ ઇશ્વર ! અમે અમારા શુદ્ધ અંતઃકરણથી આશા રાખીએ છીએ કે, મારાં સ્વર્ગવાસી માત પિતા જે જીવનપર્યંત અમારા કલ્યાણ માટે કાળજી રાખતાં હતાં, તે ત્યાં (સ્વર્ગમાં) પણ અમારા માટે તેમજ કાળજી રાખવાની ઇચ્છા કરશે; તેમની ઇચ્છા તું ફળીભૂત કરજે, એજ તારા પ્રત્યે અમારી નમ્ર પ્રાર્થના છે.—

" રે ! મારી માયાળુ માતા ! તું કયાં ગઇ ? તું ઘડીવાર પણ મને ભૂલતી નહિ, અથવા મારાથી દૂર થવાની ઈચ્છા ન કરતી, અને કોઈ પ્રકારે દુઃખ ન થવાની ખાતર અનેક ઉપાયો કરતી, તો હું આવા સંકટના સમયમાં છતાં તુ મારી પાસે આવી મને કેમ સહાય કરતી નથી ? મને મહાન્ દુઃખમાં મૂકી તુ કેમ નિર્ભય થઇ છે? અનેક દુઃખોના સમુદાયનો ભાર મારૂં નિરાધાર અને નિર્મળ અંતઃકરણ ઉપાડી ન શકવાથી ફાટી જાય છે. તેને ધીરજ આપી શાંત કરવા માટે, હે ! હમેશની દયાળુ માતા ! આજ તને કેમ દયા આવતી નથી ? મારાં અસહ્ય દુઃખોનું નિવારણ તારા વગર બીજું કોણ કરી શકશે ? પદે પદે તારાં કલ્યાણકારી અને અમૃતમય વચનોની મને ઘણી જરૂર પડે છે. અરે ! સાક્ષાત્ ભગવતી દેવી ! ઘરની સઘળી શોભા, સઘળો વૈભવ અને

* જેમને માતપિતાના ગુણો સંબંધી જ્ઞાન હોય છે, તેઓએ ગમે તેટલી સેવા કરી હોય તોપણ તેમના ઉપકારનો બદલો વળી રહ્યો એમ માનતા નથી.

સઘળી રિદ્ધિસિદ્ધિ તનેજ વરેલી હતી, તે સઘળાં સુખો તારી સેવા ગારેજ હતાં, હે સઘળું તારાજ ભાગ્યનું હતું, એમાં કાંઇ પણ સંદેહ નથી. ”

એ પ્રમાણે બોલતાં બોલતાં દુઃખથી ઘેરાયલો સદાચરણી વળી નીચે પ્રમાણે બોલવા લાગ્યોઃ—

દોહરા.

માજી! તુજ મૃત્યુ થકી, પળ પળ મન મુંઝાય;
કિંચિત કરૂણા આણીને, દે દરશન મુજ માય! ૧
વર્ણન તુજ આભારનું, કદી ન કરી શકાય;
પાર પામવા પુત્રને, દે દરશન મુજ માય! ૨
સુખ દુખ સરજ્યાં ઇશ્વરે, પણ અમપર અન્યાય;
અનેક અવતારો થતાં, મળવાનાં નહિ માય! ૩
માતા! માતા! મુખ થકી, બોલું બોલ સદાય;
ઇચ્છું છું અતિ ઉરવિષે, દરશન કરવા માય! ૪
પળ પળ આવી મૂકતો, મસ્તક ખોળા માંય;
તે મસ્તક મુંઝાય છે, કર તું કરૂણા કાંય. ૫
ચિત્તભ્રમિત અતિ થાય છે, દુઃખ ન મુજથી ખમાય;
તુજ સમાન મુજ યોગ્ય તે, મળશે ક્યાંથી માય? ૬
જે સ્થાનક સોહામણું, ઝાંખુ તે દેખાય;
વિયોગ વ્હાલી માતનો, મુજથી કેમ ખમાય? ૭
બોધતણાં શુભ વચન તુજ, (હવે) ક્યમ મુજથી લેવાય?
મુજ હિત કારણ મે'રથી, દે દરશન મુજ માય. ૮
તુજ છબી મારાહૃદયમાં, રાતદિવસ દેખાય;
પણ દર્શણ પત્યક્ષ દે, દયા કરો મુજ માય! ૯
અરે! કર્યું અવળું અતિ, હે પ્રભુજી! જગરાય!
મૃત્યુ વિયોગજ માતનો, એ દુઃખ કેમ ખમાય? ૧૦
મમતા માયા મેલીને, કર્યો સ્વર્ગનો વાસ;
માયાળુ માજી! તમે, રડતા રાખી દાસ. ૧૧
દૂર થકી દેખી મને, મા તુજ મન હરખાય;
મુજને ગણુતિ અલભ્ય તું, એ સુખ કેમ ભુલાય? ૧૨

આ સંકટ સમુદાય તે, હે પ્રભુ! ત્રિભુવનરાય!
મા કહેવું મૂળે ગયું, એ દુખ કેમ ખમાય? ૧૩
અરે! હાય આ શું થયું? મનની રહી મનમાંય;
સધાવિયાં સુખ સાધનો, એ દુખ કેમ ખમાય? ૧૪
તનુજતણી સંભાળ તું, લેતી પળ પળ માંય;
અકસ્માત ચાલી ગઇ, એ દુખ કેમ ખમાય. ૧૫
અનર્થ ને અન્યાયથી, અળગા રહેવા માય!
શીખામણ શુભ શબ્દ તુજ, તે સુખ કેમ ગ્રહાય. ૧૬
એક દિવસ દીઠા વિના, જો કદી નિષ્ફળ જાય;
(તો) ચિત ચિંતા અતિ આણતી, એ સુખ કેમ ભુલાય? ૧૭
તુજ છબિની છાયા સદા, મનમાં લઇ સાક્ષાત;
મકકન મન આણી અતિ, ભજીશ દિન ને રાત. ૧૮

એ પ્રમાણે માતાની સ્તુતિ કર્યા બાદ ફરી પિતાની સ્તુતિ અને વિલાપ કરે છેઃ—

લલિત છંદ.

અરર તાતરે! ક્યાંહરે ગયો, નિરપરાધી હુ એકલો રહ્યો;
ફિકર છોડિને, સ્વર્ગ ભૂમિમાં, જઇ રહ્યા તમે દેવપૂરીમાં. ૧
નચિંત થૈ રહ્યા દેવ લોકમાં, નજર તો કરો પુત્ર શોકમાં;
નગર વ્યાધિના ફંદમાં પડ્યો, ફરજ ફાંસમાં રંક હું અડ્યો. ૨
કઠિણ કાળ આ કેમ કાઢવો! વિકટ માર્ગ આ કેમ વાઢવો!
કરમ બંધનો કેમ છૂટશે! જીવતરે હવે શી ગતિ થશે! ૩
ચિતની તો રહી ચિત્તમાં ખરી, જણવીએ હવે આશ ક્યાં જરી?
તમભિળાપ તો ક્યાં હવે કરૂં, અલભ છે અતિ જો કદી મરૂં. ૪
મુજતણા હવે, હાલ શું થશે? દુખ મહીં હવે શી મણા હશે!
ગજબ ગૂજર્યો છે અતિ ઘણો, અંતજ આવશે કેમ તે તણો? ૫
દુખિત દેખીને સાહ્યતા કરો, અરજ પુત્રની આ દિલે ધરો;
મન વિષે લઇ, સ્તૂતિ ગાહરી, કંઇ કૃપા કરો દાસને ખરી. ૬
દિવસ રાતમાં સુખતો નથી, દુખ કશું કહું મુખથી કથી!
સ્વરગ મારગે સંચર્યા તમે, વિકટ વિશ્વમાં દુઃખી તો અમે. ૭
અમન ચેનમાં રાખતા હતા, ખુશીવિષે રહી ખેલ ખેલતા;
ક્યમ તમે નથી તાત ઉઠતા, વિપતિમાં દિસે પુત્ર ઉગતા. ૮

છંદ શાર્દૂલવિક્રિડિત.

પૂરા પ્રેમ પ્રતાપ આપ સુખથી, પૂજ્યા નહિ તાતને,
જેથી થાય મનુષ્ય પાર સહજે, સંસાર સાક્ષાતને;
કીધી કાંઇ ન સેવ શ્રેષ્ટ સુખુપે, ચાલી ગયા તાતરે!
શી રીતે પ્રભુ માય પાસ મુજને, માફી મળે શું કરે? ૧

એ પ્રમાણે છેલ્લુ વાકય બોલવાની સાથે સદાચરણી જમીન ઉપર પડી ગયો. પિયરમાં ઘણો વખત વીતી ગયાના કારણસર જરા ઉતાવળે ઉતાવળે આવતી લક્ષ્મીએ ઘરમાં પેસતાં તેનો ધબકારો સાંભળ્યો કે, પોતાના પતિના ઓરડામાં દોડી આવી. સદાચરણી જોકે છેક બેશુદ્ધ થયો નહોતો તથાપિ દુઃખના બોજાએ તેને પાડી નાંખ્યો હતો; લક્ષ્મીએ તરત તેને ઉચકીને ખુરશી ઉપર બેસાડયો. ઘરની વિકટ વ્યવસ્થા અને તેને અંગે પતિને થતું દુઃખ જોઇને તેનું પણ અંતઃકરણ ભરાઇ આવ્યું.

સ્ત્રી પુરૂષ કે કોઇપણ પ્રકારનો સંબંધ ધરાવનાર સ્નેહી, મોટી આફતમાં આવી પડેલ હોય ત્યારે તેમાંનો એક માણુસ આવી પડેલ આપદાનો હીસો આવવાથી રડે, કે દિલગીર થાય, તેવે પ્રસંગે જોકે એ દુઃખ બંનેને સમાન છે, તેમ પહેલા માણુસનું રૂદન કે શોક જોઇ બીજાનું દિલ પણ ભરાઇ આવે, એ નિઃશંક છે, તોપણ બીજાએ પોતાના દિલને વશ રાખવાની અતિશય અગત્ય છે. કેમકે તેમ ન કરવાથી વખતે બેજ માણુસના (સ્ત્રીપુરૂષ, દોસ્ત, ભાઇ ઇત્યાદિ) સમાગમમાં જો બંને એકસરખી સ્થિતિમાં ગિરફતાર થાય તો પછી તેઓના શોકનો તે પ્રસંગે અંત આવવો કઠણથી થતા શાંતિ લાભથી ઉલટો થાય છે, એમ ડાહ્યા માણુસમાં સ્વાભાવિક સમજ હોય છે. વૃદ્ધ અને તરૂણ અવસ્થાનાં નિપુણ મનુષ્યો, એ પ્રમાણે દ્રઢતા રાખવી, એ પોતાની ફરજ સમજે છે. અને એ પ્રમાણે કરવું એમાં પોતાની મોટાઇ, સરસાઇ અને ડહાપણ માને છે.

લક્ષ્મી બુદ્ધિમાન, કેળવાયલી અને શાણી હતી. તેથી (તેનું અંતઃકરણ પીગળ્યા છતાં પણ) તેણીએ ધીરજ ધરીને વિચાર્યું કે "હું અબળા છતાં આ વખતે મારે મનની કોમળતાનો ત્યાગ કરી

ધીરજ ધરીને મારા પ્રાણનાથની આસનાવાસના કરવી જોઇએ. કેમકે સ્વામીને સાજા થવું એ સતિનો ધર્મ છે.”

એમ વિચારી લક્ષ્મીએ, પોતાની સાડીના છેડાથી પતિના અશ્રુ લોઇ થંડો વાયૂ ઢોળવા માંડયો. થોડીવારે સદાચરણી બરાબર શુદ્ધિમાં આવ્યો, ત્યારે લક્ષ્મી પોતાના મધુર સ્વરથી આદર સહિત નીચે પ્રમાણે બોલી તેને દિલાસો આપી શાંત કરવા લાગી.

લક્ષ્મી—પ્યારા નાથ! તમારા સરખા વિદ્વાન્ અને નિપુણ પુરૂષો જ્યારે આ સંસારની અસત્ય જાળમાં અટવાઇ જઇને પોતાની વિદ્યા અને બુદ્ધિને અસમર્થ કરશે, ત્યારે અમારા સરખી પોતાના પતિનાજ આશ્રયતળે રહેવાવાળી વનિતાઓની શી ગતિ થશે? તમારા જેવા તરૂણ અને મહા જ્ઞાની મરદો વિપત્તિના વેગને વશ થઇને વ્યર્થ ચિંતાથી ચિત્તને ચળાવશે, તો પછી કોમળ મનની માનુનીઓની અલ્પબુદ્ધિ શી રીતે ધૈર્યતા પકડી શકશે? આ પ્રસંગે દૈવે આપણને જે સ્થિતિ આપેલી છે, તેના તર્ક વિતર્કોમાં જો આપણે આપણા મનને છૂટાં મેલીએ, તો ખરેજ આપણે ગાંડાં બની જઇએ! અને મહા દુઃખ પામીએ.—

“એ વાત નિઃસંદેહ છે કે—જેમ અમૃતપાન કરતાં મનુષ્યને તૃપ્તી થતી નથી, તેમ માતપિતાની હયાતીથી સુસંતાનોને સંતોષ વળતો નથી. મુસાફરીમાં બે ઘડીના સમાગમવાળા મનુષ્યથી પણ વિયોગ થતાં દુઃખ થાય છે, તો જન્મ આપી, પાળી પોષી મોટાં કરનાર માતપિતાનો વિયોગ દરેક મનુષ્યને દુઃખકર થાય એ વાત દેખીતીજ સત્ય છે. વળી નવાણું વરસ સકાળ સુખો ભોગવ્યા છતાં સોમું વર્ષ દુકાળનું આવે તો જેમ વસમું લાગે છે, તેમ ઘણા કાળ સુધી માતપિતાનું સુખ ભોગવ્યા છતાં પણ અંતે વિયોગથી દુઃખ થયા વગર રહેતું નથી. તથાપિ આપ ખ્યાલ કરો કે— “માવિત્ર કોનાં બેશી રહ્યાં છે?” એતો સંસારને માટે ધોરી રસ્તો છે. તમારાં માવિત્ર શો પૂર્ણ ભાગ્યશાળી કહેવાય, કે જે તમારા જેવા પુત્ર પાછળ દુનિયામાં મૂકીને સ્વર્ગે ગયાં. આવા સમયમાં તેમની હયાતી ચહાવી, તે તો તેમના મુક્તિમાર્ગમાં વિક્ષેપ નાંખવા બરાબર છે. તેઓ પોતાની સુખી જીંદગી ભોગવીને ચાલી

ગયાં, તેથી તેમણે દુઃખના દિવસ જોયા નહિ. "દુનિયામાં ખરો સુખી કોણ ? કે જેની જિંદગીનો અંત સુખમાં જાય." આપણે આપ-ણા સ્વાર્થને સમજીને કદાચ હાલ તેમની જિંદગીને ઇછીએ છીએ, પણ તમે વિચાર કરો કે તેઓ અત્યારે હયાત હોય, તો આપણને શું મદદ કરી શકે ? તેઓ તો પોતાના સંચિત પ્રમાણે સંસાર યા-ત્રામાં પર્યટન કરી ગયાં. વળી તમારા તીર્થરૂપ પિતાશ્રીએ દેહ ત્યાગ વખતે તમને જે જે બોધ આપ્યો હતો, તેનું સ્મરણ કરો." એમ કહીને તેણે ગુણવંતરાય શેઠે મરતી વખતે (પ્રકરણ ૮ મા માં ઓખાહરણની ચોપાઇ) કહેલી કવિતા ગાઇ સંભળાવી. વળી તેણીએ કહ્યું કે–" કહેવત છે કે "દુઃખનો છેડો સુખ." જુઓ ન-ળરાજા અને તેની સ્ત્રીને શું શું દુઃખ પડયું હતું ? પાંડવોનાં ચરિ-ત્ર તરફ નજર કરો. તેઓએ બાર વરસ તો વનવાસ ભોગવ્યો હતો. તેમ સત્યવાદી રાજા હરિશ્ચંદ્રને કેવી નીચ સ્થિતિ ભોગવવી પડી હતી ? ઇત્યાદિ અનેક મનુષ્યોનાં જીવન ચરિત્રો તમે જાણોછો, માટે શાંત થાઓ, અને આવી પડેલા અને આવતા ઇશ્વરપ્રેરીત દુઃખો સહન કરવા માટે હિંમત પકડો. સત્પુરૂષો ધારતી અને દુઃ-ખથી હઠતા નથી. આપ મારા તેમજ કુટુંબના શિરછત્ર છો, માટે સર્વેનું રક્ષણ કરવાના ઉપાયો યોજવાની તમને જરૂર છે. તેમ ત-મારા આત્મા અને શરીરનું રક્ષણ પહેલે દરજ્જે કરવાની અગત્ય છે. કહ્યું છે કેઃ—

શ્લોક.

आपदर्थे धनं रक्षेद्दारान् रक्षेद्धनैरपि ॥
आत्मानं सततं रक्षेद्दारैरपि धनैरपि ॥६॥ १

(અર્થ—આપત્તિમાં સહાયભૂત થાય તે માટે દ્રવ્યનું રક્ષણ કરવું; દ્રવ્ય ખરચીને પણ સ્ત્રીનું રક્ષણ કરવું, અને નિરંતર પોતાના દેહનું રક્ષણ કરવા સારૂ સ્ત્રી તથા ધન એ બેઉને (પ્રિય ન ગણ-તાં) ઉપયોગમાં લેવાં.)

અર્થાત્ તમે આ પ્રમાણે તમારા આત્માને કષ્ટ આપશો, ત્યારે આપણે સંસારયાત્રમાં શી રીતે પ્રયાણ કરી શકીશું ? અને

તેનું સાર્થક પણ શી રીતે થઇ શકશે? કહ્યું છે કેઃ—આત્માને આનંદમાં રાખવાથી તેની ઉન્નતિ થાય છે. જિંદગી ભોગવવામાં ખાવા પીવાના ફાયદા સાથે મનને સારી હાલતથી આરામ અને આનંદમાં રાખવાની ઘણી અગત્ય છે, અને તેજ તનદુરસ્તીનું મૂળ છે, તેમ ઉદ્યોગમાં ફતેહમંદ થવાનું મોટું અને ખરૂં સ્વરૂપ છે" ઇત્યાદિ.

પોતાની પ્રાણવલ્લભા લક્ષ્મીનું આવું વિનયયુક્ત અને સત્ય ભાષણ સાંભળીને સદાચરણીનું અંતઃકરણ શાંત થયું. પોતાની સુખ દુઃખની ભાગિયણ નિપુણ સ્ત્રીના સમાગમથી તેને સુખ થયું. આવે અણીને સમયે પોતાનો સુખ દુઃખનો સાથી આવી પહોંચવાથી તેના દુઃખનો અંત આવ્યો.

સદાચરણી—પ્રિયા! તારા સઘળા શબ્દો સત્ય અને ગાન આપવા યોગ્ય છે, અને તે સર્વ હું માનું છું. "જે થાય તે સારાને" આ વખત પણ ઠીક આવી મળ્યો. હું જાણું છું કે આ જ સમય આપણા દુઃખનો અંત લાવવા માટેનો ઉદ્દેશ કરે છે. તું આ વખતે આવી પહોંચી તે પણ ઠીકજ થયું. હવે આપણે આ દુઃખમાંથી તરી પાર થવા માટે શાશા ઉપાય કામે લગાડવા? તેનો આજે અહીં અને હમણાંજ ઠરાવ કરવો છે.

લક્ષ્મી—જેવી આપ સ્વામીનાથની ઇચ્છા અને આજ્ઞા.

સદાચરણી—પણ એ ખાતે તારો શો મત છે? તે પહેલાં જાણવાની હું ઇચ્છા રાખુછું.

લક્ષ્મી—જેવી પ્રાણપતિની આજ્ઞા.

સદાચરણી—ત્યારે તારો અભિપ્રાય જણાવ.

લક્ષ્મી—પ્રિય, સ્વામીનાથ! આપ જાણોછો કે, સંસાર સ્વાર્થમય છે. સ્નેહી, સંબંધી સર્વે સ્વાર્થના છે આ વખતે તેમાંનો કોઇ આપણને મદદ કરે તેમ નથી; તોપણ પવિત્ર બુદ્ધિવાળા વિદ્વાન મિત્રોનો પ્રીતિભાવ સ્વાર્થ રહિત હોય છે. તેઓ પોતાના મિત્રો કિંવા સ્નેહીઓને શક્તિ પ્રમાણે સહાયતા આપવાની ફરજ સમજે છે, અને તેઓ (મિત્રો) આ પ્રસંગે પોતાનો ધર્મ બજાવવા પાછા નહિજ હઠે. ખરા મિત્રો પણ તેજ કે કષ્ટ કાળે સમાનપણે સાચી સહાયતા કરે. માટે મારી અલ્પમતિ પ્રમાણે મને એમ જણાય

છે કે, તમારૂં મિત્રમંડળ જે વિદ્વાન અને સુપાત્ર છે, તેમનો તમારે આશ્રય લેવો જોઇએ. જો કે તેઓ આપણી સર્વ સ્થિતિથી જાણીતા હોવા જોઇએ, તથાપિ અંદરની ધારણા તેમને તમારે જણાવવી જોઇએ, મનની વાત મનમાંજ રાખવાથી કંઇ સાર્થક થાય નહિ. કહેવત છે કે:—"માગ્યા વિના મા૫ણ ન પીરશે" માટે આજ આપ તેમને એજ કારણસર મળો, અને તેમની સલાહ પ્રમાણે વિચાર બાંધો તો ઠીક; એમ મને ભાસે છે, તે આપની આજ્ઞાથી હું વિદિત કરૂંછું.

સદાચરણી—પ્રિયા ! હું તારીજ સૂચના પ્રમાણે કરવા યોગ્ય ધારૂંછું. કેમકે આ પ્રસંગે મારા પ્રાણપ્રિય મિત્રો સિવાય બીજા કોઇની સલાહ મને ઉપયોગી થાય તેમ નથી. મને પૂર્ણ આશા છે કે તેઓ હરેક પ્રકારે આગ્રહ પૂર્વક મને મદદ આપવા આનંદ ધરાવશે. આજસુધી તેમને મેં સર્વ વાત માંડીને કહેવાનો પ્રસંગ લીધો નથી, તેઓ માત્ર આપણા સંબંધીની ઉપર ઉપરની હકીકતજ જાણે છે. માટે આજ હું તેમને સર્વ બિના જણાવીશ, અને આજ તે બાબતનું નિરાકરણ કરીશું.

એ પ્રમાણે વાતચિત્ત થયા પછી સાયંકાળનો વખત થવા આવેલો હોવાથી સદાચરણી પોતાના મિત્ર મંડળને મળવા જવા માટે વિદાય થયો.

પ્રકરણ ૧૦ મું.

હરેક ધારેલ કામ પાર પાડવાને તથા આનંદની વૃદ્ધિને અર્થે મળતા સ્વભાવવાળા મિત્રોના સમાગમની જરૂર છે. મનુષ્યને શ્રેષ્ઠ મિત્રમંડળ એ દુનિયામાં ઉન્નતિ મેળવવાનો ઉત્તમ રસ્તો છે. મનનો ઉદ્વેગ ટાળનાર, દુ:ખને ભૂલાવનાર અને દૂર કરનાર, મનના અનેક તર્ક વિતર્કો અને શંકાઓને દૂર કરી શાંતિ આપનાર તથા ભૂલ સુધારનાર સુમિત્ર સિવાય અન્ય કોઇ નથી. તેથી બુદ્ધિમાન પુરૂષો મિત્ર રહિત હોતા નથી. અર્થાત્ તેમને લાયક સદ્ગુણી મિત્ર કિંવા મિત્રો હોય છે. મહાન્ પદવીના પુરૂષોને જે વાત બીજા લોકો કહી શકતા

નથી, તે તેમના મિત્રો તેમને કહેવાને શક્તિમાન છે.

આપણે જેની વાત કહીએ છીએ તે જુવાન પુરૂષ પોતાની સમજ શક્તિની શરૂઆતથીજ એ બાબત અતિ ઉપયોગી અને કિંમતી જાણી આતુરતા સહિત તેનો શોધ કરવાની વૃત્તિ ધરાવતો હતો, તેથી સદ્ગુણ મૂર્તિ—સદાચરણીને પણ તેના જેવુંજ મિત્રમંડળ હતું. તેના મિત્રમંડળમાં તેના સરખાજ કેશવરાય, ચતુરસિંહ અને યશવંતરાય નામે સદ્ગુણી અને સુપાત્ર બીજા ત્રણ મિત્રો હતા. તેઓ અવકાશની વખતે એકઠા થઇને વિદ્યા વિનોદ, ગાયન, નીતિ ધર્મની ચરચા, ઇત્યાદિ વિષયોથી આનંદ મેળવતા. અને તેઓ સારા સારા ઉદ્યોગ અને સુધારાના શોધવિષે શોખ ધરાવતા હતા.

આગળ કહ્યા પ્રમાણે સદાચરણીએ પોતાની પત્નિ લક્ષ્મી પાસે પોતાના ઉપર આવી પડેલ દુ:ખ નિવારણાર્થે મિત્રમંડળની સલાહ લેવાનો નિશ્ચય કર્યો હતો. તે પ્રમાણે તે જવા નીકળ્યો, અને પ્રથમ કેશવરાયને ઘેર ગયો. તે સમયે ત્યાં બીજા બે મિત્રો પણ આવેલા હતા. અને સદાચરણીને જરા દેર થવાથી તે ત્રણે જણા તેના આવવાની રાહ જોતા, તેનાજ સંબંધી વાતચિત કરતા હતા. તેમાંના એક મિત્રે વિશેષમાં કહ્યું કે "સદાચરણી આ વખતે કેવી વિપત્તિમાં આવી પડયો છે? તેના દહાડા શી રીતે ગુજરતા હશે? તે આપણી પાસે કોઇ વખતે કંઇ જણાવતો નથી. અને તેના કુટુંબનું પોષણ ચલાવવા જેટલી પણ જોગવાઇ તેની પાસે રહેલી નથી. એટલુંજ નહિ પણ વળી વધારામાં તેની ઓરમા તેને સંકટની શળ રૂપ થઇ બેઠી છે. અને તેથીજ તે હમેશાં ગમગીનીમાં દેખાય છે. માટે આજ આપણે એજ બાબતની તેની પાસે ચરચા કરવી જોઇએ. અને આજના મેળાપમાં મિત્ર સદાચરણીના દુ:ખનો અંત આણવાનો રસ્તો મુકરર કરવો." એ પ્રમાણે એકત્ર વિચારથી નિશ્ચય કર્યો.

કેશવરાય—હજુ સદાચરણી આવ્યા નહિ, આટલી બધી વાર તે કોઇ ખાસ કારણ વગર રોકાય નહિ. વાસ્તે આપણે તેની ખબર કઢાવવી જોઇએ

એમ કહે છે, એટલામાં સદાચરણીને આવતો જોયો. તેનો ચહેરો શોકાતુર હતો, આંખો લાલ અને ભારે દેખાતી હતી, તે કંઇક ઉંડા ઉંડા વિચારોમાં હોય, અને કંઇ નવિન વિચારોમાં તેનું

મન મુંઝવાયલું હોય એમ જણાતું હતું. આજનો આવો દેખાવ જોવાથી મિત્રોએ તેને આનંદમાં રાખવા માટે પ્રથમથીજ તેના આવવા અગાઊ ગાયનની શરૂઆત કરવા ધારી. અને કેશવરાયે શિતાર હાથમાં લીધો, કે સદાચરણી પણ આવી પહોંચ્યો. એટલે સૌએ તેને આદર આપ્યો. તે પછી તરતજ સર્વ જણાએ સંગીતનાં જૂદાં જૂદાં સાહિત્યો લઇને મધુર સ્વરથી ગાયન શરૂ કર્યું.

ઘણા વિદ્વાનોનો એવો નિશ્ચયપૂર્વક અભિપ્રાય છે કે, ગાયન એ મનુષ્યના મનને પ્રફૂલ્લિત કરે છે, અને દિલને દોલતમંદ બનાવે છે, ચિત્તને ચતુર અને ચપળ બનાવે છે. અર્થાત્ મનરંજન કરવાનાં સર્વોત્તમ સાધનોમાંનું તે એક સાધન છે.

મહા કવિ-કાળીદાસ કહે છે કે—"ગાયન એ સુખીઓને સુખનો ભંડાર છે, દુ:ખી જનોને આનંદ આપનાર છે; સાંભળનારનાં કાન અને મનને આકર્ષે છે, તથા * * * * * *; ચતુર સ્ત્રીઓને ગાયન ઘણુંજ પ્રિય છે, અને જગતમાં ગાયન એ પાંચમો ઉપવેદ છે."

ગાયનથી મન રંજન થઇને હરેક પ્રકારની દિલગીરીનો એકવાર જરૂર નાશ થાય છે. વળી એ મગજને પ્રફૂલિત કરનાર વિષયથી અનેક પ્રકારની ચિંતાઓ દૂર થાય છે. તેથી મનની ગતિ આનંદના સ્વચ્છ રસ્તા ઊપર આવીને જીવને સુખ અને હુલ્લાસ પ્રાપ્ત થાય છે.

ગાયનથી આનંદ મેળવ્યા પછી સૌ મિત્રોએ સહજ વાતચિત કર્યાબાદ પ્રીતિ ભોજન (નાસ્તો) કરવા યોગ્ય ધાર્યું.

ખાવા પીવાની ખુબીથી પ્રીતિમાં વધારો થાય છે. પ્રીતિની ગાંઠ મજબૂત બંધાવાને માટે ભોજન વિધિ એ પણ એક સર્વોત્તમ સાધન છે, એટલે કે દિલને એકત્ર જોડવાની એ એક જબરી જુક્તિ છે, અને સંપનું મુખ્ય સાધન છે.

ખાત્રીથી કહી શકાય છે કે પ્રાચીન કાળના દાના વિદ્વાનોએ સાદી ગમી અને બીજા ઉત્સવના પ્રસંગે સ્નેહી સંબંધી, ન્યાત જાત વગેરેને પરસ્પર જમવું જમાડવું, એવો નિયમ બાંધેલો છે, તે કેવળ પ્રીતિ અને સંપની વૃદ્ધિ અને મજબુતાઇ માટેજ છે, એમાં સંશય

નથી. *

જગતનો કર્તા અને માણુસ, પશુ, પક્ષી, ઇત્યાદિ પ્રાણી માત્રનો પોષણ કરનાર ઇશ્વર એકજ છે. અર્થાત્ સર્વ જગતનો મહાન્ પતિ તે એકજ પ્રભુ છે. તેની ઇચ્છાથી આ જગત્માં ભિન્ન ભિન્ન સ્વરૂપો ઉત્પન્ન થાય છે. પણ તે સર્વનું ઉત્પત્તિ સ્થળ એકજ છે, માટેજ સંપ અને એકત્રતા તથા પ્યાર અને માયા રાખવાની મનુષ્ય માત્રની ફરજ છે.

એક પિતાના ઘણા પુત્રો હોવાથી ગમે ત્યારે પણ તેમનો નિવાસ અને વ્યવહાર પ્રથક પ્રથક થવાનો, તેથી કહેવત છે કે "આંગળીથી નખ વેગળા એટલા વેગળા" અર્થાત્ તેઓના દિલની તદ્દન એકત્રતામાં અંતર પડેજ, પરંતુ સંપ સલાહ કાયમ રહેવાની ખાતર વિવાહ ઇત્યાદિ પ્રસંગે એક બીજાને ઘેર જાવું આવવું, જમવું જમાડવું,* એ પ્રબળ બંધનો યોગ્ય છે. તેથી જમાના ને જમાના ચાલ્યા ગયા, તોપણ તે ધોરણ કાયમ છે.

સદાચરણીના મિત્ર મંડળે પ્રીતિ ભોજન કર્યા બાદ પાનસોપારી લીધા પછી સદાચરણીએ પોતાના સંકટની વાત કહેવાનો વિચાર કર્યો. અને " પ્રિય ભાઇઓ ! " એટલું બોલ્યો પણ તેની વચ્ચેજ કેશવરાયે તેને વિવેક પૂર્વક અટકાવીને કહ્યું કે—

" ભાઇ ! તમારે જે બોલવાનું છે, તે અમે જાણીએજ છીએ. માટે તે તમારેજ મોઢે બોલાવી તમને તસ્દી આપવા યોગ્ય સમજતા નથી.

ચતુરસિંહ—"અને આપણા આજનાજ મેળાપ વખતે એ બાબતની ચર્ચા કરવી " એમ અમે તમારા આવવા અગાઉ ઠરાવ કરેલો છે.

યશવંતરાય—પ્રિય સદાચરણી ! તમે હમણાં મોટા સંકટમાં આવી પડયા છો, અને તમારા દહાડા અતિ દુઃખમાં જાય છે; તે સર્વ વૃત્તાંત અમે સંપૂર્ણ રીતે જાણીએ છીએ. તમારી આવી હા-

---

* અમારો કહેવાનો એવો અર્થ નથી કે પોતાની શકિત અને સંપત્તિ તરફ નજર ન રાખી મોટા મોટા વરા કરી બરબાદ થવું; જેમ કે હાલના કેટલાક મમતી અને ભોળા ગૃહસ્થો કરે છે.

લત જોઇને અમે પણ નિશદિન એજ ચિંતામાં રહીએ છીએ, પ-રંતુ હવે એ બાબત ઘટીત ઉપાય લેવામાં એક પળ પણ વિલંબ ન થવા દેવા અમારો સૌનો મત થયો છે. અને હું આશા રાખુછું કે એટલું બધું છતાં તમે હિંમત કદી પણ છોડનાર નથી, તેમજ પરમેશ્વરના ઘરથી બિલકુલ નારાજ થવાના નથી.

ચતુરસિંહ—પ્યારા સદાચરણી! તમે કિંચિત માત્ર પણ મનમાં અંદેશો આણુસો નહિ, કેમકે આપણે "મિત્ર" એ સંજ્ઞાવડે એક બીજાને તન, મન, અને ધન વડે મદદ કરવાને બંધાયલા છી-એ. અને મિત્ર એજ કે જે મિત્રને કષ્ટ કાળે કામ આવે. પ્યારથી બંધાયલા પ્રાણીઓ યાને મનુષ્યોના આત્માનું કેવું ચિંતન અથવા અ-ધ્યયન હોય છે તે વિષે એક અંગ્રેજી વાર્તામાં તેનો કર્તા પ્રીતિમાં જોડાયલાં બે મનુષ્ય જાતનાં નિરંતરના વિચાર અને મનનવિષે કહે છે કે:-

"Their sole study was how to please
and assist each other" +

"(તેમનાં ઉમર (આત્મા) નો અભ્યાસ હતો કે પરસ્પર ખુ-શી અને મદદ કેમ કરવી?")

હું ખાત્રી પૂર્વક ધારૂં છું કે—આપણા ચાર મિત્રોમાં મિત્ર ધ-ર્મ બંધનના જ્ઞાનની કંઇ અપૂર્ણતા નથી. માટે તમારા દુઃખમાં ભા-ગ લઇ તમને સાહ્યતા કરવી, એમાં કંઇ વિશેષ કર્યું કહેવાય નહિ. હું ધારૂં છું કે શુદ્ધ અંતઃકરણથી મિત્ર ધર્મ બજાવવામાં કોઇપણ મિત્ર આંચકો ખાય, કે કંઇ ન્યૂનતા રાખે એમ નથી.

કેશવરાય—(સદાચરણી પ્રત્યે) પ્રિય બંધુ! તમારે કોઇ રીતે નાઉમેદ ન થવું, અને જે દહાડા ઈશ્વરે આપ્યા છે, તે ધીરજ થી ગુજારવા: તમે જાણો છો કે "દુઃખજ સુખને લાવનાર છે." તમે માતપિતાના કારજ ક્રિયાવરથી હવે કૃતાર્થ થયા છો. માટે ત-મારે હાલ અત્રે એક દુકાન ઉઘાડવી, તેમાં જે પૂજી (રાસ) જોશે તે અમે ત્રણ મિત્રો પૂરી પાડશું. પ્રથમ સાધારણ રોજગાર ચાલુ કરવો, અને પાછળથી જેમ જેમ અનુકુળ પડે, તેમ તેમ વહિવટ

+ પોલ અને વર્જિનીઆ.

વધારતા જવું. બીજી રીતે વિચારીએ તો તજવીજ કરવાથી કદાચ વીશ પચીશ રૂપિયાની નોકરી પણ મળે, પરંતુ મને પરાધીનતા પસંદ નથી, તથાપિ ખરૂં તમારા મનનું વલણ."

"વળી મારી તમને નમ્રતા પૂર્વક સલાહ છે કે, સારા નરતા દિવસ સૌને માટે છે, અને ચડતી પડતી પણ માણસ માટે છે. સરખા દિવસોનો વૈભવ હમેશા રહેવાનો કંઇ નિયમ નથી, અને જ્યારે એવા દિવસ ન આવતા હોય, ત્યારે દુનિયામાં પરસ્પરના ભરોંસા અને પ્યારની પરીક્ષા પણ કેમ અને કયારે થાય? માટે મારી સૂચના સર્વેને સંમતિ યોગ્ય જણાતી હોય, તો તે બાબતની ગોઠવણ કરીએ. દરમ્યાન તમારે ઘરના ખરચ માટે પણ જરા સંકોચ ન રાખવો. કેમકે અમારી આવકમાં તમારો પણ ભાગ છે. આપણ ચાર ભાઇઓ વચ્ચે કોઇ પ્રકારનો અંતર નથી. પ્રત્યક્ષ દેવ–સૂર્ય નારાયણની સાક્ષીએ આપણે એકબીજાના અંતઃકરણના સાથી થયા છીએ, માટે આપણામાંનો કોઇ કદાપિ તંગ હાલતમાં આવી પડે, તો બીજાઓએ તેના દુઃખમાં સર્વ પ્રકારનો ભાગ લઇ તેને તન, મન, અને ધનથી મદદ કરવી. તેથી તેમાં કોઇએ કોઇનાપર ઉપકાર કર્યો, એમ ગણાય નહિ. માટે તમને જે જે રીતની અડચણ હોય તે સંકોચ વગર અમારી પાસે તુર્તમાં પાધરી કરવી જોઇએ આગળ ઉપર મુલતવી રાખી, અયોગ્ય મુંઝવણ ભોગવવી ન જોઇએ. ઇશ્વર આપણી મિત્ર ધર્મ બજાવવાની લાગણી હમેશાં કાયમ રાખશે, એવી હું આશા રાખુંછું. હાલ ચાલુ ખર્ચને માટે આ રૂા. ૨૦૦ બસે તૈયાર છે, તે કૃપા કરીને સ્વીકારો. અને મેં કહેલી સુચના સર્વ મિત્રોને યોગ્ય જણાય તો તેની ગોઠવણ કરવાનું આવતી કાલ ઉપર મુલતવી રાખીએ."

આ વિચારને ચતુરસિંહ તથા યશવંતરાયે સંમતિ આપી, પરંતુ સદાચરણી તેને અનુમતિ આપતાં પહેલાં જરા અચકાઇને પછી બોલ્યો કે:—

"પ્રિય સન્મિત્રો! તમારા આ પ્રીતિયુક્ત વચનોજ માત્ર મને મારૂં સર્વ દુઃખ ભુલાવી દઇ અતિ આનંદની સાથે સુખ ઉપજાવે છે. આપણ ચારમાંથી એક જણની પણ પ્રબળ શકિત જ્યાં સુધી સર્વ

શક્તિમાન ઇશ્વરે કાયમ રાખી હશે, ત્યાં સુધી કોઇને પણ હરકત પહોંચવાની નથી. હું હાલે અતિ દુઃખી સ્થિતિને વશ થયો છું. તથાપિ આપ સરખા પરમસ્નેહી મિત્રોનો મને સંપૂર્ણ વિશ્વાસ સહિત આધાર છે, અને તેથીજ હું કોઇ રીતે લાચારીમાં આવી નાહિંમત અને નાઉમેદ થતો નથી. આ વખતના તમારા ઉપકાર, કબુલતો અને પ્રીતિથી ભરેલા ભાષણોની તારીફમાં હું બિલકુલ એક શબ્દ પણ બોલવા ચાહતો નથી. કેમકે જ્યાંસુધી સ્નેહ બંધાયો ન હોય ત્યાં સુધી આગતા સ્વાગતા (જે આગળ વધતાં ખુશામતનું રૂપ પકડે છે તે) કરવાની જરૂર છે, પરંતુ સંપૂર્ણ સ્નેહ થયા પછી એ ઉપચાર કરવાથી કપટમાં ગણાય છે." માટે તે બાબત કાંઇ ન બોલતાં હું માત્ર મારો ઇરાદોજ તમોને જાહેર કરવાનો ધારણા રાખું છું. અને તે આ પ્રમાણે છેઃ—

"હજુ પણ મારે મારી સ્વશક્તિ અનુસાર પુરૂષાર્થ કરવો જોઇએ. અને તે અહિં રહીને નહિ, પણ વિદેશમાં જઇ કરવો, તમોએ યોગ્ય પર્યટન કરેલાં છે, અને મારે હવે કરવાં જોઇએ હું ધારૂંછું કે દયાળુ ઇશ્વરની પણ એવીજ આજ્ઞા હોવી જોઇએ. ઘરમાં ભરાઇ રહેવાથી જગતની રચના, ઇશ્વરની કૃપા અને નશીબનો દેખાવ પાધરો થવો અશક્ય છે. માટે જો આપ સર્વ ભાઇઓની આજ્ઞા હોય તો મારૂં અંતઃકરણ એકવારતો અન્યભૂમિમાં નશીબ અજમાવવાની ઇચ્છા રાખે છે, કદાચ તેમ કરવાથી મને વધારે સંકટ ભોગવવાનો પણ વખત આવે, તો તે પણ સહન કરીશ. પણ હિંમત રાખીને એક સફરતો કરવીજ. કેમકે અંગ્રેજીમાં એક કહેવત છેકે-
" Heaven helps, those who helps them selves. "
(જેઓ જાતે મદદ કરે છે, તેમને પરમેશ્વર પણ સહાયતા આપે છે.) મારો આ ઇરાદો મંજુર રાખવાથી હું તમારા ઉપકારથી અળગો થવા માગું છું, એમતો નથીજ. કેમકે આથી તો તમને ઉલટી વધારે તકલીફમાં નાંખવા માગું છું, કારણકે મારા કુટુંબની સર્વ પ્રકારે સંભાળ રાખવાની ખટપટ પણ તમોનેજ કરવી પડશે. છેવટ હું જણાવવાની રજા લઉં છું કે આ મારો વિચાર મેં નક્કી કરેલો છે, અને તે વિચારને વધારે વખત ન લંબાવતાં કાલેજ મેં

તેનો અમલ કરવાં ધાર્યો છે. અર્થાત્ મારે કાલેજ વિદાય થવું છે. કેમકે ધારેલા કામમાં વધારે ઢીલ કરવાથી કદાચ ભવિષ્યકાળમાં તે નિષ્ફળ થવાનો સંભવ રહે. માટે જો સૌ એકમત થઇને હા કહો, તો હું ઘેર જઇને તૈયારી કરૂં. અને આવતી કાલે પહોર દિવસ ચડ્યા પહેલાં વિદાય થઇ જાઉં."

મરદો અને તેમાં વિશેષે કરી જુવાનીઆઓને માટે આવા વિચારો તેમના ભવિષ્યના સુખના વધારાની મજબૂત આશા ધરાવનારા છે. વળી દેશાટણ કરવું એ માણસ જાતની બુધ્ધિ, બળ, અને સદ્ગુણોની કીર્ત્તિ પ્રસરવાને ઉત્તમ રસ્તો છે. એ પ્રમાણે સર્વ મિત્રોનો એક મત થતાં તેમણે સદાચરણીને સંમતિ આપી, એટલે તેણે સર્વ પાસેથી રજા માગી.

કેશવરાય—હા, અત્યારે આપણુ સર્વેને જૂદા પડવાનો વખત થયો; પણ કાલ સવારે તમારે ત્યાં પાછા સર્વે મળીશું. પણ દરમ્યાન મને એક વિચાર આવ્યો છે, તેનો ખુલાશો થવાની જરૂર છે. તે એકે તમારી ઓરમાન મા અને ભાઇબેનને પનારે તમારી પ્રિયાને રાખી જવાથી તેને બહુ દુ:ખના દિવસ વીતશે. માટે પ્રથમથીજ તમારે તે બાબતનો કંઇ રસ્તો કરવા આવશ્યકતા છે."

સદાચરણી—તમારૂં કહેવું સત્ય છે. હું ઘેર જઇને મારો આ વિચાર જણાવીને પછી એ બાબતની કંઇ ગોઠવણ કરીશ.

એ પ્રમાણે વાતચિત કરીને સૌ પોતપોતાને ઘેર ગયા. સદાચરણી પણ પોતાને ઘેર આવ્યો. રાત્રીના ભોજનનો વખત થયો હતો. વાળુ કર્યા બાદ સદાચરણી પોતાના શયનગૃહમાં ગયો. થોડીવાર પછી વાળુ કર્યાબાદ ઘરના કામકાજથી પરવારીને લક્ષ્મી પણ પોતાના પતિપાસે આવી, અને બોલીકે:—

લક્ષ્મી—પ્રાણનાથ ! આજે આપે આપના મિત્રમંડળની સલાહ લેવાનું મુકરર કર્યું હતું, તેનું પરિણામ જાણવાને હું વિનંતિ કરૂં છું."

સદાચરણી—(મનમાં)—" અત્યારે સૂવાનો વખત થયો છે, અને જો હું તેને મારા જવા સંબંધીનો વિચાર હમણાં જણાવીશ તો તે દિલગીર થશે. અને તેથી રાત્રીનો બને આરામ લઇ શકશું.

નહિં." (એમ વિચારીને લક્ષ્મી પ્રત્યે કહે છે) "પ્યારી! અત્યારે વખત બહુ થયો છે, અને નિદ્રાવશ્ય થવાનો વખત પણ થયો છે. તું જાણે છે કે મનુષ્યને દિવસની ખટપટથી નિવૃત્ત થઇ રાત્રે આરામ લેવાની જરૂર છે. માટે જો આપણે અત્યારે એ સંબંધી વાતચિત કરીશું, તો આરામના વખતમાં ખલેલ થશે. માટે મારો વિચાર એમ છે કે, આપણે એ બાબત સવારે વાતચિત કરીશું.

લક્ષ્મી—જેવી સ્વામીનાથની આજ્ઞા અને ઇચ્છા.

એ પ્રમાણે વાતચિત કરીને આ તરૂણ પણ ડાહ્યાં અને નીતિજ્ઞ નરનારી સર્વશકિતમાન પરમેશ્વરની સ્તુતિ કરીને નિદ્રાવશ્ય થવાની ઇચ્છામાં સૂતાં. પરંતુ સદાચરણીને સવારે સિધાવવાનું હતું, તેથી તેના મનમાં તેજ વાત રમી રહી હતી. તેમ લક્ષ્મીને પણ પોતાના પતિનો વિચાર જાણવાની ઈચ્છા હતી. તેથી થોડે ઘણે અંશે તે બંને સ્ત્રી પુરૂષને નિદ્રામાં હાની થઇ. તેઓ ગંભીર અને ધૈર્યવાન છતાં પણ કંઇ કંઇ સંકલ્પ વિકલ્પમાં તેમણે રાત્રી કાઢી.

પ્રાતઃકાળે લક્ષ્મી વહેલી ઉઠી ઘરનું કામકાજ કરી નહાઇ ધોઇ ઉતાવળી ઉતાવળી પોતાના પ્રાણનાથ પાસે આવી; કેમકે તેણે જાણ્યું કે હું કામમાં રોકાયલી હઇશ, તો કદાચ તેઓ વહેલા બહાર જતા રહેશે. લક્ષ્મીએ આવતાંવેંત જોયું તો તેનો પતિ જાણે વિદેશયાત્રાએ જવાનો હોય, તેમ કપડાં લત્તાં ઉથલ પાથલ કરવામાં લાગેલ હતો.

આ હીલચાલ જોતાંજ તેના મનનાં શંકા ઉત્પન્ન થઇ, છતાં પણ શાંત ચિત્તથી તેણે પતિને પૂછ્યું કેઃ—

"પ્યારા પતિજી! આજ સવારમાં શી ખુટપટમાં લાગ્યા છો? મને તો કાંઇ નવીન તજવીજ કરતા હો, એમ લાગે છે.

સદાચરણી—મારી વ્હાલી! હા, તું ધારે છે, તેમજ છે. અને તે સંબંધે સઘળી વાત હવે હું તને કહું છું, તે તું સ્વસ્થ ચિત્તથી સાંભળઃ—

" પ્યારી! જ્યારથી આપણો મેળાપ થયો છે, ત્યારથી આજ પર્યંત જેવા દિવસ આપણને ઇશ્વરે આપ્યા છે, તેવા આપણે ભોગવ્યા છે, અને હજુ પણ તે પરમ પિતા જેવા દિવસો આપ-

શે, તેવા સહન કરવાનો આપણો ધર્મ છે. એકજ સ્થિતિ કિંવા વૈભવ કોઇનો સદાકાળ આ દુનિયામાં રહેતોજ નથી. આપણા લગ્ન પછી થોડા દિવસ આપણુને સર્વ પ્રકારના સુખમાં વિત્યા. ત્યારપછી દિન પ્રતીદિન તંગ હાલત અને ઘરના કલેશ કંકાસમાં આપણે ડૂબતા ગયા છીએ. હાલ તું વિચાર કરીશ તો તને જણાશે કે માત્ર આપણા એક દિલના પ્યાર સિવાય બીજું કંઇજ સુખનું સાધન નથી; તે સુખ પણ છોડવાને અર્થાત્ તારાથી જૂદા પડવાને દિલગીર થાઉં છું. પરંતુ દુનિયાના વ્યવહાર જાળવવા આપણા માથે આવી પડયા છે. અને તે સીધી રીતે ચલાવવાને હાલ આપણે બિલકુલ શક્તિમાન નથી. તેમ અહીંજ પડી રહેવાથી આપણી હાલત સુધરે એમ મને લાગતું નથી. ઇત્યાદિ કારણોથી મેં પરદેશ જવા નિશ્ચય કર્યો છે. અને તે વાત મારા મિત્રોએ પણ કબૂલ કરી છે. અને હું ધારૂં છું કે તારો વિચાર પણ જૂદો નહિજ પડે. તને જો અનુકુળ પડે તો ઘરમાં સાથે રહીને થોડા દિવસ કાઢજે, ચાહે તો જુદી રહેજે, અથવા મરજી થાયતો પિયરમાં રહેજે. તેમાં મારી ના નથી. કેમકે તું જ્ઞાનવાન અને કુળવાન છે. તેથી તને કોઇ પ્રકારની શીખામણ આપવાને હું જરૂર ધારતો નથી. વળી તું ખાતરી રાખજે કે એક વરસની અંદર ઇશ્વર આપણા કેવા ચઢતા દિવસ કરે છે ! ઘરના ખરચ માટે દર મહિને નિયમ પ્રમાણે ખરચી અહીંથીજ તમને મળતી જશે. તે બાબત કાંઇ મુંઝવણ નહિ પડે. ”

પોતાના પતિનાં આવાં વચન સાંભળીને લક્ષ્મીનું મોઢું પડી ગયું, તેણીનો ચહેરો ઝાંખો થઇ ગયો, અને આંખમાંથી દડદડ આંસુ પડવા લાગ્યાં. તે અતિ શોકાતુર થઇને પ્રાણપતિપ્રતે આ પ્રમાણે પ્રાર્થના કરવા લાગી:—

પદ-રાગ દેશી.

(“ મારા લાડકવાયા હો લાલ”—એ રાગ.)

મારા પ્રાણપતિ પ્રિયનાથા સ્વામીજી ! કેમ હું જીવું ?
નાથ ! છોડો નહિ મુજ હાથ, સ્વામીજી ! કેમ હું જીવું ?
રાખો પ્રીત કરીને સાથ, સ્વામીજી ! કેમ હું જીવું ! એ ટેક.

સસરો હોય હયાતતો, સુખે સિધાવો શ્યામ!
વિણુ આધારે પા ઘડી, કેમ રહી શકું અબળા આમ? સ્વા૦ ૧
દુખ સઘળાં આવી પડયાં, આજ વખતમોઝાર;
માલ ગયો મિલકત ગઇ, ગયા સાસુજી સદ્ગુણી સાર. સ્વા૦ ૨
પ્યારા! મુજને મૂકીને, પધારશો પરદેશ;
ઘરનાં દુખ દેશે ઘણું, મારી આશા ન રાખશો લેશ. સ્વા૦ ૩
દેશ વિદેશ ફર્યા નથી, કર્યો નથી વનવાસ;
જન્મ ધરીને કંથજી કદી સહ્યા નથી કાંઇ ત્રાસ. સ્વા૦ ૪
પતિ-પછી જમવા તણું, મેં રાખ્યુ છે વૃત્ત;
તે વૃત માહરૂં જાય છે, કહો કેવાં કર્યાં હશે કૃત્ય. સ્વા૦ ૫
સાથે રાખો સ્નેહથી, પ્રિયતમ કરીને પ્યાર;
સુખ દુખ સાથે વેઠશું, અળગી રહીશકે નહિ આ નાર. સ્વા૦ ૬
દિલ દુખ દરિયામાં પડયું, સુણી વિયોગની વાત;
દુખ દેશે મુજને ઘણું, ભ્રાત તેમ તમારી માત. સ્વા૦ ૬
મળશે મારા પિયરમાં, મુજને સુખ અપાર;
સ્વામી દુખ વેઠે ઘણું, તે સુખણી નારીને ધિક્કાર. સ્વા૦ ૭
સુખી તમે તો સુખ મને, દુઃખ છતાં નિરધાર;
પિયુતણું દુખ દેખીને, ખેદ પામું અપરંપાર. સ્વા૦ ૮
દુખ સઘળાં ડૂબાવશે, દયાસિન્ધુ દાતાર;
ગકુલ કરજોડી કહે, દુખ દૂર કરો કિરતાર. સ્વા૦ ૯

પોતાની પ્રાણપ્રિયાની આવી કરૂણા જનક પ્રાર્થના સાંભળીને તથા તેને ભવિષ્યમાં વિયોગથી કેટલું દુઃખ થશે! તેનો વિચાર કરતાં સદાચરણીને બહુ લાગણી થઇ, પરંતુ આ વખતે તેને માત્ર દિલાસો અને હિંમત આપી નીકળી જવા સિવાય બીજો કાંઇ ઉપાય નથી, એમ જાણીને તે પોતાની પ્રિયા પ્રત્યે બોલ્યો કેઃ—

"પ્રિયા! તું જાણેછે કે ઇશ્વર સર્વ જગ્યાએ સૌનું પાલણ કરેછે. વળી જેમ મારા વિયોગથી તને કષ્ટ થશે, તેમ મને પણ દુઃખ થવાનુંજ. તેમ આ વખતે આપણાપર કેવા દિવસ ગુજરે

છે, તે તારા જાણુવાથી બહાર નથી." કાર્યસિદ્ધી ઇચ્છનાર મનુષ્યે સુખ દુઃખની ગણુના કરવી નહિ. "વિદર્ભ દેશના ભીમક રાજાની પુત્રી અને નૈષધ દેશના રાજા વીરસેનના પુત્ર નળની પત્નિ દમયંતી જે પોતાના પતિપ્રત્યે સંપૂર્ણું રીતે પ્રીતિ ધરનાર હતી, એટલુંજ નહિ પણુ જેમ રસ્તામાં દેહની પછવાડે તેને પડછાયો ગતિ કરે, તેમ પોતાના પતિની પછવાડે ગતિ કરનાર પતિવૃત્તા હતી, તેને પણુ પતિવિયોગનું દુઃખ સહન કરવું પડયું હતું; વળી પાંડવો રાજ્ય ભ્રષ્ટ થઇ વનવાસ ભોગવવા નીકળ્યા. અને જ્યારે અર્જુન કાર્યસીદ્ધિને માટે ઇંદ્રલોકમાં ગયો હતો, ત્યારે તેના વિયોગથી પાછળ દ્રૌપદિ અને યુધિષ્ટિરાદિને અતિ કષ્ટ થયું હતું. તેનું કુટુંબ જેમ, સૂત્ર જેમાંથી તૂટી ગયું હોય તેવા મણીઓ તથા પાંખ જેમની નાશ પામી ગઇ હોય એવા પક્ષીઓની પેઠે અવ્યવસ્થિત થઇને તેઓ પોતાના મનમાં નારાજ થયાં હતાં, તથા દુઃખ અને શોક યુક્ત થયાં હતાં. અર્જુન વિના તેઓનો નિવાસ જેમ સૂર્યનો અસ્ત હોવાથી આકાશ શોભે નહિ, તેમ શોભા વગરનો થઇ રહ્યો હતો.

"માટે હે ! પ્રિયે! એવા દૈવી અને મહા શક્તિમાન મનુષ્યો થયા, તેમને પણ સંસારનાં સુખ દુઃખ ભોગવેવાં પડયાં હતાં; ત્યારે આપણે શી ગણતીમાં ? માટે તે બાબતનો કાંઇ પણુ શોક કરવો નહિ. ધીરજ પકડી તારા ગુણધર્મની સાહ્યતાવડે તારા મનરૂપી વહાણવડે જ્ઞાનરૂપ સુખાણુથી આ વિયોગરૂપ મહાસાગરમાં થોડા દહાડા તું મુસાફરી કર—અર્થાત્ થોડા દિવસ મારા વગર જિંદગી ગુજાર, એવી તને મારી શીખામણુ છે. આ સંસારરૂપી સમુદ્રમાં દુઃખરૂપ અનેક વંટોળયા અને તોફાન થોડી મુદત તારે સહન કરવાં પડશે. હું કોઇ મુકરર સ્થળે પહોંચ્યા પછી મારી ખબર તને મોકલીશ."

એ પ્રમાણે પોતાની કાન્તાને બોધ આપીને, ગઇ કાલે તેને જે રૂપિયા મિત્રમંડળ તરફથી મળ્યા હતા, તે તેણીને આપ્યા. આ ગડબડાટ ઘરનાં માણુસોને કાને પડવાથી દુષ્કૃતિ વગેરે પણ ત્યાં આવ્યાં. એટલામાં સદાચરણીનું મિત્રમંડળ પણ ત્યાં આવી પહોંચ્યું.

દુષ્કૃતિ અને તેનાં સંતાનોએ સદાચરણીનું વિદેશ ગમન નક્કી

થયેલું સાંભળ્યું, તેથી તેમને પોતાની મોટી ફિકર લાગી, અને તેમનાં મો ઉતરી ગયાં. "હવે અમારા શા હાલ થશે! ભાઇની વહુ તો ધનાઢયની પુત્રી છે, એટલે તેણીને તો કઇપણ મુંઝવણ થશે નહિ. પણ અમારી શી વલે!" એ વાતના વિચારથી તેમના મનમાં દિલગીરીનો સેરડો પડયો. પરંતુ સદાચરણીએ પોતાના મિત્રોની સમક્ષ ઉદરપોષણ માટે નિશ્ચિંત રેહેવા દુષ્કૃતિ વગેરેને દિલાસો આપ્યો. અને સમાધાની અને સલાહસંપથી વર્તવા માટે બે બોધવચન પણ કહ્યાં.

ત્યારબાદ જમી તૈયાર થઇ પોતાના ભાઇબેનને બોલાવીને દુષ્કૃતિને પ્રણામ કરી, જવાની આજ્ઞા લીધી. તે પછી મિત્રોને મળ્યો. મિત્રોએ ટીંમણને બહાને સદાચરણીને સિધાવતી વખતે સારી રકમ આપી. કેમકે તેઓ જાણુતા હતા કે તેને વાટખરચી જોશે, પણ તે તેની પાસે હાજર નથી. મળેલા સો દોઢસેં રૂપિયામાંથી પાંચ રૂપિયા પોતાની બેન સાંધુબાઇને આપ્યા. અને બાકીના પોતાના રસ્તા ખર્ચ માટે રાખ્યા. ત્યારબાદ સર્વ મિત્રોને પ્રીતિપૂર્વક ભેટીને તથા પોતાની પ્રિય ભાર્યાને પવિત્ર પ્રેમની દ્રષ્ટીવડે ભેટીને આ નિર્મળ બુધ્ધિનો જુવાન વિદેશ જાત્રાએ જવા વિદાય થયો.

પ્રકરણ ૧૧ મું.

જ્યારે કુરૂક્ષેત્રમાં કૌરવ પાંડવનું યુદ્ધ થયું, તે પ્રસંગે શ્રીકૃષ્ણચંદ્ર ભગવાને કહ્યું છે કેઃ—

"यदायदाहि धर्मस्य ग्लानिर्भवति भारत !
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥७॥
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम्
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे" ॥८॥

भगवदगीता अ० ४

"હે! અર્જુન! જ્યારે જ્યારે ધર્મની ગ્લાની થાયછે અને અધર્મનું પ્રબળ થાયછે, ત્યારે ત્યારે હું જગત્માં પ્રગટ થાઉંછું. સાધુ પુરૂષોના

રક્ષણ ને અર્થે, દુષ્ટોના વિનાશ માટે અને ધર્મના સ્થાપનને અર્થે જુગ જુગને વિષે હું જગત્‌માં પ્રગટ થાઊછું-અવતાર ધરૂંછું.")

એ પ્રમાણે સંસારમાં જ્યારે કોઇ મનુષ્ય દુર્દશાને પામે છે અને તેના દુઃખાદિ પરાભવનું પ્રાબલ્ય થાયછે, ત્યારે ઇશ્વર તેની સહાયતા કરી, તેના સર્વ દુઃખ નિવારણ કરેછે; પરંતુ પૂર્વકર્માનુસાર નિર્માણ થયેલા વખતની વચ્ચે તે દુર્દશા પામેલો પુરૂષ પોતાના કર્તવ્યનો પણ ફળ ભોક્તા થઇ શકતો નથી. અર્થાત્ સારાં કામનાં પણ માઠાં પરિણામ નીવડે, અને વ્યાપાર, રોજગાર, વગેરેમાં પણ જ્યાં હાથ નાંખે ત્યાં નુકસાન થાય, એવી દુનિયાંની વિચિત્ર ગતિ જોવામાં આવેછે; પરંતુ તેવા દુઃખયુક્ત સમયનેવિષે કેમ વર્તવું? તથા ફરીને સુખ પ્રાપ્તિ શીરીતે કરવી? ઇત્યાદિ ઉપાયોનું સુઝવું, વિદેશમાં ફર્યાથી તથા જ્ઞાનસંપાદન કર્યાથી થાયછે. અને દૈવ વિપરીત હોયછે ત્યારે ઉદ્યોગનું ફળ પણ વિપરીત થાયછે, છતાં પણ જે ઉદ્યોગી અને ધીર પુરૂષો હોયછે, તે ઉદ્યોગમાં નિષ્ફળ થાય, તોપણ પોતાના આત્માને ખેદ પમાડતા નથી.

સદાચરણી પોતાની જન્મભૂમી છોડયા પછી કેટલાક મુલકો ફર્યો, ત્યાં નિવાસ કરતો કરતો યથાશક્તિ ઉદ્યોગ અને ઉપાયો કરવામાં પ્રવર્ત્ત રહ્યા છતાં દરેક પ્રસંગે નિષ્ફળ થયો; તોપણ નિરાશ થઇ પુરૂષાર્થ કરવામાં નાહિમ્મત થયો નહિં.

તે પોતે એકલો ઘણા સંકટો વેઠતો શેહેરો, ગામડાં અને જંગલોમાં ભમતો ભમતો એક મ્હોટા શેહેરમાં જઇ ચઢયો. તે શેહેરની છટા અને દેખાવ ઘણો દેદિપ્યમાન હતો, અને લોકો વૈભવ તથા સમૃદ્ધિયુકત હતાં, તેથી આ શેહેરમાં થોડી મુદત રહેવું, એમ વિચાર કરીને સદાચરણીએ ચૌટા વચ્ચે એક શિવાલય હતું, તેમાં ઉતારો કર્યો.

આ શેહેરનો રાજા કેવળ મોજ શોખમાંજ લીન રહેતો હતો. રાજાનો પ્રજા પ્રત્યે શો ધર્મ છે? રાજાએ કેવી રીતે પ્રજાનું પ્રતિપાલન કરવું જોઇએ? અર્થાત્ રાજાઓનું શું ભૂષણ છે? તે વિષે તેનું સ્વપ્નમાં પણ લક્ષ દોરાતું નહોતું. કહેવત છે કે "યથારાજા તથા પ્રજા" અર્થાત્ પ્રજા પણ તેવીજ રીતે વર્ત્તતી હતી. ન્યાય, નીતિ અને સુધર્મનું તો ત્યાં નામજ નહોતું.

તે શેહેરનું નામ નિષ્ઠુર નગરી હતું.—નામ પ્રમાણેજ તેવા ગુણોથી તે ભરપૂર હતું; પરંતુ જેમ "ખારા સમુદ્રમાં મીઠી વીડી" હોય, તેમ આ નિષ્ઠુર નગરીમાં એક વિદ્વાન, સુપાત્ર અને ધર્મિષ્ટ બ્રાહ્મણ રહેતો હતો. તે કોઇ સ્થળે નીતિ, ન્યાય, ધર્માદિનો બોધ કરતો, તો જેમ "હાથી પાછળ કૂતરાં ભસેછે," તેમ લોકો તેની નિંદા કરતા. તે વંશપરંપરાનો એ શેહેરનો રહેવાસી હોવાથી વતન છોડી જઇ શકતો નહોતો. તે પોતાના કુળાચાર અને ધર્મ અનુસાર ત્યાં રહીને દિવસ ગુજારતો હતો, તેની સ્ત્રી પતિવ્રતા અને રૂપવતી હતી. તેમ ઘરનાં બીજાં સર્વ માણસો પણ સદ્ગુણી હતાં.

એ બ્રાહ્મણને શિવપૂજન કરવાનું ઇષ્ટ હતું, તેથી નિત્ય પ્રભાતે શિવાલયમાં શંકરની પૂજા કરવા જતો અને ત્યાં ધર્મમંદિર જાણીને કોઇ સન્યાસી કે સાધુ અથવા અતિથી આવી ચઢતો, તો તેની યથાશક્તિ આગતાસ્વાગતા કરતો.

તેજ મંદિરમાં સદાચરણીએ ઉતારો કર્યો હતો. તેની રીતભાત અને આચરણ આ બ્રાહ્મણને સારાં જોવામાં આવ્યાં, તેથી તેની સાથે પ્રસંગ પાડવા ઉચિત ધાર્યું. દિવસે દિવસે આ બ્રાહ્મણને સદાચરણીના સદ્ગુણ અને ડહાપણ વિષે વિશેષ અસર અને સંતોષ થવા લાગ્યો. થોડા દિવસમાં તે બ્રાહ્મણનો તેની સાથે એવો જીવ બંધાઇ ગયોકે દિવસનો ઘણો ભાગ તેના સહવાસમાં ગાળવા લાગ્યો. એક દિવસે તે બ્રાહ્મણે તેને વિનંતિ કરી કે "આપને આ શેહેરમાં જેટલા દિવસ રહેવાની ઇચ્છા હોય તેટલી મુદ્દત કૃપા કરીને આજથી મારે ઘેર નિવાસ કરો. ત્યાં ભોજનવિધિ ઇત્યાદિ સર્વે પ્રકારનો ઉપચાર અમારી શકિત પ્રમાણે થશે. મને આશા છે કે મ્હારી આ વિનતિ આપ માન્ય કરશો.

કવિ શ્રી શામળભટ્ટે કહ્યું છે કે—

છપ્પય.

" વિદ્વાને વિદ્વાન, મળે તો મ્હા સુખ પામે;
સાધૂ સંગે સાધુ, મળે તો મ્હા દુખ વામે;
પવિત્ર સંગે પવિત્ર, મળે તો પુન્ય પ્રમાણે;
સાચા સાથે સાચ, મળે તો જશ એ જાણે;

જૂઠા જનને જૂઠા જડે, વ્યસનીને વ્યસની ગળે;
ગુણુથી ગુણુ મળતા જગતમાં, સહજ સ્વભાવે જઇ ભળે."

એ પ્રમાણે આ બંને વિદ્વાનોનો સમાગમ થવાથી તેઓ અતિ આનંદ પામ્યા. સદાચરણી, કેટલીક મુદ્દત થયા પોતાના મિત્ર સમાગમથી જૂદો પડયો હતો, તેથી તેને આ મેળાપ બહુ સુખરૂપ થયો; અને પેલા બ્રાહ્મણને તો આવા ગુણુજ્ઞ માણસોનો ભાગ્યેજ આ નગરમાં મેળાપ થતો; તેથી પરસ્પર પ્રીતિ બંધાઇ હતી, માટે સદાચરણીએ બ્રાહ્મણની માગણી કબૂલ રાખી. અને જે થોડા દિવસ રહેવું થાય, તે તેના સમાગમમાંજ ગાળવા તેણે યોગ્ય વિચાર્યું. અર્થાત્ તેને ઘેર જઇ રહ્યો.

થોડા દિવસમાં સદાચરણીએ તે શેહેરની રાજ્યકારકીર્દી અને લોકોની રીતભાત જાણી લીધી. તેથી તેણે ત્યાંથી વિદાય થઇ જવાની પેલા બ્રાહ્મણ પાસે વિનંતિ કરી, પરંતુ બ્રાહ્મણને તેની સાથે બહુ સ્નેહ થયો હતો, તેમજ તેની પતિવ્રત્તા સ્ત્રી અને સદાચરણી વચ્ચે ભાઇબેહેનનો સંબંધ થયેલો હતો, એટલુંજ નહિ પણ તેના ઘરનાં સર્વ માણસો સદાચરણી ઉપર બહુ પ્યાર અને ગમતા રાખતાં હતાં, તેથી તેને રજા આપવામાં તેઓનું મન ચાલતું નહિ, અને તેમણે થોડા દિવસ વધારે રહેવાની વિનતિ કરી. કહેવત છે કે "રાખનાર રાખે તો જનાર કયાં જાય ? "—અર્થાત્ તેમની મમતા ભરી માગણીનો અનાદર કરવા સદાચરણીને યોગ્ય લાગ્યું નહિ; તેથી પોતાનો વિદાય થવાનો વિચાર માંડી વાળ્યો.

પ્રથમ જણાવ્યા પ્રમાણે આ સુપાત્ર બ્રાહ્મણની સ્ત્રી જેમ સદ્ગુણી અને શ્યાણી હતી, તેમ તે અતિશય સ્વરૂપવાન હતી. તેણીનો પતિ એક સાધારણ ગૃહસ્થ હોવાથી ઘરનું કેટલુંક સ્ત્રીઓને કરવા યોગ્ય કાર્મ તે બાઇ જાતે કરતી, તેથી બહારમાંય જતાં આવતાં એક મિયાંભાઇએ તેને જોયેલી, તે પરથી તેનાપર તે મોહિત થઇ ફકીરનો વેષ લઇને બ્રાહ્મણના ફળીઆના પાસે ફર્યા કરતો હતો, અને જ્યારે તે બાઈ પાણી ભરવા કે દેવ–દર્શન કરવા જતી, ત્યારે તેની પાછળ ચાલ્યો જતો હતો. એમ બહુ વખત સુધી તેણે યુકિતઓ કરી અને રખડયો, પરંતુ પેલી પતિવ્રતા

બાઇ તો તેને, તેમજ કોઇ પણ પર પુરૂષને જોતીજ નહિ, તેથી અંતે પેલો મિયાંભાઇ કાયર થયો, પણ તેના મનનો બુરો ઇરાદો દૂર થયો નહિ તેણે વિચાર્યું કે—" વો અપને ખાવિંદસેં ડરતી હુવે, ઉસકે સિવા ઓર કુછ સબબ નહિ હય, વાસ્તે ઉસકે મરદકોં ઠાર કીયા જાય, તો બિન દેહેસતસેં વો મેરે હાથમેં આ જાયગી, ઓર મેરી મુરાદ હાંસિલ હોયગી " એવો નિશ્ચય કર્યા પછી તે પાર પાડવાની યુકિતઓ કરવા લાગ્યો. રાત્રે તરવાર બગલમાં રાખીને પેલા બ્રાહ્મણના ઘરની ડેલી પાસે અને તેની આસપાસ ભિખારી તરીકે ફરતો, તે એવી આશાથી કે, લાગ ફાવે તો તરવારથી તેનો નાશ કરવો. પણ તેમાં તે ફાવ્યો નહિ. અંતે એક દિવસ રાત્રે ડેલી ખુલ્લી હોવાથી તે ચંડાળ અંદર ઘુસી ગયો. અને ખુણે ખોચરે છુપી રહ્યો. થોડી વારે ડેલી બંધ કરી સર્વ માણુસો સૂઇ ગયાં. સદાચરણી તેઓના ઘરની પરશાળમાં હમેશની રીતે સુઇ રહ્યો હતો. મધ્ય રાત્રી થયા પછી પેલો બ્રાહ્મણ લઘુશંકા કરવા બારણે ચોકમાં આવ્યો; ત્યારે સામા થઇ ઘા કરવાની મિયાંભાઇની હિંમત ચાલી નહિ, પરંતુ પેલો બ્રાહ્મણ લઘુશંકા કરવા બેઠો, તે દરમ્યાન તે તેના ઘરમાં જઇને સંતાઇ રહ્યો. બ્રાહ્મણ અંદર જઇ સુતો. પાછલી રાત્રની ઠંડીને લીધે તે નિર્દોષ સ્ત્રી પુરૂષ ભર નિદ્રામાં સુતાં હતાં, ત્યારે પેલા ચંડાળ મિયાંએ તે બ્રાહ્મણનો વધ કર્યો. પછી બહાર નીકળીને તે લોહીવાળી તલવાર સદાચરણી સુતો હતો, તેની સોડમાં મૂકી દીધી, અને પોતે સટકી ગયો.

પેલી બાઇએ પ્રભાતે ઉઠતાંજ પોતાના પતિને કોઇએ મારી નાંખેલો જોયો, કે તરતજ તે હકીકત તેણે ઘરમાં ઝાહેર કરી; અને તે વાત ગામમાં પ્રસિદ્ધ થઇ, એટલે તપાસ માટે પોલીશ પણ આવી પહોંચી.

હજુ સૂર્યોદય થયો નહોતો, ઘરનાં સર્વ માણુસો ગભરાટમાં પડીને રડાકૂટ કર્યા વગર આંશુ પાડતાં હતાં, સદાચરણીને કોઇ પ્રકારની ખબર ન હોવાથી પ્રભાતની મીઠી ઊંઘમાં તે ગિરફતાર હતો. પોલીસની તેના પર નજર પડી, એટલે તેને જગાડ્યો, તો

તેની સોડમાં લોહીથી ખરડાયલી તરવાર પડેલી જોવામાં આવી. આટલા પરથીજ "ખૂની પકડાયો" એવી બૂમો પાડવા માંડી. છેવટ ગુન્હાની સાબિતીના મુદ્દા સહિત તેને કેદ કરીને લઇ ગયા. આ તોહોમતથી મુક્ત થવા માટે તપાસને અંતે મોઢાથી બોલવા સિવાય સદાચરણી પાસે કોઇ રસ્તો નહોતો. પોતાના બચાવમાં તે માત્ર એટલોજ જવાબ આપતો કે "હું ખૂની નથી, અને જો બારીક તપાસ થયા પછી ઇન્સાફ થશે તો હું નિર્દોષ માલૂમ પડીશ."

"મુદ્દાની લોહીથી ખરડાયલી તરવાર સહિત તે પકડાયો છે, તો હવે શું બીજો વિશેષ પૂરાવો જોઇએ" ? એમ પોલીસ તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય થવાથી તે ખૂનીને યોગ્ય સજા થવા માટે ન્યાયાધિકારીને સોંપવામાં આવ્યો. ત્યાં કંઇ લાંબી તપાસમાં ઊતરવાનું યોગ્ય ન વિચારતાં જડજ સાહેબે ગુન્હો સાબિત ગણી તેને ફાંસીનો હુકમ ફરમાવ્યો.

સદાચરણીએ કોર્ટને અરજ કરીકે " આવા મુકરદમાનો ઇન્સાફ ખૂબ ધીરજથી, દીર્ઘ વિચાર કરીને અને થોડી મુદ્દત પછી કરવાથી વખતે ખરી બિનાનો પૂરાવો મળી આવે છે, માટે મારો ઇન્સાફ થવા માટે થોડી મુદ્દત નાંખવી જોઇએ. તે ઉપરાંત બીજા કેટલાક એવા દાખલા પણ સદાચરણીએ મોઢેથી કહી બતાવ્યા કે જેમાં ફાંસીની સજા પામેલા કેટલાક માણસો પાછળથી નિર્દોષ માલમ પડ્યા હતા, અને ખરા ગુન્હેગારો પ્રસિદ્ધ થયા હતા. પણ આ અરજ ન્યાયાધિકારીની નજરમાં યોગ્ય જણાઇ નહિ. તેણે ફરમાવ્યું કે—" એવી નકામી દલીલથી મગજને નાહક તકલીફ થાય છે, વળી કોર્ટનો અમુલ્ય વખત રોકવા કંઇ યોગ્ય કારણ નથી. " આમ જવાબ મળતાં નિરપરાધી અને ઇમાનેદાર સદાચરણીએ વળી પણ ઘણીજ નમ્રતા પૂર્વક અરજ કરવાની રજા માગી, અને નીચે પ્રમાણે બોલ્યો:—

" નામદાર સાહેબ ! હું નિર્દોષ કિંવા દોષિત છું, તેની ખરી ખાત્રી કરવા માટે આપને તકલીફ થાય છે, અને કોર્ટનો અમુલ્ય વખત જાય છે, તે કદી આપના મનથી યોગ્ય છે, પરંતુ સર્વ વ્યાપક ઇશ્વર સર્વજ્ઞ અને સર્વદા ન્યાયી છે, તે ન્યાય કરવા મા-

ટે હમેશા જાગૃત છે; માટે તે મારો ખરો ઇન્સાફ કરશેજ. આખી પૃથ્વી અને સર્વ બ્રહ્માંડનો ન્યાય અને તેનું રક્ષણ કરવાને તે સદા તત્પર છે, તે મહાન્ ન્યાયાધીશ પોતાનું કામ કરવાને જરૂર ફુરસદ મેળવશેજ. માટે હું આપને વધારે તકલીફ લેવા અરજ કરતો નથી, પણ માત્ર એટલુંજ માગું છું કે, ઇન્સાફ આપવાનું થોડા દિવસ સુધી મુલ્તવી રાખો. જેથી અન્યાયના મહાપાપના ફાંસામાં આવી પડતાં કદાચ તમે બચી શકો."

આ વાક્યો સાંભળી જડજ સાહેબનો મિજાજ ઊલટો ગરમ થયો, અને ફરમાવ્યું કે—"તમે કોર્ટને ધમકી આપવાયોગ્ય શબ્દો વાપર્યા છે, માટે હવે બસ કરો! અમારા મગજમાં કાયદાની રૂએ જે આવ્યું તે અમે કર્યું છે, તેમાં ફેરફાર થઇ શકશે નહિ." એટલું બોલીને હુકમ કર્યો કે— "જાઓ! જમાદાર! આ ખૂનીને મારી નજર પાસેથી લઇ જાઓ!" હુકમ મુજબ સિપાઇઓએ અમલ કર્યો.

સદાચરણીએ વિચાર્યું કે—"હવે ઊગરવાનો કોઇ રસ્તો નથી. જો ઇશ્વરના દ્વારમાં ઇન્સાફ હશે, અને તે પરમ ન્યાયિક પરમેશ્વર મારો ઇન્સાફ કરશે, તોજ હું ઊગરી શકીશ; નહિંતો હવે આયુષ્યની મુદ્દત અહીંજ પૂરી થવાની હતી, એમ મારે માનવું જોઇએ."

ઇન્સાફ થયા પછી ફાંસી દેવાની તારીખને એક માસની મુદ્દત હતી, દરમ્યાન સદાચરણીએ કેટલીક અરજીઓ રાજાને પહોંચાડી, પરંતુ "નગારખાનામાં તતુડીનો અવાજ" કોણ સાંભળે? તે એક અરજીઉપર કંઇ લક્ષ અપાયું નહિ.

કહેવત છે કે "મારનાર કરતાં રાખનાર મોટો છે." અને જો પરમેશ્વરને ત્યાં ખરો ઇન્સાફ ન હોય તો તે સર્વ શક્તિમાન પરમ પિતા—જગત્કર્ત્તા અને દીનદયાળ કહેવાયજ નહિ, અને તેની અચળ આસ્થા જે સમગ્ર લોકોમાં છે, તે કાયમ રહેજ નહિં. ખરૂં છે કે "ઇશ્વર સત્યનો બેલી છે." જેઓ પોતાપર ઇશ્વર તરફથી જુલમ થયો છે, એમ પહેલાં બોલે છે, તેઓ પણ પાછળથી તેનાં વખાણ કરે છે, એજ તેનું ન્યાયીપણું છે. જેઓ

ઇશ્વરને અન્યાયી કહે છે, તેઓ ઘણા ઉતાવળીઆ છે, એમ ધીરજથી વિચાર કરશો તો માલૂમ પડશે. ઇશ્વર સદા ઇન્સાફજ કરે છે, અર્થાત્ ગુપ્ત રીતે ગુન્હા કરનારને પણ તેનાં કૃત્યનાં કડવાં ફળ ઇશ્વર તરફથી અવશ્ય મળે છે.

સદાચરણીને ફાંસીની સજા કરી છે; તે અમલમાં મૂકવાના દહાડામાંથી દરરોજ એકેક ઓછો થતો જાય છે; ત્યારે બીજી તરફ જોઇશું તો પેલી બાઇ ઉપર પણ એક મહા દુઃખ આવી પડ્યું છે. જો કે તે તો પવિત્ર પતિવૃતા હતી, તો પણ લોકોમાં એવું બોલાયું કે—" તેણે પેલા મુસાફર (સદાચરણી) થી મળીને પોતાના પતિનો વધ કર્યો. " અને તેવો વહેમ કેટલાક નજીકના સંબંધીઓ સુદ્ધાંને તેમ ઘરનાં માણસોને પણ કંઇ અંશે આવ્યો. તેમ આ બાઇ પણ સારી રીતે સમજતી હતી કે—આ બાબત પર પૂરતો પ્રકાશ નાખ્યા સિવાય જગત્માં મારા પતિવૃતપણાને કલંક લાગશે; એટલુંજ નહિ પણ ખરી હકીકત શું બની છે? તે મારા સિવાય બીજું કોઇ જાણવાને શક્તિમાન નથી, હું મારા મનમાં ખાત્રીથી માનું છું કે એ કૃત્ય કરનાર પેલો દુષ્ટ ફકીરનો વેષધારી છે પણ હું કહીશ તેથી તે વાત કોઇ માનશે નહિ. ઉલટો વધારે વહેમ આવશે. માટે મારા પ્રાણનાથના પ્રાણઘાતકને મારે પંડેજ પ્રસિદ્ધ કરવો જોઇએ; કે જેથી મારા નિષ્કલંકપણાવિષે લોકોને ખાત્રી થાય અને એક નિરપરાધી મહિમાન મારા સ્વામીનાથનો સ્નેહ કરી નાહક માર્યો જાય છે, તે પણ બચી જાય." એવો નિશ્ચય કરીને તે એ બાબતની તજવીજમાં રહી.

બીજી તરફ જોતાં પેલો મિયાંભાઇ તો પોતાના કામમાં મંડેલોજ હતો, તે એટલામાંજ હમેશાં ભટક્યા કરતો. એટલે હવે દ્રષ્ટી મેળાપ કરીને તેના તરફ લક્ષ આપવાનું આ બાઇએ શરૂ કર્યું. તેથી તે દુષ્ટને ખાત્રી થઇ કે મારી કલ્પના ખરી પડી, એ હવે બરાબર નિર્ભય થઇ છે. અને મારા તરફ ઈચ્છાથી જુએ છે, માટે હવે તેને બોલાવવામાં કંઇ અડચણ નથી. એમ વિચારીને એક દિવસ પ્રસંગ મળવાથી તેને બોલાવી. પેલી બાઇએ ખરો ઇન્સાફ થવાની અને પોતાના પર મૂકાતું જૂઠું કલંક ઊતારવાની

ખાતર કૃત્રિમ આનંદથી તેની સાથે વાતચિત કરી, અને વાયદો કર્યો કે " અમુક વખતે બેલાશક મારે ઘેર તમારે આવવું. હું રાહ જોતી બેસી રહીશ. "

કહેવત છે કે " પાપ બોલે નહિ, પણ બોળી મારે. " દુષ્ટ લોકોને તેમના કૃત્યની સજા કરાવવા માટે ઇશ્વર કોઇને કોઇના દિલમાં વસેછે. હવે આ દુષ્ટ પોતાના પાપનો કેવો ભોગ થાયછે, તે વિષે આપણે જાણવું જોઇએ.

આગળ આપણે વાંચી ગયા છીએ કે મરનાર બ્રાહ્મણનું કુટુંબ પવિત્ર, ધર્મિષ્ટ અને ડહાપણવાળું હતું. તેથી પેલી બાઇએ આ વાત પોતાના કુટુંબીઓને જાહેર કરી. તે બાઇ તરફ ઘરનાં માણસોનો પ્રથમથીજ સારો ભાવ અને વિશ્વાસ હતો. તેથી તેની વાત ઉપર વજન આપ્યું. પછી તે બાઇએ પોતાના દેરને સાથે લઇને પોલીસના વડા અધિકારીને મળવાની તક લીધી. આખા રાજ્યમાં તે એકજ અમલદાર તેમને ભાગ્યે સન્માર્ગમાં ચાલનાર નીવડયો હતો. તેણે સઘળી હકીકત ધ્યાન પૂર્વક સાંભળી લીધી. તે પછી પેલી બાઇએ, અને તેના દેરે અરજ કરી કે—" અમુક વખતે આપે ન્યાયાધિકારીને સાથે લઇને અમારે ઘેર પધારવાની કૃપા કરવી જોઇએ, કે જેથી આ પાપકર્મ કરનાર હરામખોરને સંપૂર્ણ પૂરાવા સહિત પાધરો કરી પકડાવવાનો વખત મળે. અને અમે મેળવેલી તક વૃથા ન જાય. એ વાત તે પ્રૌઢ મતિવાળા અમલદારે કબૂલ કરી અને તેમને ઘટિત માન ને દિલાસો આપી પોતાને ઘેર જવાની રજા આપી.

પેલો ચંડાળ (ખૂની) નીમેલા વખતની ઇન્તેજારીમાં ગિરફતાર હતો, અને અહીં પેલી બાઇએ પોતાના ઘરના એક ઓરડામાં એવી ગોઠવણ કરી કે એક બાજુએ પેલા દુષ્ટને દાખલ કરવો અને બીજી બાજુએ પેલા અમલદારોને બેસાડવા; કે જ્યાંથી તેઓ પેલા ગુન્હેગારને બરાબર જોઇ શકે. અને તેની વાતચિત સાંભળી તથા સમજી શકે.

નીમેલો વખત થવા અગાઉ પેલા અમલદારો દાખલ થઇ ચૂક્યા હતા. ત્યાર બાદ પેલો હરામખોર ઠાઠમાઠથી આવ્યો. તેનું

પેલી બાઇએ સત્કારથી બેસાડ્યો, જમવાની સામગ્રી તૈયાર હતી, તે ખાવા માટે અરજ કરી, અને કહ્યું કે "અહીં બીક રાખવાનું જરા પણ કારણ નથી, તમે ખુશીથી જમો. હવે આપણે નિર્ભય છીએ."

આ વાક્યો સાંભળી તે કામાંધ મિયાંભાઇ આનંદ અને કામના કેફમાં સર્વ દુનિયાંને આંધળી બલ્કે નાશ થઇ ગયેલી સમજતો હતો. તે તો ખેર, પણ પાક પરવર દિગારની પણ તેને આ વખતે કિંચિત પિછાન રહી નહોતી.

મિયાંભાઇને આવો લીન થઇ ગયેલો જોઇને પેલી બાઇએ તેને કહ્યું કે—"હવે આપણે જીંદગીસુધી મનગમતી રીતે મોજ માણશું. (જાણે કંઇ યાદ આવ્યું હોય તેમ)—ભલા, એતો ઠીક, પણ તમે જે બહુ સરસ બહાદુરી ખેલીને વચ્ચેથી સાલ કાઢી નાંખ્યું, તેની તો વિસ્તારીને જરા વાત કરો, કે તમે શી રીતે કામ પાર ઊતાર્યું? ખચિત તે કામ ઘણુંજ બહાદુરીનું હતું, તમારા જેવા પહેલવાન મર્દ સિવાય બીજાથી બનીજ ન શકે. માટે મને તેનું પૂરેપૂરૂં બયાન કરી સંભળાવો, કે જેથી હું તમારાં પરાક્રમ સાંભળીને સંતોષ પામું."

આવાં પ્યારનાં વચનો સાંભળી તે મૂર્ખ મિયાં તો ખુશ ખુશ થઇ ગયો. તેથી તેણે પ્રથમથી માંડીને પોતાની નાત, જાત, કુળ, કબીલાની ઓળખાણ શીખે સર્વ વાત કહેવા માંડી, તેમાં તે ક્યારે અને શી રીતે ફિદા થયો? પછીથી તેણે શા શા ઉપાય કામે લગાડ્યા? તે અને છેવટ ખૂન કરવાની વાત પણ તેણે અક્ષરે અક્ષર સાફ દિલથી કહી સંભળાવી. અર્થાત્ ત્યાં આવીને બેઠો હતો તે દરમ્યાન બનેલી સઘળી હકીકત કહી બતાવી. ત્યારે વળી પેલી બાઇએ સવાલ કર્યો કે "હવે શું કરવું?" ત્યારે તેણે કહ્યું કે "હવે તું ને હું તે એકજ, આપણે આશક માશુક થયાં. તારા માટે તો મેં જેની સજા ફાંસીજ છે, એવું માણસનું ખૂન કર્યું!"

આ તેની કબૂલાતો રૂપ હકીકત પડદામાં બેઠેલા અધિકારીઓ બોલે બોલ લખતા હતા, તેથી જ્યારે તેણે છેલ્લા શબ્દો કહ્યા, કે એકદમ તેને કેદ કરવાનો હુકમ થયો; તેવાજ તેમની સા-

થે છુપી રહેલા સિપાઇઓએ એકદમ તેને કેદ કર્યો. બહાદુર (!) મિયાં તો બેબાકળો થઇ ગયો, અને "આ સર્વ શું છે" ? તેની પણ તેને કેટલીક વાર સુધી સમજણ પડી નહિ. પણ પછી તેની શુદ્ધિ ઠેકાણે આવતાં તે સમજ્યો કે " મેં મારી મેળેજ મોતને માથે લીધું." તે રાત્રીએજ તેને કેદમાં નાંખ્યો. અને નિરપરાધિ સદાચરણીને બંધનથી મુક્ત કર્યો. ત્યારબાદ તે મિયાંનો ઇન્સાફ કરીને તેને ફાંસીને લાકડે લટકાવી દીધો.

કહેવત છે કે " ખાડો ખોદે તે પડે, " તે પ્રમાણે પેલા મિયાંએ નિર્દોષ સદાચરણીને ફસાવવા યુકિત કરી, પણ અંતે પોતેજ ફસાયો. " અંતે ધર્મની જય અને પાપનો ક્ષય. " સદાચરણીને પોતાના ધર્મ અને ઇશ્વરઉપર આસ્થા હતી, તો તેને જય મળ્યો; અને પેલી બાઇનું પતિવ્રતાપણું કલંક રહિત જાહેર થયું.

સદાચરણી કેદમાંથી છૂટતાંજ પોતાના સ્નેહીને ઘેર આવ્યો. ત્યાં આવતાં તે સ્વર્ગસ્થ મિત્રે કરેલા ઉપકાર, તેના સદ્ગુણો અને આ તેના અકાળ મૃત્યુવિષે યાદ આવતાં તેની છાતી ભરાઇ આવી, તેથી તેણે અશ્રુપાત કર્યો. પછી તેજ વખતે પેલી બાઇને બેન તરીકે કમખાના રૂપિઆ પાંચ આપી સર્વ પ્રત્યે દંડવત્ પ્રણામ કરીને તેણે કહ્યું કે—"જો હું જીવતો મારે ઘેર જઇશ, તો અવશ્ય તમારાં ઉપકારના બદલામાં બનતી સેવા બજાવીશ. અને જન્મપર્યંત આ મારા સ્વર્ગવાસી મિત્રની વિધવાને મારી બેન સમાન ગણીશ, તથા આ નિષ્ઠુર નગરીનું આજ પછી પાણી પીવું મારે હરામ છે." આટલું બોલી સર્વને પુનઃપ્રણામ કરીને તે વિદાય થયો.

પ્રકરણ ૧૨ મું.

નિષ્ઠુર નગરીમાંથી વિદાય થયેલો સદાચરણી રસ્તામાં કયાં એક દિવસ, કયાં એક રાત, એમ વિશ્રામ કરતો કરતો, નવીન શહેરો અને ગામો જોતો જોતો ચાલ્યો જાય છે, પણ કોઇ જગ્યાએ રહેવાથી લાભ થાય, એમ તેને જણાયું નહિ.

કવિ વૃંદે કહ્યું છે કેઃ—

(दोहा.)

"सदा समय बलवानहे, नहिं पुरुष बलवान;
काबे गोपी लूंट लइ, यहि अर्जुन यहि बान."

સદાચરણીએ ઘણી તજવીજો કરી તોપણ તેના દુઃખનો અંત આવ્યો નહિં. એક દિવસ તે એક ગામથી બીજે ગામ જતો હતો, ત્યાં રસ્તામાં એક ભયંકર જંગલની વચ્ચે તેને એક લૂટારાની ટોળી આવી મળી, તેણે એકદમ તેને પકડીને બાંધી લીધો. અને તેની પાસે જે કંઇ હતું, તે લૂગડાંસુદ્ધાં લેઇ લીધું, તે હરામખોરોની પાસે તેણે ઘણા કાલાવાલા કર્યા, પણ તેમણે તેપર કશું ધ્યાન ન આપતાં મારી નાંખવાનો નિશ્ચય કર્યો. ત્યારે સદાચરણીએ કહ્યુંકે:—

"અરે! ઈશ્વરના પેદા કરેલ મનુષ્યો! તમે મને મારી નાંખવાનો ઇરાદો કર્યો છે, તો સુખેથી તે પાર પાડો! પણ તે પહેલાં મારી થોડીએક વાત સાંભળવાની કૃપા કરો. પછી બેલાશક મને જાનથી મારી નાંખજો.

આ લૂટારાઓમાં એક જવાન રજપૂત હતો, તેણે સદાચરણીનાં વચન સાંભળીને તેને મારનારાઓને અટકાવ્યા. અને વાત સાંભળવાની ઇચ્છા જણાવી, ત્યારે સદાચરણી બોલ્યો કે:—
"આગળના વખતમાં સિંધૂળ રાજાના મરણ પછી ધારાનગરીની ગાદીએ તેનો ભાઇ મુંજ બેઠો. તેણે પોતાના ભત્રીજા ભોજકુમારને ઘણો ચાલાક જાણીને—ભવિષ્યમાં કદાચ તખ્ત છીનવી લેશે એવા—ભયથી મારી નાંખવા માટે સિંધૂળ રાજાના પ્રધાન વત્સરાજને હુકમ કર્યો. કારણકે "ભોજકુમારના ગ્રહ બહુ બળવાન અને રાજ જોગ હતા." વત્સરાજ રાજાના હુકમનો અમલ કરવા તેને ભુવનેશ્વરીમાં તેડી ગયો, પણ આવા સુકુમાર રાજપુત્રને મારી નાખવાને તેનો જીવ ચાલ્યો નહિ, તેથી તેને જીવતો રાખ્યો, પરંતુ ભોજે એક પાંદડાઉપર શ્લોક લખી મુંજ રાજાને આપવા માટે વત્સરાજને આપ્યો. વત્સરાજે રાજકુમારને પોતાના ઘરમાં ગુપ્ત રાખ્યો, અને કૃત્રિમ માથું લઇને મુંજ પાસે ગયો—ત્યાં જઇ કહ્યુંકે—"મહારાજ! આ-

પની આજ્ઞા પ્રમાણે કરી આવ્યોછું." "તેણે પુત્રનો વધ કર્યો છે," એમ સમજી રાજાએ કહ્યું—"વત્સરાજ! તલવાર મારતી વખત પુત્ર શું બોલ્યો?"

વત્સરાજ—આપને આપવા તેણે આ પાદડાપર કંઇ લખી આપ્યું છે." એમ કહી પાંદડું રાજાના હાથમાં આપ્યું.

રાજાએ રાણી પાસે દીવો મંગાવી તે (પાદડા) માં નીચે મુજબ લખેલું વાંચ્યુઃ—

"मांधाता च महीपतिः कृतयुगालंकार भूतो गतः
सेतुर्येन महोदधौ विरचितः क्वासौ दशास्यांतकः ॥
अन्येचापि युधिष्ठिर प्रभृतयो यातादिवं भूपतेः
नैकेनापि समङ्गता वसुमति नूनं त्वया यास्यति" ॥ १ ॥

ભાવાર્થ—" સતયુગના ભૂષણ રૂપ રાજા માંધાતા પણ ચાલ્યા ગયા, રામ જેણે મહા સમુદ્ર ઉપર સેતુ બાંધ્યો અને રાવણનો નાશ કર્યો, તે પણ કયાં ગયા? હે! રાજા! તેમ યુદ્ધિષ્ઠિર વગેરે બીજા પણ ઘણા મહીપતિયો દેવલોક પામ્યા, પણ તેમાંના એકેની સાથે પૃથ્વી ગઇ નહિ, તે બેશક તારી સાથે આવશે."

શ્લોક વાંચતાંજ રાજા મુર્છા ખાઇ શય્યા ઉપરથી પૃથ્વી ઉપર પડયો. રાણીએ પોતાના હસ્ત-કમળથી સાડીના છેડા વડે વાયુનાંખી થોડી વારે તેને શુદ્ધિમાં આણ્યો, ત્યારે તે બોલ્યો કેઃ—

"હે! પવિત્ર ધર્મોને પાળનારી રાણી! તું મારો સ્પર્શ કરીશમાં, મેં પુત્રની હત્યા કરી છે."

એ પ્રમાણે તેણે અત્યંત પશ્ચાતાપ અને બિલાપ કરતાં દ્વારપાળને બોલાવી પ્રાયશ્ચિતનો નિર્ણય થવા પંડિતોને બોલાવવા હુકમ કીધો, કે તરતજ તેની આજ્ઞા પ્રમાણે તેઓ આવ્યા, તેને પ્રણામ કરીને રાજાએ પૂછ્યું કે "મેં પુત્રનો વધ કર્યો છે, તેનું પ્રાયશ્ચિત મને કહો." એ પ્રમાણે રાજા ઘણો દુઃખયુક્ત બન્યો, અને ભોજ વગર રાજપાટ તથા જિંદગી તેને નિરર્થક થઇ પડી, ત્યારે વત્સરાજે પોતાના ગુપ્ત ગૃહમાંથી ભોજકુમારને લાવીને તેની પાસે હાજર કર્યો, ત્યારે તે અતિ હર્ષિત થયો. અને કુમારને પોતાની છા-

તી સાથે લગાડી રાજ્યાસન ઉપર બેસાડયો. ”

“ માટે હે ! શૂરવીરો ! મારે તમોને જણાવવાનું એટલુંજ છે કે મને મારી નાંખવાથી તમારો કોઇ પ્રકારનો સ્વાર્થ સિદ્ધ થતો નથી, હુંતો એક દુઃખી વટેમાર્ગુંછું. મને મારી નાંખવાથી તમને કોઇ પ્રકારનો લાભ થતોજ નથી. એટલું છતાં પણ તમે તેમાં કંઇ લાભ સમજતા હો, તો તે લાભ કાળવશ્ય મનુષ્યની સાથે કદી પણ આવનાર નથી. તોપણ તમોએ જે કંઇ કારણસર આ ધંધો હાથમાં લીધો હશે, તે શું મને મારવાથી સિદ્ધ થશે ? એમ તમે વિચાર કરો. મારી પાસે જે લુગડાં લતાં અને પાંચ પૈસા હતા, તે મેં તમોને સોંપી દીધા છે. વળી તમે શૂરવીર રજપૂત જેવા લાગોછો, તો જેમ, સિંહ ઘણા દિવસનો ભુખ્યો છતાં પણ તરણું ખાય નહિ, પણ લાયક શિકાર મળે તોજ ભક્ષ કરે, તેમ તમારા બળની પાસે હું એક તરણા સરખોછું. અર્થાત્ મારા સરખા ગરીબને લૂંટવો કિંવા મારી નાખવો એ તમારા સરખાની બહાદુરીને લાંછનરૂપ છે. હવે હું તમારે આધીનછું. માટે તમારી મરજી મુજબ કરવા તમે મુખત્યાર છે. ”

સદાચરણીના આ સત્ય ભાષણથી, પેલા સરદાર સરખા જણાતા કુલીન રજપૂતને બહુ સારી અસર થઇ. એટલે તેણે સદાચરણીને નહિ મારવા તથા તેનો લૂંટેલો માલ પાછો આપવા બીજાઓને સમજાવીને કહ્યું. અને દ્રષ્ટાંત આપ્યું કે “ યારો ! મારીએ તો મીર ! અને લુંટીએ તો ચીર ! ” આવા ગરીબોને મારવામાં આપણી શું બહાદુરી છે ? માટે એને એનું સર્વસ્વ પાછું આપી વિદાય કરવો જોઇએ. તે કુલીન રજપૂતના કહેવા પ્રમાણે તેના સંગતિઓએ બરાબર અમલ કર્યો. એટલે સદાચરણી પોતાની જુજ માલમતા લઇને રવાને થયો.

ખરેખર આ જગોએ સદાચરણીને તેની વિદ્વતા અને ચતુરાઇએજ બચાવ્યો. નહિ તો તે કાળનાજ મોઢામાં આવ્યો હતો. સદ્ગુણ, નમ્રતા અને ચતુરાઇ, એ ત્રણ મળીને શું ન કરી શકે ?

લૂટારાઓથી મુક્ત થએલો સદાચરણી ચાલતો થયો. રસ્તામાં ક્યાંય પાણી દેખાયું નહિ, તેમ તેની પાસે ખાવાનું પણ ખૂટયું

હતું, સમય બપોરનો થવા આવ્યો હતો, રસ્તામાં માણસ તો શું પણ પશુ પક્ષીનો મેળાપ પણ દુર્લભ હતો: તેમ આશ્રય લેવા લાયક કોઇ વૃક્ષ પણ દેખાતું નહોતું. આવી હાલતમાં આવી પડવાથી સદાચરણી બહુ અકળાયો. તેનું ચિત્ત વિભ્રમ જેવું બની ગયું, ભૂખ, તરસ તથા ઉપર નીચેની ગરમીને લીધે તેના પગમાં ચાલવાની શકિત પણ રહી નહોતી. જેમ એકાદ કુમળું ફૂલ પાણીની તંગાસ અને સૂર્યની ગરમી વડે કરમાઇ જાય, તેમ તેનું શરીર બની ગયું હતું. ગળું સૂકું થઇ જવાથી બોલવાની શકિત પણ બરાબર રહી નહોતી, અને રસ્તાનું પણ બરાબર ભાન નહોતું. પોતે કયાં ચાલેછે? તેની ખબર વગર ચાલતાં ચાલતાં તે એક મોટા જંગલમાં નીકળી ગયો.

બપોર પછી બે ત્રણ વાગ્યાનો સમય થયો, ત્યારે તેને નજીકમાં એક ઝાડી દેખાઇ, તેથી તેણે વિચાર્યું કે—" આ ઝાડીમાં પહોંચી શકાય, તો ત્યાં જરૂર પાણી હશેજ. અગર તે નહિ હોય તો ત્યાં ફાડી ખાનારાં શિકારી પશુઓ તો અવશ્ય હશે, એટલે આ દુ:ખી દેહનો અંત ત્યાં આવી જશે. કદાપિ તેમ નહિ બને તો ત્યાંથી આગળ ચાલવાની હવે મારામાં જરા પણ શકિત રહી નથી તેમ ખાવાનું પણ કંઇ સાથે નથી, વળી રસ્તાની પણ સૂઝ નહિ પડે, ત્યાં મનુષ્ય હોવાની તો કલ્પના કરવી, એ પણ ભૂલ ભરેલું છે. એટલે ત્યાં જઇને આ શરીરમાં રહેલા આત્માને સંકટથી મુકત કરવા સિવાય અન્ય ઉપાય નથી. એમ વિચાર કરતો કરતો થોડી વારમાં ત્યાં જઇ પહોંચ્યો.

પ્રિય વાંચનાર! સદાચરણીપર સંકટ પડવામાં કંઇ બાકી રહ્યું નથી; તેથી તેણે આ છેલ્લો વિચાર કર્યો છે; પણ દૈવની ગતિ વિચિત્ર છે. તે સદાય સાથેજ હોય છે. અને પ્રાણી માત્રની રક્ષા કરે છે, તેમ જે કંઇ બને છે, તે તેનીજ ઇચ્છાથી બને છે, તે પરથી સંતોષિ અને આસ્તિક મનુષ્યો કહે છે કે "દૈવને ગમ્યું તે ખરૂં: દૈવ જે કરે છે તે સારાનેજ માટે." ઉપલી હકીકત વાંચતાં આપણને સહજ સમજાય છે કે-સદાચરણીની જિંદગીનો અંત કદાચ પાસે પણ આવ્યો હોય, પણ તેથી ઉલટું તેના દુ:ખ નિવારણ માટેજ તેને સર્વ વ્યાપક ઇશ્વરે ત્યાં લાવી મૂકયો છે,

સદાચરણી એ ઝાડીમાં ભટકતો ભટકતો સૂર્યાસ્ત થવા પહેલાં એક પાણીના નિર્મળ વહેતા ઝરા પાસે જઇ પહોંચ્યો. ત્યાં જળપાન કરી વિશ્રામ લેવા માટે એક વૃક્ષની શીતળ છાયા નીચે બેઠો. વૃક્ષોની શીતળ છાયા નીચે મંદ મંદ પવનની લહેરો આવતી હતી. તેમ તે થાકીને લોથ જેવો થઇ ગયો હતો, તેથી તેની આંખોમાં નિદ્રા આવવા લાગી; પણ દુઃખના મારેલા માણસપર નિદ્રા દેવી પણ ઓછી કૃપા કરે છે. તેથી આ જવાન મુસાફર થાકયો પાકયો, ઠંડા પવનની લહેરો લેતો પડ્યો હતો; તોપણ તેના પર આવી પડેલી વિપત્તિના વિચાર એક ક્ષણ પણ તેને મૂકતા નહોતા. તે ઘડિયે ઘડિયે નિદ્રા લેવા માટે સ્વસ્થ પડી રહેતો, પણ વળી કંઇ તરેહવાર વિચાર આવવાથી પાછો બેઠો થતો, એમ કરતાં કરતાં મધ્યરાત્રી થવા આવી. ગાત્ર ખળ ખળ વહેતા પાણીના ઝરાના અવાજ સિવાય બીજો કોઇ પ્રકારનો શબ્દ સંભળાતો નહોતો, વૃક્ષોનું એક પણ પાંદડું હાલતું નહોતું, જાણે દિવસના પવનના ઝપાટા લાગવાથી થાકી જઇ તેઓ વિશ્રાન્તિ લેતાં હોય તેમ સ્વસ્થ થઇ રહ્યાં હતાં. પૂર્ણમાસીની રાત્રી હોવાથી ઘાટી ઝાડીમાં પૃથક્ પૃથક્ ચંદ્રનો પ્રકાશ પડતો હતો, તે વખતે દુઃખોનું સ્મરણ થતાં નિદ્રા ન આવવાથી પેલો તરૂણ મુસાફર ઉઠયો, તેણે વિચાર્યું કે હવે જિંદગીનો અંત પાસે છે, અહીંથી આ વખત હવે ઉગરવાનો એક અકળિત ગતિવાળા ઇશ્વર સિવાય બીજા કોઇનો આશરો નથી. એવો વિચાર આવવાથી ઘૂંટણીએ પડી, બે હાથ જોડી સર્વ શક્તિમાન પરમેશ્વરની તે નીચે પ્રમાણે પ્રાર્થના કરવા લાગ્યો:—

(ગીતિ.)

જય જય જગદાધારા ! જગદાધિપતિ અહો ! પ્રભુ પ્યારા !
જયશંકર જગદીશ્વર ! કરૂણાળું કર અહો કિંકર-તારા.[1] ૧
તારામાં છે આશા, અવનીપર મુજ નથી અન્ય તારો;
મારો આરો તુજ વિણ, છે નહિ નિશ્ચય અહીં નાથ ! ધારો. ૨
તારો પાર ઉતારો, આશાભર આ દાસ ગણી નાથ !
(જેમ)નિરાધાર બાળકને, નિજ પિતુ માતા ગ્રહે લીંડી બાથ. ૩

૧ તારનારો.

અધિપતિ કેરો આશ્રય, સેવક સમજે સદા સુખાકારી;
પૂર્ણ ભરોસો રાખી, શુધ[૨] નિષ્ઠાથી કરૂં સ્તુતિ તારી. ૪
(તે) અજર અમર અવિનાશી, આ ટાણે ઉર ધરી ગ્રહો હાથ;
આશા બંધનમાં આ, આવેલાને શાંત કરો નાથ ! ૫
આશ્રિત જનની આશા, પૂરણ કરવા તમે પ્રતાપિછો;
યોગ્ય સમય સેવકને, માટે નિરમળ કરૂણા વાપી[૧]છો. ૬
યથાયોગ્ય સરવેના, કાર્યો કરવા સતા ધરાવોછો;
નિજ સેવક જન ઊપર, ખંતે પ્રીતિ પ્રકાશ લાવોછો, ૭
ન્યાય, નીતિ શુભ રીતિ, કીર્તિ કેરો કરાર પાળીને;
પામર, પ્રૌઢ જનોનું, પાલન સરખું કરો છ ભાળીને. ૮
તે કરવાની કાંતિ, શાંતિ નિશ્ચય ભ્રાંતિ વિના ભારી;
ભારી હલકા ભાળી, દ્રષ્ટી તારી કદી ન ડગનારી. ૯
પલમાં પામર દ્વારે, ડંકા વાગે વિજયતણા ભારી;
હે! જગદીશ્વર દાતા ! એ છે પૂરણ અકળગતિ તારી. ૧૦
અનંત કાળો વીત્યા, વીત્યા મોટા અનેક ઋષિરાયા,
વનમાં વસિ શુભસ્થાને, ઉમ્મર આખી સદાય ગુણ ગાયા. ૧૧
તથાપિ તૃપ્ત થયા નહિ, દીર્ઘ પૂર્ણ પ્રબળ બુદ્ધિમંતા;
(તો) યોગ્ય બને શી રીતે, મકકન સરખા અલ્પમતિ વંતા. ૧૨
બાળકના આધારા, સદાય ન્યારા સર્વથકી રહિને;
કેરો છ રક્ષાકારી, પામર, પ્રૌઢોતણા કરો ગ્રહિને. ૧૩
જગપાળું જગત્રાતા, દાતા સુખ દુખ, અનન્ય, અવિનાશી?
અકળિત ગતિ અદભૂતા! સાક્ષાતા ત્રિલોકતણા વાશી. ૧૪
દીનાનાથ દયાળુ, પરમાત્મા પ્રભુ ! અપાર ઉપકારી,
નમિ નમિને હું વંદું, વિશ્વાધિપતિ અહો ! નિરાકારી. ૧૫
હરઘડિ હરકત હરજે, હે હરિ ! બરકત બહુ બહુ દેજે;
રીઝી રક્ષા કરજે, કરમાં કાર્મુક[૧] સદા ધરી રેજે. ૧૬
સિંહ સ્વરૂપ ધરીને, રિપુદળ કેરો શિકાર કરિ લેજે;
જીવો કિંચિત મતિના, મકકન દોષો ક્ષમા કરી દેજે. ૧૭

એ પ્રમાણે પ્રાર્થના કરીને સદાચરણી કેટલીક વાર સુન્ય

૨ શુદ્ધ ૧ કરૂણારસની વાવ. ૨ બુદ્ધિમંત. ૧ કાર્મુક=બાણ.

બેશી રહ્યો. વળી થોડી વારે પાછો દુઃખના ઉભરા કાઢવા લાગ્યોઃ—

" હે ! પરમેશ્વર ! આપ પરમ દયાળુ, અપાર શકિત ધરનાર, પરમ ન્યાયકારી અને કરૂણાનિધાન છો; હું પ્રેમ ભાવથી તમારી ભકિત કરૂં છું, તે અંગિકાર કરવાને તમે ઘટ ઘટ વ્યાપી રહ્યા છો; હું તમારો શરણાગત થઇ કેવળ મુકિત–પ્રદાન માગું છું. કારણ કે જો મનુષ્ય કોઇ પ્રકારે જગતનું કલ્યાણ કરવાને શકિતમાન નથી તો તેનું આ જગતમાં જીવવું વૃથા છે, હું કેવળ નિરર્થક અને ભૂમીને ભાર કર્ત્તા છું. વળી આ દેહને પણ દુઃખદાતા થઇ પડયો છું. એટલા માટે તમારી વારંવાર પ્રાર્થના કરૂં છું કે–મને આ જગત જંજાળમાંથી છોડવાને તમે સત્વર કૃપાળુ થાઓ" !

વળી થોડી વાર રહીને બોલે છે:— " અરે ! આ દેહ પડીને હયાતીનો અંત કેમ આવતો નથી ? આ સંકટવાળી જિંદગીભોગવવાને હું બિલકુલ ચહાતો નથી; આ અઘોર વનના ઘાતકી પ્રાણીઓ મને ફાડી ખાશે, તે કરતાં બહેતર છે કે મારે મારી મેળેજ પ્રાણઘાત કરવો જોઇએ; અરે ! પણ, જો હું એમ તરફડીઆં મારી મારીને મરી જઇશ, તો પણ મારા દેહને જંગલી જનાવરો અને કાગડા, કૂતરા ચૂંથશે, તેનાં કરતાં આ મોટા પાણીના ખાડામાં ડૂબીને મરણને શરણ થવું, એ વધારે બહેતર છે."

એમ વિચાર કરીને છેવટ આ દુઃખી જવાન પોતાના દેહનો અંત લાવવા માટે તૈયાર થયો, પાણીના કિનારા ઉપર પૂર્વોકત રીતે બેઠેલો તે અંદર પડવાને તત્પર થયો, પણ તરતજ નજીકની એક ન્હાની ટેકરી તરફથી એકદમ નીચે પ્રમાણે અવાજ આવ્યોઃ—

" અરે ! દુઃખવડે દુનિયાંથી કંટાળેલા મનુષ્ય ! સબુર કર, અને ધ્યાન પૂર્વક વિચાર કર. પ્રાણઘાતના મહા પાતકના ફાંસામાં ફસાતો નહિ. "

પેલા તરુણ પુરૂષે આ અવાજ સાંભળ્યો કે ચોતરફ નજર કરી પણ કંઇ દેખાયું નહિ, તરતજ તેની પાસે એક લાંબી અને ધોળી દાઢીવાળો કદાવર અને વૃદ્ધ પુરૂષ આવી ઊભો, અને બોલ્યો કેઃ—

" બેટા ! તું કોણ છો ? અને અહિંઆં કયાંથી આવ્યો ! પ્રા-

ણુનો ઘાત કરવાને શા માટે ઉતાવળો થાય છે?"

આ વૃદ્ધ પુરૂષનાં આવાં વચન સાંભળીને તેણે પોતાની વિપત્તિનું યથાસ્થિત બધું વૃત્તાંત કહી સંભળાવ્યું.

આ ઝાડીમાં એ મહા જ્ઞાની મુનીશ્વરનું રહેઠાણ હતું. પૂર્વ કાળમાં જ્ઞાની અને મહંત પુરૂષો ઇશ્વર ભક્તિ અને આત્મોન્નતિને અર્થે આવાં એકાંત સ્થળોમાં નિવાસ કરતા હતા, અને સૃષ્ટીક્રમવિષે સ્વસ્થ ચિત્તથી પ્રમાણ બાંધતા હતા; જે પ્રમાણો ઉપર આજ પર્યંત ભરોસો ચાલ્યો આવે છે, એટલુંજ નહિ પરંતુ કેટલીક બાબતો વિષે તેઓએ જે ભવિષ્ય બાંધેલા છે, તે જોઇ સૃષ્ટીના લોકો તેઓની અગાધ બુદ્ધિવિષે વારંવાર તેમની સ્તુતિ કરે છે.

સદાચરણીનું વૃત્તાંત સાંભળી આ મુનીશ્વરને તેનાપર બહુ દયા આવી, તેથી તેને ધીરજ આપતાં નીચે પ્રમાણે બોધ કર્યો:—

"બચ્ચા! ગમે તેવો આપદકાળ આવી પડે તોપણ આત્મઘાત કરવો નહિ; કેમકે મોતની અણીપર આવેલાને પણ કદાપિ ઇશ્વર બચાવે છે: માટે ધીરજ ધર. તું જવાન છે, તેમ તારા ચહેરાપરથી સ્પષ્ટ સમજાય છે કે તું બુદ્ધિમાન છે. તું ભાગ્યશાળી થઇશ. એમ હું તને આશીષ આપુંછું. પુરૂષે અવશ્ય પુરૂષાર્થ કરવો જોઇએ. તારા જેવા તરૂણ, કુળવાન અને ધર્મજ્ઞ પુરૂષને નાહિંમત થઇ, જિંદગીનું સાર્થક કરવાને માટે પાછાં પગલાં ભરવાં એ તેના ઇતિહાસમાં એક અતિ હાસ્યજનક બિના છે. કેમકે એવા પુરૂષો આત્મઘાત કરવાથી લોકોમાં નિંદાય છે અને ઇશ્વરને અપ્રિય થાય છે. અર્થાત્ આત્મઘાત કરવાથી આ લોક અને પરલોકમાં મનુષ્ય તિરસ્કારને પાત્ર થાય છે."

બેટા! વિચાર કરકે અધમ અવસ્થા પણ મનુષ્યની થાય છે, અને દિવ્ય વૈભવ પણ તેજ મનુષ્ય ભોગવે છે. તેવિષે નૈષધ દેના રાજા નળ. તેમ પાંડવો વગેરેનાં વૃત્તાંતો તેં સાંભળ્યાં હશે. તેઓએ એવાં સંકટ ભોગવ્યાં છે કે તે કાળના મુનિયોએ કહ્યુંછે કે એવું કષ્ટ પૂર્વે કોઇએ ભોગવ્યું નથી, સાંભળ્યું નથી અને જોયું પણ નથી. તો તેમના પ્રમાણમાં તારૂં દુ:ખ શી ગણુતીમાં? માટે દુ:ખથી ગભરાવું નહિ કહ્યુંછે કે:—

(ભુજંગી છંદ.)

"कबू पांउ प्यादे चलो पंथ जाना, कबू बाहनं सो बिमानं समाना;
भलीहे बुरीहे कबू ना कहेना, रखे ज्यों प्रभू त्यों खुशीमें रहेना.*"

પરમેશ્વરે મનુષ્યને પ્રબળ સત્તા અને ઉત્તમ સાધનો આપ્યાં છે. તે વડે તે જે ચાહે તે કરી શકે છે. વળી મનુષ્ય પોતાના ઉત્તમ કૃત્યોથી ઉત્તમ કીર્તિને પામે છે.

(दोहा.)

होत पनैये[1] पशुनके, नरका कछू न होत,
जब नर करनीकों करे, तब नारायन होत.

એવી રીતે નર પોતાના કૃત્યોથી નારાયણરૂપ થઇ શકે છે, અર્થાત્ તે ઇશ્વરને પામે છે.

જેમ સુકાની ધ્રુવ તારાને હાથમાં લાવવાની વકી રાખતો નથી, તોપણ પોતાના વહાણને તે વડે રસ્તેસર હંકારે છે. તેમ મનુષ્યે આ જગતરૂપી સમુદ્રપાર કરવાને ચિત્તરૂપી વહાણ બુદ્ધિરૂપી સુકાનવતી રસ્તેસર ચલાવવું જોઇએ. અને ઉત્સાહપૂર્વક ભવિષ્યની ફતેહમંદી ચહાવી જોઇએ. કારણકે "પ્રારબ્ધ કોઇ કોઇવાર લહેર કરી નાંખે છે, વળી મનુષ્ય જાતના સંકટપર દયાદ્રષ્ટીથી જોનાર આકાશમાં વસે છે." વાસ્તે તારા ચિંતાતુર અને અતિશય વ્યાકુળ બનેલા ચિત્તને નિર્મળ વિચાર વડે શાંત કર, સંસારના વિકટ માર્ગના ભયથકી રહિત થા ! કારણ જગત્‌ની ખૂબી એવા પ્રકારની છે કેઃ—

(દોહરો).

માને તો સંતોષ છે, તૃષ્ણાનો નહિ પાર;
મન ઊપર કંઇ છે નહિ, ઉપાડે તો ભાર.

ઇત્યાદિ ઉપદેશ કરી તે મુનીશ્વર સદાચરણીને પોતાના પવિત્ર આશ્રમમાં લઇ ગયા, ત્યાં બે ત્રણ દિવસ યોગ્ય સન્માનપૂર્વક રાખીને વિદાય કર્યો, વિદાય કરતી વખતે તે યોગીએ તેને કહ્યું કેઃ—

* પ્રવીણસાગર—ક૦૬૦ડા૦ ની ટીકાવાળું.
૧ પનૈયા=પગરખાં.

" અહીંથી પશ્ચિમ દિશામાં બાર કોશને અંતરે એક મોટું શહેર આવશે, તેના પૂર્વ તરફના દરવાજા પાસે એક સુંદર મનોરંજક બગીચો છે, તેમાં અતિથીઓનો યોગ્ય સત્કાર થવાનો સારો બંદોબસ્ત છે, તે જગોએ તારે ઉતારો કરવો અને ત્યાં એકાદ માસ સુધી સ્વસ્થ ચિત્ત રાખીને નિવાસ કરજે. ત્યાં તારી ચતુરાઇ અને વિદ્વતાની અવસ્ય બૂઝ થશે. વળી તે નગરસુધી પહોંચતાં વચ્ચે એક ગામડું આવશે, ત્યાં શામળ પટેલની પૂછા કરી તેને ત્યાં રાત વાસો કરજે અને સવારમાં વહેલો વિદાય થઇ જજે. સંક્ષેપમાં તને મારી એટલીજ સૂચના છે કે. તારાં સઘળાં દુઃખનો અંત આવી ગયો છે, હવેથી તારા ભાગ્યોદય થવાનો દહાડો શરૂ થઇ ચૂકયો છે, એમ તારે નિશ્ચય ધારવું."

એ પ્રમાણે યોગીરાજની આશીષ લઇને સદાચરણી પંથે ચાલ્યો.

પ્રકરણ ૧૩ મું.

મુનીશ્વરની કૃપા મેળવીને તેની ભવિષ્ય વાણીવિષે વિચાર કરતો કરતો સદાચરણી સૂર્યાસ્ત થતાં પહેલાં એક નાના ગામડામાં જઇ પહોંચ્યો. ગુરૂની સૂચના પ્રમાણે ત્યાં શામળ પટેલની પૂછા કરી તેને ઘેર ગયો. પટેલ તથા તેનું સઘળું કુટુંબ ઘણું માયાળુ અને વિવેકી હોવાથી ત્યાં આ મુસાફરનો સારો સત્કાર થયો. રાત્રે ભોજન કરીને સદાચરણીએ ત્યાં નિદ્રા લીધી. સવારે જવાને તૈયાર થયો, તે જોઇ શામળ પટેલે તેને રોકવાની ઘણી હઠ કરી, પણ સદાચરણીએ ઘણા વિવેકથી રોકાવાની ના પાડી અને શામળ પટેલને પૂછ્યુંકે અહીંથી પશ્ચિમ તરફ કયું ગામ આવશે? અને તે કેટલે દૂર છે? "વગેરેના જવાબમાં પટેલે કહ્યુંકે—અહીંથી છ કોશને અંતરે શુભેચ્છકનગરી નામે શહેર આવશે, ત્યાંની વસ્તી ઘણી પ્રમાણીક અને સંપત્તિયુક્ત છે, ત્યાંનો પ્રજાપતિ અતિશય ધર્મીષ્ટ અને ન્યાયિક છે, તેથી તેના રાજ્યમાં સર્વત્ર ધર્મનીતિ પ્રમાણે કારભાર ચાલે છે. લોકો, તે નગરીને અયોધ્યાની અને તે રાજાને રામચંદ્રની ઉપમા આપે છે: અર્થાત્ જેમ રામચંદ્રજીના

રાજ્યમાં પ્રજા સુખી અને નિશ્ચિંત હતી, તેમ આ રાજાના રાજ્યમાં છે." ઇત્યાદિ પટેલે શુભેચ્છકનગરીની શોભા, વૈભવ અને ધર્મનીતિનું વર્ણન કર્યું. તે સાંભળીને સદાચરણીને પૈલા યોગીરાજના વચનની વધારે પ્રતિતી થઇ. સદાચરણી કોઇ કુળવાન અને સારો માણસ છે, તે દુઃખનો માર્યો નીકળી આવ્યો છે, એમ પટેલના ધ્યાનમાં ઊતરવાથી તેને ચડવા માટે પોતાની ઘોડી એક માણસ સહિત આપી. અને તે સ્થાને પહોંચાડી રજા લઇને વળી આવવાની આજ્ઞા કરી.

પટેલ પાસેથી વિદાય થયેલો સદાચરણી બપોર પછી ત્રણ વાગે શુભેચ્છકનગરીની ગુરૂએ સૂચવેલી વાડીમાં આવી પહોંચ્યો. અને પટેલના માણસને ઘોડી સહિત પાછો વિદાય કર્યો. ત્યાં મુસાફરોને ઉતરવા માટે જગ્યાઓની તેમજ જમવા માટેની સારી સગવડ હતી. માણસો પણ વિવેકી અને માયાળુ જણાયા. એ પ્રમાણે ગુરૂના વચન અનુસાર સર્વ વાતો મળતી આવવાથી સદાચરણીને પોતાના સારા ભવિષ્ય માટેની મજબૂત આશા બંધાઇ. આ વાડી અને ધર્મશાળાનો માલિક તે શહેરનો નગરશેઠ નિર્મળશાહ નામે મોટો શાહુકાર હતો, તે શાહુકારને એક જવાન દીકરો હતો, તેઓ સાંજ સવાર આરામ માટે હમેશા આ વાડીમાં આવતા, અને મુસાફરોની બરાબર આગતાસ્વાગતા થાય છે કે નહિ? તેની બરાબર તજવીજ કરતા. એક દિવસે તેમની આ નવા આવેલા મુસાફર સદાચરણીથી મુલાકાત થઇ, તેમાં તેઓ સંતોષ પામ્યા. તેમની સહજ વાતચિતમાં કયારેક વિદ્યાવિનોદ પણ થવા લાગ્યો, તેમાં સદાચરણીની ચતુરાઇ, સભ્યતા, બોલવાની વિદ્વતા ભરેલી ઉત્તમ રીતિ, અને ઉત્તમ જ્ઞાન જોઇને તે સાહુકાર-પિતાપુત્ર-બહુજ આનંદ પામતા, અને તેથી તેઓ સદાચરણીની વધારે સારી બરદાસ્ત રાખવા પોતાના માણસોને આજ્ઞા આપતા. એ પ્રમાણે કેટલોક વખત વિતીત થતાં તેની હુશિયારી, રીતભાત અને પ્રમાણિકપણા વિષે શેઠને એવી તો સારી અસર થઇ કે તેને પોતાની પેઢીના મુનીમની જગ્યા ઉપર રાખ્યો.

સદાચરણીને મુનીમની જગ્યા મળવાથી પોતાની બુદ્ધિ અને પરાક્રમ બતાવવાનું પ્રસંગ મળ્યું. એટલે તે ઘણી સંભાળ, નિ-

મકહલાલી તથા ઝીણી નજરથી નોકરી બજાવવા લાગ્યો. તેના ભાગ્યોદયનો દિવસ શરૂ થઇ ચૂકયો હતો, તેથી તેના આવવા પછી શેઠને ત્યાં પણ દિનપ્રતિદિન વધારે આવાદાની થવા લાગી. તેથી આ કોઇ ભાગ્યશાળી અને ખાનદાન પુરૂષ છે, એમ જાણી શેઠ તેનાપર પોતાના પુત્ર પ્રમાણે મમતા રાખવા લાગ્યા. અને તેજ કારણથી તેમણે કેટલાંક જાતે કરવાનાં કામ પણ સંપૂર્ણ વિશ્વાસથી સદાચરણીને સોંપ્યાં. તેને લીધે સદાચરણીની ઓળખાણ અને મોટા લોકો સાથેની મુલાકાતો વધવા લાગી—કોઇવાર રાજદરબારમાં જવાનો પણ તેને પ્રસંગ આવતો; ઇત્યાદિ કારણોથી થોડી મુદ્દતમાં વિશેષે કરીને આખા શહેરમાં તેની કીર્તિ ફેલાઇ રહી. એટલુંજ નહિ પણ તે ઘણો લોકપ્રિય થઇ પડયો.

પૂર્વે ભોજ રાજાના રાજયમાં બ્રાહ્મણ હોય તથાપિ તે અવિદ્વાન હોય તો તેને પોતાની રાજધાનીમાં રહેવા ન દેવો, અને કુંભાર હોય પણ વિદ્વાન હોયતો તેને રહેવા દેવો, એવો ધારો હતો અને તેથી તે રાજાના વખતમાં જેમ તમામ વર્ગના લોકોમાં વિદ્યા ફેલાઇ ગઇ હતી, તેમ આ શુભેચ્છકનગરીને વિષે પણ વિદ્યારૂપી રત્ન ઠામઠામ પ્રકાશી રહેલું હતું.

આ નગરમાં દર ચંદ્રવારે એક મોટી સાર્વજનિક સભા ભરાતી હતી, ત્યાં રાજા પોતાના પ્રધાન મંડળ સહિત પધારી પ્રમુખની ખુરશીએ બિરાજતા હતા. આ સભામાં લોકોપયોગી ભાષણો થતાં. નિર્મળશાહ શેઠ પણ તે સભાના મેંબર હતા, તેથી દરેક વખતે તેઓ સભામાં જતા, ત્યારે તેની સાથે સદાચરણી પણ જતો; અને પ્રસંગોપાત યથામતિ અનુસાર થોડા બોલ બોલવાની સભામાં તક લેતો હતો. તેના ધીરા, મીઠા, અને છટાદાર બોલો સભાસદોને બહુ પ્રિય લાગતા હતા, તેથી થોડી મુદ્દતમાં તેના ઉપર સર્વાનુમતે સભાની પ્રસન્નતા જાહેર થઇ, ને તે સભાના મેંબરોમાં સદાચરણીને દાખલ કરવામાં આવ્યો.

આ સભામાં દરેક સભાસદ તરફથી જૂદે જૂદે વખતે જૂદા જૂદા વિષયોપર ભાષણો થતાં, તેથી સદાચરણીનો વારો આવતાં, તેણે "સર્વોત્તમ રાજ્ય કેવું જોઇએ× ?" એ કિમતી વિષય ઉપર પો-

× આ વિષય એટલો બધો વિસ્તીર્ણ અને મહત્વનો છે કે

તાના યથામતિ અનુસાર ઉત્તમ પ્રમાણો વાળું એક ભાષણ કર્યું. તેના મધુર ભાષણથી સભામાં આનંદ વ્યાપી રહ્યો. તેની તરૂણ અવસ્થા છતાં, ગાંભિર્યતા આદિ સદ્ગુણો અને દીર્ઘ વિચાર જોઇ, રાજાધિરાજનું તેના પર લક્ષ ખેંચાયું. અને તેની યોગ્ય કદર થવા માટે પોતાના મનમાં નક્કી કર્યું. ત્યાર પછી વખતોવખત સદાચરણીને દરબારમાં બોલાવવામાં આવતો હતો. છેવટ રાજા સાહેબે ખુશી થઇને સદાચરણીને યોગ્ય રાજ્ય સત્કારની સાથે પોતાના પ્રધાન મંડળમાં દાખલ કર્યો.

પ્રકરણ ૧૪ મું.

બેત.

"કલમ બોલા કે મેં શાહનશાહસેં બડાહું;
જો લિખ શકતા ઊસે, સુલતાન બનાઊં.

તેના પુર પૂર્વના મહાન્ વિદ્વાનોએ ઘણું લખેલું અને સમજાવેલું છે; તેના સંબંધમાં મારા તરફથી પ્રાચીન અને અર્વાચીન કાળના રાજાઓના ધર્મ વિષે જે કંઇ લખાયલું છે, તે અત્રે દાખલ કરવાનું ઉચિત ન લાગતાં, માત્ર મહારાજ ભર્તૃહરિનો એક શ્લોક લખું છું, જેમાં ઉપલી બાબતનાં ઉત્તમ મૂળતત્વો બીજ રૂપે સમાયલાં છે :—

(વસંતતિલકા વૃત્ત.)

"राजन्दुधुक्षासि यदि क्षिति धेनुमेनां,
तेनाद्य वत्समिव लोकममु पुशाण ॥
तस्मिंश्च सम्यग निशं परिपोष्य माणे,
नानाफलैः फलति कल्प लतेव भूमि : ॥ ४६

"હે ! રાજા ! જો પૃથ્વી રૂપી ગાયને દોહવા ચહાતો હો, તો તેના વત્સ (વાછડા) ની પેઠે પ્રજા જનોનું પોષણ કર. જ્યારે તે પ્રજા રૂપી વત્સનું નિરંતર સારી રીતે પોષણ થશે, ત્યારે કલ્પલતા સમાન પૃથ્વી અનેક પ્રકારનાં ફળ દેશે."

અગર જો કમબખ્ત હોવે, તોબી ચેકે વખ્ત,
ઉસે દૌલતકી લિઝત કુછબી ચખાઉં."

પ્રિય વાંચનાર ! પૂર્વોકત કથા વાંચ્યાથી આપણે જાણીએ છીએ કે સદાચરણીની કમબખ્તીમાં કાંઇ પણ બાકી રહ્યું નહોતું, પરંતુ વિદ્યા રૂપી રત્નના પ્રકાશ વડે તે પ્રસિદ્ધ થયો. નેકી અને બદીનો યોગ્ય બદલો પરમેશ્વર અવસ્ય આપે છે, એમાં સંશય નથી. સદાચરણીને અતિશય આફતો આવી પડી, તથાપિ તેણે પોતાનું પવિત્રપણું એક સરખી રીતે જાળવી રાખ્યું, તથા પરમ કૃપાળુ જગદીશ્વરની ભકિતમાં અચળ વૃત્તિ રાખી કાળ નિર્ગમન કર્યો; તો તેની જિંદગીનો બચાવ થયો અને તેના ભાગ્યોદયનો દહાડો તેને પ્રાપ્ત થયો.

શુભેચ્છકનગરીના રાજાએ ખુશી થઇને સદાચરણીને પ્રથમ પ્રધાન મંડળમાં દાખલ કર્યો હતો, પણ ત્યાર પછી થોડી મુદતમાં તેને મુખ્ય પ્રધાનપદ આપ્યું.

કહ્યું છે કે—" વિવેકી, સ્વતંત્ર, અને ટેકદાર થવું; એજ માત્ર મોટા–તરબિયત પામેલા ગૃહસ્થોની વર્તણુંકને જેબ આપનાર છે." એ પ્રમાણે કેળવણી પામેલા સદાચરણીની અહીં પૂરતી કદર થઇ. રાજા તેમજ પ્રજાનો તેના પર પૂર્ણ ભરોસો અને પ્યાર બંધાયો હતો; તેના પવિત્ર અને ડહાપણ ભરેલા વિચાર રાજાને હમેશાં પસંદ પડતા હતા. તેના નિષ્પક્ષપાતી ન્યાય, લોકપ્રિય કામ અને પ્રજાના હિતતરફ પવિત્ર વલણવિષે આખા રાજ્યમાં સંતોષ અને શાંતિ વ્યાપી રહી હતી. એ પ્રમાણે તેની રાજ્યસેવા ફતેહમંદીથી ચાલતી હતી.

તેણે ઘેરથી નીકળતી વેળા નિશ્ચય કર્યો હતો કે—" જ્યારે ઇશ્વર કૃપાથી એક મુકરર સ્થળ પર રહેવાનું થાય, અને હાલતમાં કાંઇ સુધારો થાય, ત્યારેજ ઘર તરફ ખબર પત્ર મોકલવા." દુઃખના ઉભરા શાંત પાડવાને માટે બયાન નિત્ય લખી મોકલીને પોતાનાં વહાલાં, વહાલેસરી તથા મિત્રોને તાજો તાજો બળાપો અને શોક—સંતાપ ઉપજાવવો તેના કરતાં પોતેજ ધીરજથી સહેવું, એ તેને ઉત્તમ લાગતું હતું.

આંહીં સદાચરણીનો નિવાસ થયે કેટલાક મહિના થઇ ગયા હતા, પરંતુ હવે તો આંહી ચોકસ જમાવ થયો, અને રાજ્ય વૈભવ પ્રાપ્ત થયો, એટલે પોતાના દેશ અને ઘર તરફ ખબર પત્ર મોકલવા તેણે વિચાર કર્યો.

વર્ષાઋતુમાં શ્રાવણ શુદિ ૧૫ ને દિવસે બપોરપછી ત્રણથી પાંચ વાગ્યા સુધી મેઘ રાજાએ વૃષ્ટી કરેલી હતી, વાદળાનો ઘટાટોપ જામવાથી ઘેરાયલો આકાશ વાદળાં વેરાવા માંડવાથી ખુલ્લો થતો જાય છે. ઝીણા ઝીણા છાંટા જરા જરા વારે આવતા હતા, તે વખતે શુભેચ્છકનગરનો દીવાન સદાચરણી એક જરા સધીરા ઘોડાથી આ વખતની જંગલની ખૂબી જોવા નીકળ્યો. જ્યાં આકાશમાં રંગ બેરંગી ઇંદ્ર ધનુષ શોભી રહ્યાં છે, નાના પ્રકારનાં વૃક્ષોનાં પાંદડાંપરથી પશ્ચિમ બાજુથી આવતા મંદ વાયુના લહેરકાથી ટપકતા પાણીના છાંટા ભોંયપર ઉગેલા શ્વેત (બિલાડીના) ટોપ ઉપર પડે છે, તે જાણે સ્ત્રીઓનાં ગળાંમાંથી સ્રવતા પરસેવાના બિંદુઓ તેમના સ્તન ઉપર પડતા હોય નહિ ! આસપાસનાં નાનાં નાનાં તરૂઓ જાણે સ્વયંવરના રમણિય મંડપનેવિષે વરમાળ લઇને આવતી નવયૌવના રાજ્ય કન્યાને જોઇ એકઠા થયેલા રાજકુમારો એક બીજાની હરિફાઇ કરતા હોય નહિ ? તેમ સરસાસરસી કરતાં દેખાઇ રહેલાં છે. નાના પ્રકારના રંગ બેરંગી કુદરતી બિછાવવામાં આવેલા ઘાસ રૂપી ગાલીચાના મનોરંજક વસ્ત્રાલંકારથી ભૂમી જાણે નવ પરણિતા કાંતા પોતાના પતિને મળવાની તક ઉપર શોભ શૃંગાર સજી રહેલી હોય નહિ ! તેમ વરસાદના દિવસ આવવાથી શૃંગાર સજી ઉત્કંઠિત થઇ રહેલી છે; સુંદર પીછાંવાળાં પક્ષીઓ કલ્લોલ કરી રહ્યાં છે; મયૂરો જાણે વરસાદને આવકાર દેતા હોય નહિ ? તેમ મધુર સ્વર કરી રહ્યા છે, અને એક ઝાડ ઉપરથી બીજા ઝાડ ઉપર ફરરર ઉડીને બેસેછે. દેડકાં ડરાં ડરાં કરી રહ્યાં છે, નાના નાના છેલાઓ જાણે બાહારથી આવતી માતાને દેખીને બચ્ચાંઓ તેને વળગી પડવાને આનંદમાં કાલા કાલા અને પ્રિય લાગે એવા તોતરા અને અસુરા બોલ બોલતા ઉતાવળા થઇને દોડતા હોય નહિ? અથવા ગાય

વગેરે પશુઓને દો'તી વખત તેમનાં બચ્ચાંને છૂટાં કરતાં ધાવવાને સારૂ છલંગો મારતાં દોડતાં જાતાં હોય નહિ? તેમ તેઓ ખળખળ એવો ઘોરો અને મનોરંજક અવાજ કરતા, પોતાની માતા સરિતાને દેખીને દોડતા હોય નહિ? તેમજ સરિતાઓ જાણે કે વિદેશી પતિની વિયોગિણી સ્ત્રીઓ જેમ પોતાના સ્વામીનાથને મળવાના આનંદમાં પ્રાતઃકાળના કમળની પેઠે જેનું મુખારવિંદ ખીલી રહેલું છે, એવી નાના પ્રકારના નાદ કરતી અને પોતાની મૂળસ્થિતિ બદલાઇને પ્રફુલ્લિત થયેલી જાણે પોતાના રસ્તામાં પોતે સંકડાતી હોય નહિ? તેમ આસપાસની જમીન અને ઝાડવાંને ત્રાસ પમાડતી પોતાના ભર્તાર સાગરને મળવા અતિ ઉતાવળા વેગથી ચાલી રહેલી છે.

એ પ્રમાણે ચોતરફ પરમેશ્વરના ઘરની અપાર લીલા વ્યાપી રહેલી છે, તે જોતો જોતો અનેક પ્રકારના વિચાર કરતો, અને ઇશ્વરની ઐશ્વર્યતાનો અનુભવ લેતો તથા તેની શકિતની સ્તુતિ કરતો સદાચરણી હવે પાછો શહેરમાં જવા વળી ચૂકયો.

આ વખતે સંધ્યાકાળ થવાથી આકાશમાં તરેહ તરેહની રોશની ખીલી રહી હતી; રાજ્યમહેલ અને શ્રીમંતોની હવેલીઓની ગલેરીઓ, ગોખ, જાળીઓ અને બારીઓમાં રંગબેરંગી રોશની પ્રકાશી રહી હતી; દેવમંદીરમાં આરતીઓના ઝણઝણાટ, શંખના નાદ, અને તુરીઓના તિક્ષણ અવાજ થઇ રહ્યા હતા; દર્શન કરવા જતા લોકોનાં ટોળેટોળાં એક પછી એક આવતાં હતાં, ઇત્યાદિ વિવિધ પ્રકારની પવિત્ર ધામધૂમને સમયે સદાચરણીએ શહેરમાં પ્રવેશ કર્યો, ત્યારે જાણે કે આ ભાગ્યશાળી અને ધર્મીષ્ટ જુવાન ઉપર દેવતાઓ પ્રસન્ન થવાથી તેને સામૈયું કરતા હોય નહિ? એવો દેખાવ થઇ રહ્યો હતો.

ઉપર પ્રમાણે જંગલની સહેલ કરી આવીને સદાચરણીએ પોતાના ખાનગી ઓરડામાં પ્રવેશ કર્યો, અને તે વખતે તેને પોતાની જન્મભૂમી, સ્નેહીઓ, કુટુંબ અને લક્ષ્મીવિષે બહુ યાદ આવવાથી મનની શાંતિને અર્થે નીચે પ્રમાણે પત્રો લખ્યા:—

મારી વ્હાલી લક્ષ્મી !

પ્રિયા ! "ઘર મૂક્યાને દુઃખ વીસર્યાં." એ કહેવત દુનિયામાં પ્રસિદ્ધ છે, તોપણ હાલ ઘણો લાંબો વખત વિતીત થયા છતાં પણ એ કહેવત અનુસાર તારી ફિકરથી મારૂં દિલ એક પળ પણ વેગળું રહેલું નથી, તેની સાબિતી આપવાને મારી પાસે આ પ્રસંગે કંઇ સાધન નથી. વળી આપણ બંનેના અપૂર્વ સંબંધ અને પ્યારની વિશેષ ખાત્રી કરવાને કિંચિત માત્ર બાકી રહેલું નથી, એમ હું અંતઃકરણપૂર્વક માનુંછું.

પ્યારી લક્ષ્મી ! આપણી સ્વભૂમી છોડીને આહીં રહેવાનું થતાં પહેલાંનો વચલો વખત કેવો હતો ? અને તે શી રીતે ગુજર્યો? તેનું-સ્ત્રી જાતિના કોમળ હ્રદયને વજ્રના ઘા જેવું થતું દુઃખરૂપ-વર્ણન આ પત્રદ્વારાએ લખી જણાવવાને મને યોગ્ય લાગતું નથી.

મારી વ્હાલી ! લગભગ એક વર્ષ અનિયમિત રીતે રખડવામાં નીકળ્યો, અને બાકીની મુદ્દત આ સ્થળે આવીને ગુજારતાં થોડા મહિના થયા આહીંના રાજ્યના પ્રધાનપદની પ્રાપ્તી થઇ છે. રાજાધિરાજની પૂર્ણ કૃપા છે તેમજ લોકોનો પૂરતો ભાવ છે.

રાજ્યદ્વારી વૈભવ ભોગવવાને જોકે સંપૂર્ણ સાધનો મોજુદ છે, તથાપિ તારાવિના મને તે ગમતાં નથી,. કેમકે પ્યારી ! તું જાણે છે કે-જ્યારે તું દૂરથી આવતી મારી નજરે પડે, ત્યારે આસપાસની ભવ્ય લીલા તારા મનોરંજક ચહેરા કરતાં મને થોડી સુખકારક લાગે. તારી આસમાની રંગની આંખો કરતાં સ્વર્ગની લીલા પણ મને થોડી મનોહર લાગે. વિચિત્ર પ્રકારની રાગણીઓ તારા ઉચ્ચાર કરતાં મને થોડી કોમળ લાગે છે. તને એ દિવસ યાદ છે કે-ભવિષ્યના સંબંધને માટે આપણે કેવી સંકલ્પ વિકલ્પ સ્થિતિમાં આવી પડચાં હતાં ? ભવિષ્યના સુખને માટે કેવી આશા અને અપેક્ષા હતી ? તે સર્વ શા માટે કરવું પડયું હતું ? માત્ર આપણા શુધ્ધ અંતઃકરણના સ્નેહ માટેજ. એ સઘળું કોઇ દિવસ ભૂલાય તેવું નથી.

પ્યારી ! ઘરખર્ચને માટે હાલ રૂ. ૧૦૦૦) એક હજારની હુંડી મારા પરમસ્નેહી મિત્ર વિશ્નુરાગ તરફ આજરોજે મોકલી છે, અને તેની વ્યવસ્થા કરવાનું પણ તેમનાજ પત્રમાં દર્શાવ્યું છે, આ

પ્રસંગે તારા તરફ ફકત આ પત્ર મોકલું છું, તે વાંચી મળ્યા તુલ્ય સંતોષ માની લેજે. અને મારાં કહેલાં વચનો ઉપર ભરોંસો રાખજે. હું તારાં કહેલાં વચનો દરરોજ યાદ કરૂંછું. ઇશ્વર ધણી છે, એટલે માણસે ભવિષ્યને માટે નાઉમેદ થવું ન જોઇએ, તથાપિ કદાચ તે એવો વખત પ્રણુ આપી દે કે મળીએજ નહિ; તોપણુ તને મારી સૂચના એ છે કે ઇશ્વર ઉપર શ્રદ્ધા રાખી જીવનનું સાર્થક કરવું હું હમેશાં તારી આકૃતિ સ્વપ્નામાં દેખું છું. એજ ખરી પ્રીતિ અને સત્ય સંબંધનું ચિન્હ છે. તારો પત્ર આવેથી મને વિશેષ સંતોષ થશે.

સ્થળ—શુભેચ્છક નગરી	}	લી. હુંછું તારો સદાનો
શ્રાવણુ શુદિ ૧૫ સં....	}	સદાચરણી.

પત્ર ૨ જો.

" દુઃખ પણુ માણુસને પડે છે, અને દિવ્ય વૈભવ પણુ મનુષ્યને પ્રાપ્ત થાય છે."

મારા પ્યારા બાંધવ વિષ્નુરામજી!

ઘણો સમય વીત્યા છતાં પરસ્પરના સમાચારથી આપણે અણુવાકેફ છીએ. આપણે જૂદા પડચા પછી કેટલીકવાર મારી ખબર લખવાને ઇરાદો થયેલ, પરંતુ મારા કમભાગ્યના દુઃખો મારે પોતાનેજ ભોગવવા જોઇએ,—તેમ હું ઘણા દૂર દેશની ભૂમીપર અનિયમિત રીતે ફરતો હોવાથી કોઇપણુ મદદ કરી શકે તેમ નહોતું, માટેજ તે વખતની દુઃખદાયક હકીકતોથી મારા સજ્જન મિત્રો અને કુટુંબીઓને ફિકરમાં નાંખવાનું મને ઠીક લાગ્યું નહોતું, તેમ છતાં મારો એ સિધ્ધ વિચાર ત્યાં તમો સર્વને નાપસંદ થયો હોય, તોપણુ હવે એ સઘળો વખત પૂરો થઇ ગયો છે, કંઇપણુ બાકી રહેલ નથી, જેથી ક્ષમા માગુછું. અને આવી પડેલી દુઃખની રાત્રિઓનો અંત આવી જઇ હવે સુખનો સૂર્ય ઉદય થયો છે. એ સઘળું સર્વ શક્તિમાન પરમેશ્વરની ઇચ્છા પ્રમાણે થાય છે, હવે તે નિયંતાની કૃપાથી તુરતમાં આપણે આપણો પૂર્વનો સમાજ સ્થાપીશું.

હુંડી બીડી છે, તેની યોગ્ય વ્યવસ્થા કરશો. તમો સૌ મિત્રો ત્યાં છો, તેથી મારા કુટુંબ સંબંધીની સઘળી ફિકર તમારે શિર રહેલી છે, એ ઉપકાર લખી દર્શાવવાને યોગ્ય ધારતો નથી.

સ્થળ—શુભેચ્છક નગરી.
શ્રાવણ સુદિ ૧૫ સં. ૧૯

લી. હું છું,
તમારો આજ્ઞાંકિત આભારી સેવક.
સદાચરણીના.
પ્રેમ પૂર્વક પ્રણામ.

પ્રકરણ ૧૫ મું

હવે શુભેચ્છકનગરીના મુખ્ય પ્રધાન સદાચરણીએ પોતાની જન્મભૂમિ તરફ ફરવાનો અને સ્વજનોના લાંબી મુદતના વિયોગનો અંત આણવાનો ઇરાદો કર્યો હતો, તે પાર પાડવાને અર્થે તે વિચાર રાજાધિરાજની હુઝૂર શી રીતે પેશ કરવો ? તે સંબંધી પોતાના મન સાથે નક્કી કરીને છેવટે પ્રસંગ લઇને પોતાનું હાલ સુધીનું વૃત્તાંત સંક્ષેપમાં તેમની સેવામાં નિવેદન કર્યું. જે પરથી રાજાએ તેનો માર્મિક ભેદ સમજી લીધો.

ડાહ્યા અને વિવેકી માણસ પોતાનો ગમે તેવો સ્વાર્થ હોય, તથાપિ પોતાની ટેક ન મૂકતાં તે સાધવાને નીતિ અને મર્યાદા પૂર્વક યોજનાઓ કરે છે.

નરપતિયે આ બાજિંદા પુરૂષનું વૃત્તાંત સાંભળીને ઊંડો નિશ્વાસ મૂક્યો.ઘડી વાર ક્ષણભંગુર દુનિયાના અજબ રંગવિષે ચિંતન કરીને કહ્યું કે–"તમારૂં વૃત્તાંત સાંભળી તમને એકવાર તમારી જન્મભૂમિના દર્શન કરવા જવાની ભલામણ કરવામાં પણ હું મારો ધર્મ સમજું છું; જ્યારે બીજી તરફ મારી વ્હાલી પ્રજાનું લાલન પાલન અને રાજ્યનો ગંભીર જોખમી કારભાર બીજાના હાથથી લઇ તેટલોજ સંતોષ અને શાંતિ મેળવવા ઉમેદ રાખી શકતો નથી, પરંતુ મનુષ્ય જાતિના સામાન્ય વ્યવહાર ઉપર વિચાર કરતાં હું તમને ખુશીથી રજા આપીશ." આવી કદરદાનીથી કયો શાણો અને નિમકહલાલ પુરૂષ ઉપકૃત ન થાય ? સદાચરણીએ તાજમંદગી કરી અને ઉપકારના

જે બોલ બોલવા જોઇએ, તે થોડા વખતમાં બોલી લીધા.

મહાન્ પુરૂષો, રાજ્યાધિકારીઓ, અને રાજાઓની હુઝુરમાં, જેમ બને તેમ પોતાનું હિત યોગ્ય રીતિયે થોડા વખત અને શબ્દોમાં દાખવી દેવું, એ કાબેલ મનુષ્યોની બુઝ અથવા કદર થવાની પ્રત્યક્ષ પરીક્ષા છે.

રાજા અને દીવાન વચ્ચેની થોડા વખતની ખાનગી મસલતમાં ઘર તરફ વિદાય થવાનો દિવસ નકી થઇ ગયો હતો, દરમ્યાન એક દિવસ તેને પોતાની પ્રિયા તરફથી નીચે પ્રમાણે પ્રત્યુત્તર આવ્યો:—

" મ્હારા પ્રાણનાથ !

તમારો પત્ર મને પહોંચ્યો છે. મ્હારૂં રૂંધાઇ ગયેલું અંતઃકરણ તે વાંચવાથી પ્રફુલ્લિત થયું છે. તમારા વિયોગથી અને તમે વિપત્તિમાં મુસાફરી કરવા સિધાવ્યા, ત્યારથી હું માત્ર મારૂં આયુષ્ય તોડી શકી નથી. વિશેષ એકવાર તુરત વેળા જન્મભૂમિના દર્શન કરવા તથા આશ્રિતો અને વ્હાલાં વિયોગીઓને શાંત કરવા માટે ઘરદિશાએ પધારવાની કૃપા કરશો. તમે કોઇ પણ રીતે રાચો એમ નથી, અર્થાત્ ગમે તેવો રાજ્ય વૈભવ પ્રાપ્ત થયો હોય તથાપિ ભવિષ્યની એક ઘડીને માટે પણ ભરોસો હોતો નથી. મ્હારા સુખનો સૂર્ય ઉદય થવાને માટે પરમ કૃપાળુ જગતપિતાએ મારી—અબળાની પ્રાર્થના સ્વીકારી છે, અને હજુ પણ તે દીન દયાળ ખરા અંતઃકરણની પ્રાર્થના તરફ કૃપાવંત થશે. (તથાસ્તુ)

લિખિતં હું છું.

તમારી આજ્ઞાનુસારિણી પ્રિયા

લક્ષ્મી.

પોતે ધારેલા વિચારને સમયે આ પત્ર આવવાથી તેને આનંદ થયો. ત્યારપછી વિદાયગીરીના સમય ઉપર દરબાર ભરવામાં આવતાં મહારાજા સાહેબ નિચે પ્રમાણે બોલ્યા :—

" મ્હારા મંત્રી ! પ્રધાનો ! વજીરો ! અને સામંતો ! હું તમોને મારા રાજ્યના નિમકહલાલ ખેરખાહ સમજું છું, અને તેથી હું તમોને કહું છું, આજે આપણા રાજ્યના મુખ્ય પ્રધાન સદાચરણી, કેટલાંક અગત્યનાં કારણોને લીધે પોતાના હુદ્દાની

ફરજથી અમુક મુદ્દત સુધી મુક્ત રહી, પોતાની જન્મભૂમિ તરફ જાય છે.

રાજ્યકારભાર ચલાવવાની તેમની શક્તિ, અને બીજા નીતિ આદિક ગુણોવિષે મારો પોતાનો સંતોષ બતાવી તેમને "બહાદુર દીવાન" એવું ઉપનામ મારા તરફથી બક્ષવામાં આવે છે.

દીવાન સદાચરણીનું ફરી વળવું થતાં દરમ્યાન તેમની ખોટ પૂરી પાડવાને અમોએ નિરધારેલી ગોઠવણ હવે પછી દરબાર ભરી પ્રસિદ્ધ કરવામાં આવશે."

એ પ્રમાણેનું મ્હારાજા સાહેબનું બોલવું પૂરૂં થતાંજ દીવાન સદાચરણી નીચે પ્રમાણે બોલ્યાઃ—

ગીતિ !

"પ્રથમ પ્રભુ તુજ શરણે, રહિને ચરણે શીશ મૂકી વંદું;
અપક્ષપાતી જ્ઞાતા, દાતા પ્રત્યે સ્તુતિ હું અભિવંદુ. ૧

નામદાર મહારાજા સાહેબ !

હું આપની ઉત્તમ પ્રકારની રાજનીતિની કીર્ત્તિ તરફ હમેશા દિલસોજી રાખીને વ્યાજબી અને સ્વતંત્ર અમલ ચલાવવામાં રાજ્યનું તેમજ મારૂં પોતાનું પણ શ્રેય સમજુંછું. અને રાજાઓના વિશ્વાસપાત્ર પ્રધાનોનો એજ ખરો ધર્મ છે.

ખુદાવિંદ ! હાલના રાજ્યવંશીઓમાં આપ નામદારની અમુલ્ય કીર્તિ પૃથ્વીમાં ચોતરફ પ્રસરાયલી જોઇને આપની પ્રજા અને પ્રધાનમંડળ ગર્વ ધરાવીએ છીએ.

આપ નામદારે આ સેવક ઉપર જે—માન અને ગમતાની મધુર વાણિથી બક્ષીસ કરી છે, તે સર્વોત્તમ બક્ષીસ હું ઘણી નમ્રતાથી શિરતાજ કરૂંછું. અને આપના અપાર ઉપકારનું વિવેચન કરી બતાવવાને અશક્ત છું, પણ આપ નામદારની ચઢતી કળાને માટે તથા આ રાજ્ય યાવચ્ચંદ્ર દિવાકરૌ અવિચળ રહેવા માટે તેમજ આપ મહારાજાની સાથે આ સેવકનું દાસત્વ પ્રતિદિન વધતી કીર્તિની સાથે જોડાયલું રહેવા પરમકૃપાળુ જગદીશ્વરની પાસે અંતઃકરણપૂર્વક અહોનિશ મારી પ્રાર્થના છે."

આ વખતે રાજસભામાં સઘળે શાંતિ ફેલાઇ રહી હતી, અને

સભામાં બેઠેલાઓનાં મન રાજા અને દીવાનના પ્રેમમાં તલ્લીન થઇ રહેલાં હતાં. છેવટે રાજાનો જય પોકારવા સાથે કચેરી બરખાસ્ત થઇ.

દીવાનની સવારી માટે વાહનો તૈયાર રખાયલાં હતાં એટલે સર્વેને ઘટિત વંદના કરી તે રવાને થયો. સ્થળે સ્થળે તેના યોગ્ય સત્કાર માટે પ્રથમથીજ ગોઠવણ થયેલી હતી. પોતાની પૂર્વેની મુસાફરીમાં જે જે સ્થળે તેને આશ્રય મળેલો હતો, તે તે સ્થળોની મુલાકાત લેવાની જરૂર સદાચરણી ભૂલ્યો નહોતો.

અગિઆરમા પ્રકરણમાં વર્ણવેલી નિષ્ઠુર નગરી કે જ્યાંનું પાણી તેણે વર્જિત કરેલું હતું, અને જ્યાં છેલ્લામાં છેલ્લી મોતની આફતમાંથી તે મુક્ત થયો હતો, ત્યાં આવી પહોંચતા પ્રથમ તેણે નિર્માણ કરેલી પોતાની બ્હેન (પેલા મરનાર બ્રાહ્મણની પતિવૃત્તા) ને ઘેર એક વિશ્વાસુ નોકરને મોકલ્યો. તેણે ત્યાં જઇ સદાચરણીની કુશળતા અને મળવા આવવાના ખબર આપ્યા. તેથી પેલી પતિ વિયોગિની બાઇ, અને તેના ઘરનાં સૌ માણસ સદાચરણીના દર્શનને માટે અધીરાં બની બેઠેલાં હતાં, એટલામાં તુરતજ તે ત્યાં આવી પહોંચ્યો કે પેલી વિધવા બાઇની પુત્રીએ તેને પુષ્પથી વધાવી લીધો. સદાચરણીએ પોતાની જીવનદાતા બેહેનને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યો. સૌની આંખમાં પ્રેમનાં આંસુ આવ્યાં, સદાચરણીએ પોતાના સ્વર્ગવાસી સ્નેહીને માટે અને આ પોતાની બેહેનના વિધવાપણા માટે અતિ ખેદ કર્યો.

આ વખતે તેઓ સર્વનાં અંતઃકરણ પ્રેમથી ઉભરાઇ ગયાં, અને ચોધારાં આંસુએ તેમણે હાથ ઊંચા કરી એક સ્વરે પ્રાર્થના કરીઃ—

(ગીતિ).

"સદા સુનીતિ આપો, કાપો કિલ્વિષ[1] અનાર્થ દીનતણા;
અન્ન ઉદકના વાંધા,—એવાં પ્રાણી પ્રતે કરો કરૂણા."

ત્યારપછી સદાચરણીએ નીચે પ્રમાણે સૌને દિલાસો આપ્યોઃ—

(ગીતિ).

"સંતોષીને શાણા, દ્રઢનિશ્ચય કરી સદા સુખી રે'છે;
સંચિત[2] કર્મેથી પ્રાપ્તી, પામી, પ્રભુને શીશ નમાવે છે.

---

૧ પાપ. ૨ પ્રારબ્ધ.—

એ પ્રમાણે સૌની આસનાવાસના કરી, પોતાની બેહેન અને તેના કુટુંબના માણુસોને માટે સાથે લાવેલ ભેટ તેઓને ઘટિત સત્કાર સાથે સમર્પણ કરી, બહેનની આજ્ઞા લઇ સદાચરણી ત્યાંથી વિદાય થયો.

અહીંથી રવાને થયેલો સદાચરણી પેલા મહાત્મા—યોગીશ્વર—કે જેણે તેને ગુરૂજ્ઞાન આપેલું હતું, તેના દર્શન અર્થે તેના આશ્રમ પર ગયો. ત્યાં જોયું તો માત્ર એક જીર્ણ થઇ ગયેલી ઝુંપડી હતી, અને તે મહાત્માનું બેસવાનું માટીનું બનાવેલ સવા હાથ ઊંચું ચોરસ આસન જોતાં, જાણે કે તે હમણાજ કયાંક ગયેલા હોય એમ લાગ્યું; તેથી વધારે આતુર બની સદાચરણી તે ઝુંપડીમાં ફર્યો. આસપાસ તે વનમાં પોતાના ગુરૂના* દર્શનની અભિલાષાથી ભટકયો, પણ સઘળું વ્યર્થ. આ જંગલમાં તે મહાત્માનાં જે જૂદાં જૂદાં ગુપ્ત આશ્રમ સદાચરણીના જાણવામાં હતાં, તે સઘળાં તેણે જોયાં, દરેક સ્થળે બબે ઘડી એક ચિત્તે ગુરૂનું ચિંતન કર્યું, અને છેલ્લે નીચે પ્રમાણે સ્તુતિ કરી:—

દ્રુતવિલંબિત છંદ.

પ્રભુ ! તમારિ મનોહર મૂરતિ,
ધરૂંછું ધ્યાનવિષે ધરિ સુનીતિ;
દીનદયાળ નમી કરજોડું હું,
અતિ પવિત્ર સુબોધ ઉરે ચહું. ૧

વળી—ગઝલ.

(કહું કયા રંગ ઇશ ગુલકા—એ રાહ.)

દિયો દરશન દુલા બાવા ! ઉભો છું દાસ ગુણ ગાવા. દિયો૦
રટું હું રાત દિન નામ, ગતિ, મતિ, જ્ઞાન દો શ્યામ ! ૧
બહુ પેરે કરૂં સ્તુતિ, ચકોરા ચંદની પ્રીતિ.
ઉભો હું દાસ ઋષિરાયા ! પ્રતાપી પુણ્યમાં નાવા. ૨
નીતિના માર્ગની માળા, ભવાને પાર ભૂ—શાળા.
દયાળુ દાન દો દિક્ષા, સમરવા શ્યામની શિક્ષા. ૩
ભમું હું ભ્રંગની રીતે, કમળ મુખ પેખવા પ્રીતે;
મકનના મિત્રની સ્તુતિ, નિરખવા નાથની મૂર્ત્તિ. ૪

ફરી ફરી પ્રાર્થના કરી પણ મુનીશ્વરનાં દર્શન થયાં નહિ.

"મહાત્મા પુરૂષો નિરંતર ઇશ્વરપરાયણ રહીને જગતના કલ્યાણને માટેજ મથ્યા કરે છે, તેઓ નિઃસ્વાર્થ હોય છે એટલે એકજ સ્થળે તેઓ ભાગ્યેજ દર્શન આપે છે. માટે મારે ગારૂં સ્થળ અને નામ લખીને આ આશ્રમમાં મૂકી વિદાય થવું જોઇએ." એ પ્રમાણે વિચાર કરીને સદાચરણીએ નીચે પ્રમાણે એક તાડપત્રમાં લખ્યું:—

દોહરો.

"ચંદ્રનગરમાં વાસ છે, ચંદ્રસેન રાજન;
ચંદ્ર વંસ *અવતંસ જે, પ્રજાતણો સુખકંદ.

સોરઠો.

પ્રજા તણો સુખકંદ, દાતા દીન જનોતણો;
મોહન, મુખ મકરંદ, રામતુલ્ય પ્રતિપાળ છે. ૨

દોહરો.

પ્રતિપાળક, પારખ સદા, ગંભિર અતિ ગુણવાન;
ન્યાય, નીતિ, એંગારની, બીજો ભોજ પ્રમાણ. ૩

ઉપર પ્રમાણે તાડપત્ર લખીને તે મહાત્માના ગુપ્ત આશ્રમમાં મૂકવા જતાં ત્યાં કેટલાંક તાડપત્ર પડેલાં તેની નજરે પડયાં. તે ઉપાડી જોતાં તેમાં અમુલ્ય બોધવચનો લખેલાં જણાયાં, તેથી સદાચરણીએ પોતાને ગુરૂ પ્રસન્ન થયા માની તે સંભાળી લીધાં. ત્યારપછી પોતાના ગુરૂપ્રત્યેના ભક્તિભાવના ચિન્હ તરીકે તે વનમાં એક ભવ્ય અન્નાશ્રમ બાંધવાનો નિશ્ચય કર્યો. અને ફરી તે મહાત્માના આસનને પરિક્રમણ કરી ત્યાંથી વિદાય થયો.

પ્રિય ભાઇઓ! અને બેહેનો! તે મહાત્માના આશ્રમમાંથી સદાચરણીને પ્રાપ્ત થયેલી બોધ વચનોરૂપી કિંમતી માળા[૨] નીચે પ્રમાણે હતી:—

*અવતંસ=મોડ—(મુકુટ).

૨ એક મહાન્ વેદાંતિક આચાર્ય જે ચૌદમી સદીમાં પ્રસિદ્ધ થઇ ગયો છે અને જેનું નામ સ્વામી શંકરાનંદ છે, અને જે વેદના પ્રસિદ્ધ ટીકાકાર સાયનાચાર્યનો મિત્ર હતો, તેણે આ વાક્યો કહેલાં છે.

"સદ્દગુરૂનું વચન માન્ય કરવામાં કદી પાછળ ન પડવું, અને જે સઘળું અઘટતું હોય તેથી હમેશા આઘા રહેવું જોઇએ. એવો પુરૂષ, કે જે સત્ય જાણે છે, ને પોતાના શિષ્યના હિત માટે કાળજી ધરાવે છે, તેજ પુરૂષ ગુરૂના પદને પામવા યોગ્ય છે.

જિંદગીનાં દુઃખ દૂર કરવામાટે સર્વોત્તમ ઔષધ સદ્દવૃત્તિ છે, અને જે માણુસનું અંતઃકરણ શુદ્ધ હોય, તેજ માણુસ શુદ્ધ ગણાય; જે પુરૂષ અસ્થિર વસ્તુથી સ્થિર વસ્તુને ઓળખી શકતો હોય, તેજ પુરૂષ ડાહ્યો કહેવાય. પોતાના વડિલો તરફ અપમાન ભરેલી વર્તણૂંક એ મોટું ઝેર છે.

ડાહ્યા પુરૂષોએ બને તેમ જલદીથી દુનિયાના બીજ[1]ને બાળી નાંખવું જોઇએ. ખરૂં જ્ઞાન તથા પોતાની ફરજો બજાવવી તેજ મોક્ષરૂપી ઝાડનું બી છે.

આ દુનિયામાં એક મુખ્ય વસ્તુ આપણો મનુષ્યાવતાર છે, કારણકે તેની મદદથીજ સત્ય, કે જે વડે આપણે મોક્ષને પામી શકીએ છીએ, તે સત્યને ઓળખી શકીએ છીએ. માણુસોમાં ઊંચો પુરૂષ તે, કે જે પુરૂષ ખરી મુશ્કેલીની વેળાએ બીજાને સહાય કરવા દોડી જાય.

મોહરૂપી રસથી દારૂ રસની પેઠે માણુસને કેફ ચઢે છે. દુનિયામાં, ખરા ચોરો કામ, ક્રોધ, લોભ, મોહ અને મત્સર છે. આ જગત્‌માં દુઃખનું મૂળ લોભ છે; અને માણુસ જાતનો ખરો દુશ્મન આળસ છે.

મોતથી આપણે બહુ બ્હીએ છીએ; જગત્‌ની મોહિનીમાં ફસાયલો માણુસ એક આંધળા માણુસ કરતાં વિશેષ માણુસ ગણાય, જે માણુસના મનપર સ્ત્રીજાતના નેત્રોના કટાક્ષની મુદ્દલ અસર થતી નથી, તે જગત્‌માં બહાદુર પુરૂષ છે.

સુવચનો અમૃત જેવી અમુલ્ય વસ્તુ છે; અને પરમાર્થે માણુસ ઉત્તમ માનને યોગ્ય છે.

જેનો મુદ્દો સમજી શકાયજ નહિ, એવી ચીજ દુનિયામાં સ્ત્રીજાતનાં પ્રપંચો છે; અને ડાહ્યો પુરૂષ તેજ ગણાય કે જે સ્ત્રીના પ્રપંચમાં ફસી પડતો નથી.

---

1 મોહ.

અસંતોષ એજ ગરીબાઇ છે; તથા માણુસને સૌથી વધારે હલકો પાડનારી ચીજ, માગવું તે છે.

સૌથી વધારે ભોગવવા જેવી જિંદગી તે "પવિત્ર જિંદગી" છે.

જે એકવાર વાંચ્યું અથવા ભણ્યું, તે ધ્યાનમા ન રાખ્યાથી માણુસમાં અજ્ઞાનપણું આવે છે. જે માણુસ ખરૂં ખોટું પારખી શકે છે, તેજ માણુસ દુનિયામાં ખરો જાગૃત ગણાય.

મૂર્ખતા એ સ્વભાવિક ઊંઘ સિવાય બીજી ઊંઘ તરીકે ગણાય છે.

કમળના પાતરાપર રહેલું પાણી જેવું અસ્થિર છે, તેવી રીતે જુવાની, દૌલત, તથા જિંદગી અસ્થિર છે. પૂર્ણિમાના ચંદ્રના કીર્ણો મનુષ્યમાત્રને જેવી રીતે બહુ સુખરૂપ છે, તેવી રીતે બહુ સુખરૂપ ચીજ લોકોને સુખ આપવું તે છે.

પરતંત્રતા એ નર્ક છે, અને દુનિયાની સઘળી ચીજ વિષે વૈરાગ્ય એ સુખની ચીજ છે.

દુનિયામાં માણુસે હમેશા કરવા જેવી ચીજ સઘળાનું ભલું કરવું તે છે. અને માણુસને સૌથી વધારે વ્હાલું તે જિંદગી છે.

જે બક્ષીશ કંઇ પણ સ્વાર્થ વગર આપવામાં આવી છે, તેજ બક્ષીશ દુનિયામાં સૌથી સારી બક્ષીશ છે. જે આપણા માથાપરથી આપણું દુઃખ દૂર કરે, તેજ ખરો મિત્ર છે. સૌથી ઉત્તમ રત્ન દયાળુ અંતઃકરણ છે, અને માણુસને વધારે શોભા આપનારી ચીજ સત્ય છે.

અહંકાર જગત્માં દુઃખનું મૂળ છે. જે મિત્રો આપણું સુખ જોઇને રાજી થાય છે, તેની સોબત એ સૌથી સારી સોબત ગણાય. જે માણુસ દુનિયાંની સઘળી ચીજોવિષે વૈરાગ્ય રાખે છે, તે માણુસ જગત્ની સઘળી મુશ્કેલીઓ દૂર કરવામાં સફળ થાય છે.

જે માણુસને નઠારી ચીજો પર પ્રીતિ હોય છે, તે માણુસ દુનિયામાં આંધળો માણુસ ગણાય છે, તથા જે માણુસ બીજાઓની સારી સલાહ ન માને, તે બ્હેરો માણુસ ગણાય; અને જે બીજા માણુસોને મીઠો બોલ કહેવો તે શું! તે જાણતો નથી, તે મુંગો માણુસ કહેવાય.

અજ્ઞાનતા એજ દુનિયામાં ખરૂં મોત છે. સવેળાએ આપેલી

બક્ષીશ વધારેમાં વધારે કિંમતી છે, અને મરી જતાં સુધી માણસને યાદ આવે, એવી ચીજ છૂપી રીતે કરેલો ગુન્હો છે.

ઉત્તમ ઔષધોની મદદથી રોગોની પરીક્ષા કરવી તથા રોગોને કેમ દૂર કરવા ? તેને માટે માણસે મથન કરવું જોઇએ. અને નઠારી સંગત, પરસ્ત્રી ને પરધન એ ચીજોથી હમેશા અળગા રહેવું જોઇએ.

દુનિયામાં રાતદિન-હમેશા યાદ રાખવાની બાબત તે જગતનું ક્ષણભંગુરપણું છે, નહિ કે સ્ત્રીઓ છે; તથા સૌથી મોંઘી વસ્તુ ક્ષમા છે. અને સારા માણસની સોબત કરવી તે ડહાપણ-ભરેલું છે.

મરણ સમયે બેવકૂફ માણસનું તથા જેમનાં અંતઃકરણ અપવિત્ર હોય તેનું, અને અપકારી માણસનું મન બેપરવાહ હોય છે.

જે માણસની વર્તણુંક સારી હોય તે માણસ માનને યોગ્ય છે. અને જે માણસ પોતાનો ફરજ બજાવવામાં ચૂકે છે, તે માણસ માનને યોગ્ય નથી; જે માણસ સત્ય બોલનારો તથા ધૈર્યવાળો હોય છે, તે દુનિયાને જીતી ગયેલો મનાય છે.

જે માણસોમાં દયાભાવ મોટો હોય છે, તેમને દેવો જેવા દેવો પણ પૂજે છે. જંજાળોથી ભરેલા આ જગત્ રૂપી જંગલથી ડાહ્યા માણસો ડરે છે.

જે માણસ સત્ય બોલે છે-જે માણસ નરમાસથી સત્ય બોલે છે, તથા જે માણસ નમ્રતાવાળા હોય છે, તે જગત્માં બીજાઓ ઉપર અગલ કરે છે; અને ન્યાયિક વર્તણુંકથી આ જગત્માં તથા પરલોકમાં માણસનું શ્રેય છે.

નઠારી સંગતથી તથા સ્ત્રીઓથીજ—વીજળી જેમ સઘળી ચીજોનો ક્ષય કરે છે તેમ—માણસોનો ક્ષય થાય છે. અને કળિયુગ જેવા નઠારા કાળમાં પણ પોતાના કુટુંબની આબરૂ સદગુણી માણસો વધારી શકે છે.

ચિંતામણી જેવી અમુલ્ય વસ્તુ આ જગત્માં ચાર છે, એ ચાર ચીજો ડાહ્યા માણસો કહે છે કે આ પ્રમાણેની છે:—

નમ્રતાથી આપેલી બક્ષીશ, અહંકાર વગર મેળવેલું જ્ઞાન, હિંમતવાન માણસોમાં દયાભાવ, અને દોલતવાન માણસોમાં લોભ ન

હોવો તે. ડાહ્યા માણસો કહે છે કે આ ચારે વસ્તુઓ એક માણસમાં હોય એનો દાખલો જવલ્લે જોવામા આવે છે.

સૂરજથી કમળના ફૂલને જેમ શોભા મળે છે, તેમ જે માણસ દૌલતમંદ તથા વિદ્વાન હોવા છતાં નમ્ર સ્વભાવનો હોય છે, તે માણસથી પોતાના કુટુંબને શોભા મળે છે; અને નાદાનિયત ભરેલો સ્વભાવ, એ એક નાપસંદ કરવા જેવી વસ્તુ છે. દૌલતમંદ અને વિદ્વાન માણસોમાં ઉમદા સ્વભાવ ને મોટું મન એ બહુ વખાણવા જેવી ચીજ છે.

સારી કવિતા, તથા ડહાપણથી માણસનું મન તથા દૌલત હરી શકાય છે.

જે માણસો પોતાના મનોભાવપર પોતાની સત્તા રાખે છે, તથા જે માણસો વૃદ્ધ માણસોની સલાહ માનેછે, તેવા માણસોથી દુર્ભાગ્ય દૂર રહે છે.

જે માણસની વર્તણુંક ચોખ્ખી હોય અને જેને ન્યાય વ્હાલો હોય, તેવા માણસને ઘેર દૌલતની દેવી—લક્ષ્મી—દોડી જાય છે; અને જે માણસો ડાહ્યા માણસોને, વડીલોને, અને દેવતાઓને ગાળો દે છે, તેનાં ઘરથી તથા જે માણસ આળસુ હોયછે, તેના ઘરથી લક્ષ્મી અળગી રહે છે.

માણસોએ ડાહ્યા માણસોની પડોશમાં રહેવું જોઇએ; તથા વિદ્યા ભણવા માટે કાશીમાં અને જે દેશના લોકો ભૂંડું બોલતા હોય, તથા જે દેશનો રાજા લોભી હોય, તે દેશમાં કદી પગ મૂકવો ન જોઇએ.

જે માણસનું કુટુંબ તેની આજ્ઞામાં રહેતું હોય, જે માણસનો સ્વભાવ હમેશા નમ્ર હોય તથા જેને ઘેર દૌલત હમેશા વાસો કરતી હોય , એવા માણસનું દુનિયામાં પૂજન થાય છે.

જે માણસ પાસે દૌલત હોય છે, છતાં તેનું દાન કરતો નથી, તેવા માણસની દૌલત બહુ દયા ખાવા જોગ છે. ઇશ્વરનું સદા સ્મરણ કરવામાં તથા માણસોનાં અસ્થિર મનોથી ચેતતા રહેવાવિષે રાત દિન ધ્યાન ધરતા રહેવું. જે રાજાના મંત્રીઓ વૃદ્ધ ન હોય, તેવા રાજાના દરબારમાંથી આઘા રહેવું જાઇએ.

ઉદ્યોગથી મેળવેલું ઉત્તમ જ્ઞાન માણસના હાથમાં છે, તેથી માણસને માન મળે છે; આપણા મુરબ્બી તરફ આપણી ફરજો, તથા સારા માણસોની સોબત જિંદગી કરતાં આપણે વધારે કિંમતી ગણવી જોઇએ. "

પ્રકરણ ૧૬ મું.

મુનીશ્વરના આશ્રમથી વિદાય થયેલો સદાચરણી દર મજલથી પોતાના આવવાના ખબર પોતાના મિત્રો અને કુટુંબ તરફ મોકલતો હતો. તેથી પોતાની જન્મ ભૂમી-ચંદ્રનગરના પાદરમાં આવી પહોંચ્યો, ત્યાર પહેલાં તે શહેરના મિત્રો વગેરે કેટલાંક માણસો તેને સામા લેવા સારૂ ઉત્સાહથી એકઠાં મળેલાં તેના જોવામાં આવ્યાં, કે તરતજ તે વાહન મૂકી દઇને પોતાનાં બાંધવ જનોને જઇ મળ્યો. ત્યાર પછી સર્વે મળીને સદાચરણીને ઘેર ગયાં. ગુણવંતરાય શેઠનું ઘર પ્રથમથીજ માનકારી અને લોકપ્રિય હતું, વળી સદાચરણીની રહેણી કરણી પ્રત્યે તે શહેરનાં મનુષ્યોની વધારે ચાહના હતી, તેમાં વળી તે ખાનદાન કુટુંબની પડતી દશા બદલી જોઇને લોકો ઘણા હર્ષિત બની ગયા હતા, તેથી ટોળે ટોળાં તેને ઘેર મુબારકબાદી આપવા જતાં હતાં.

શેઠના આગણામાં આ પ્રસંગને માટે સાધારણ રીતે જાજમ અને ગીલા, બિછાવી તેના મિત્રોએ પ્રથમથીજ ગોઠવણ કરેલી હતી.

આજે દશેરાનો શુભ દિવસ હતો, તેથી આખા શહેરમાં આનંદ ઉત્સવ વ્યાપી રહેલો હતો, તેમાં વળી આ નિપુણ નરની કુશળતા અને ચઢતી થયેલી જોઇને લોકોમાં વિશેષ આનંદ વ્યાપી રહેલો હતો. ન્યાત જાત, સગાં સંબંધી અને મિત્રો આદિ સદ્‌ગૃહસ્થોનો સમુદાય આ વખતે ગુણવંતરાયના વિશાળ આંગણામાં મળેલો હતો, તેવામાં પોતાના પતિના દર્શન કરવાને અહોનિશ આતુર રહેલી લક્ષ્મી ઓસરીની પરસાળ ઉપર-બારણા આગળ આવી પોતાના પ્રાણનાથની સામે બે હાથ જોડીને ઉભી રહી.

પતિવ્રતાના અતિ વિકટ ધર્મમાં સકાઇને એક દેવદારના કાષ્ટ જેવી, લોહી બળી ગયાથી ફીકી પડી ગયેલી ચામડી અને સં-

ક્રોધ પામી ગયેલાં નેત્રોવાળો, તથા પતિ–પ્રવાસમાં રાખેલા માત્ર સૌભાગ્ય સૂચક વેષથી[૧] પોતાની પ્રિયતમાને અકસ્માત જોઇને સદાચરણીના મનમાં તે લક્ષ્મી હોય કે નહિ? એવી ભ્રાંતિ ઉત્પન્ન થઇ. પરંતુ તે લક્ષ્મીના સમજવામાં તુરતજ આવી જવાથી પતિને પરમેશ્વર રૂપ જાણનારી તે જાણે સાક્ષાત ઇશ્વરના દર્શન પામી હોય એવા આનંદમાં રોમ હર્ષ થયેલી ધીરજ અને મર્યાદાથી પોતાના પ્રાણનાથ પ્રત્યે નીચે પ્રમાણે સ્તુતિ કરવા લાગી:—

રાગ બિહાગ–ત્રિતાળ.

શ્યામ હું સ્થંભિત રહીછું દાસી
નિર્મળ નેત્રો તથાપિ હું અંધ, ભટને ભમું વનવાસી——શ્યામ૦
તરૂણાવસ્થામાં હું વૃદ્ધ, વીત્યો વખત વિનાસી. શ્યામ૦
તેજ રહિત આ તરૂણી તમારી, નિશિવિણ ચંદ્ર ઉદાસી, શ્યામ૦
નાથ વિયોગે વનિતા બિચારી, જળ વિણ કંજ[૧] વિકાશી. શ્યામ૦

લક્ષ્મીનાં નીતિમય મધુર વચનો, સોભાગ્યવતિના દેખાવથી શોભિત મુખમુદ્રા અને સુંદર પણ દયામણી હાલતથી સઘળો સમાજ સ્તબ્ધ બની ગયો; બધાં શાંત થઇ ગયાં, સર્વેની ચિત્ત વૃત્તિ આ પૂજવા યોગ્ય લક્ષ્મી તરફ લાગી રહી: અને સોનાં મુખમાંથી આ દંપતિના સુભાગ્યને માટે આશિર્વચનો એકે અવાજે નીકળ્યાં.

તેજ ક્ષણે એક અદ્દભુત અને દિવ્ય કાંતિમાન, જાણે સાક્ષાત પાર્વતિપતિ શંભુજ હોય નહિ, એવા એક મહાન્ જોગીશ્વર આ સ્થળે સદાચરણી અને લક્ષ્મી બંનેની સમક્ષ અકસ્માત; આવી ઊભા; અને હર્ષિત મુખથી તે દંપતિની રિદ્ધિ સિદ્ધિ અને દીર્ઘાયુષ્યને માટે જગદીશ્વરની પ્રાર્થના કરી, નીચે પ્રમાણે બોલ્યા:—

---

૧ ગોનર્દીય આચાર્ય કહે છે કે—"પતિ પ્રવાસથી આવે ત્યારે પહેલાં તો પોતાના ન બદલાવેલા વેષથીજ પોતાના પતિનું દર્શન કરવું."

૧ કમળ.

રાગ. બનજારાની દેશી.

ધન્ય ધન્ય છે આ સંસારી, જે એવાં ધર્માચારી. ટેક
જેણે માત પિતાની સેવા, કીધી કિંચિત કેણુ ન કેવા;
પ્રિય પત્નિ સહિત પ્રસારી, ધન્ય ધન્ય છે આ સંસારી. ૧
જેણે જ્ઞાન ગુરૂનું લીધું, કદી બુરૂં ન કોનું કીધું;
જનપાળક પર ઉપકારી, ધન્ય ધન્ય છે આ સંસારી. ૨
નરનારી સુપાત્ર કેવાયાં, ભલે માત ભૂમિપર જાયાં;
છે નિરમળ જન હિત કારી, ધન્ય ધન્ય છે આ સંસારી. ૩
જેણે પ્રેમ પ્રતિજ્ઞા પાળી, નીતિ ન્યાયસુ પંથ નિહાળી;
ગોબ્રાહ્મણ ગરિબની વ્હારી, ધન્ય ધન્ય છે આસંસારી. ૪
સંસાર સુધારા કીધા, નિર્મળ રસ પ્યાલા પીધા;
કીધું હિત નિજ અપકારી, ધન્ય ધન્ય છે આ સંસારી. ૫
મૂરખને શિક્ષા દીધી, લાખો આશીષો લીધી;
બાળક અબળા દુઃખ હારી, ધન્ય ધન્યછે આ સંસારી. ૬
'પર આત્મા આપ પ્રમાણે, જીવન સુખ આપ્યા નાણે;
તન, મન, ધનથી ઓધારી, ધન્ય ધન્યછે આં સંસારી. ૭
આદર અતિથીને આપ્યાં, સાધુનાં સંકટ કાપ્યાં;
ઉત્તમ ભૂષણ ગુણ ધારી, ધન્ય ધન્યછે આ સંસારી. ૮
પાપી કર્મો નવ કીધાં, દીનોને દાન સુ દીધાં;
મૂકન ઉત્તમ ઉપકારી, ધન્ય ધન્ય છે આ સંસારી. ૯

આગળ આપણે વાંચી ગયા છીએ કે સદાચરણી પોતાના પૂર્વોકત ગુરૂજીના આશ્રમમાં દર્શનને માટે ગયેલો હતો, પરંતું ગુરૂનાં સાક્ષાત્ દર્શનની પ્રાપ્તી ન થવાથી પોતાના નિવાસની સંજ્ઞા ત્યાં રાખીને વિદાય થયો હતો, ત્યાર પછી તરતજ તે મુનીશ્વરનું ત્યાં આગમન થયું હતું. તેમણે ~~પોતાના~~ શિષ્યના ત્યાં આવવાના ચિન્હ જોવાથી તેને વિશેષ આશિર્વાદ આપવાની ઇચ્છા થતાં તેમનું અકસ્માત આવવું થયું હતું.

ઉપર પ્રમાણેનાં મહાત્માના વચન સમાપ્ત થતાં લક્ષ્મી પો-

તાના શયનગૃહમાં ગઇ, અને તરતજ [1]સોળશૃંગાર સજી આવી; ત્યાર પછી આ "સંસારનીતિ માર્ગ દર્શક" દંપતિ પોતાના ગુરૂજીનું પાદવંદન કરી, તથા બીજાં સૌને યથાયોગ્ય નમન કરી અને આજ્ઞા લઇ પોતાના પ્રાર્થના—મંદિરમાં ગયાં.

સમાપ્ત.

૧. મિ. સાપુરજી એદલજી કૃત "ગુજરાતી ઈંગ્રેજી કોષ"માં સ્ત્રીઓના સોળશૃંગાર નીચે પ્રમાણે વર્ણવ્યા છેઃ—

બાહ્યશૃંગાર—(૧) માથાના વાળ ઓળવા. (૨) સ્વચ્છતા રાખવી, (૩) કંચુકી પહેરવી, (૪) ઘરેણાં પહેરવાં. (૫) કપાળમાં ટપકી કરવી (૬) સાત્વિકગુણ રાખવો. (૭) મધુર ભાષિત થવું. (૮) સભ્યતા રાખવી.

અંતરશૃંગાર—(૧) બુદ્ધિ (૨) પતિવ્રતાપણું (૩) પ્રમાણિકપણું (૪) ધૈર્યતા. (૫) ચંચળતા. (૬) દયા (૭) સંતોષ ૮ પરમેશ્વરની તથા માતપિતાની સેવા.